पंडित सोमकीर्ति आचार्य विरचित

# श्री प्रद्युम्न चरित्र

## भाग २ जो.

સ્વર્ગસ્થ શેઠ લાડણ ખીમજીના સ્મરણાર્થે,

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ—પાલીતાણા.

સંવત ૧૯૬૧. સને ૧૯૦૫.

પાલીતાણા—શંભુ પ્રિન્ટીંગ પ્રેસ.

आ. श्री. कैलाससागर सूरि ज्ञान मंदिर
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# अर्पण पत्रिका.

જે ગૃહસ્થ કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના શ્રીમંતોને દૃષ્ટાંતરૂપ હતા, જૈન ધર્મ ઉપરની જેની આસ્તા અનુપમ હતી, જેઓ દુખી ઉપર દયાળુ હતા, વિદ્યાની વૃદ્ધિ ઉપર જેમની પ્રીતિ હતી, દયાનાં કામો પ્રતિ જેઓ અત્યંત પ્રેમ રાખતા હતા, જ્ઞાતિની ઉન્નતિને જેઓ ઇચ્છનારા હતા, દેશમાં અને જ્ઞાતિમાં સંપ, જંપ, આબાદી અને સુખ શાન્તિ વધેલી જોવાને જેઓ ઉત્સુક હતા, અને જેમણે પોતાના સ્મરણાર્થે સુબોધક ગ્રંથો છપાવીને પ્રસિદ્ધ કરવાની પોતાના ટ્રસ્ટીઓને આજ્ઞા આપી હતી, તેવા નરવીર, ધર્માત્મા સ્વર્ગવાસી શેઠ લાડણ ખીમજીને આ ગ્રંથ માનપૂર્વક અર્પણ કરવામાં આવે છે.

પ્રસિદ્ધ કર્ત્તા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

" પ્રદ્યુમ્ન ચરિત્ર " ના ભાષાંતરનો પ્રથમ ભાગ લોક પ્રિય થવાથી અમને તેનો આ બીજો ભાગ પ્રસિદ્ધ કરવાની સ્વાભાવિક રીતે હોંશ થઇ છે. જે રસજ્ઞ પુરૂષો, અને સ્ત્રીઓએ પહેલો ભાગ ઉલ્લાસ પૂર્વક વાંચ્યો છે, તેમની ઉપરા ઉપરી માગણી અને વિનંતિ ઉપરથી આ દ્વિતીય ભાગનું ભાષાંતર સત્વર તૈયાર કરાવીને અમે પ્રસિદ્ધ કર્યું છે.

" પ્રદ્યુમ્ન ચરિત્ર " નો ગ્રંથ અસલ સંસ્કૃત ભાષામાં પંડિત શ્રી સોમકિર્તિ આચાર્યે રચેલો છે. તે ગ્રંથની વાણી મનોહર, પ્રાસાદિક, અને રસપૂર્ણ છે. કર્ત્તાની લેખનશૈલી એવી સુંદર, અને સ્વાભાવિક છે કે, વાંચનારનું મન તેથી રંજન થયા વગર રહેતું નથી. સંસ્કૃત જેવી સંપૂર્ણ ભાષામાં જે સમર્થ લેખકોએ ગ્રંથો લખ્યા છે, તે ગ્રંથો ચીરંજીવી અને ચીરસ્થાયી થયા છે, અને તે ગ્રંથોના રચનારાનાં નામો અમ્મર થયાં છે. પ્રસ્તુત ગ્રંથ કર્ત્તા આચાર્ય શ્રી સોમકિર્તિ પંડિત પણ પોતાનો યશ સુગંધ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાની કૃતિથી જગતમાં પસરાવી ગયા છે. સંસ્કૃત ભાષા જાણનારા, અને સમજનારાને તો આવા ગ્રંથના ઉત્તમ રસનો સ્વાદ મળી શકે છે. પરંતુ જેઓ સંસ્કૃત જાણતા નથી, તેવા સામાન્ય કેળવણી પામેલા જનોને પણ સંસ્કૃત જેવી દેવ ભાષામાં લખેલા ગ્રંથોની પ્રસાદીનો સ્વાદ મળી શકે, તે હેતુથી શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગે ઉત્તમ બોધક ગ્રંથોનાં સંસ્કૃતમાંથી ભાષાંતર કરાવવા માંડયાં છે. પ્રસ્તુત ગ્રંથનો પ્રથમ અને દ્વિતીય ભાગ આવી પ્રતિના ભાષાંતરના નમુના છે. તે ભાષાંતરના ગ્રંથોને આનંદથી વધાવી લઇને તેના પ્રસિદ્ધ કર્ત્તાને તેમના આરંભેલા કાર્યમાં ઉત્તેજીત કરવા તે સુશિક્ષિત જૈનોનું કર્ત્તવ્ય છે.

જૈન ધર્મના પૂર્વાચાર્યોના રચેલા એટલા બધા ઉત્તમ ગ્રંથો હજી અપ્રસિદ્ધ હાલતમાં ભંડારોમાં ભર્યા છે કે, તેમને એક પછી એક પ્રસિદ્ધ કરાવવા એ શ્રીમંતોની મુખ્ય ફરજ છે. કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના મુકુટ મણિ શેઠો રા. સા. શેઠ વસનજી ત્રિકમજી જે. પી. તથા શેઠ ખેતશી ખીઅશી તથા શેઠ પાસવીર અરજણ પોતાની પેઢીઓ તરફથી પ્રતિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વર્ષ ઉત્તમ પુસ્તકો આ વર્ગ મારફત છપાવે છે, અને આવા શુભ કાર્યમાં દ્રવ્યનો વ્યય કરનારાને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો છે.

કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના શેઠ લાડણ ખીમજી જેઓ હાલ સ્વર્ગવાસી થયા છે, તેઓ બહુ શુભ સંસ્કારવાળા અને જૈનધર્માનુરકત હતા, તેમણે પોતાના વીલની રૂઇએ શેઠ ટોકરશી કાનજી અને શેઠ કાનજી લધાને તેમની મીલકતના ટ્રસ્ટીઓ નીમ્યા છે. તે બંને ટ્રસ્ટી સાહેબો પોતાનું કર્તવ્ય સારી રીતે સમજનારા છે. સ્વર્ગસ્થ શેઠ લાડણ ખીમજીના સ્મરણાર્થે જે યોગ્ય અને વિવેક પૂર્વક ખર્ચ કરવું જોઇએ ને તેઓ જેવી જોઇએ તેવી રીતે કરી જાણે છે. તે ટ્રસ્ટી સાહેબોએ મરહુમ શેઠ લાડણ ખીમજીના સ્મરણાર્થે પુસ્તકો છપાવવા માટે રૂા. ૫૦૦) પાંચસો આ વર્ગને સુપ્રત કર્યા છે. તે રકમમાંથી આ ગ્રંથ છપાવવાનું ખર્ચ આપવામાં આવ્યું છે.

અન્ય શ્રીમંતોના ટ્રસ્ટીઓએ ઉકત શેઠ કાનજી લધા અને શેઠ ટોકરશી કાનજીનો દાખલો લેવાની જરૂર છે. મરનાર ગૃહસ્થે સોંપેલી માલકતનો ઉત્તમો-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્તમ વ્યય ટ્રસ્ટીઓ કેવી રીતે કરી શકે, તેને માટે શેઠ લાડણ ખીમજીના ટ્રસ્ટીઓ જેવું અનુપમ ઉદાહરણ અન્ય સ્થળેથી મળવું દુર્લભ છે.

આ પ્રસ્તાવના પુરી કરતાં પ્રસિદ્ધ કર્ત્તા આશા રાખે છે કે, અત્યાર સુધીમાં જે જે શુભ સંસ્કારી શ્રીમંતોએ આવી પ્રતિનાં પુસ્તકો છપાવીને અને તેની પ્રભાવના કરાવીને પુન્ય સંપાદન કર્યું છે, તેમનું અનુકરણ કરનારા અસંખ્ય શ્રીમંતો જૈન કોમમાં ઉદ્ભવો, અને તેમને હાથે જૈન શાસનનો ઉદ્યોત થાઓ. અસ્તુ.

શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ.

પાલીતાણા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

Jin ૬૫૫૯૬ ૫૫૭૮

# श्री

# प्रद्युम्न चरित्र.

## ભાગ ૨ જો.

## सर्ग १ मो.

### પ્રદ્યુમ્નને સોળ લાભ અને બે વિદ્યાની પ્રાપ્તિ, બંધુજનનો સાથે વિરોધ અને નારદમુનિનું આગમન.

એ ભાગ્યવાન્ અને મનોહર બાળક પૂર્વ પુણ્યના યોગથી તે વિદ્યાધરને ઘેર ચંદ્રની જેમ વધવા લાગ્યો, સૌભાગ્યથી વિભૂષિત એવો તે કુમાર સ્ત્રીઓના અને પુરૂષોના મનનો ચોર થયો, એક


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરમાંથી બીજા કરમાં તે સંચાર કરવા લાગ્યો. જેમ જેમ ખેચર રાજાને ઘેર તે બાળક વૃદ્ધિ પામવા લાગ્યો, તેમ તેમ તેના ઘરમાં ધન, ધાન્ય અને સમૃદ્ધિ વધવા લાગ્યાં, અદ્‌ભૂત રૂપવાળો તે કુમાર તેની માતાને પ્રાણથી પણ પ્રિય થઇ પડયો, "સૌભાગ્ય અને પ્રિયતા— એ પૂર્વ પુણ્યના અનુભાવથી જ થાય છે." આ પ્રમાણે માન રહિત મદન બાલ્યવયને ઉલ્લંઘન કરી, અનુક્રમે યૌવન વયને પ્રાપ્ત થયો. તે શસ્ત્ર તથા શાસ્ત્રમાં પ્રવીણ, કળા ગુણથી સંપન્ન, મહા સાહસ વડે યુક્ત, ધીર, વીર અને કુળનો અગ્રણી થયો. કોઇ વાર બળનો ગર્વ ધરનારા અને મોટા સાધને યુક્ત એવા શત્રુઓ રાજાની ઉપર ઉદ્ધત થઇ ચડી આવતા, તેઓને આ તરૂણ મદન રણભૂમિમાં જીતી લેતો હતો, અને પુણ્યના પ્રભાવથી તેઓને 'હવે નાશીને કઇ દિશામાં જવું?' એમ મુંઝવી દેતો હતો. તેની કીર્ત્તિ સર્વ સ્થળે પ્રસાર થઇ, મદનની આવી યુદ્ધ કળા જોઇ રાજા કાળસંવર ઘણો હર્ષ પામ્યો. પછી મદન કુમાર રાજાની આજ્ઞા લઇ ઉગ્ર સાધનની સામગ્રી સાથે એક વખતે દિગ્વિજય કરવા નીકળ્યો, ખેચ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શમાં જે જે શૂરવીર, રણધીર અને બળવાન્ હતા, તેઓના દેશમાં મદન યુદ્ધ કરવાને ગયો. સર્વ શત્રુઓને જીતી દિગ્વિજય કરી, મદન મોટી સમૃદ્ધિ સાથે પાછો નગરમાં આવ્યો.

રાજા કાલસંવરે પુત્રને આવતો સાંભળી પોતાનું નગર ધ્વજા પતાકાથી શણગાર્યું. વિવિધ જાતની વિભૂતિથી પુરને વિભૂષિત કર્યું. મોટા ઉત્સવ સાથે મદનનો પુર પ્રવેશ કરાવ્યો. મદન પિતાને જોઇ વિનયથી નમ્યો. પુત્રને વિજયથી વિભૂષિત જોઇ રાજા કાલસંવરે હર્ષ પામી આ પ્રમાણે વિચાર્યું—મેં આ પુત્રને પૂર્વે વનમાં યુવરાજ પદ આપ્યું છે, પણ હવે તે સર્વ લોકની સમક્ષ આપવું જોઇએ.—આવું ચિંતવી કાલસંવર રાજાએ શુભ મુહુર્ત અને શુભયોગે પોતાના તાબાના રાજાઓનું એક મોટું વૃંદ એકઠું કર્યું—સર્વની સમક્ષ રાજાએ મદનને કહ્યું, વત્સ ! ગૂઢ ગર્ભવાળી તારી માતાએ જ્યારે તને વનમાં જન્મ આપ્યો, ત્યારે તારા મનોહર દર્શન કરી સંતુષ્ટ થઇ મેં તને યુવરાજ પદ તેજ ક્ષણે આપ્યું હતું, હવે આજે આ સર્વ રાજાઓની અને લોકોની સમક્ષ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આપું છું, તે તું ગ્રહણ કર. પિતાની આજ્ઞાથી મદને યુવરાજ પદ સ્વીકાર્યું. રાજ્ય કોને પ્રિય ન હોય ? તે પ્રસંગે રાજા કાલસંવરે યાચકોને ઘણાં દાન આપ્યાં, અને પોતાના બાંધવોના મનોરથ પૂરા કર્યા. આ કાર્યથી મદનનું યશ ફેલાયું, અને બધા નગરમાં મદનનીજ વાર્તા ચાલવા લાગી.

રાજા કાલસંવરને બીજી પાંચસો રાણીઓ હતી. તે પ્રત્યેકને વિદ્યામાં પ્રવીણ એવા પુત્રો થયા હતા. તે પુત્રો હમેશાં પ્રભાતકાળે પોતાની માતાઓના ચરણમાં વંદના કરવા આવતા હતા. એક વખતે તેઓ નિત્યના નિયમ પ્રમાણે વંદના કરવા આવ્યા, એટલે તેમની માતાઓ ક્રોધ કરી બોલી—પુત્રો, શક્તિ વગરના તમે શા કામના છો. તમારો જન્મ વૃથા છે. કનકમાલાના જાતિહીન, દુષ્ટ અને પાપી એવા એક પુત્રે તમારૂં રાજ્ય લઇ લીધું, હવે તમારૂં જીવિત વૃથા છે. જો જીવિતને સાર્થક કરવું હોય તો, તમે બધા એકઠા મળી છળથી એ દુષ્ટને મારી નાંખો. જ્યાં સુધી એ જીવતો છે, ત્યાં સુધી તમારૂં કાંઇ પણ નથી. તે વિદ્યાધરના પુત્રો માતાઓના આ વિચારને જાણી ખુશી થયા, અને તેઓએ મદનને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારવાનો તત્કાળ નિશ્ચય કર્યો. તેઓએ માતાઓને કહ્યું, માતા, ચિંતા કરશો નહીં. અમે તમારાં વચન પ્રમાણે કરીશું. આ પ્રમાણે કહી, ચરણમાં નમી તેઓ ત્યાંથી વિદાય થયા.

સર્વ દ્વેષી કુમારો એકઠા થઇ વિચાર કરી, મદન કુમારને મળ્યા. દુષ્ટ ચિત્તવાળા તેઓ કપટથી મન પ્રસન્ન કરી, મદનની સાથે વર્ત્તવા લાગ્યા. ભોજન, શયન, ખાન અને પાનમાં તેના વિશ્વાસ પાત્ર થઈ, ઝેર મિશ્ર કરી આપવા લાગ્યા. જે જે વિષમય હતું, તે મદનને અમૃતમય થઇ ગયું. "પૂર્વ પુણ્યના પ્રભાવથી સર્વ સુખકારી થાય છે." જ્યારે મદનનું કાંઇ પણ અશુભ થયું નહીં, એટલે તેઓ વિચારમાં પડયા. તેઓમાં સર્વથી અગ્રેસર 'વજ્રદંષ્ટ્ર' નામે હતો, તેની સલાહથી સર્વે તે વિશ્વાસી મદનને વિજ્યાર્ધ્ધગિરિના શિખર ઉપર લઇ ગયા, ત્યાં શરદ્ ઋતુના વાદળ જેવું ત્રણ મુખ દ્વારથી શોભાયમાન, હજારો શિખરવાળું અને રત્ન તથા સુવર્ણથી નિર્માણ થયેલું એક જિનભવન જોવામાં આવ્યું. તેઓએ તેમાં પ્રવેશ કરી, જિન નાયકને વંદના કરી. પરમ ભક્તિથી પ્રભુને વંદના કરી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બહાર આવ્યા. ત્યાં એક શિખર ઉપર દરવાજો જોવામાં આવ્યો. વજ્રદંષ્ટ્ર આ બધા સ્થાનના ચમત્કાર જાણતો હતો, તેથી તે બોલ્યો— ભ્રાતાઓ! મારૂં વચન સાંભળો. આ દરવાજામાં જે પુરૂષ પ્રવેશ કરે, તે વાંછિત અર્થ પ્રાપ્ત કરી, કુશળતાથી પાછો આવે છે— આ વાર્ત્તા આપણા કુળના વૃદ્ધોથી મેં સાંભળી છે. તમે બધા બહાર રહો, હું એકલો તેમાં જાઉં છું.

વજ્રદંષ્ટ્રનાં માયાવી વચન સાંભળી બલવાન્ મદન બોલ્યો—જ્યેષ્ટ બન્ધુ ? જો કૃપા હોય તો, હું જાઉં. કુટિલ હૃદયનો વજ્રદંષ્ટ્ર બોલ્યો—વત્સ, તને ના કહેવી તે ઠીક નહીં, સત્વર જા. તેના વચનથી સંતુષ્ટ થઈ મુગ્ધ હૃદયવાળો મદન પોતાના ઘરની માફક તે દરવાજામાં દોડી પેશી ગયો. વેગ વડે ઉપર ચડી પગ પછાડતો અને ઘાટો ધ્વનિ કરતો મદન તેમાં ગયો. તેના શબ્દથી અંદર રહેલો એક અસુર જાગી ઉઠયો. ક્રોધથી જ્વલાયમાન થઇ બોલ્યો—અરે દુરાચારી માનવ ! તેં મારા સ્થાનને અપવિત્ર કેમ કર્યું ? આ સ્થાન માત્ર દ્રષ્ટીથીજ લોકોના સમૂહને ઘાત કરનારૂં છે, એવું શું તેં પૂર્વે

P.P. Ac. Gunratnasuri M.S.   Jun Gun Aaradhak Trust

નથી સાંભળ્યું ? અરે અવિચારી ! કોઇએ તને છેતર્યો છે, જેથી તું અહીં આવ્યો. મદન બોલ્યો—અરે સુરાધમ ! વૃથા શું બબડે છે ? મારી સાથે યુદ્ધ કર. શૂરવીર અને કાયર જનનો ભેદ હું તને સ્પષ્ટ કરી બતાવીશ. મદનનાં આવા વચન સાંભળી તે દેવતા મદન ઉપર ધસી આવ્યો. બંને શૂરવીરોએ પરસ્પર ઉગ્ર યુદ્ધ કરવા માંડયું. વચન, તર્જન, લપડાક અને મુષ્ટિઓથી તે બલવાન્ દેવતાએ ચિરકાળ યુદ્ધ કર્યું; પણ આખરે મદને તેને જિતી લીધો. પરાભવ પામેલો દેવતા મદનના ચરણમાં નમીને બોલ્યો—સ્વામી ! હું તમારો કિંકર છું. મહાભાગ ! તમે મારા સ્વામી છો. મારી ઉપર કૃપા કરો. પછી તે દેવતાએ મદનને એક સિંહાસન આપ્યું, તેની ઉપર બેશી મદન બોલ્યો—ભદ્ર ! તું કોણ છે ? આ ગુહામાં ક્યાંથી આવી રહ્યો છો ? તે અસુર વિનયથી શરીર નમાવી બોલ્યો—સ્વામી ! સાંભળો, મારૂં વચન સત્ય માનજો. આ ગિરિની ગુહામાં હું તમારે માટેજ રહ્યો હતો. આ પર્વત ઉપર ‘ અલંકારપુર ’ નગર હતું, તે સમૃદ્ધિવાન્, લોકોની ઘાટી વસ્તીવાળું અને સર્વ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્થળે વિખ્યાત હતું. તેમાં ગુણનો સાગરરૂપ ' કનકનાભિ ' નામે રાજા રાજ્ય કરતો હતો, સતી વ્રતની ધુરંધરા ' અનિલા, નામે તેને રાણી હતી, તે દંપતિ સુખે રાજ્ય કરતાં હતાં. શૃંગાર સાગરમાં મગ્ન થયેલાં તે પતિ પત્ની ગતકાળને જાણતાં પણ નહોતાં.

એક વખતે દેવલોકમાંથી ચવીને ' હિરણ્ય ' નામે તેમને ઘેર એક પુત્ર થયો, તે ગુણવાન્ અને સ્વરૂપમાં દેવતા જેવો હતો. રાજા કનકનાભિ ચિરંકાળ રાજ્ય કરી, અને સુખ ભોગવી, છેવટે રાજ્ય લક્ષ્મીને ચપળ અને યૌવનને ક્ષણભંગુર જાણી વૈરાગ્યને પામ્યો. વૈરાગ્ય વડે વિષય ઉપર વિરક્ત થઇ તેણે પોતાનું સપરિવાર રાજ્ય પુત્રને આપ્યું. પોતે કોઇ ચારિત્રધારી પવિત્ર મુનિ આગળ જૈન દીક્ષા ગ્રહણ કરી. મહા વ્રતી થઇ દ્વાદશ અંગ ભણી ઘોર તપ તપતાં તેને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. ઘાતિ કર્મનો ક્ષય કરી, ચિરકાળ ભવ્ય જનના સમૂહને પ્રતિબોધ આપી, તે રાજમુનિ મુક્તિસદનમાં ગયો. જે મુક્તિસદન સિદ્ધનો આશ્રયરૂપ અને અપાર સુખનું સ્થાન કહેવાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અલંકાર પુરના રાજ્ય ઉપર ' હિરણ્ય ' રાજા રાજ્ય કરવા લાગ્યો—તેણે ચિરકાળ શત્રુ રહિત નિષ્કંટક રાજ્ય કર્યું. એક વખતે હિરણ્ય રાજા પોતાના મહેલના શિખર ઉપર બેઠો હતો, ત્યાં મોટી સમૃદ્ધિવાળું એક દૈત્ય રાજાનું મહા સૈન્ય જોવામાં આવ્યું. તે સૈન્યમાં દૈત્યની મહા સમૃદ્ધિ જોઈ, તે મનમાં ચિંતવવા લાગ્યો કે, મારી સંપત્તિને ધિક્કાર છે. આ દૈત્યની સમૃદ્ધિ આગળ મારી સંપત્તિ કોણ માત્ર છે ? હું પણ આવો વૈભવ આપે તેવી વિદ્યા સાધું. આવું ચિંતવી, પોતાના અનુજ બંધુને રાજ્ય સોંપી, હિરણ્ય રાજા સિદ્ધ વનમાં વિદ્યા સાધવાને ગયો. ત્યાં કોઇ તાપસના કહેવા પ્રમાણે તપ કરી, તેણે ચમત્કારી વિદ્યા સાધી લીધી. તે વિદ્યા ' રોહિણી ' નામે હતી. પુણ્ય યોગે તે વિદ્યા સાધી, હિરણ્ય મોટા ઉત્સવ સાથે પાછો રાજ્યમાં આવ્યો. અનુજ બંધુ પાસેથી રાજ્ય પાછું લઇ, તેણે વિદ્યાના પ્રભાવથી ઇંદ્રના જેવું રાજ્ય બનાવ્યું, અને તે નિરંકુશપણે ભોગવવા માંડયું. ચિરકાળ સુખ ભોગવી, અને નિરંકુશ રાજ્ય કરી, છેવટે તેને અસાર સંસાર ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થયો,

 P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાના પુત્રને સર્વ સમૃદ્ધિવાળું રાજ્ય આપી, તે વૈરાગ્ય વિભૂષિત હિરણ્ય રાજા શ્રી નમિનાથની પાસે આવ્યો. ભકિતથી અંજલિ જોડી શ્રી નમિનાથને નમી, હિરણ્ય આ પ્રમાણે બોલ્યો—પ્રભુ, મેં આ સંસારને અસાર જાણ્યો છે, હું આપની શરણે આવ્યો છું, મને સંસારને નાશ કરનારૂં મહાવ્રત આપો. નેમિ પ્રભુ બોલ્યા—રાજા ! તેં સારો વિચાર કર્યો. પુરૂષોને ભાગ્ય વગર જૈની દીક્ષા પ્રાપ્ત થતી નથી. પછી પ્રભુએ તેને દીક્ષા આપવા માંડી, તે સમયે તેણે પ્રથમ સાધેલી વિદ્યાના અધિષ્ટાયક દેવતાએ આવી, રાજાને વિનયથી કહ્યું—સ્વામી ! તમે શ્રી જિનેશ્વરે કહેલી દીક્ષા ગ્રહણ કરો છો, પણ હવે અમારૂં શું થશે ? અમે અનાથપણે કેમ રહી શકશું ? રાજા હિરણ્યે તે વિદ્યાધિષ્ટાયકનાં વચન સાંભળી પ્રભુને કહ્યું, વિભો ! કહો હવે શું કરવું ? આ વિદ્યાના અધિષ્ટાયક દેવનો પતિ કોણ થશે, તે કૃપા કરી જણાવો. નેમિનાથ બોલ્યા—વત્સ ! એ વિદ્યાગણના અધિષ્ટાયકનો સ્વામી કોણ થશે, તે હું તને કહું તે સાંભળ. શ્રી નેમિનાથ પ્રભુના તીર્થમાં દ્વારકાં નગરીને વિષે હરિવંશમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શિરોમણિ 'કૃષ્ણ' વાસુદેવ ઉત્પન્ન થશે, તેની ગુણવતી સ્ત્રી રૂકિમણીના ઉદરથી 'મદન' નામે એક બળવાન્ પુત્ર થશે, તે વીરમણિ અને પુણ્યવાન્ મદન કુમાર આ મણિગોપુરમાં આવી, આ વિદ્યાધિષ્ટાયકનો સ્વામી થશે. બળવાન્, પરાક્રમી, ધીર, ગંભીર, રૂપવાન્ અને ગુણી એવા મદનને પ્રાપ્ત થઇ એ વિદ્યા કૃતાર્થ થશે. પ્રભુનાં આવાં વચન સાંભળી હિરણ્યે મને કહ્યું, અધિષ્ટાયક દેવ ! તમે તે મણિગોપુરમાં જઇને રહો, બળના ગર્વવાળા એવા તારી સાથે જે યુદ્ધ કરવા તૈયાર થઇ તારો પરાભવ કરે, તે તારો સ્વામી થશે. મદન કુમાર આવે ત્યાં સુધી તમે તે સ્થળે રહેજો.

આ પ્રમાણે કહી હિરણ્ય રાજાએ પ્રભુની પાસે દીક્ષા લીધી. મહાવ્રતી હિરણ્ય મુનિ અધ્યયન કરી, તપસ્યા કરી, કેવળ જ્ઞાન પામી, ઘાતિ કર્મનો ક્ષય કરી, નિર્વાણ પદને પ્રાપ્ત થયા. મદન કુમાર ! ત્યારથી હું તમારી રાહ જોઇ, તમારે માટે મંત્ર વિદ્યાનું રક્ષણ કરી, અહીં રહ્યો હતો. હે મહાભાગ ! આજે તમારો સમાગમ થયો. આ વિદ્યા મંત્ર ગ્રહણ કરો, તે સાથે નિધિ—કોશને પણ સ્વીકારો. અ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હિં રહ્યાં મને ઘણો વખત થયો છે. પછી તે અ-
ધિષ્ટાયક દેવતાએ મદનની પૂજા કરી, અને તેને એક
રત્નમય મુગટ તથા બીજાં આભૂષણો આપ્યાં, અને
કહ્યું કે, શ્રી નેમિનાથ પ્રભુએ જે કહ્યા હતા તે
તમેજ છો. આજથી હું તમારો સેવક છું, જે કાર્ય
હોય તે નિવેદન કરો. દેવતાના કહેવાથી મદન બો-
લ્યો—અધિષ્ટાયક દેવ ! હવે તમે મારા છો, જ્યારે
હું સંભારૂં ત્યારે તમારે સાન્નિધ્ય થવું.

અહીં બહાર રહેલા મદનના બંધુઓને વજ્ર-
દંષ્ટ્રે હર્ષથી કહ્યું, બંધુઓ ! કંટક નાશ થઇ ગયો.
આ ગુહાના અધિષ્ટાયક દૈત્યે મદનને મારી નાંખ્યો
હશે. હવે ચાલો આપણે ખુશાલીથી ઘેર જઇએ.
વજ્રદંષ્ટ્રના વચનથી સર્વે બેઠા થઇ ઘર પ્રત્યે જવા
તૈયાર થયા, ત્યાં પેલા દરવાજામાંથી મદનને આવ-
તો જોયો. તે દિવ્ય આભૂષણોથી અલંકૃત અને
દેવ પૂજિત થઇ આવતો હતો. મદનને તેવો જોઇ
તેઓ ગર્વ રહિત થઇ ગયા. પછી માયાથી ખુશા-
લી બતાવતા તેઓ તેની પાસે આવ્યા. મદનને મ-
ધુર વચને બોલાવી અભિનંદન આપ્યું.

કપટી વજ્રદંષ્ટ્ર અને તેના બંધુઓ મદનનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અહિત કરવા તેને પાછો કાલગુહામાં લઈ ગયા. તે ગુહાની દૂર ઉભા રહી વજ્રદંષ્ટ્ર બોલ્યો—બંધુઓ! સાંભળો. જે ધીર પુરૂષ વિચાર્યા વગર આ ગુહામાં પ્રવેશ કરે, તે ઇષ્ટ સિદ્ધિ મેળવી સુખે પાછો આવે છે. તેથી તમે સૌ અહીં ઉભા રહો, હું તેમાં પ્રવેશ કરૂં છું. તે સાંભળી બલવાન્ મદન બોલ્યો—ભ્રાતા! કૃપા કરીને તેમાં મને જવા દો. વજ્રદંષ્ટ્રે આજ્ઞા આપી એટલે મુગ્ધ હૃદયનો મદન જેમ પોતાના ઘરમાં જાય, તેમ વેગથી તેમાં ગયો. અંદર જઇ મદને વજ્રપાત જેવો, અને કાનમાં કટુ લાગે તેવો ભયંકર ધ્વનિ કર્યો. મદનનો ભયંકર શબ્દ સાંભળી ત્યાં રહેલો એક રાક્ષસ ક્રોધથી રાતાં નેત્ર કરતો પ્રગટ થયો. તે ગર્જના કરતો બોલ્યો—અરે દુરાચારી અધમ મનુષ્ય! તું કોણ છો? મારા આ પવિત્ર સ્થાનને અપવિત્ર કેમ કર્યું? અરે મૂઢ! આજ સુધી તારા સાંભળવામાં શું નથી આવ્યું કે, આ સ્થાન યમરાજનું છે? તેનાં વચન સાંભળી બળવાન મદન બોલ્યો—અરે નીચ! વૃથા શું બોલે છે, બોલવાથી કાંઇ પુરૂષાર્થ નથી. જો તારામાં અદ્‌ભૂત શક્તિ હોય તો મારી સાથે યુદ્ધ કર. નીચ જનને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાયક એવી વૃથા ગાળો શું આપે છે ? અરે શઠ ! જો તું ધીર, શૂરવીર, કે રણમાં લંપટ હો, તો વેગથી સામો આવી જા. વિલંબ શા માટે કરે છે ? મદનનાં વચન સાંભળી તે રાક્ષસ પતિને અતિ ક્રોધ ચડયો. મદન પણ ક્રોધ કરીને તેની સામે આવ્યો. બન્ને વીરો તર્જન, લપડાક, અને મુષ્ટિથી યુદ્ધ કરવા લાગ્યા. બલવાન મદને પુણ્યના પ્રભાવથી જીતીને અસુરને પાડી દીધો. અસુર ભક્તિથી મદનના ચરણમાં પડયો. મદનનું પૂજન કર્યા પછી બે ચામર, નિર્મળ અને પવિત્ર નંદક આયુધ, તરવાર, સુંદર વસ્ત્ર અને પુષ્પની માળા અર્પણ કરી, તે દેવતા બોલ્યો— નાથ ! હું તમારો કિંકર છું, તમે મારા પ્રભુ છો. પછી મદન તેને ત્યાં રાખી વેગથી ગુહાની બાહેર નીકળ્યો. દૈત્ય નાયકે પૂજેલા, અને સુંદર પોશાકવાળા મદનને કુશલતાથી નીકળતો જોઇ બધા ખેચર કુમારોનાં મુખ ગ્લાનિ પામી ગયાં. પછી કપટથી હર્ષ બતાવતા મદનને આવી મળ્યા.

પછી વજ્રદંષ્ટ્ર વિગેરે તે બંધુઓ મદનને તેનો નાશ કરવા એક ‘ નાગગુહા ’ માં લઇ ગયા. તેની દૂર ઉભો રહી વજ્રદંષ્ટ્ર બોલ્યો— બંધુઓ ! આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગુહામાં જે નિ:શંક થઇ પ્રવેશ કરે, તે વાંછિત ફળને પામે છે, તેથી તમે બધા અહીં રહો, હું એકલો તેમાં જઇ દેવતાએ કલ્પેલો લાભ સંપાદન કરી આવું. તે સાંભળી મુગ્ધ હૃદયનો મદન બોલ્યો— જ્યેષ્ટ બંધુ ! જો કૃપા કરી આજ્ઞા આપો તો હું પ્રવેશ કરૂં, અને તે લાભ સંપાદન કરૂં ? વજ્રમુખ બોલ્યો— અનુજ બંધુ ! તને શું કહેવું ? તારા જેવો કોઇ મને પ્રિય નથી. વત્સ ! જા, પ્રવેશ કર, અને વાંછિત લાભ મેળવી સત્વર પાછો આવ. તારા પુણ્યનો પ્રભાવ ઉત્તમ છે. વજ્રદંષ્ટ્રનાં આવાં વચનથી મદન વેગથી ચાલ્યો. તે ગુહામાં રહેલો નાગદેવ જાગ્રત થયો, તેની સાથે ઉગ્ર યુદ્ધ કરી, નાગપતિને પોતાને વશ કરી લીધો. નાગપતિ સંતુષ્ટ થઇ ગયો. તેણે નાગશય્યા, વીણા, કોમળ આસન, મનોહર પાદપીઠ, વસ્ત્ર અને આભરણ મદનને અર્પણ કર્યાં. ‘ ગૃહકારિકા ’ અને ‘ સૈન્યરક્ષિકા ’ એવી બે વિદ્યાઓ આપી. મદન નાગકુમારને ત્યાં રાખી, સર્વે સામગ્રી સહિત તેમાંથી નીકળી પોતાના બંધુઓની પાસે આવ્યો. મદનને વિવિધ જાતના લાભવાળો જોઇ, તેઓ બળી ગયા. ઉપરથી કપટ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વડે પ્રસન્નતા બતાવતા તેની પાસે આવ્યા.

પછી મદનનો ઘાત કરવાની ઇચ્છાવાળા તે બંધુઓ તેને ફરીથી દેવતાથી રક્ષિત અને ભયંકર એવી એક વાપિકા પાસે લઈ ગયા. તેની દૂર ઉભા રહી, વજ્રમુખ બોલ્યો— જે પુરૂષ નિ:શંક થઇ આ વાપિકામાં સ્નાન કરે, તે રૂપસંપન્ન અને જગતનો પતિ થાય. વજ્રદંષ્ટ્રનું આ વચન સાંભળી મદન તેની રજા મેળવી, વાપિકામાં સ્નાન કરવા પડયો. ગજેંદ્રની જેમ નિ:શંકપણે તે વાપિકાના જળમાં ઘુમવા લાગ્યો, અને પોતાની બળવાન ભુજાઓથી જળને ઉછાળવા લાગ્યો. તે ધ્વનિ સાંભળી વાપિકાનો દેવતા ક્રોધ કરી, મદન ઉપર ચડી આવ્યો. તેણે મદનને કહ્યું, અરે દુષ્ટ માનવ ! પવિત્ર જળથી પૂર્ણ અને કમળથી સુશોભિત એવી આ દેવેંદ્રની વાપિકા છે, તેને મનુષ્ય એવા તેં ચરણ તથા ભુજાના આઘાતથી અપવિત્ર કેમ કરી ? હે પાપી, આ અન્યાય વૃક્ષનું ફળ ભોગવી લે. દુરાચારી એવા તને યમ દ્વારમાં મોકલું છું. તેનાં એવાં વચન સાંભળી મદનને ક્રોધ ચડયો. તેણે ગર્જના કરી કહ્યું, અરે સુરાધમ ! વૃથા બકવાદ શું કરે છે ? શક્તિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હોય તો યુદ્ધ કરી બતાવ. જો તું શૂરવીર કે કૃતાર્થ હો તો મારી આગળ ઉભો રહે. મદનનાં વચન સાંભળી તે દેવને અતિ રોષ ઉત્પન્ન થયો. મદનની સાથે યુદ્ધ કરવા આવ્યો. બળવાન મદને તેને ક્ષણમાં જીતી લીધો. નાગકુમાર તેના ચરણમાં નમી બોલ્યો— સ્વામી, હું તમારો કિંકર છું, તમે મારા પ્રભુ છો. આમ કહી તેણે મદનને એક મકરના ચિન્હ વાળી ધ્વજા આપી, ત્યારથી જગતમાં મદન મકરધ્વજ કહેવાયો. તે લાભ લઇ મદન વાપિકામાંથી બાહેર આવ્યો. તેને જોતાંજ બધા બન્ધુઓ વિલખા થઇ ગયા.

પછી વજ્રદંષ્ટ્ર અને બીજા બન્ધુઓ મદનને એક જ્વલાયમાન અગ્નિકુંડ પાસે લઇ ગયા. ત્યાં દૂરથી વજ્રદંષ્ટ્રે કહ્યું, બન્ધુઓ, આપણા વૃદ્ધ વિદ્યાધરોએ કહેલું હિતકારી વચન સાંભળો. આ બળતા અગ્નિકુંડમાં જે મનુષ્ય વેગથી પ્રવેશ કરે, તે વાંછિત અર્થ મેળવી રાજા થાય છે. તેનાં વચન સાંભળતાંજ મુગ્ધ મદન તેમાં જવા તૈયાર થયો. વેગથી અગ્નિકુંડમાં તેણે પ્રવેશ કર્યો. અસુરે સેવેલા અગ્નિમય કુંડમાં આવી સાહસિક જનના શિરોમણિ એવા



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મકરધ્વજે તે અગ્નિમય કુંડને હઠથી મર્દન કરવા માંડયો. તેવામાં તેનો અધિષ્ટાયક દેવ ક્રોધ કરી પ્રગટ થયો. મદને યુદ્ધ કરી તેને પણ જીતી લીધો. તે સંતુષ્ટ થઇ મદનના ચરણમાં પડીને બોલ્યો— પ્રદ્યુમ્ન, અગ્નિ ધૌત એવા આ સુવર્ણમય બે વસ્ત્ર હું તમને અર્પણ કરૂં છું, તે મારી ઉપર કૃપા કરી સ્વીકારો. આજથી હું તમારો દાસ છું. મદન તે ભેટ લઇ બાહેર નીકળ્યો.

મદનને કુશળક્ષેમ જોઇ તેના બંધુઓને ક્રોધ આવ્યો, પછી તેઓ તેને મેષાકાર[1] ગિરિ ઉપર લઇ ગયા, ત્યાં દૂર ઉભા રહી, તેઓ બોલ્યા—જે બળવાન અને ધીર પુરૂષ નિઃશંક થઇ આ પર્વત ઉપર જાય, તે ચિંતિત લાભ મેળવે—એમ વૃદ્ધોનું વચન છે. તે સાંભળી મદને તેમની આજ્ઞા લીધી, પછી હર્ષ પામી મેંઢાના જેવાં બે શીંગડાવાળા તે પર્વતમાં પેઠો. તે પેઠો એટલે તે બંને શીંગડાં ભેગાં થવા લાગ્યાં. મદન આસુરી માયા જાણી, હાથની કોણી વડે તેને જુદાં કરી, નિશંકપણે અંદર દાખલ થયો, તેવામાં એક મહાસુર

૧ મેંઢાના જેવા આકારવાળો પર્વત.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રગટ થઇને આવ્યો. મદને કઠોર વચન કહી તેની સાથે યુદ્ધ કરી, તેને જીતી લીધો. દેવતા બે હાથ જોડી બોલ્યા— સ્વામી ! હું તમારો સેવક છું, અને તમે મારા સ્વામી છો. આટલું કહીને તેણે મદનને મનોહર બે કુંડલ ભેટ કર્યાં, તે લઇ મદન બહાર આવ્યો. તેને જોઇ આ વખતે બંધુઓના હૃદયમાં અતિ ક્રોધ થયો, તેઓએ પોતાના જેષ્ટ બંધુ વજ્રમુખને કહ્યું, જેષ્ટ બંધુ ! આ પાપીને જ્યાં આપણે મોકલીએ છીએ, ત્યાંથી તે પાછો કુશળ આવે છે, અને ઉત્તમ પ્રકારની ભેટો તથા પૂજા લાવે છે. હવે અમારાથી જોઇ શકાતું નથી. એ પાપીને અમે મારીશું. જો આપણે નહીં મારીએ તો, એ શત્રુ દુર્જય થતો જશે. વ્યાધિ અને શત્રુ જો મૂળ ઘાલી બેસે તો, પછી દુર્જય થાય છે. બંધુઓને ઉશ્કેરાએલા જોઇ, વજ્રમુખ બોલ્યો— બંધુઓ ! અધીરા ન થાઓ, હજુ તેને મારવાના દશ ઉપાયો છે, તે ઉપાયમાં તો અવશ્ય તેનું મૃત્યુ થશે. તે વળી લોભી છે, ‘ લોભી પ્રાણી છેવટે મરે છે, અને નિર્લોભી સુખી થાય છે. ’ વજ્રમુખનાં આવાં વચન સાંભળી તેઓ જરા શાંત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થયા, પછી સર્વે કપટનો પ્રેમ બતાવતા મદનને આવી મળ્યા. મદન આવીને વજ્રદંષ્ટ્રના ચરણમાં પડયો.

પછી મદનને તેઓ ત્યાંથી વિજયાર્ધ્ધ ગિરિ ઉપર લઇ ગયા, એ પર્વત સર્વ તરફ રમણીય અને વિવિધ કૌતુકથી પૂર્ણ હતો. ત્યાં એક આમ્ર વૃક્ષ હતું, તેને જોઇ શઠ શિરોમણિ વજ્રમુખ દૂર રહી બોલ્યો—જે મનુષ્ય આ આમ્ર વૃક્ષનું ફળ ભક્ષણ કરે, તે સર્વદા યૌવનવાળો રહે છે, અને ઉત્તમ સૌભાગ્ય પામે છે. તે વચન સાંભળતાંજ મદને કહ્યું, પૂજ્ય બંધુ ! તમારી આજ્ઞાથી હું આ સુંદર વૃક્ષનું ફળ લેવા ઇચ્છું છું. બન્ધુની આજ્ઞા મેળવી મદન વૃક્ષ ઉપર ચડી ગયો, અને વૃક્ષની શાખાને વેગથી કંપાવી તેનાં ફળ નીચે પાડવા લાગ્યો. તેવામાં એક દેવતા વાનરને રૂપે ત્યાં પ્રગટ થયો. તેની ભ્રગુટી વક્ર અને નેત્ર રાતાં હતાં. તે ભયંકર શબ્દ કરતો વિવિધ વાકયોથી મદનનો તિરસ્કાર કરવા લાગ્યો—અરે મૂઢ, દુરાચારી, અધમ પાપી ! આ પવિત્ર વૃક્ષ ઉપર કેમ ચડયો છે ? આમ્રવૃક્ષનાં પવિત્ર ફળ પૃથ્વી ઉપર કેમ પાડે છે ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એમ કહી બીજી કેટલીએક ગાળો આપવા લાગ્યો. તે સાંભળી મદનને કોપ ચડયો, ત્યાં તો ક્રોધથી નેત્ર રાતાં કરી, વાનર મદન ઉપર આવ્યો. ચિરકાળ યુદ્ધ કરી, મદને પુછડે પકડી વાનરને ભમાવિ પૃથ્વી ઉપર પછાડયો, તત્કાળ તે ભય પામી, દેવરૂપ થઇ ગયો, અને મદનને કહેવા લાગ્યો— પ્રભુ, કૃપા કરી મને છોડી દો. મદને તેને છોડયો એટલે તેણે મદનના ચરણમાં પ્રણામ કર્યા.

પછી કડાં, મુગટ, અમૃતમાળા અને બે આકાશગામી પાદુકા તેણે મદનને ભેટ કરી. તેની પાસેથી આવો સત્કાર મેળવી, તેને પોતાનો કરી, ત્યાં રાખી મદન બન્ધુઓની પાસે આવ્યો. મદનને જોતાંજ તેના બીજા બન્ધુઓ ક્રોધથી વજ્રમુખને કહેવા લાગ્યા—ભાઇ, હવે મદનને જરૂર અમે મારીશું. વજ્રમુખે તેમને સમજાવ્યા અને કહ્યું કે સ્વસ્થ થાઓ. પછી મદન તેમને આવીને મળ્યો. કપટી હૃદયવાળા તેઓ તેને માયાથી મળી ગયા. ક્રોધ પામેલા બન્ધુઓ મદનને ત્યાંથી [ કપિત્થ ] નામના વનમાં લઇ ગયા. ત્યાં વજ્રદંષ્ટ્ર દૂર ઉભો રહી બોલ્યો—આ રમણીય વનમાં જે મનુષ્ય પ્રવેશ કરે, તે વાંછિત અર્થ પ્રાપ્ત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ફરી રાજા થાય છે. વિજયાર્ધ્ધ નિવાસી વૃદ્ધ પુરૂષો- નાં આવાં વચન છે, તેથી તમે સર્વે અહીં રહો, હું તેમાં પેશી વાંછિત અર્થ મેળવી પાછો આવું છું. તે સાંભળી મદન ખુશી થયો. વજ્રમુખની આજ્ઞા મેળવી તે વનમાં પેઠો અને એક કપિત્થ [ કોઠી ] ના વૃક્ષ ઉપર ચડી ગયો. તેવામાં ગજેન્દ્રનું રૂપ લઇ એક દેવતા આવ્યો. તેની આકૃતિ ચાલતા અંજનગિરિના જેવી હતી. તેનું રૂપ ભયંકર અને રૌદ્ર હતું. મદન અને તે ગજેંદ્રની વચ્ચે વિષમ યુદ્ધ થયું. છેવટે મદને અનેક જાતના પ્રહારથી ગજેંદ્રદેવને પરાજિત કરી નાંખ્યો. તે દેવતા બોલ્યો— સ્વામી ! હું તમારો કામગજ છું. કાર્ય આવી પડે ત્યારે મને સંભારવો. એમ કહી તે દેવતાએ મદન- ની પૂજા કરી. ત્યાંથી મદનને કુશળ આવેલો જોઇ તેના બન્ધુઓ હૃદયમાં દગ્ધ થઇ ગયા.

કપટી બન્ધુઓ મદનને ત્યાંથી એક શિખર ઉપર લઈ ગયા. વજ્રદંષ્ટ્ર દૂર ઉભો રહી બોલ્યો— જે શૂરવીર પુરૂષ આ શિખર ઉપર ચડે તે સર્વનો એક અધિપતિ થાય છે. તેનાં વચનથી સંતુષ્ટ થયેલો મદન વિનયથી આજ્ઞા લઇ વેગવડે તે ઉપર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આરૂઢ થયો. સાહસિક એવા મદને ચરણનો આઘાત કરી ત્યાંના અધિષ્ટાયક દેવને જગાડયો. તે દેવ સર્પની આકૃતિએ વેગથી મદનની સમીપ ફુંફાડા મારતો આવ્યો. બંનેની વચ્ચે મોટું યુદ્ધ ચાલ્યું. મદને તર્જન, તાડન વિગેરેથી દેવને હરાવી દીધો. દેવતાએ નમ્ર થઇ રત્નમય છરી, કવચ, મુદ્રિકા અને ખડ્ગ મદનને અર્પણ કર્યા, અને પૂજા સત્કારથી મદનને સંતુષ્ટ કર્યો. મદન તે દેવને પોતાનો કરી જ્યાં પોતાના બન્ધુઓ હતા ત્યાં આવ્યો. તેને કુશળ જોઇ તેના શઠ બન્ધુઓ પરસ્પર કહેવા લાગ્યા—હવે શું કરવું ? આ પાપી તો જ્યાં જાય છે, ત્યાંથી મોટા મોટા લાભ લઇને આવે છે. [ વજ્ર મુખે ] તેમને સમજાવી શાંત કર્યા.

કપટી વિદ્યાધરના પુત્રો ત્યાંથી મદનને ' સરાવ ' નામના પર્વત ઉપર લઇ ગયા, તે પર્વતની આકૃતિ સરાવ [ રામકટોરા ] ના જેવી હતી. ત્યાં દૂર ઉભા રહી, તેમનો જેષ્ટ બંધુ બોલ્યો— બંધુઓ ! સાંભળો—જે પુરૂષ નિઃશંક થઇ આ પર્વત ઉપર ચડે છે, તે ખેચરોની સમગ્ર લક્ષ્મીને અવશ્ય પ્રાપ્ત કરે છે, તેથી તમે બધા અહીં ઉભા રહો,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હું તે ઉપર ચડી વાંછિત લાભ મેળવી પાછો આવીશ. તેનાં વચન સાંભળી મદને વિનયથી કહ્યું, બંધુ ! આજ્ઞા આપો તો, તે પર્વત ઉપર હું જાઉં. તેની આજ્ઞા મેળવી મદન તે ગિરિ ઉપર ચડી ગયો. બળથી તેનું શિખર કંપાવવા લાગ્યો, તેવામાં તે ગિરિનો અધિષ્ટાયક દેવ પ્રગટ થયો, તેણે કોપથી મદનની સાથે યુદ્ધ કર્યું. મદન તેને યુદ્ધમાં જીતીને વિજયી થયો. પ્રસન્ન થયેલા દેવતાએ એક ઉત્તમ કંઠી, બે બાજુબંધ, બે કડાં અને કટીસૂત્ર મદનને ભેટ કર્યો. ભેટ તથા પૂજા લઇ મદન પાછો આવ્યો, તેને જોઇ તેના બંધુઓ કૃષ્ણમુખ થઇ ગયા.

દુષ્ટ હૃદયવાળા તે બંધુઓ મદનને ત્યાંથી 'વરાહ' ગિરિમાં લઇ ગયા. ખેચર કુમાર દુર ઉભો રહી બોલ્યો— બંધુઓ ! આ પર્વત વરાહના જેવી આકૃતિવાળો છે, તેના મુખમાં જે પ્રવેશ કરે, તે અવશ્ય રાજા થાય છે. તે સાંભળી મદન નમ્ર થઇ આજ્ઞા મેળવી તેની ઉપર ચડયો. તે ગિરિનું મુખ બે કોણીના આઘાતથી ફાડી નાંખ્યું, તેમાંથી 'વરાહમુખ' નામે એક બળવાન દેવતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રગટ થયો, તેણે મદનની સાથે ભયંકર યુદ્ધ કર્યું. પૂર્વ પુણ્યના બળથી મદને તેને જીતી લીધો. 'ત્રણ લોકમાં પુણ્યથી દુષ્કર કાંઇ પણ નથી.' દેવતાએ નમ્ર થઇ 'જય' નામે શંખ, પુષ્પનું ધનુષ્ય, મદનને પૂજા કરી ભેટ કર્યું. તે લાભ લઇ વિજયથી વિભૂષિત થઇ, મદન પોતાના બંધુઓની પાસે આવ્યો.

અતિ ક્રોધ પામેલા બંધુઓ મદનને મારવાની બુદ્ધિથી ત્યાંથી તેને પદ્મવનમાં લઇ ગયા. ત્યાં દૂર રહી વજ્રદંષ્ટ્રે કહ્યું, ભાઇઓ ! મારૂં વચન સાંભળો. આ 'પદ્મવન' પૃથ્વીમાં પ્રખ્યાત છે, જે પુરૂષ તેમાં જઇ પાછો નિર્ભય થઇ આવે, તેના હાથમાં જગતનું આધિપત્ય આવે છે. વજ્રદંષ્ટ્રનાં મધુર વાક્ય સાંભળી બળવાન મદન જ્યેષ્ઠ બંધુની આજ્ઞા મેળવી ત્યાં જવા તૈયાર થયો. 'લાભથી વિશેષ ઉદ્યમ થાય છે' તે વનમાં ધીર મદન પેઠો, ત્યાં એક વૃક્ષ નીચે 'મનોજવ' નામે પૃથ્વીમાં વિખ્યાત એવા એક ખેચરને તેણે બાંધેલો જોયો. મદને નિર્ભય થઇ તે વિદ્યાધરને પુછયું, ભદ્ર ! આ નિર્જન વનમાં તને કોણે બાંધ્યો છે ? મનોજવ બો-

 P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હ્યો— સ્વામી ! મારા પૂર્વના વૈરી વસંતક વિદ્યાધરે મને બાંધેલો છે. હું તમારી શરણે આવ્યો છું, મને સત્વર મુકાવો, તમારો દાસ છું. મદન બોલ્યો— ભદ્ર ! વૃથા ભય કરીશ નહીં, હું તને હમણાંજ મુકાવીશ. પછી મદને તેને છોડયો, એટલે તે વિદ્યાધર મદનને કહ્યા વિના શત્રુની પાછળ દોડતો ગયો, વેગથી તે શત્રુને પકડી લાવ્યો. તેણે મદનને કહ્યું, તમે મારા ઉપકારના નિધિ છો, હું તમને પુછયા વગર તે શત્રુને લાવવા ગયો હતો, આજ સુધી તમારા પ્રસાદથી હું જીવ્યો છું. આ પ્રમાણે કહી તેણે મદનને બે વિદ્યા, બહુ મૂલ્યવાળો હાર, અને ઈંદ્રજાળની વિદ્યા આપી, મદને તેની સાથે ગાઢ મૈત્રી કરી. સંતુષ્ટ થયેલા વસંતકે મદનને નવયૌવનવતી એક કન્યા આપી. તે કન્યા સર્વ લક્ષણથી પૂર્ણ હતી. 'પુણ્યથી શું પ્રાપ્ત નથી થતું ?' તે લાભ લઇ આવેલા મદનને જોઇ તેના શઠ બંધુઓ ક્રોધ પામી ગયા.

તે પછી મદનને તેઓ 'કાલવન' નામના વનમાં લઇ ગયા. વજ્રમુખ દૂર રહી બોલ્યો—જે પુરૂષ વેગથી આ વનમાં જાય, તેને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉત્તમ લાભ મળે છે. તેનું વચન સાંભળતાં મદને લાભના લોભથી વેગ વડે તેમાં પ્રવેશ કર્યો. ત્યાં જઇ અધિષ્ઠાયક દેવને જીતી લઇ પોતાને સ્વાધીન કરી દીધો. નમ્ર થયેલા દેવતાએ મદનને એક પુષ્પનું ધનુષ્ય અને મદન, મોહન, તાપન, શોષણ અને ઉન્માદન નામે પાંચ પુષ્પનાં બાણ ભેટ કર્યાં. તે બાણ લોકોને તથા લલનાઓને માદન, મોહન તથા ઉન્માદ થઇ પડયાં, તેથી મદન યથાર્થ નામવાળો થયો. તે લાભ લઇ આવેલા મદનને જોઇ તેના દુષ્ટ બન્ધુઓને અતિ રોષ થયો.

રોષ કરી તે શઠ બન્ધુઓ મદનને ' ભીમગુહા ' માં લઇ ગયા. એ ગુહા સર્પાકૃતિએ રહેલી હતી. પૂર્વ પ્રમાણે વજ્રમુખે કહ્યું, એટલે શુદ્ધ હૃદયનો મદન વેગથી તેમાં દાખલ થયો. તેના અધિષ્ઠાયક દેવને ક્ષણવારમાં જીતી લીધો. પરાભવ પામેલા દેવતાએ મદનને મનોહર પુષ્પનું છત્ર અને પુષ્પમયી શય્યા અર્પણ કરી. આ ઉત્તમ લાભ ગ્રહણ કરી આવેલા મદનને જોઇ દુષ્ટ બુદ્ધિવાળા તેના બન્ધુઓ ક્રોધ કરી વજ્રમુખ પ્રત્યે બોલ્યા—અગ્રબંન્ધુ, હવે ધીરજ રહેતી નથી. આ મદનને અમે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારી નાંખીશું. એ દુષ્ટ જ્યાં જાય છે, ત્યાંથી લાભ લઇનેજ આવે છે, વળી પોતે કુશળ રહે છે, દેવતાઓ પણ તેને મારી શકતા નથી, માટે હવે ખડ્ગથી અમે તેને મારી નાંખીશું. તમે મૌન રહો. અમને વારશો નહીં. વજ્રમુખ ગંભીર સ્વરે બોલ્યો— બન્ધુઓ, ક્ષણવાર ધૈર્ય રાખો, હજુ તેને મારવાનાં ખરેખરાં બે સ્થાન છે. તે દુષ્ટને ત્યાં લઇ જઇ આપણે તેનો ઘાત અવશ્ય કરાવીશું, ત્યાં સુધી કાંઇ પણ કરશો નહીં. વજ્રમુખના કહેવાથી તેઓ બધા શાંત થઇ ગયા.

સર્વ બન્ધુઓ કપટથી મળી મદનને ત્યાંથી 'વિપુલ' નામના વનમાં લઇ ગયા. તે વનમાં 'શ્રીજયંત' નામે એક ઉન્નત ગિરિ હતો. તે વિવિધ જાતનાં વૃક્ષો અને લતાઓથી વિરાજિત હતો. વજ્રદંષ્ટ્ર દૂર ઉભો રહી બોલ્યો—જે ધીર પુરૂષ વેગથી અહીં પ્રવેશ કરે, અને ત્યાં ક્રીડા કરી પાછો આવે, તે વાંછિત અર્થ મેળવી દેવતાઓને વંદન કરવા યોગ્ય થઇ આવે છે. તે સાંભળી મુગ્ધ મદન આજ્ઞા મેળવી વેગથી તેમાં દોડયો ગયો. તેની અંદર જતાં તે બલવાન મદને શ્રીજયંત પર્વતને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જોયો. તે પર્વતની પાસે સ્વચ્છ જળથી પરિપૂર્ણ એવી એક સરિતા વેગથી વહેતી હતી. તેના કાંઠા ઉપર તમાલનાં વૃક્ષોની શ્રેણી આવેલી હતી. એક મોટા તમાલ વૃક્ષ નીચે શિલાતલ ઉપર એક સુંદર સ્ત્રી યોગ વિદ્યાથી ધ્યાન ધરી બેઠી હતી. એ મનોહરા રૂપ યૌવનથી સંપૂર્ણ હતી. તેણીએ પોતાની દૃષ્ટિ નાસિકાના અગ્રભાગે રાખી હતી. તે સર્વ લક્ષણોએ યુક્ત અને સર્વ ગુણ સંપન્ન હતી. તેના નખના તામ્ર કિરણો પ્રકાશતાં હતાં. શરીરનો વર્ણ ગુલાબી હતો. હાથમાં સ્ફટિકની જપમાલા ધારણ કરી હતી. તેણે ધોયેલું શ્વેત ચીનાઇ વસ્ત્ર પેહેર્યું હતું. તેના મુખની આસપાસ શિથિલ થયેલી કેશવેણી આવી રહી હતી. મુખના સુગંધી શ્વાસથી આકર્ષાએલા ભમરાઓ તેના મુખ કમળને સેવતા હતા. સ્તનના ભારથી તેનું પૂર્વાંગ નમી ગયેલું હતું. શરીર કૃશ હતું, જઘનના ભાગથી મંદ હતી, હંસના જેવી ગતિ હતી, સ્વર વીણાના જેવો મધુર હતો, શંખના જેવો કંઠ અને નમણી નાસિકા હતી, સૌંદર્યથી જાણે તેણીએ ત્રણ લોકની તરૂણીઓને જીતી લીધી હોય તેમ દેખાતી હતી. તે સર્વ લક્ષણથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંપૂર્ણ, સર્વ અવયવમાં સુંદર, સર્વ વિદ્યામાં પ્રવીણ અને સ્ત્રીઓના ગુણથી વિરાજીત હતી. આવી સુંદર બાળાને ધ્યાન કરતી જોઇ મદન વિસ્મય પામી ગયો. એની સુંદર આકૃતિ વિષે મદનને શંકા થવા લાગી—શું આ સૂર્યની સ્ત્રી હશે ? શું આ ચંદ્રની કાન્તા હશે ? શું ઇંદ્રની વધૂ તો નહીં હોય ? કામની સ્ત્રી હશે ? અથવા કાન્તિ કે કીર્તિ હશે ? કાંતો જરૂર કિન્નરી કે નાગ કન્યા છે ! જગતની ઉત્કૃષ્ટ કાંતિ, સર્વોત્તમ રૂપ, ભવ્યતા અને લાવણ્ય આ સ્ત્રીમાંજ રહેલાં લાગે છે. ગુણોનું સ્થાન, કળાનો આશ્રય અને સૌંદર્યનો મહિમા આમાંજ રહેલ છે. વધારે શું વર્ણવું ?

આ પ્રમાણે યોગ ધ્યાનથી નિશ્ચળ અને ત્રણલોકની સુંદરીઓને રૂપથી જીતી લઈ રહેલી એ રમણીને જોઇ મદન પોતે મદનાતુર થઇ ગયો. કામદેવે પાંચ બાણોએ તેને ઘાયલ કરી દીધો. મદનનું ચિત્ત વિહ્વલ થયું, તેવામાં પેલો વસંતક દેવ ત્યાં આવ્યો, મદનના ચરણકમળમાં નમી આગળ ઉભો રહ્યો. મદને તેને પુછ્યું, મહાભાગ ! મારા વિસ્મયનું કારણ સમજાવો. આવા ભયંકર અરણ્યમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ સ્ત્રી કોણ છે ? તે કોની દુહિતા છે ? નવયૌવનવતી અને ગુણોનું મંદિરરૂપ એ બાળા શામાટે તપસ્યા કરે છે ? વસંતકે મદનને કહ્યું, સ્વામી ! 'પ્રભંજન' નામે એક ખેચર પતિ છે, તેને 'વાગ્' નામે સ્ત્રી છે, તેમને 'રતિ' નામે આ પુત્રી થએલી છે, તે યૌવનવતી બાળા તપસ્યા કરે છે. મદન બોલ્યો— આવું મહા કષ્ટ કરવાનું શું કારણ હશે ? વસંતકદેવ બોલ્યો—પ્રભુ ! તેનું કારણ સાંભળો. એક વખતે કોઇ જ્ઞાની મુનિ તેના પિતાને ઘેર આહાર લેવા આવી ચડયા હતા. આહાર આપ્યા પછી તેના પિતાએ મુનિને વંદના કરી પુછયું, મહારાજ ! આ રતિ નામે મારી પુત્રી છે, તેનો પતિ કોણ થશે, તે કૃપા કરી જણાવશો. મુનિએ કહ્યું, રાજન્ ! દ્વારકામાં કૃષ્ણવાસુદેવની સ્ત્રી રૂક્મિણીના ઉદરથી 'મદન' નામે પુત્ર થશે. સર્વ લક્ષણથી સંપૂર્ણ અને સર્વ વિદ્યાઓનો નિધાનરૂપ એ પુત્ર તારી દુહિતાનો પતિ થશે. તે પોતે 'વિપુલ' નામના વનમાં આવશે, તેનાં આવાં આવાં લક્ષણો છે, તે મુનિ એમ કહી ચાલ્યા ગયા. મુનિનાં વચન ઉપરથી એ 'રતિ' તે પતિને માટે આ વનમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવી તપસ્યા કરે છે. લક્ષણુ અને ગુણથી તેવા તમેજ લાગો છો. આ પુત્રીના પુણ્યના પ્રભાવથી અહીં આવ્યા છો, તમારા બંનેમાં રૂપ અને ગુણુ સમાન છે, તમારા સંયોગથી વિધાતાનો શ્રમ સફળ થાઓ.

વસંતકનાં આવાં વચન સાંભળી મદન હર્ષ પામ્યો. નીચું મુખ કરી બોલ્યો— દેવ ! હું પુણ્ય યોગે ફરતો ફરતો અહીં આવ્યો છું, આ રમણીનાં દર્શનથી કામદેવે પોતાનાં બાણો વડે મને વીંધી નાંખ્યો છે, તમારા પ્રસાદથી અમારો અહીં સંયોગ થાઓ. ‘ ઉત્તમ પુરૂષોના સમાગમથી પ્રાણીઓનું દુઃખ સમી જાય છે. ’ મદનનાં આવાં વચનથી સંતુષ્ટ થયેલા દેવતાએ વિધિપૂર્વક રતિનું પાણિગ્રહણ કરાવ્યું. આવો ઉત્કૃષ્ટ લાભ મેળવી મદન સંતુષ્ટ થઇ ગયો. તે પ્રસંગે પુણ્યયોગે એક બીજો લાભ થયો. રતિનું પાણીગ્રહણ કર્યા પછી તે વનમાં ‘ શકટ ’ નામે એક અસુર મળ્યો. તેણે મદનને પ્રણામ કરી ‘ કામધેનુ ’ નામે વસંતના જેવો એક પુષ્પ રથ આપ્યો. મદન રતિની સાથે તે રથમાં બેશી વનમાંથી નીકળ્યો, તેને જોતાંજ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સર્વ વિદ્યાધરોનાં મુખ ગ્લાની પામી ગયાં. એવી રીતે સોળ લાભ મેળવી રથમાં આરૂઢ થયેલો મદન પોતાના આઠ બન્ધુઓની સાથે લીલા કરતો નગરમાં આવ્યો. મદનના પુણ્યના પ્રભાવથી તેના બન્ધુઓથી કાંઇ પણ થઇ શક્યું નહીં. મદન નગરમાં આવતાં નગરવાસી સ્ત્રીઓ તે ખબ્બર સાંભળી ટોળેટોળે જોવા નીકળી. રતિ સહિત મદનને નિરખવાને કૌતુકથી આકુલ વ્યાકુલ એવી સર્વ ચપલાક્ષી રમણીઓ પોતાનાં ચંદ્ર જેવા મુખ વડે ગવાક્ષના માર્ગને આચ્છાદિત કરવા લાગી. મદનના રૂપ પાશથી બંધાએલી બાળાઓ ગૃહ કાર્ય છોડી પરસ્પર ભીડથી દબાવતી એકઠી થઇ નીચે પ્રમાણે વાર્ત્તાલાપ કરવા લાગી—

કોઇ કામિની બોલી—અરે અધીરી ! તારા શિથિલ કેશને સમારી લે. તેનાથી દિશાઓ ઢંકાઇ જાય છે. અરે સખી ! આમ ભુજાઓ પોહોળી કરી મારી આગળ કેમ ઉભી છે ? આગળ જા. મને માર્ગ આપ. કોઇ સ્ત્રીએ સખીને કહ્યું, બેન, જો, આ મદનનું રૂપ નેત્રને અમૃત સમાન લાગે છે, આવું સુંદર રૂપ જોવાથી નેત્રનું સાફલ્ય થાય છે.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નહિતો જીવિત અને મનુષ્ય જન્મ શા કામના છે ? તે નિષ્ફળ છે. કોઇ સ્ત્રી સ્તનના અને નિતંબના ભારથી મંદ થઇ મદનને જોવા ઉતાવળી ચાલી શકતી ન હતી. કોઇ સખીને કહેતી કે, આ સુંદરના શરીરને નિર્માણ કરવા વિધાતાએ જુદાંજ પરમાણુ લીધાં હશે. આ લોકમાં જેણે આ કુમારને ઉદરમાં રાખ્યો તે જનનીને ધન્ય છે. કોઈ રતિ સહિત મદનને જોઇ બોલી— સખી, આ સુંદરીને ધન્ય છે, કે જે તેના ઉત્સંગમાં બેસશે. આ પ્રમાણે વાર્ત્તાલાપ કરતી સ્ત્રીઓ મદનને નીરખતી હતી, તે વખતે સંભ્રમથી કોઇના વસ્ત્ર શિથિલ થઇ જતાં હતાં, કોઇના કેશ છુટી જતા હતા. મદનને જોવા દોડતી કોઇ રમણીનો હાર તુટી જતો હતો, કોઈ કાનમાં કડાં, કંઠમાં કટીસૂત્ર, કટીમાં હાર, મસ્તક ઉપર મેખલા, નેત્રમાં કંકુ, અને કપોલમાં કાજળ એમ વિપરીત રીતે ધારણ કરતી હતી. “ મદન દ્રષ્ટિ ગોચર થાય ત્યારે યોગ્યાયોગ્ય કોણ જાણી શકે ? ” કોઇ બાળા રૂપ તથા યૌવનવાળા મદનને જોઇ કામદેવના બાણથી વીંધાઇ ગઇ. મદનના આગમન વખતે કામ પાશથી બંધાએલી નગરની સ્ત્રીઓની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કંઇ કંઇ ચેષ્ટા ન થતી હતી ?

એવી રીતે નારીઓના વૃંદે જોયેલો મદન જ્યાં ખેચર પતિ કાલસંવર રહ્યો હતો, તે રાજમંદિરમાં આવ્યો. મદને મસ્તકના કેશથી માર્જન કરતાં વિનય વડે પિતાના ચરણમાં પ્રણામ કર્યા. પિતાએ પુત્રને આલિંગન અને મસ્તકપર ચુંબન કરી, શરીરની કુશળતા પુછી. મદને કહ્યું કે, પૂજ્ય પિતાના પ્રસાદથી સર્વદા મારી કુશળતા છે. પછી ક્ષણવાર ત્યાં રહી, પિતાની આજ્ઞા લઇ મદન માતાના મંદિરમાં આવ્યો. માતાના ચરણમાં નમી, વિનયથી તેમની આગળ બેઠો. કનકમાળાએ સોળ લાભ મેળવી આવેલા પુત્રને આશીર્વાદ આપ્યો, તે વખતે મદનની મનોહર મૂર્ત્તિ આ પ્રમાણે જોવામાં આવી— તે સર્વ લક્ષણથી સંપૂર્ણ હતો. નવ યૌવનથી વિભૂષિત થયેલો હતો, ગુણના યશથી તેણે વિશ્વને વ્યાપ્ત કર્યું હતું, કોમળ, કાળા, વાંકડીઆ અને લાંબા કેશથી તેનું મસ્તક સુંદર લાગતું હતું, તેનાં વિશાળ લોચન કૃષ્ણ, શ્વેત અને રક્ત હતાં, મુખ ચંદ્રના જેવું આલ્હાદક હતું, કંઠ શંખના જેવો મનોહર હતો, વક્ષસ્થળ મેરૂ ગિરિની ભીંતના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જેવું દૃઢ અને વિશાળ હતું, મધ્ય ભાગ મૃગપતિને અનુસરતો હતો, ગજેંદ્રના જેવી સુંદર ગતિ હતી, શરીરનો વર્ણ તપેલા સુવર્ણના જેવો ચળકતો હતો, તેના પ્રત્યેક અવયવ ઉપમાના સમૂહથી યુક્ત હતા, મદનનું આવું સુંદર રૂપ જોઇ કોઇ કર્મથી પ્રેરાએલી કનકમાળાને મોહ ઉત્પન્ન થયો. કામદેવે હૃદયના મર્મને ભેદનારાં બાણથી તેને ઘાયલ કરી દીધી. તત્કાળ હિમ પડવાથી દગ્ધ થયેલા કમળની જેમ તેનું મુખ ગ્લાનિ પામી ગયું, શરીર વિરહાગ્નિથી સંતપ્ત થઇ ગયું. હાથ ઉપર કપોળ રાખી નેત્રમાંથી અશ્રુપાત કરતી, કનકમાળા ચિંતા કરવા લાગી. હવે શું કરૂં ? ક્યાં જાઉં ? શું પુછું ? અને શું કહું ? લાવણ્ય, નવયૌવન, રૂપ, કાંતિ, ગુણ, ધૈર્ય, વૈભવ, સમગ્ર કળા, અને સર્વ વિદ્યા આ પુરૂષની સાથે રહી, જ્યારે ન સેવાય તો પછી બધું નિષ્ફળ છે. આ કુમારના મુખ કમળમાંથી મધુપાન ન કરાય, નેત્રથી તેનું મુખ કમળ ન નીરખાય, પ્રણય કોપથી ક્રોધ કરી, તેની ઉપર કમળનું તાડન ન થાય, પ્રેમથી આલિંગન ન થાય અને સંભોગમાં ચરણના નુપૂરનો ધ્વનિ ન કરાય, તો પછી જી-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિત શા કામનું ? આ તરૂણના સંગમ વિના બધું સુખ વ્યર્થ છે. આ પ્રમાણે કનકમાળા ચિત્તમાં ચિંતવતીજ રહી, અને મદન તેને નમસ્કાર કરી, પોતાને ઘેર ચાલ્યો આવ્યો. મદન ગયા પછી કનકમાળાએ ચિંતવ્યું કે, આ મને શું થયું ? કામદેવનાં બાણથી મારૂં શરીર વીંધાઇ ગયું છે, તેથી હું વિરહની વેદના સહન કરવાને સમર્થ નથી. આમ ચિંતવતાં તેણીના શરીરમાં કામવિકારો પ્રગટ થઇ ગયા, તે નિર્લજ્જ થઇ સ્તનને જોવા લાગી, તેણીએ વારંવાર બગાસાં ખાવા માંડયાં, શરીરનાં સર્વ આભૂષણ છોડી દીધાં, મસ્તકના કેશ ક્ષણમાં છુટા, અને ક્ષણમાં બાંધવા માંડયા, શરીર ઉપર કામાગ્નિનો તાપ થયો. તે ઉગ્ર તાપ કદલીના પવનથી, ચંદનના લેપથી, ચંદ્રનાં કિરણોથી, મુક્તા ફળના હારથી અને કપૂરથી પણ શમ્યો નહીં. આથી કરીને કનકમાળાને ક્ષુધા તથા નિદ્રાનો નાશ થયો. તેને કાંઇ પણ શારીરિક સુખ મળતું નહિ. રાણીની આવી સ્થિતી જોઇ રાજાને કોઇ વ્યાધિનો વહેમ આવ્યો, ચિકિત્સકો અને વિદ્વાનોની પાસે અનેક ઉપાયો કરાવ્યા, પણ તે બધા વ્યર્થ થયા. વિરહનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રોગ તેના યોગ્ય ઉપાય વિના શી રીતે મટે ?

એક વખતે સભાગૃહમાં રહેલા રાજાએ મદનને કહ્યું, વત્સ, તું મૂઢ લાગે છે. તારી માતા અત્યારે એવી રોગ પીડિત છે કે, જે પ્રાણના સંદેહ ઉપર આવેલ છે, તે છતાં તું ત્યાં કેમ ગયો નથી ? મદને વિનયથી કહ્યું, પિતાજી, મારી માતાને રોગ થવાની વાત મારા જાણવામાં કે સાંભળવામાં આવી નથી. હવે તમારી આજ્ઞાથી હું ત્યાં જાઉં છું. આ પ્રમાણે કહી મદન ઉતાવળો માતાના મંદિરમાં આવ્યો. દુઃખથી પૃથ્વી ઉપર પડેલા અને વિરહથી પીડિત એવી માતા ત્યાં મદનના જોવામાં આવી. માતાને દુઃખી જોઇ મદન વિનયથી તેની આગળ બેઠો. માતાના શરીરની ચેષ્ટા અને પીડાનું સ્વરૂપ જોઇ મદને તેનું કારણ ચિંતવવા માંડયું—આ ચેષ્ટા ઉપરથી તો કોઇ રોગ, દોષથી થયેલો હોય એમ જોવામાં આવતું નથી, અને શરીરમાં મોટી વેદના જોવામાં આવે છે. માતાના શરીરમાં આ કેવો રોગ હશે ? આ રોગની શાંતિ કેવી રીતે થશે ? આ પ્રમાણે ચિંતા કરતો બલવાન મદન અધોમુખ કરી રોગનું કારણ વિચારતો હતો, ત્યાં કનકલતા આલસ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મરડી બગાસાં ખાતી બેઠી થઇ. બીજા પરિવારને દૂર કરી મદન પ્રત્યે બોલી—મદન, તું એક ચિત્તે મારૂં વાકય સાંભળ. તારી માતા અને તારો પિતા કોણ છે, તે તું ખરેખરૂં જાણે છે? મદન બોલ્યો—માતા, તેમાં શું પુછો છો ? તમે મારી માતા છો, અને કાલસંવર રાજા મારા પિતા છે. કનકમાલા બોલી—ભદ્ર ! તેની આદિથી તે અંત સુધી કથા સાંભળ. એક વખતે હું સ્વામીની સાથે વીમાનમાં બેસી વનમાં ક્રીડા કરવા ગઇ હતી. નદી, નદ, તળાવ અને પર્વતોમાં ચિરકાળ ક્રીડા કરી અમે " ખદિરા " નામની અટવીમાં આવ્યાં. તે અટવીમાં " તક્ષક " નામે એક મહાન પર્વત આવ્યો. તે ઉપર આવતાં અમારૂં વિમાન સ્તંભિત થઇ ગયું. તેનું કારણ શોધતાં નીચે એક મોટી શિલા જોવામાં આવી. તે શિલા વારંવાર ચલાયમાન થતી હતી. અમોએ વિસ્મય પામી તે શિલાને દૂર કરી ત્યાં નાચે સુંદર આકૃતિવાન અને સર્વ લક્ષણવાળી તારી બાળમૂર્તિ શ્વાસ લેતી જોવામાં આવી. પુણ્યના પ્રભાવથી તારા શ્વાસને લીધે એ શીલા ચલાયમાન થતી હતી. તને જોતાંજ મને મોહ થયો, અને સ્નેહ ઉપજવાથી મેં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તને ગ્રહણ કરી લીધો. તે વખતથીજ મેં મારા હૃદયમાં નિશ્ચય કર્યો હતો કે, આ કુમાર મારો પતિ થાશે. આવું જાણી હું તને ઘેર લાવી અને પ્રેમથી ઉછેરી મોટો કર્યો.

ભદ્ર ! એથી તું હવે મારો અતિવલ્લભ પતિ થા, અને મારી સાથે ભોગ ભોગવ. જો આ મારૂં વચન માન્ય નહીં કરે તો, તને સ્રીહત્યા લાગશે. માતાનાં આવાં ઉભયલોક વિરૂદ્ધ વચન સાંભળી, મદન કંપી ચાલ્યો, અને વિનયથી બોલ્યો— માતા! આ શું બોલો છો ? આ વચન નિંદિતમાં પણ અતિ નિંદિત છે. કુલીન પુરૂષોને આવું કેમ ઘટે ! જનનિ ! કુમાર્ગે દોરાએલા તમારા ચિત્તને નિવારો, કુળ માર્ગે ચાલનારી સતીઓનીજ કીર્ત્તિ વધે છે. આ પ્રમાણે કહી માતાનાં વચનને વારંવાર સંભારી ખેદ કરતો, ગુણવાન મદન માતાના મંદિરમાંથી સત્વર ચાલી નીકળ્યો. ચિંતાથી આકુળ વ્યાકુળ થતો મદન નગરને છોડી, વનમાં ચાલ્યો ગયો. થોડે દૂર જતાં એક 'સાગર' નામના મુનિનાં દ- દર્શન થયાં, તે મુનિની સાથે સાધુઓનો પરિવાર હતો, દ્વાદશાંગને જાણનારા અને અવધિજ્ઞાન ધરનારા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ મુનિને પ્રદક્ષિણા પૂર્વક વંદના કરી, તેમની આગળ વિનય પૂર્વક બેઠો. મદને એકાંત જાણી દીનવચને પોતાની માતાને થયેલા વિકારની વાર્ત્તા નિવેદન કરી. મદનની વાર્ત્તા સાંભળી જ્ઞાની મુનિ બોલ્યા— વત્સ ! સાંભળ, સંસારની ચેષ્ટા તેવી છે. કારણ વિના કાર્ય કદિ પણ થતું નથી. સ્નેહ અને વૈર પૂર્વના કારણથી થાય છે, તે વિષેનો તારો પૂર્વ વૃત્તાંત નીચે પ્રમાણે છે—

વત્સ ! પૂર્વ ભવે તું મધુ રાજા હતો, તેં હેમરથ રાજાની ચંદ્રપ્રભા નામની સ્ત્રીને મોહથી હરી પટરાણી કરી હતી, તે ભવે તારો અનુજ બંધુ જે કૈટભ હતો, તેની તપસ્યા ગ્રહણ કરવાથી તું તેની સાથે દેવલોકમાં ગયો હતો. કેટલાક સાગરોપમ સુધી સુખ ભોગવી, આયુષ્યને અંતે ચવીને ચંદ્રપ્રભા વિજયાર્ધ્ધ ગિરિ ઉપર કાલસંવર રાજાની ‘ કનકમાળા ’ નામે સ્ત્રી થઇ, અને તું અનુજ બંધુ કૈટભની સાથે દેવલોકનું સુખ ભોગવી, દ્વારકામાં યદુવંશી કૃષ્ણવાસુદેવનો રૂક્મિણીના ઉદરથી પુત્ર થયો છું. તારા પૂર્વના વૈરી હેમરથે તને હરણ કરી, તક્ષક ગિરિ ઉપર શિલાની નીચે દાબ્યો હતો. રાજા કા-


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લસંવરે તથા કનકમાળાએ તને તેમાંથી બહાર કાઢી બચાવ્યો, અને મોહથી ઉછેરી મોટો કર્યો. પૂર્વના મોહથી તને જોઇ કનકમાળા કામથી પીડિત થઇ છે. ' સર્વથી મોહ અતિ દુસ્ત્યજ છે. ' વત્સ ! તારા ઉપર મોહિત થયેલી કનકમાળા તને બે વિદ્યા આપશે, તે વિદ્યા તારે તેની પાસે જઇ યુક્તિથી ગ્રહણ કરી લેવી. તે સાંભળી મદન બોલ્યો— મુનિરાજ ! તમે અકારણ બંધુ છો, તમારા કહેવા પ્રમાણે હું તે વિદ્યા લેવા તેની પાસે જઇશ. કૃપાળુ ! તે શિવાય મારા મનમાં એક શંકા આવે છે, તે હું આપને પુછું છું. મારે બાલ્ય વયથી માતાનો વિરહ થયો, તે માતાના કર્મ દોષથી કે મારા કર્મ દોષથી ? મુનિ બોલ્યા— વત્સ ! તારી માતાના કર્મ દોષથી તારે બાલ્ય વયમાંજ માતાનો વિરહ થયેલો છે. કર્મની ગતિ પ્રબળ અને વિચિત્ર છે. પુણ્ય, પાપ, સુખ, દુઃખ, એ સર્વ કર્મને આધીન છે. તે વિષે નીચેનો ઇતિહાસ સાંભળવા યોગ્ય છે—

જંબૂદ્વીપને વિષે ભરત ક્ષેત્રની અંદર ' મગધ ' નામે વિખ્યાત દેશ છે, તે દેશમાં ' લક્ષ્મીગ્રા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મ ' નામે એક ગામ છે. તેમાં ' સોમશર્મા ' નામે એક બ્રાહ્મણ રાજા હતો, તે બ્રાહ્મણ રાજા સર્વ શાસ્ત્રમાં પ્રવીણ અને શ્રુતિ તથા સ્મૃતિનો જાણનાર હતો, બ્રહ્મ કર્મના વિચારને જાણનારો તે દ્વિજ હમેશાં જપ તથા હોમ કરવામાં તત્પર રહેતો હતો. તેને ' કમળા ' નામે સ્ત્રી હતી, તેણીના ઉદરમાંથી ' લક્ષ્મીવતી ' નામે એક સ્વરૂપવાન પુત્રી થઇ હતી. એ લક્ષ્મીવતી સર્વ લક્ષણે સંપૂર્ણ, અને યૌવનવયથી વિભૂષિત થઈ એટલે પોતાના રૂપથી ત્રણ જગતને તૃણવત્ ગણતી હતી.

એક વખતે કોઇ મુનિ માસને પારણે તેને ઘેર આહાર લેવાને આવી ચડયા. મુનિના શરીર ઉપર મળ ચડેલો દેખાતો હતો. તે સર્વ શાસ્ત્રાર્થના પારગામી, કામરૂપ શત્રુને જીતનારા અને જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ત્રણ રત્નથી વિભૂષિત હતા. તે વખતે રૂપગર્વિતા લક્ષ્મીવતી ઉભી ઉભી પોતાનું સ્વરૂપ દર્પણમાં જોતી હતી. પૃષ્ટ ભાગે આવેલા તે મુનિની મલિન મૂર્તિ તે દર્પણમાં પ્રતિબિંબિત થઇ. એ જ્ઞાન વિભૂષિત મુનિંદ્રના રૂપને પોતાના સુંદર રૂપ સાથે જોઇ તેણીએ ગર્વથી આ પ્રમાણે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચિંતવ્યું. અહા ! સર્વ લોકમાં મનોહર એવું મારૂં રૂપ ક્યાં ! અને આ મુનિનું નિંદિત રૂપ ક્યાં ! આવા કુરૂપને ધિક્કાર છે. એ પાપિણી લક્ષ્મીવતીએ આવું ચિંતવી પાપ કર્મ ઉપાર્જન કર્યું. તે મહા પાપથી તે બાળા કોઢના રોગથી પીડિત થઇ. નિંદ્ય કર્મના પ્રભાવથી તેને કોઇ સ્થાને પણ સુખ મળતું ન હતું. કુષ્ટના રોગથી કંટાળીને તે સાતમે દિવસે અગ્નિમાં પડી બળી મુઇ. આર્ત્ત ધ્યાનથી મૃત્યુ પામી તે પાપ યોગે ગધેડી થઇ અવતરી. તે ભવમાં પણ ઘણું દુઃખ ભોગવી મૃત્યુ પામીને તે ભુંડણ થઇ અવતરી. ત્યાં તેને કોટવાળે મારી નાંખી, પાછી મૃત્યુ પામીને તે કુતરી થઇ. એક વખતે હિમ પડવાથી તે કુતરી એક વાટિકામાં જઇ ઘાસની ગંજીમાં પડી વીયાણી. દૈવ યોગે તે ઘાસની ગંજી સળગી ઉઠી. પોતાનાં બચ્ચાંના મોહથી તે કુતરી તેમાંજ દગ્ધ થઇ ગઇ. ત્યાંથી મૃત્યુ પામી " ભેકનિગમ " નામના નગરમાં ઢીમરને ઘેર ઉત્પન્ન થઇ. પૂર્વ પાપના પ્રભાવથી તેનું શરીર દુર્ગંધી અને પરૂવાળું થઇ ગયું. શરીરના ભારે દુર્ગંધથી કંટાળી તેના સ્વજનોએ પણ તેને ઘરની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બાહેર કાઢી મુકી. "પાપીઓને સુખ કયાંથી હોય ?" તે ગંગા નદીને કાંઠે એક ઘાસની ઝુંપડી કરી રહેવા લાગી. તેના દુર્ગંધી શરીરમાં સૈકડો છિદ્રો પડયાં હતાં. ત્યાં રહી તે હોડીથી લોકોને ગંગા નદી ઉતારતી હતી. તેમાંથી જે મળે તે વડે ઉદર પૂરણા કરતી હતી. કોઇવાર વિશેષ દ્રવ્ય મળે તો તેમાંથી કાંઇક પિતાને ઘેર મોકલાવતી. પાપનું ફળ ભોગવતી એ સ્ત્રી લોકોમાં દુર્ગંધા એવા નામથી પ્રખ્યાત થઇ. આ પ્રમાણે તે ત્યાં હોડીનો ધંધો કરતી કાળ નિર્ગમન કરતી હતી.

એક વખતે માઘમાસનો સમય હતો. હિમ પડવાથી અતિ શીત પડતી હતી. આ સમયે સંધ્યાકાળે પેલા મલીન શરીરવાળા મુનિ ગંગાના તીર ઉપર આવી ચડયા. મુનિ શિતથી પીડિત થઇ તેની આજ્ઞા લઈ ઝુંપડીની પાસે પડી રહ્યા. મુનિને શિતથી કંપતા જોઇ તે દુર્ગંધાએ ચિંતવ્યું કે, આ વૃદ્ધ મુનિ શીત પીડિત છે. તે સરિતાના શીતળ તીર ઉપર શી રીતે રહી શકશે ? હું અહિં અગ્નિનો તાપ લઉં છું અને શરીર ઉપર વસ્ત્ર ઓઢી પડી છું, તથાપિ મને શીતપીડા થાય છે, તો આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મુનિના શા હાલ ? આવું ચિંતવી તે દુર્ગંધા મુનિની પાસે ગઇ અને અગ્નિનો તાપ તથા વસ્ત્ર લઈ જઇ મુનિને શીતપીડામાંથી મુકત કર્યા. તેવી રીતે પ્રભાત કાળ સુધી મુનિની પરિચર્યા કરી. પરિસહને સહન કરનારા મુનિ ધ્યાન ધરી રહ્યા હતા. પ્રાતઃકાળે ધ્યાન મુકત થઇ જાગૃત થયા. મુનિએ દુર્ગંધાને જોઇ કહ્યું, વત્સે ! લક્ષ્મીવતી, તું કુશળ છે ? સોમશર્મા બ્રાહ્મણના શરીરમાંથી થયેલી હે પુત્રી ! અહિં શું કરે છે ? દુર્ગંધા પોતાનું બીજું નામ મનમાં ચિંતવવા લાગી—આ મુનિંદ્ર શું બોલે છે ? તે સત્ય વાણી હશે. જૈન મુનિઓ અન્યથા બોલતા નથી. આવું ચિંતવતાં તેણીને મૂર્છા આવી ગઈ અને જાતિ સ્મરણ થઇ આવ્યું. તેણીએ પોતાના ગતભવને જાણી લીધા પછી વિલાપ કરતી બોલી—નાથ, આ શું થયું ? કયાં બ્રાહ્મણ જાતિમાં જન્મ ! અને કયાં આ ઢીમર જાતિમાં જન્મ ! મુનિની નિંદાના પ્રભાવથી મેં મહાપાપ ઉપાર્જન કર્યું, તે પાપના ફળરૂપે હું ઘણા ભવમાં ભમી. હે મહા ભાગ ! મેં પૂર્વે તમારીજ નિંદા કરી હતી. મારી ઉપર કૃપા કરી તે ક્ષમા કરો. મને તેનો ધર્મ સંભળાવો, કે જેથી હું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાપમાંથી મુક્ત થાઉં. તમે સર્વ પ્રાણિ માત્રના હિતકારી અને ઉપકારી છો. આ પ્રમાણે કહી તે દુર્ગંધા રૂદન કરવા લાગી. દયાળુ મુનિ બોલ્યા—વત્સે, રૂદન ન કર. સંસાર દુઃખનું કારણ છે. લોકમાં કહેવત છે કે, રોવાથી કાંઇ રાજ્ય મળતું નથી, તેથી રૂદન છોડી દે, અને જૈન ધર્મનું આચરણ કર. પ્રાણી પૂર્વનાં કર્મ ભોગવે છે. મુનિની નિંદાના પ્રભાવથી તું આવા નિંદિત કુળમાં ઉત્પન્ન થઇ છું. હવે અહિંસા ધર્મમાં તત્પર થઇ આત્મ સાધન કર. દુર્ગંધા બોલી—વિભુ ! મારી ઉપર કૃપા કરી ધર્મ બતાવો. પછી મુનિએ બાર વ્રત તથા સમ્યકત્વ યુક્ત જૈન ધર્મ તે દુર્ગંધાને કહી સંભળાવ્યો. અને તેણીએ સમ્યકત્વ મૂળ દ્વાદશ વ્રત અંગીકાર કર્યાં. પછી પાપને નાશ કરનારા મુનિંદ્રના ચરણમાં તે નમી પડી. દયાળુ મુનિ ત્યાંથી વિહાર કરી ચાલ્યા ગયા.

દુર્ગંધા ત્યારથી જિન ધર્મમાં તત્પર થઇ, પાપ કર્મના આશ્રવનો તેણીએ નિરોધ કર્યો. કેટલોક સમય ત્યાં રહી, તે બાળા ત્યાંથી કોશલા નગરીમાં આવી. ત્યાં એક જીન ચૈત્ય જોવામાં આવ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હર્ષથી અંદર જઇ તેણીએ ભાવના પૂર્વક પ્રતિમાને વંદના કરી, ત્યાંથી નીકળતાં એક ધર્મ ધારિણી સાધ્વીજી તેને મળ્યાં. સાધ્વીએ ઉપાશ્રયમાં જઇ તેને ઉપદેશ કર્યો. ધર્મ ધ્યાનમાં તત્પર એવી દુર્ગંધા સાધ્વીના ઉપદેશથી હર્ષ પામી, અને તેની સેવા કરવાને તેની સાથે રહી. સાધ્વીજી સાથે અનેક જાતનાં તપ આચરતી દુર્ગંધા શરીરે કૃશ થઇ ગઇ. ત્યાંથી તે બાળા સાધ્વી સાથે રાજગૃહ નગરમાં આવી, ત્યાં આવેલા જિનેંદ્રના ભવનમાં જઇ તેણે પ્રભુને વંદના કરી. એક વખતે દુર્ગંધા રાત્રે સ્થંડિલ અર્થે જતાં માર્ગના ભ્રમથી એક પર્વત પાસે આવી ચડી, ત્યાં અંધકારથી ખેદ પામી, તે પર્વતની એક ગુહામાં ધર્મ ધ્યાન કરવા બેઠી. ઉપવાસ કરી, પ્રભુના નામનો જપ કરતી હતી, તેવામાં કોઇ વ્યાઘ્ર આવ્યો. તે ક્ષુધાતુર વ્યાઘ્ર દુર્ગંધાનું ભક્ષણ કરી ગયો. ઉત્તમ ધ્યાનથી મૃત્યુ પામી, જીન ધર્મના પ્રભાવથી અને સમ્યકત્વ વ્રત પાળવાથી તે દેવલોકમાં ગઇ. ત્યાં ઇંદ્રની રમણી થઇ, ચિરકાળ સુખ ભોગવી, આયુષ્યને અંતે ચવીને કુંડિનપુરમાં ભીષ્મ રાજાની ‘ રૂકિમણી ’ નામે ગુણ ભૂષિત પુત્રી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થઇ રાજાએ તેને દમઘોષના પુત્ર શિશુપાળને આપી હતી, પણ નારદજીના કહેવાથી તે દ્વારકાપતિ કૃષ્ણ વાસુદેવ ઉપર રાગી થઈ હતી. તેણીએ કૃષ્ણની ઉપર દ્વારકામાં દૂત મોકલ્યો હતો. તે દૂતે કૃષ્ણને ખબર આપ્યા એટલે કૃષ્ણ બલભદ્રને લઇ ત્યાં ગયા. ત્યાં યુદ્ધ કરી ચેદીદેશના રાજા શિશુપાળને માર્યો. પછી રૂકિમણીને હરી લઇ વનમાં તેનું પાણીગ્રહણ કરી, તેને પટરાણી કરી, કૃષ્ણ દ્વારકામાં આવ્યા. તે કૃષ્ણ અને રૂકિમણીનો સર્વ અંગે સુંદર એવો તું પુત્ર થયો. પૂર્વના વૈરીએ તારૂં હરણ કર્યું, જેમાંથી બચીને તું અત્યારે આવી સ્થિતિએ આવ્યો છું. હે વત્સ ! તારે માતાનો જે વિયોગ થયો, તે તારી માતાના કર્મ દોષથી થયેલો છે. તેનું કારણ સાંભળ. રૂકિમણી પૂર્વ ભવે લક્ષ્મીવતી નામે બ્રાહ્મણની પુત્રી હતી, ત્યારે એક વખતે તેણીએ કૌતુકથી એક મયૂરપક્ષીનું બાળક તેની માતાથી જુદું કર્યું હતું, તે બચ્ચાંને સોળ ઘડી સુધી જુદું રાખી પછી તેની માતા પાસે મુકયું હતું. આ પાપના યોગથી તારી માતાને તારો વિયોગ થયેલો છે. પેલા બચ્ચાને સોળ ઘડી સુધી રાખેલું તેથી તેને સોળ વર્ષ સુધી તારો વિયોગ રહેશે. તેથી


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમજવાનું કે, કોઇ પણ પ્રાણીને કોઇએ વિયોગ કરાવવો નહીં. પોતાના હૃદયમાં પાપ અને પુણ્યનું ફળ જાણી પાપને દૂરથી ત્યજી દેવું, અને પુણ્યનું આચરણ કરવું. પુણ્યનું આચરણ તેજ ધર્મ કહેવાય છે.

મુનિનાં આવાં વચન સાંભળી મદન હર્ષ પામ્યો, તેનું હૃદય નિઃશંક થઇ ગયું, તત્કાળ મુનિને વંદના કરી, મદન પોતાની માતા કનકમાળાના મંદિરમાં આવ્યો. માતાની આગળ પ્રણામ કર્યા વિના બેઠો. મદનને પ્રણામ કર્યા વગર બેઠેલો જોઇ કનકમાળાએ હૃદયમાં ચિંતવ્યું— જરૂર આ કુમાર મારા રૂપપાશમાં બંધાયો લાગે છે, હવે તે મારા વચન પ્રમાણે વર્ત્તશે. આવું ચિંતવી તે બોલી— મહાભાગ ! તમારી વૃત્તિ જોઇ મને હર્ષ થાય છે. જો તમે મારા વચન પ્રમાણે વર્ત્તશો તો હું તમને બે વિદ્યાના મંત્રો આપીશ. મદન હાસ્ય કરી બોલ્યો— દેવી ! આજ સુધી મેં તમારૂં વચન કયારે નથી કર્યું ? જે તમે આદર પૂર્વક કહેશો, તે કરવાને હું તૈયાર છું, વિશેષ શું કહેવું ? હું તમારો એક દાસ છું. મારી ઉપર કૃપા કરી, તમારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિદ્યા મને બતાવો, અને જે આજ્ઞા કરો, તે કરવાને હું તૈયાર છું. મદનનાં આવાં વચન સાંભળી કનકમાળા ઘણી ખુશી થઇ. તત્કાળ તે હસતી હસતી બોલી— ભદ્ર ! મારી વિદ્યાના મંત્ર ગણ ગ્રહણ કરો. આ પ્રમાણે કહી તેણીએ હર્ષથી મદનને તે વિદ્યાના મંત્ર આપ્યા, અને તેની વિધિ બતાવી. વિદ્યાના મંત્ર બરાબર જાણી લઇ પરમ સંતોષને પ્રાપ્ત થયેલો મદન બોલ્યો— હે પુણ્યવતી ! મને જ્યારે શત્રુએ હરણ કર્યો, અને પર્વતની શિલા નીચે દબાવ્યો, તે વખતે મારાં માતા કે પિતા કોઇ શરણરૂપ થયું નહોતું, તમે એકજ મારાં શરણરૂપ થયાં હતાં, તેથી ખરેખરાં મારા માતા પિતા તમેજ છો. હું તમારો પુત્ર છું, તેથી જે કાર્ય પુત્રને કરવા યોગ્ય હોય, તે મને નિવેદન કરો. મારાથી અકાર્ય નહીં થાય. વજ્રપાતના જેવું આવું વચન સાંભળી કનકમાળા રોષ કરી બેઠી થઇ. મદનનો હાથ ઝાલવાને આવી, ત્યાં મદન ઉઠીને પોતાના સ્થાનમાં ચાલ્યો ગયો. કનકમાળા પોતાને છેતરી લીધી એમ જાણી ચિંતા કરવા લાગી— હવે મારે શું કરવું ? મને અભાગણિને એ પાપી-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ છેતરી, તે દુષ્ટ મારી વિદ્યા લઇ ગયો, અને મારા કહેવા પ્રમાણે કર્યું નહીં. હવે કોઇ પણ ઉપાયથી મારે તેનો નિગ્રહ કરવો, એ ઠગારા દુષ્ટ પાપીને જીવતો રાખવો ન જોઇએ. આવું વિચારી કનકમાળાએ પોતાના શરીર ઉપર નખના ઉઝરડા કર્યા. મુખ અને સ્તનનો ભાગ નખક્ષતવાળો કરી દીધો. કેશ છુટા કરી રજથી ધુંસરા કર્યા. નેત્રના કાજળથી વદનકમળને કૃષ્ણ વર્ણનું કરી દીધું. આવું કરી કનકમાળા રોતી રોતી રાજા પાસે આવી ગદ્ગદ્ વાણીવડે તેણીએ વિનયથી રાજાને કહ્યું—મહાભાગ ! જુઓ, આ મારા શરીરની સ્થિતિ તમારા પુત્ર મદને મારી આ દશા કરી. જેને તમે પાલન કરવાને મને આપ્યો હતો, મેં પુત્રવત્ પ્રીતિ કરી જેને ઉછેરી મોટો કર્યો, મારા કહેવાથી તમે જેને યુવરાજ પદ આપ્યું, તે પાપી મદન મારૂં યૌવન યુકત રૂપ જોઇ વિકારી થઇ ગયો, અને મારા શરીર ઉપર આવી કુચેષ્ટા કરી. સ્વામી ! મને નિશ્ચય થયો કે, એ દુષ્ટ બુદ્ધિવાળો મદન કોઇ નીચ કુળનો છે. તે શિવાય પોતાની માતા ઉપર આવી કુબુદ્ધિ કરે નહીં. એ દુષ્ટ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બળવાન હોવાથી દુર્જય છે. તેણે મારા શરીરને વિદારણ કર્યું, પણ તમારા પુણ્યના પ્રભાવથી અને ગોત્રદેવીના પ્રસાદથી મેં મારૂં શીળ સાચવ્યું છે. જો પૂર્વ પાપને યોગે મારા શીળનો ભંગ થાત તો અવશ્ય મારૂં મરણ થાત. કુલીન સ્ત્રીના શીળનો ભંગ થાય તો પછી જીવિત શા કામનું ? સ્વામી ! મારે લીધે જો તમારૂં કુળ કલંકિત થાય તો પછી ત્રણ કુળની કલંકિત એવી હું જીવિને શું કરૂં ? હું પુણ્ય યોગે તે દુષ્ટના બાહુપંજરમાંથી માંડમાંડ નીકળી હતી. તે વખતે જુઓ આ મારૂં અંગ રજથી ધુંસરૂં થઇ ગયું છે. પ્રાણનાથ ! હવે જ્યારે એ દુષ્ટનું મસ્તક રૂધિરથી લીપાએલું અને પૃથ્વી ઉપર રખડતું હું જોઉં ત્યારે મને શાંતિ વળે.

કનકમાળાનાં આવાં વચન સાંભળી રાજા કાલસંવરને અતિ કોપ ચડયો. તત્કાળ તેણે પોતાના પુત્રોને બોલાવીને એકાંતે કહ્યું, પુત્રો ! આદરથી મારૂં વચન સાંભળી લ્યો. તમારો ભાઇ મદન પાપી છે, તેને સત્વર મારી નાંખો. એ તમારો ખરો બંધુ નથી, કોઇ નીચ કુળમાં થયેલો છે, હું તેને વનમાંથી લાવ્યો હતો. દયા લાવી મેં તેને ઉછેર્યો છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે યૌવનવય પ્રાપ્ત કરી, તે તમારી કીર્ત્તિનો ઘાતક થયો છે. પોતે હમણાંજ વનમાંથી રથ ઉપર ચડીને આવ્યો, અને તમે તેની સાથે પગે ચાલીને આવ્યા, તે જોઇ મને તે શઠ ઉપર કોપ ચડયો છે. કોઇ પણ જાણે નહિ તેવી રીતે તેને મારી નાંખવો. પિતાનાં આવાં વચન સાંભળી વજ્રદંષ્ટ્ર વિગેરે ઘણા ખુશી થયા. પ્રથમથીજ તેઓ તેને મારવા ઇચ્છતા હતા, તેમને પિતાની આજ્ઞા મળવાથી અતિ હર્ષ થઇ આવ્યો. તત્કાળ પિતાને પ્રણામ કરી, તેઓ વેગ-થી મદન પાસે આવ્યા. લોકાપવાદના ભયથી તે-ઓએ મદનને કહ્યું, બંધુ! ચાલો આપણે ક્રીડા કરવાને વનમાં જઇએ. આ જે વનની અંદર એક વાપિકા છે, તેમાં જળ ક્રીડા કરીએ. અમે સ્નેહને લીધે તને ખાસ કહેવા આવ્યા છીએ. તારા જેવો કોઇ અમારે પ્રિય નથી. તેઓનાં વચન સાંભળી મદન હર્ષ પામી, બહાર નીકળ્યો, બધા મળી નગર-ની બહાર વનમાં રહેલી વાપિકા પાસે આવ્યા. વાપિકાની બહાર વસ્ત્ર ઉતારી સ્નાન વસ્ત્ર પહેરી તેઓ તટ ઉપર રહેલા એક ઉંચા વૃક્ષપર ચડી, વાપિકામાં પડવા તૈયાર થયા, તેવામાં હિતકારિણી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિદ્યાના અધિષ્ટાયકે મદનના કાનમાં આવી કહ્યું, મહાભાગ ! ચેતતા રહેજો. આ તમારા બંધુઓ વૈરભાવથી તમને અહિં મારવા ઇચ્છે છે, તેથી તમારે વાપિકાના જળમાં પડવું નહીં. હું તમારા હિતની ખાતર કહેવા આવી છું. તે વિદ્યા દેવતાના વચન સાંભળી મદન ચકિત થઇ ગયો. પોતે તત્કાળ વિદ્યાના પ્રભાવથી બે રૂપ કર્યાં. પોતાનું ખરૂં રૂપ વાપિકાને તીરે અદ્દશ્ય થઇ રહ્યું, અને બીજું કર્ત્રિમ રૂપ વાપિકામાં પડવાને વૃક્ષ ઉપર ચડયું. મદન કર્ત્રિમરૂપે બુંબારવ કરતો વાપિકામાં પડયો, તેને પડેલો જોઇ તેના સર્વ બંધુઓ ' આ પાપીને મારો ' એમ કહી એકી સાથે તેની ઉપર પડયા.

તેમને એકી સાથે પડતા જોઇ બાહેર રહેલા મદને વિચાર્યું કે, શા કારણથી આ સર્વે મને મારવા તૈયાર થયા હશે ? પિતાની આજ્ઞા હશે કે નહિ હોય ? અથવા તે પાપિણી માતાએ પિતાની આગળ મારે વિષે અસત્ય કહેલું હોય અને તે ઉપરથી પિતાને કોપ ચડયો હોય અને પોતાના પુત્રોને બોલાવી પિતાએ કહ્યું હોય તો તે સંભવિત છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પિતાના કહેવાથી આ દુરાચારીઓ મને મારવા ઉભા થયા છે, તો હું જ તેમને શિક્ષા કરૂં—આવું ચિંતવી મદન વાપિકા પ્રમાણે મોટી એક વિશાળ શિલા લાવ્યો. ક્રોધ કરી તે શિલાથી તેણે વાપિકાને ઢાંકી દીધી. બધા કુમારોને ઉંચે પગે લટકતા રાખ્યા. તેઓમાંથી એકને રાજાને ખબર આપવા છુટો કર્યો. અને મદને તેને કહ્યું કે, તું પિતાની પાસે જઇ આ વૃત્તાંત નિવેદન કર. તેણે જઇ રાજાને બધો વૃત્તાંત જણાવ્યો. પુત્રોની એવી સ્થિતિ જાણી રાજા કાલસંવરને કોપ ચડયો. હાથમાં ખડ્ગ લઇ પોતે મદનને મારવા તૈયાર થયો. મંત્રીઓએ આવી રાજાને કહ્યું કે, સ્વામી ! આપને જાતે જવું યોગ્ય નથી. જેણે તમારા પાંચસો પુત્રોને જળમાં બાંધી લીધા અને જેણે અનેક લાભ મેળવ્યા, એવો મદન તમારા એકથી કેમ જીતી શકાશે ? એથી તમે મોટું સૈન્ય સાથે લઇ જાઓ. મંત્રીઓના વચનથી રાજાએ રણભેરી વગડાવી મોટું સૈન્ય એકઠું કર્યું. રાજા નગરની બાહેર નીકળ્યો.

અહીં મદન પોતાના બન્ધુઓને વાપિકામાં લટકાવવાથી લજ્જા પામી નીચું મુખ કરી રહ્યો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતો. રાજાને ચતુરંગ સેના સહિત નગરમાંથી આ-
વતો જોઇ બળવાન મદન વિચારમાં પડયો, અહા !
પિતાની કેવી મૂઢતા, એક રંડાના ખોટા વચનથી
મને મારવાનો તેમણે કેટલો આડંબર કર્યો ? આ-
મ મદન ચિંતવતો હતો, ત્યાં રાજા નજીક આવ્યો.
માર્ગમાં રહેલા પર્વતોને રથના સમૂહથી ચૂર્ણ કરતો,
અશ્વોની ખરીઓના ઘાતથી રજ ઉડાડતો, ગજેંદ્રો-
ના મદથી રજને પાછી શમાવતો અને પેદલના
સમૂહથી સર્વ પૃથ્વીને આચ્છાદાન કરતો કાલસંવર
રાજા ચડી આવ્યો. વાજીંત્રોના નાદથી, ગજેંદ્રોના
ગર્જારવથી, રથના ચીત્કારથી, અશ્વોના ખુંખારાથી,
ધનુષ્યના ટંકારથી અને સુભટોના સિંહ નાદથી
કાનનાં છિદ્ર સાથે આકાશ વ્યાપ્ત થઇ ગયું. આ-
વા મોટા આડંબરવાળું અને દિશાઓમાં વ્યાપ્ત
થયેલું સૈન્ય જોઇ મદને વિદ્યાના અધિષ્ટાયકનું
સ્મરણ કર્યું. તત્કાળ વિદ્યાના પ્રભાવથી એક બીજું
સૈન્ય ઉભું કરવામાં આવ્યું, તેમાં ગજેંદ્રો, અશ્વો,
પેદલ અને રથ સમૂહ પ્રગટ થઇ ગયાં. વાજીંત્રોના
શબ્દ અને બંદિજનના જય નાદ થવા લાગ્યા.
બંને સૈન્યનો સામા સામે સંપદ્દ થયો. ગજેંદ્રો


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગજેંદ્રોની સાથે, અશ્વો અશ્વની સાથે, રથો રથ સાથે, અને પેદલ પેદલની સાથે સામસામા જોડાયા. બંને સૈન્ય વચ્ચે દારૂણ યુદ્ધ ચાલવા માંડયું. આ દેખાવ જોઇ આકાશમાર્ગે કલહ પ્રિય નારદ મુનિ નૃત્ય કરવા લાગ્યા. ક્ષણવારમાં પ્રથમ કાલસંવરના સૈન્યે મદનના સૈન્યને હઠાવી નશાડવા માંડયું, પોતાનાં સૈન્યને પલાયન થતું જોઇ, મદનને ક્રોધ ચડયો. બળવાન મદન સૈન્યને ઉશ્કેરી વિવિધ આયુધને મેઘની જેમ વર્ષાવતો આગળ આવ્યો. મદનના પરાક્રમથી કાલસંવર રાજાનું સૈન્ય ભય પામી ગયું. તેના હાથીઓને હાથીએ, ઘોડાઓને ઘોડાએ, રથોને રથોએ, અને પેદલને પેદલે હઠાવી મારવા માંડયા. ક્ષણવારમાં બધું સૈન્ય નષ્ઠ થઇ ગયું, તે જોઇ કાલસંવરે ચિંતવ્યું કે, આ શત્રુ દુર્જય છે, તે આગળ આવી ગર્જના કરે છે, હું તેને કેવી રીતે જીતી લઉં, અને શો ઉપાય કરૂં ? એમ ચિંતવતાં તેને સુઝી આવ્યું કે, મારી સ્ત્રી કનકમાળાની પાસે બે વિદ્યા છે, તેને લઇ આવું તો, આ દુર્જય શત્રુ જીતી શકાશે, આવું વિચારી તેણે મંત્રીને કહ્યું, મંત્રી ! તમે ક્ષણવાર આ બળવાન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શત્રુની સામે ઉભા રહો, હું નગરમાં જઇ રાણી પાસેથી બે વિદ્યા લઈ આવું. તે વિદ્યાના પ્રભાવથી હું શત્રુને ક્ષણવારમાં જીતી લઇશ. મંત્રીએ કહ્યું, સત્વર જાઓ. તમે આવો ત્યાં સુધી હું મદનની સાથે યુદ્ધ કરીશ.

પછી મંત્રીને ત્યાં રાખી રાજા પોતે સત્વર નગરમાં આવ્યો. એકાંતે જઇ રાજાએ કનકમાળાને આ પ્રમાણે કહ્યું, પ્રિયા, તારી પાસે " રોહણી " અને " પ્રજ્ઞપ્તિ " નામે બે વિદ્યા છે. તે મને સત્વર આપ. તે વિદ્યાના પ્રભાવથી હું શત્રુને મારી તારા મનોરથ પૂરા કરૂં. તે સાંભળી કનકમાળાએ સ્ત્રી ચરિત્ર કર્યું. તે ઉંચે સ્વરે રૂદન કરવા લાગી. તેને રૂદન કરતી જોઇ રાજાએ જાણી લીધું કે, આ સ્ત્રી ચરિત્ર કરે છે. આ વ્યભિચારિણી સ્ત્રીએ તે બંને વિદ્યા આપી દીધી છે. તથાપિ રાજાએ વિચાર કરી કહ્યું, સુંદરી, શા માટે રૂદન કરે છે? મને સત્વર વિદ્યા આપ. એ શત્રુ દુર્જય અને બલવાન છે. હું વિદ્યાના પ્રભાવથી તેને ક્ષણમાં મારી નાખીશ. કનકમાળા રૂદન કરતી ગદ્ગદ્ સ્વરે બોલી—નાથ,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મને એ પાપીએ અનેક રીતે છેતરી છે. તે દુષ્ટની વાર્ત્તા કહી શકાય તેમ નથી. જ્યારે તે બાળક હતો, ત્યારે મને એક વખતે એવો વિચાર આવ્યો કે, આ પુત્ર વૃદ્ધાવસ્થામાં આપણું પાલન કરશે. મોહને લીધે મુગ્ધ થયેલી મેં એવું વિચારી તે બંને વિદ્યા સ્તનપાન દ્વારા તેને પાન કરાવી છે. મૂઢ હૃદયવાળી હું આવું જાણતી ન હતી કે, એ દુષ્ટ યૌવન વયમાં આવો પાપી થશે. સ્વામી, હું તો અતોભ્રષ્ટા અને તતોભ્રષ્ટા થઇ છું. તે અવિવેકી દુષ્ટે મને ઘણી છેતરી છે. હવે હું શું કરૂં ? આ પ્રમાણે કહેતી કનકમાળા મુકત કંઠથી રૂદન કરવા લાગી. ચતુર રાજા તેના ચરિત્રને જાણી ગયો. કનકમાળાના વચન સાંભળી તેણે મસ્તક કંપાવી ચિંતવ્યું કે, અહા ! સ્ત્રીઓનું ચરિત્ર કેવું દુશ્ચિંત્ય છે. તેનું વર્ણન કોણ કરી શકે ? એ દુષ્ટાએ બે વિદ્યા અને પુત્રનો નાશ કર્યો. હવે મારે જીવીને શું કરવું ? જીવવાનું કાંઇ પ્રયોજન નથી. મદનની સન્મુખ યુદ્ધમાં અવશ્ય મરી જવું યોગ્ય છે. આવું વિચારી રાજા ઘેરથી નીકળી રણ ભૂમિમાં આવ્યો. તેણે મદનને આ પ્રમાણે કહ્યું, મદન, તું પ્રથમ મારી ઉપર બાણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છોડ. તારા જેવા મૂઢ બાળકને પ્રથમ મારે મારવો તે યોગ્ય નથી. મદન બોલ્યો—પિતા, જે સ્ત્રીના વચનમાં આસકત છે, તેવા પિતાને મારાથી કેમ મરાય ? તેથી તમે પ્રથમ બાણ છોડો પછી મારો દોષ નથી. મદનના આવાં વચન સાંભળી કાલસંવરને કોપ ચડયો. તેણે ધનુષ્યમાંથી એક બાણ છોડયું. પછી બંને વીર દિવ્ય બાણોથી યુદ્ધ કરવા લાગ્યા. કાલસંવરે એક વેગવાળું બાણ મુકી મદનના રથને ભાંગી નાખ્યો. પોતાનોરથ ભાંગેલો જોઇ મદને બાણ મુકી પિતાના રથને પણ પોતાના રથ જેવો કરી દીધો. પછી નાગપાશવડે પિતાને બાંધી પોતાની પાસે લાવ્યો. કાલસંવર લજ્જાથી નીચું મુખ કરી નમ્ર થઇ ઉભો રહ્યો. માયાના પ્રભાવથી પિતાનું બધું સૈન્ય રણમાં મૂર્છિત થઇ પડયું હતું. આ વખતે મદનના મનમાં વિચાર આવ્યો કે, કોઇ આવી પિતાને મુકાવે તો સારૂં, નહિતો પિતા લજ્જાથી પ્રાણ ત્યાગ કરશે. મદન એમ વિચારતો હતો ત્યાં નારદમુનિ આકાશમાંથી હર્ષવડે નૃત્ય કરતા આવ્યા. નારદે વિચાર્યું કે, આજે પિતા પુત્રનો વિરોધ થઇ સારૂં બન્યું. પછી નારદ જાણતા છતાં આશીષ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આપી બોલ્યા—આ શું થયું ? મદન બોલ્યો—મુનિશ્વર, સાંભળો. મારી માતાના વિપરીત કહેવાથી પિતાએ મારા જેવા બાળકને મારવાનું ચિંતવ્યું એ કેવું નિંદિત કામ ? પછી રાજા કાલસંવર સાંભળે તેમ મદને માતા કનકમાળાનો બધો વૃત્તાંત નારદમુનિ આગળ કહી સંભળાવ્યો. તે સાંભળી કાલસંવર શરમાઇ ગયો. તે સાંભળી નારદે કાન આડા હાથ કર્યા, મસ્તક ધુણાવ્યું અને નેત્ર મીચી દીધાં. નારદ બોલ્યા— વત્સ, આવી જગતને નિંદવા યોગ્ય વાત છોડી દે. પાપી ચિત્તવાળી સ્ત્રીઓનું ચરિત્ર કોણ વર્ણવી શકે ? કોપ પામેલી દુષ્ટ સ્ત્રી ચક્રવાકની જેમ પ્રીતિવાળા પ્રાણવલ્લભને, પિતાને, માતાને, પુત્રને, અનુજબંધુને અને ગુરૂને મૃત્યુ પમાડી દેછે. દુષ્ટ માનવસ્ત્રીઓની શી વાત કરવી ?

આવાં નારદનાં વચન સાંભળી મદન બોલ્યો—ઋષિરાજ ! હું હવે માબાપ વગરનો થઇ ગયો. હવે મારે કયાં જાવું ? અને શું કરવું ? મને ઉપાય બતાવો. મારૂં જીવન કેમ ચાલશે ? રાજા કાલસંવર મારા પિતા છે, અને મને સ્તનપાન કરાવનાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કનકમાળા મારી માતા છે, એમ હું અવશ્ય જાણું છું. એ માતા પિતાએ મારે માટે આવું કાર્ય કર્યું ? હવે શરણ રહિત હું ક્યાં જઇશ ? મદનનાં આવાં વચન સાંભળી નારદજી બોલ્યા— વત્સ ! વૃથા દુઃખ કરીશ નહીં, ' હું બંધુ વગરનો છું ' એવું મનમાં જરાપણ લાવીશ નહિ. તારે બંધુઓ ઘણા છે, તે વૃત્તાંત આ પ્રમાણે છે, તે સાંભળ— દ્વારકાના પતિ ' કૃષ્ણવાસુદેવ ' નામે રાજા છે, તે હરિવંશ અને યાદવોના શિરોમણિ છે, તેને ' રૂક્મિણી ' નામે પ્રાણપ્રિયા છે, તે તારી માતા થાય છે. રૂપ લાવણ્યથી યુકત અને ગુણવતી એ દેવીએ તને શોધી લાવવાને મને આદર પૂર્વક મોકલ્યો છે. તેમાં એટલું વિશેષ જાણવાનું છે કે, તારી માતા રૂક્મિણીની ' સત્યભામા ' નામે સપત્ની છે, તેણીને તારી માતા સાથે મોટો વિરોધ ચાલે છે, માટે તારે હવે મારી સાથે દ્વારકામાં આવવું જોઇએ. આ પ્રમાણે પોતાના વંશની સત્કથા સાંભળી મદન અત્યંત હર્ષ પામ્યો, અને નારદજીના વચનને ચિંતવવા લાગ્યો. ' પોતાના વંશની યોગ્યતા, પ્રધાનતા અને ઉત્કૃષ્ટતા સાંભળી કોને સંતોષ ન થાય ? ', પ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છી નારદજીના કહેવાથી મદને પિતા કાલસંવરને નાગપાશમાંથી મુક્ત કર્યો, અને જે સૈન્ય મૂર્છિત થઇ પડયું હતું, તેને વિદ્યાના પ્રભાવથી બેઠું કર્યું. મૂર્છામાંથી જાગ્રત થયેલા સુભટો ' આ દુષ્ટને મારો પકડો ' એમ બોલી મદન સામે ધસી આવ્યા. તે જોઇ નારદજી બોલ્યા— સુભટો ! શાંત થાઓ. તમારૂં પરાક્રમ યુદ્ધમાં જોઇ લીધું છે, હવે ક્ષેમ કુશળ પાછા નગરમાં જાઓ.

આ વીર મદને તમને જીવિતદાન આપેલું છે. પછી નારદે ત્યાં બનેલું વૃત્તાંત તેમને જણાવી દીધું. તે જાણી સુભટો શાંત થઇ ગયા. ચતુરંગ સેના નગરમાં પાછી વળી. રાજા કાલસંવર એવો શરમાઇ ગયો કે, તે નારદ કે મદન પ્રત્યે કાંઇ બોલી શક્યો નહીં. દીન વદને તે પાછો નગરમાં આવ્યો. તેણે આવી પોતાની પ્રાણવલ્લભા કનકમાળાને કહ્યું, દેવી, આમાં તારો દોષ નથી. પૂર્વના જેવાં કર્મ તેવું બને છે. તારે હૃદયમાં જરા પણ સુખ દુઃખ લાવવું નહિ. તે બને દંપતી તે વિષેની ચિંતા કરતાં મંદિરમાં બેશી રહ્યાં. પછી અહીં મદનને દયા આવી તેણે વાપિકામાં બંધાએલા પોતાના સર્વ બન્ધુઓને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મુક્ત કર્યા. તેઓ ગર્વ છોડી લજ્જા પામતા નગરમાં ચાલ્યા ગયા.

દેવી કનકમાળાનો સર્વ વૃત્તાંત લોકોના જાણવામાં આવ્યો. તેનું પાપ સર્વ સ્થળે પ્રગટ થયું, તે જાણી લોકો કહેવા લાગ્યા કે, પાપીનો ક્યારે પણ જય થતો નથી, ધર્મનો જય થાય છે. એમ જાણી ભવ્ય પ્રાણીઓએ પાપનો દૂરથીજ ત્યાગ કરવો. પુણ્યના પ્રભાવથી દેવતા અને મનુષ્યનું સુખ પ્રાપ્ત થાય છે, તેથી ભવિ જીવોએ ધર્મ આચરણ કરવું, પ્રાણીઓએ જેનાથી દુઃખ પ્રાપ્ત થાય છે, એવા પાપનો પરિહાર કરવો, અને જેનાથી સુખ થાય, તેવું પુણ્ય સંપાદન કરવું. મદનકુમારે પુણ્યના પ્રભાવથી વિદેશમાં પણ ઉત્તમ ફળ આપનારા સોળ લાભ પ્રાપ્ત કર્યા, અને જગતમાં વિખ્યાત એવી ‘ રોહણી ’ અને ‘ પ્રજ્ઞપ્તિ ’ નામે બે વિદ્યા મેળવી, દુષ્ટ બુદ્ધિના ભ્રાતાઓને અને શત્રુરૂપે આવેલા પિતાને બંધન કરી જીતી લીધા, અને નારદ મુનિ-



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નો સમાગમ થયો. 'પુણ્યની સમૃદ્ધિ કેવી ઉત્કૃષ્ટ છે ?'

इत्याचार्य श्री सोमकीर्त्ति विरचिते प्रद्युम्न चरिते प्रद्युम्नषोडशलाभप्राप्ति विद्या प्राप्ति बंधुजन-विरोध नारदागमनो नाम नवमः सर्गः

## सर्ग १० मो.

### પ્રદ્યુમ્નને થયેલો માતાનો સમાગમ અને યુદ્ધને માટે સૈન્યનો જમાવ.

નારદે મદનને કહ્યું, વત્સ, હવે કાલક્ષેપ કર નહીં. આપણે સત્વર દ્વારકામાં જઇએ. કૃતજ્ઞ મદન બોલ્યો—માહારાજ ! ઉપકારી માતા પિતાની આજ્ઞા વિના જવું યોગ્ય નથી. તમે અહીં ઉભા રહો, હું માતા પિતાની આજ્ઞા લઇ પાછો સત્વર તમારી પા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સે આવું છું. આ પ્રમાણે કહી બલવાન મદન જ્યાં
રાજા કાલસંવર અને કનકમાળા દુઃખી થઇ રહ્યાં
હતાં, ત્યાં આવ્યો. મદન ત્યાં જઇ પ્રણામ કરી
બોલ્યો—પૂજ્ય પિતા ! મેં અજ્ઞાનપણે જે કાંઇ
દુશ્ચેષ્ટા કરી તે કૃપા કરી ક્ષમા કરજો. મારા જેવા
પાપીની કેવી મૂર્ખતા કે જે મેં માતા ઉપર વિપરીત
ચિંતવ્યું. જેઓ દીન, અનાથ, અને પરાધીન રહે-
નારા પામર હોય, તેમની ઉપર સાધુ પુરૂષો કોપ
કરતા નથી. પૂજ્ય તાત ! હું તમારો આભારી દાસ
છું. તમે મને જીવાડયો છે, ઉછેર્યો છે, અને અત્યા-
રે પણ તમારાથી જીવું છું. કૃપા કરી મારૂં પાપ
ક્ષમા કરજો. માયાળુ માતા ! તમે પણ આ બાળ-
કના અપરાધ માફ કરજો. હું તમારી આજ્ઞા લઇ
મારા જન્મ આપનારાં માતાપિતાને મળવા જાઉં
છું. મને જવાની આજ્ઞા આપો. વડિલની આજ્ઞા
વિના જવું, તે યોગ્ય ન કહેવાય. પૂજ્ય માતાપિ-
તા ! આ અજ્ઞ બાળકને સર્વદા સંભારજો. મારાં
માતા પિતાને મળી હું પાછો સત્વર આવીશ.
તમારા ગ્રહવૈભવમાં મારો ભાગ રાખજો. હું હમેશાં
અહીંજ રહેવાનો છું. માતા ! આ સેવક ઉપર અનુ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગ્રહ કરજો. ‘ પુત્ર કુપુત્ર થાય પણ માતા કુમાતા થતાં નથી ’ એ કહેવત જગતમાં પ્રસિદ્ધ છે. બીજા સર્વ ઉપર કોપ કરાય પણ પરતંત્ર ઉપર કોપ કરવો યુક્ત નથી. અંબા ! હું તમારા ઉદરમાંથી થયેલો પુત્ર છું, એમ તમે જાણજો. મારા વિષે જરા પણ અંતર રાખશો નહીં. હું તમારોજ પુત્ર છું.

મદને આ પ્રમાણે વિવેકથી કહ્યું, તથાપિ તેઓ કાંઇ પણ બોલ્યાં નહીં. લજ્જાથી નમ્ર મુખે બેશી રહ્યાં. તથાપિ મદન વિનયથી તેમને પ્રણામ કરી પછી પોતાના બન્ધુઓને અને મંત્રીઓને વિનય પૂર્વક નમી સંતોષ પમાડી નગરની બાહેર નીકળ્યો. લોકો તેની પ્રશંસા કરતા હતા. મદન નારદ મુનિની પાસે આવી બોલ્યો—મહાશય નારદજી ! અહિંથી દ્વારકાનગરી કેટલે દૂર છે ? તે કહો. નારદ બોલ્યા—આ વિદ્યાધર ખંડ છે, તે મનુષ્યોને અગોચર છે. તે પછી માનવલોક અને તેથી દૂર દ્વારકા છે. મદન બોલ્યો—પિતાજી ! જ્યારે દ્વારકાનગરી એટલે દૂર છે, તો ત્યાં આપણે શી રીતે જઇ શકીશું ? નારદ બોલ્યા—વત્સ ! ચિંતા કર નહીં. હું શીઘ્રગામી વિમાનવડે તને ત્યાં લઇ જઇશ. મદન બોલ્યો—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પૂજ્યમુનિ ! તે વિમાનને સત્વર તૈયાર કરો. મદનના કહેવાથી નારદે વેગવાળું એક વિમાન કર્યું. પછી નારદ બોલ્યા—વત્સ ! આ તારે યોગ્ય વિમાન તૈયાર થયું, તે ઉપર ચડી જા. તું હમણાંજ તારી માતાની સમીપ પહોંચીશ. નારદના વચનથી સંતુષ્ટ થઇ મદન બોલ્યો—મુનિંદ્ર ! આ વિમાન તો મજબૂત છે ? જો તેવું હશે તો બેસી શકાશે. નારદ હસીને બોલ્યા—મદન ! શંકા રાખીશ નહિ. તે વિમાન સમર્થ છે. સત્વર ચડીજા. નારદના કહેવાથી મદને તેમાં ચડવાને પગ મુકયો, ત્યાં વિમાન તુટી ગયું, તેના બધા સાંધાઓ જુદા પડી ગયા, અને તેને સૈકડો છિદ્ર થઈ ગયાં. મદન બોલ્યો—પૂજ્ય ! તમને સાબાશી છે. શિલ્પ વિદ્યામાં ઘણા નિપુણ લાગો છો. તમે આવો અભ્યાસ કોની પાસે કર્યો હતો ? તમારા જેવું શિલ્પજ્ઞાન થયું નથી, અને થશે પણ નહીં; આજ સુધી મારા મનમાં એમ હતું કે, પૃથ્વી ઉપર નારદ મુનિના જેવો કોઇ વિજ્ઞાની અને વિદ્યાના બળવાળો નથી. મદનનાં આવાં વચન સાંભળી નારદને લજ્જા આવી. તે વિલખા થઇ બોલ્યા—વત્સ ! જે માણસમાં જરાવસ્થા આવી હોય,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેનામાં નિપુણતા કયાંથી હોય ? તું સર્વ વિદ્યામાં કુશળ, સર્વ વિજ્ઞાનમાં ચતુર, અને નવયૌવન સંપન્ન છું. માટે તું વિમાન કર. પછી આપણે વેગથી દ્વારકામાં જઇએ. વૃથા કાળ ગુમાવ નહીં. તારી માતા રૂકિમણી દુઃખી છે.

મુનિના કહેવાથી મદને વિદ્યાના પ્રભાવ વડે જાણે પોતાનો યશોરાશિ હોય, તેવું એક વિસ્મયકારી વિમાન બનાવ્યું. તેમાં મોટી ઘંટાઓ લટકતી હતી, આસપાસ ધ્વજાઓ આવેલી હતી, પંચવર્ણી રત્નોથી તે નિર્માણ થયું હતું, તેની પીઠિકાઓ સુવર્ણની હતી, તેની અંદર વાપિકા, તલાવ અને હોજ આવેલાં હતાં, હંસ, સારસ અને બીજાં જળ પક્ષીઓથી અલંકૃત હતું, કદલી, સોપારી, તાળ વિગેરે વૃક્ષોના વૃંદથી સુશોભિત હતું, ચામરોના સમૂહ, છત્રોના સમૂહ, અને વાજીંત્રો તથા ચિત્રોથી તે યુકત હતું, ઘુઘરમાળા અને મોતીઓની માળાથી તે વિરાજિત હતું, ચારે તરફ કારીગરીવાળા ગોખ અને જાળીયાં આવેલાં હતાં, જાણે બીજો સ્વર્ગલોક હોય, તેવું તે દેખાતું હતું. આવું વેગવાળું સુંદર વિમાન બનાવી સર્વ વિજ્ઞાનમાં ચતુર એવો મદન બો-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હ્યો— પૂજ્ય મુનિ ! મેં અજ્ઞાની બાળકે આ વિમાન બનાવેલું છે, જો તમને યોગ્ય લાગે, તો તેમાં કૃપા કરી બેસો. નારદજી હર્ષ પામી તેમાં આરૂઢ થયા, પછી મદને મંદ મંદ ગતિએ તે વિમાનને આકાશમાર્ગે ચડાવ્યું. વિમાનની મંદ ગતિ જોઇ નારદજી બોલ્યા— વત્સ ! વિલંબ કર નહીં. તારા વિયોગરૂપ હિમથી તારી માતાનું મુખકમળ ગ્લાનિ પામી ગયું છે. હિમથી દહન થતાં એ મુખકમળમાં તું સૂર્યરૂપ થા, અને તેને દહન થતું નિવાર. વત્સ ! તારી દુઃખી માતાને સત્વર જઇ સહાય કર, તારા જેવો સમર્થ પુત્ર છતાં માતા દુઃખી થાય, તે ઠીક નહીં. નારદજીનાં વચન સાંભળી મદને વિમાનને આકાશમાં વેગથી ચલાવ્યું. વિમાનનો વેગ એટલો થયો કે, જેથી નારદ મુનિ આકુળવ્યાકુળ થઇ ગયા. તેની જટાનો ભાર શિથિળ થઇ ગયો, શરીર કંપવા લાગ્યું, તેમની કોણી, મુખ અને દાંત ભાંગવા લાગ્યા, જીહ્વા ખંડિત થવા લાગી. જેષ્ટ માસમાં સમુદ્રની જેમ નારદજી ક્ષોભ પામી કોપ કરી, મદન પ્રત્યે બોલ્યા— વત્સ ! ધીરો થા, મને આવી રીતે આકુળવ્યાકુળ કેમ કરે છે ? તું તારાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માતા પિતા તરફ ઉત્કંઠાવાળો થઇ એકી સાથે આનંદમાં મગ્ન થઇ ગયો, પણ મારે માટે વિચાર કર. તારી માતા રૂકિમણી મારે પુત્રી સમાન, અને અતિ વત્સલ છે. તારો પિતા કૃષ્ણ મારો ભક્ત છે, તેઓ મારી ઉપર અતિ રાગ ધારણ કરે છે, સર્વ યાદવો મારી તરફ પૂજ્ય બુદ્ધિ રાખે છે, તું નિર્દય થઇ મારી તરફ આવી રીતે કેમ વર્ત્તે છે? નારદજી-નાં વચન સાંભળી મદન બોલ્યો— પૂજ્ય ! તમારૂં ચરિત્ર કપટ ભરેલું મારા જાણવામાં આવ્યું છે, હું આવ્યો તે તમને રૂચતું નથી, મારૂં શીઘ્ર ગમન તમને પસંદ નથી. જ્યારે તમારી ઇચ્છા એવી હોય તો હું દ્વારકામાં નહીં આવું, તમે એકલા જાઓ.

આ પ્રમાણે કહી મદને વિમાનને આકાશમાં અટકાવ્યું. વિમાનને સ્થંભિત થયેલું જોઇ નારદ બોલ્યા—વત્સ ! મને તો તારામાં પણ કપટ લાગે છે. તને વિદ્યાધરનો લોક છોડવો રૂચતો નથી, તેથી તું આમ વિલંબ કરે છે. તારી માતાનો પરાભવ થયા પછી તું ત્યાં જઇશ તો તે વ્યર્થ છે. વત્સ ! શું તને તારી માતા પ્રિય નથી ? હવે તારે સત્વર જવું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જોઇએ. તેનું કારણ આ પ્રમાણે છે—તારા પિતાએ પૂર્વે તારા જન્મ વખતે તારે માટે ઘણી રમણીય કન્યાઓની માગણી કરી હતી, તે કન્યાઓને અત્યારે તારે અભાવે તારો અનુજબન્ધુ પરણી જશે. તે કન્યાઓ પરણ્યા પછી તું જઇશ, તો પછી શું વળવાનું ? નારદનાં આ વચન સાંભળી કામદેવે પોતાનું વિમાન પવનવેગે ચલાવ્યું. સમુદ્રના તરંગ જેવી ચંચળ ધ્વજાઓ ફરકવા લાગી. હે શ્રેણિક-રાજા ! તે વિમાન આકાશમાર્ગે સત્વર ચાલતું હતું. તેના માર્ગમાં જે જે બન્યું, તેનું કાંઇક વર્ણન કરૂં, તે સાંભળજો. તે પવનવેગી વિમાન માર્ગમાં આવતાં ભૂમિનાં નગર અને ગામડાની સ્ત્રીઓનાં નેત્રને ઉ-ત્સવરૂપ થતું હતું, રસ્તામાં રમણીઓ ઉભી ઉભી વિકશિત વદને તેની રચના જોતી હતી. તે વિમાન વેગથી ખેચરલોકોના રાજ્યને ઉલ્લંઘન કરી, મનુ-ષ્ય લોકની ભૂમિ ઉપર આવ્યું, નારદ અને મદન વૃક્ષોનાં જાળથી આકુળ એવાં વન, નગર, સમુદ્ર, નદીઓ, ગામડાં અને નેહડાઓ જોતા જોતા આકા-શમાર્ગે જતા હતા. આગળ જતાં વિવિધ જાતનાં વૃક્ષોના વૃંદથી વિરાજિત એવી 'ખદિર' નામે

 P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અટવી નારદજીના જોવામાં આવી, તેની અંદર ‘ તક્ષક ’ નામે પર્વત જોવામાં આવ્યો, જ્યાં મદનને તેના શત્રુએ હરી શિલાતલની નીચે દાબ્યો હતો, તે જોઇ નારદે તે અટવી મદનને બતાવી, અને તેનો પૂર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. મદન તે જોઇ ખુશી થયો. ત્યાંથી વિમાન આગળ ચાલતાં નારદે મદનને કહ્યું, વત્સ ! જો આ હરિણીઓનું વૃંદ કેવું સુંદર છે ? કાનમાં વિમાનની ઘંટાઓના નાદ સાંભળી તેણે કેવાં મુખ ઉંચાં કર્યાં છે ? તેમની આગળ નાનાં નાનાં બાલ મૃગ કેવી મનોહર ક્રીડા કરે છે ? ક્ષણમાં આગળ અને ક્ષણમાં પાછળ કેવાં ચાલે છે ? આ હરિણીઓનું વૃંદ જોઇ કોનું મન હરણ ન થાય ? તે જોઇ મદન અત્યંત હર્ષ પામ્યો. ત્યાંથી કેટલેક દૂર જતાં એક મયૂર પક્ષી જોવામાં આવ્યો. નારદ બોલ્યા—વત્સ ! જો આ સુંદર પક્ષી પ્રફુલ્લિત મુખ કરી કળા પ્રસારી કેવું નાચે છે ? તેના મુખમાંથી કેવો મધુર કેકારવ નીકળે છે ? તે જોઇ મદન ખુશી થયો. ત્યાંથી વિમાન આગળ ચાલ્યું, ત્યાં નારદ મદન પ્રત્યે બોલ્યા— પુત્ર ! જો, મનોહર અને ભયંકર આ કેશરીસિંહ ક્રીડા કરે છે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે પોતાના નાદથી પર્વતને કંપાવે છે, તેની શેવાળ આસપાસ આવી રહેલી છે, દાઢોથી અને નખોથી તે મોટા ગજેંદ્રોને ફાડી નાંખે છે, ગજેંદ્રોના માંસનું ભક્ષણ કરી તે ભયંકર બન્યો છે, તે કેશરીને જોઇ મદન ખુશી થયો. પછી આકાશમાં આગળ ચાલતાં એક ગજેંદ્રોનું ટોળું જોવામાં આવ્યું, એટલે નારદ બોલ્યા— વત્સ ! આ ગજેંદ્રોનું વૃંદ જો, તે પગલે પગલે કેવી લીલા કરે છે ? તેના મદ ભરેલા કપોલ ઉપર ભમરાઓનું જાળ ગુંજારવ કરે છે, તે પર્વત્રના જે-વું પ્રૌઢ અને કર્ણતાલથી વિરાજિત છે, તે જલાશ-યમાં જલપાન કરવાને આવે છે, તે જોઇ મદન અતિશય સંતુષ્ટ થયો. થોડે દૂર આગળ જતાં નારદ બોલ્યા— મદન ! અતિ ઉન્નત અને વિવિધ પ્રાણી તથા વૃક્ષોથી ભરપૂર એવો આ પર્વત જો, આ ગિરિ અનંત ષટ્કાય જીવોને સેવવા યોગ્ય છે. એ ગિરિરાજની આકૃતિ અદ્‌ભુત દેખાય છે, તે જોઇ મદનને અત્યંત હર્ષ ઉત્પન્ન થયો. આગળ જતાં એક સુંદર સરિતા જોઇ નારદે મદનને કહ્યું, વત્સ ! આ સુંદર સરિતાનું અવલોકન કર, તેના તીર ઉપર મોટાં વૃક્ષો ઉભેલાં છે, તેઓના પુષ્પરજથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સરિતાનું જળ સુગંધી અને પીવા યોગ્ય છે. હંસ તથા સારસ પક્ષીવાળી, અગાધ, મગરવાળી અને પ્રવાહથી ગાજતી એવી આ નદી સ્વર્ગની અલકનંદા જેવી લાગે છે, એ સરિતાને જોઇ મદનનું હૃદય પ્રસન્ન થયું. ત્યાંથી થોડે દૂર જતાં નારદે મદનને કહ્યું, વત્સ ! જો આ ભારત વર્ષની પ્રખ્યાત ગંગા નદી છે, તે પવિત્ર સરિતાનું જળ કેવું સ્વચ્છ છે ? તેના તીર ઉપર દેવકન્યાઓ સ્નાન માટે આવી બેઠેલી છે, કાંઠા ઉપર રહેલી કીંનરની સ્ત્રીઓના ગીતથી તથા હંસ સારસ પક્ષીઓના મધુર શબ્દોથી આ સરિતાએ ત્રણ જગતને વશ કર્યા છે, આ તીર્થરૂપ મહા નદીને જોઇ મદન અત્યંત આનંદ પામી ગયો. " અહા ! આ નદી સ્વર્ગની સરિતાના જેવી રમણીય અને વિસ્તારવાળી છે, " એમ કહી તેઓ બંને ઘણીવાર સુધી તેની રમણીયતા જોવા લાગ્યા.

ત્યાંથી આગળ ચાલતાં એક મોટું સૈન્ય જોવામાં આવ્યું. તેમાં હજારો ગજેંદ્રો, અશ્વોના સમૂહ, રથો, અને પેદલ સંખ્યાબંધ હતા. તે ચતુરંગ સૈન્યમાં વાજિંત્રોના નાદ થઇ રહ્યા હતા. ચક્રવર્તીના જેવું તે સૈન્ય જોઇ, મદને વિસ્મય પામી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નારદને કહ્યું—સ્વામી ! આ સૈન્ય કોનું છે ? વિદ્યાધરોના નિવાસમાં પણ મેં આવું મોટું સૈન્ય જોયેલું નથી. નારદ હાસ્ય કરી બોલ્યા—વત્સ ! જેના માટે તને હું અહિં લાવ્યો છું, તેનું કારણ આ સૈન્ય છે. તેનો સર્વ વૃત્તાંત નીચે પ્રમાણે છે, તે સાવધાન થઇ સાંભળ.

હસ્તિનાપુરમાં 'દુર્યોધન' નામે એક રાજા છે. તે ગુણસાગર રાજા કુરૂવંશમાં ઉત્પન્ન થયેલો છે. શ્રી આદિનાથ પ્રભુના તિર્થમાં દાનતીર્થને પ્રવર્ત્તાવનાર અને યથાર્થ નામવાળો 'શ્રેયાન્' નામે એક લોકપ્રિય રાજા થઇ ગયો છે. તેના વંશમાં શિરોમણિરૂપ 'કુરૂ' નામે રાજા થયો હતો. તેના નામ ઉપરથી પૃથ્વીમાં કુરૂ વંશ વિખ્યાત થયેલો છે. તે વંશમાં હજારો રાજાઓ થઈ ગયા પછી અનુક્રમે 'ધૃત' નામે એક રાજા થયો. તે પૃથ્વીમાં વિખ્યાત થયો હતો. તેને સુંદર આકૃતિવાળી ત્રણ સ્ત્રીઓ હતી. પહેલીનું નામ 'અંબા' બીજીનું નામ 'અંબિકા' અને ત્રીજીનું નામ 'અંબાલિકા' હતું. તે ત્રણ સ્ત્રીઓમાં 'ધૃત' રાજા થકી 'ધૃતરાષ્ટ્ર' 'પાંડુ' અને 'વિદુર' એવા નામે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્રણ પુત્રો થયા. પહેલો પુત્ર ધૃતરાષ્ટ્ર 'ગાંધારી' નામની સ્ત્રીને પરણ્યો હતો. બીજા પુત્ર પાંડુને માટે એવી કથા છે કે, તે પાંડુને અર્થે રાજા ધૃતે સૂર્યપુરના રાજા અંધકવિષ્ણુની 'કુંતા' નામની કન્યાનું માગું કર્યું. અંધકવિષ્ણુએ એ વાત કબુલ કરી. એક વખતે કોઇ પાપીએ આવી અંધક વિષ્ણુને જણાવ્યું કે, ધૃત રાજાના પુત્ર પાંડુનું શરીર શ્વેત કોડથી નષ્ટ થઇ ગયું છે. તેને તમારે કન્યા આપવી યોગ્ય નથી. આ વાર્ત્તા સાંભળી અંધકવિષ્ણુ પોતાની કન્યા પાંડુને આપતો ન હતો. આ ખબર પાંડુના સાંભળવામાં આવતાં તેને ભારે દુઃખ થઇ આવ્યું. તેનીજ ચિંતામાં પાંડુને નગર કે વનમાં કોઇ સ્થળે સુખ થતું નહિ. એક વખતે ચિંતાતુર પાંડુ ફરતો ફરતો વનમાં નીકળી પડયો. તે વનમાં એક પુષ્પ શય્યા તેના જોવામાં આવી. એ શય્યા કોઈ દંપતિએ ભોગવિલાસ કરી મર્દન કરેલી હતી. તે જોતાંજ પાંડુને સ્ત્રીનો વિરહ વિશેષ થઇ આવ્યો. તેણે ચિંતવ્યું કે, કોઈ પુણ્યવાન પુરૂષે આ શય્યામાં તેની પ્રિયા સાથે રમણ કર્યું છે. હું કેવો પુણ્ય રહિત કે જેને આવું સુખ મળ્યુંજ નહીં. આવું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચિંતવી નિઃશ્વાસ મુકતો પાંડુ ત્યાં બેઠો, અને દુઃખથી વારંવાર તે શય્યા જોવા લાગ્યો. શય્યાને જોતાં તેમાં એક મુદ્રિકા તેના જોવામાં આવી. તે મુદ્રિકા હાથમાં લઇ પાંડુ તે શય્યાની આસપાસ વનમાં ફરવા લાગ્યો. તેવામાં તે મુદ્રિકાનો માલેક એક વિદ્યાધર નાયક આવ્યો. તેણે વ્યગ્ર ચિત્તે શય્યામાં તે મુદ્રિકા જોવા માંડી, પણ જોવામાં આવી નહીં. મુદ્રિકા ન મળવાથી તેના મુખ ઉપર ગ્લાનિ આવી ગઇ. આસપાસ વ્યગ્ર હૃદયે ફરતો તે વિદ્યાધર પાંડુના જોવામાં આવ્યો. પાંડુએ આવી પૂછ્યું, ભદ્ર ! તમારા મુખ ઉપર ગ્લાનિ કેમ દેખાય છે ? વિદ્યાધરે કહ્યું, મારી એક ચમત્કારી મુદ્રિકા ગુમ થઇ છે. દયાળુ પાંડુએ પોતાની આંગળીમાંથી કાઢી તે મુદ્રિકા વિદ્યાધરને બતાવી અને કહ્યું કે, આ મુદ્રિકા તમારી છે ? વિદ્યાધરે ઓળખી લીધી એટલે પાંડુએ તેને પાછી આપી. પાંડુની પ્રમાણિકતા જોઇ વિદ્યાધર ખુશી થઇ ગયો. વિદ્યાધરે પાંડુને પુછ્યું, મિત્ર ! તમે આ વનમાં ચિંતાતુર થઇ કેમ ભમો છો ? પાંડુએ પોતાને જે દુઃખ હતું, તે યથાર્થ રીતે તેને કહી સંભળાવ્યું. પોતાના ઉપકારી મિત્રનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દુઃખ સાંભળી વિદ્યાધરે પોતાના ઉપકારનો બદલો વાળવા નિશ્ચય કર્યો. તે મુદ્રિકા પાંડુને આપી કહ્યું—મિત્ર ! આ મુદ્રિકા કામરૂપને આપનારી છે. જેવું રૂપ કરવું હોય, તેવું રૂપ તે પાસે રાખવાથી થઇ શકે છે. એના પ્રભાવથી તમે તમારૂં કાર્ય સાધી લ્યો. કાર્ય સિદ્ધિ થયા પછી તે મુદ્રિકા મને પાછી આપજો. પાંડુએ તે મુદ્રિકા લીધી, અને મનમાં હર્ષ પામ્યો. મુદ્રિકાના પ્રભાવથી પોતે પારેવાનું રૂપ લીધું. જ્યાં અંધકવિષ્ણુની કન્યા હતી, ત્યાં પાંડુ વેગથી ઉડીને પહોંચ્યો. રાજકન્યા મેહેલના ગોખલા આગળ રાત્રે એકાંતે સુતી હતી, ત્યાં પાંડુ કામદેવના જેવું સુંદર રૂપ કરી ઉભો રહ્યો. રાજબાળા અપૂર્વ પુરૂષને જોઇ એકાએક ચમકી ઉઠી, અને કંપવા લાગી. તેણીએ સંભ્રમથી કહ્યું, આવી રાત્રે અહિં તમે કોણ આવ્યા છો ? પાંડુ હાસ્ય કરી બોલ્યો— ભદ્રે ! વૃથા ભય રાખશો નહીં, હું તમારો પાંડુ નામે પતિ છું. રાજકન્યા બોલી— તે પાંડુ તો કોઢીઓ છે, એમ મેં સાંભળ્યું છે. સુંદરી ! કોઇ દુષ્ટે તે વૃથા કહેલું છે, મારૂં તો આવું સુંદર રૂપ છે. આ પ્રમાણે કહી રાજપુત્રીને તેણે પોતાના રૂપપાશમાં બાંધી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લીધી. નવ સંગમમાં ભય પામેલી તે બાળાને કામી પાંડુએ ત્યાંજ ભોગવી. પાંડુ તેના રૂપ ગુણમાં બંધાઇ ગયો, અને તે મુગ્ધા રાજકુમારી પણ તેના રૂપ ગુણમાં બંધાણી, બંનેની વચ્ચે પરસ્પર ગાઢ સંબંધ થયો, પ્રેમબંધનમાં આવેલો પાંડુ તે મંદિરમાં સાત દિવસ સુધી રહ્યો. આઠમે દિવસે પાંડુ જવાને તૈયાર થયો, એટલે તે વિચક્ષણ રાજકન્યા વિનયથી બોલી— સ્વામિનાથ ! તમે જવાને તૈયાર થયા, પણ મારે તમને કાંઇ કહેવાનું છે, પણ કહેતાં લજ્જા આવે છે. પાંડુ બોલ્યો— પ્રિયા ! પોતાના પતિની આગળ કહેવામાં લજ્જા શાની ? જે કહેવાનું હોય, તે કહો. કુંતા શરમાતી શરમાતી બોલી— પ્રાણેશ ! તમે જે દિવસે અહિં આવ્યા, તે દિવસે સ્ત્રી ધર્મમાં આવ્યાં, મને ચાર દિવસ થયા હતા. કદિ તેમાંથી કાંઇક બને તો શો આધાર ? પાંડુએ તત્કાળ વિચારી તેને પોતાના હાથનું કડું આપ્યું, અને એક મુદ્રિકા આપી. કાર્ય સિદ્ધ કરી હર્ષ પામતો પાંડુ ત્યાંથી ચાલી નીકળ્યો. પેલા વિદ્યાધરને તે મુદ્રિકા પાછી આપી.

કુંતાને એક માસ પછી ગર્ભનાં ચિન્હ માલમ



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પડયાં. તેણીએ સખીઓની સાથે પોતાની માતાને કહેવરાવ્યું, તેની માતાએ એ વૃત્તાંત અંધકવૃષ્ણિ રાજાને જણાવ્યો. રાજા મનમાં પરિતાપ પામ્યો, અને રાણીને કહ્યું કે, તું કુંતાને પૂછી જો કે, તે કોનો ગર્ભ છે ? રાણીએ પુત્રીને મલિન મુખે કહ્યું, પુત્રી ! આ થવાનું શું કારણ ? કુંતા બોલી—માતા ! મલિન મુખ કરશો નહિ. પાંડુ કુમાર અહીં આવ્યા હતા, અને સાત દિવસ મારી સાથે રહ્યા હતા. એમ કહી પાંડુએ આપેલું કડું માતાને બતાવ્યું. રાણી શાંત થઇને તે કડું અંધકવૃષ્ણિ રાજા પાસે લઇ ગઇ. કડું જોયા પછી રાજાએ મનમાંથી ચિંતા છોડી દીધી. અનુક્રમે તે ગર્ભ વૃદ્ધિ પામ્યો. પૂર્ણ માસે સર્વ લક્ષણવાળા પુત્રનો પ્રસવ થયો, રાજાએ લોકાપવાદના ભયથી તે પુત્રને પેટીમાં નાંખી, યમુના નદીમાં વહેતો મુકયો. આયુષ્યના બળથી તે જીવતો રહ્યો. પછી તે કુંતાનો પાંડુની સાથે વિવાહ કર્યો. પાંડુ મોટા ઉત્સવથી તેની સાથે પરણ્યો. તેના ઉદરથી યુધિષ્ઠર વિગેરે પાંચ પાંડવો થયા. કન્યાવયમાં જે પુત્ર થયો હતો, તે 'કાનીન' અથવા 'કર્ણ' ના નામથી પ્રખ્યાત થયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધૃતરાજાએ ધૃતરાષ્ટ્ર અને પાંડુને રાજ્ય આપી વિદુરની સામે દીક્ષા લીધી. ધૃતરાષ્ટ્રને ગાંધારી નામની સ્ત્રી થકી દુર્યોધન વિગેરે સો પુત્ર થયા. તેઓ પરાક્રમથી પૃથ્વીમાં પ્રખ્યાત થયા. રાજા ધૃતરાષ્ટ્ર અને પાંડુએ પુત્રોને યૌવનવયવાળા યોગ્ય જોઇ તેઓમાં જેષ્ટ પુત્રોને રાજ્ય સોંપી મહાવ્રત ગ્રહણ કર્યું. દુર્યોધને બુદ્ધિની કુશળતાથી પાંડુના પુત્રોને રાજ્યનો ત્યાગ કરાવ્યો, અને પોતે સ્વતંત્ર મહારાજા થયો. તે દુર્યોધન હાલ રાજ્ય ચલાવે છે. તેને ' ઉદધિ ' નામે એક સુંદર કન્યા છે. તેનું રૂપ, ચરિત્ર, ગુણ, લાવણ્ય, વાગ્માધુર્ય, વિદ્યા, વિનય, સૌંદર્ય, નેત્રશોભા, તેજ, લોકપ્રિયતા, બોધ, લીલા, લાલિત્ય અને કળા કૌશલ્ય એવાં ઉત્તમ છે કે, જેનું વર્ણન કરવાને બૃહસ્પતિ પણ સમર્થ થઇ શકતો નથી. રાજા દુર્યોધને જ્યારે તું ગર્ભમાં હતો, ત્યારથી તે કન્યા તને આપી હતી. તારો જન્મ થતાં જ તારા શત્રુએ તને હરી લીધો હતો. તે વૃત્તાંત દુર્યોધનના જાણવામાં આવતાં તે પોતાની કન્યાને તારા અનુજબન્ધુને માટે દ્વારકામાં વિવાહ કરવા મોકલે છે—તેનું આ ચતુરંગ સૈન્ય જાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નારદના મુખથી આ વૃત્તાંત સાંભળી મદન અતિ હર્ષ પામ્યો, અને પોતાના વિવાહને માટે નિર્ણીત કરેલી પોતાની સ્ત્રીને જોવાને તે ઉત્સુક થયો. તેણે નારદને કહ્યું, તાત ! મારૂં વચન સાંભળો. એ ઉત્તમ સૈન્ય જોવાની મને ઉત્કંઠા થઇ છે. તમારી આજ્ઞા હોય તો હું તે જોઇ સત્વર પાછો આવું. નારદે હાસ્યથી મદનને કહ્યું, વત્સ ! તું ચપળ છે, તો ત્યાં જઇ કાંઇ ચપળતા કરે તેથી તને ત્યાં જવા દઇશ નહીં. વખતે તેથી કાંઇ વિઘ્ન ઉત્પન્ન થાય. મદને નારદને કહ્યું, માહારાજ ! હું કાંઇ પણ ચપળતા કરીશ નહીં. તે જોઇનેજ સત્વર પાછો તમારી આગળ આવીશ. તે સાંભળી નારદે કહ્યું, જો વિશેષ કૌતુક હોય તો, તું ત્યાં જા, અને તે જોઇ પાછો સત્વર આવજે. નારદજીની આજ્ઞા થતાંજ મદન વિમાન ઉભું રાખી પૃથ્વી ઉપર ઉતર્યો. ભિલનો વેષ કરી જ્યાં તે સર્વ સૈન્ય ભોજન કરવા બેઠું હતું, ત્યાં આવ્યો. મદને ભિલનો વેષ બરાબર લીધો હતો. મુખ મોટું કર્યું, દાંત મોટા વિકુર્વ્યા, પ્રૌઢ લલાટની સાથે ભયંકર કપોળ બનાવ્યું, માથે વલ્લીઓ વીંટાળી, નેત્ર રાતાં કર્યાં,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હાથ હસ્તીની સુંઢ જેવા કર્યા, જંઘા સ્થૂળ કરી, અને કાયા મોટી બનાવી. વાંકી ભ્રગુટી ઉપર વાંકડીયા કેશ લટકતા રાખ્યા, કટીનો ભાગ ભગ્ન અને ગ્રીવા વિશાળ કરી, વિશાળ અને કઠિન ઉરૂ કર્યા, પેટ મોટું વિકુર્વ્યું. આ પ્રમાણે રૌદ્ર અને કુરૂપી થઇ મદન સૈન્યની આગળ આવ્યો. આ કુરૂપી ભિલ્લ સૈન્યના લોકોના જોવામાં આવ્યો. તેને જોઇ સર્વ સૈનિકો હસવા લાગ્યા. સૈન્યના લોકો જવાની ઇચ્છા કરતા અને માર્ગમાં ઉભેલા તે ભિલ પ્રત્યે બોલ્યા—અરે પાપી ! તું કોણ છે ? અહીંથી જા. માર્ગ છોડી દે. હે દુર્મુખ ! શા કારણથી અહીં માર્ગમાં રહ્યો છું. તેઓએ આ પ્રમાણે કહ્યું એટલે વનેચર કોપ કરી બોલ્યો—અરે કૌરવો ! સાંભળો. હું કૃષ્ણના વચનથી અહિં રહ્યો છું. અહિં જે આવે તેમની પાસેથી દાણ લેવા મને રાખ્યો છે. મારૂં યોગ્ય દાણ આપીને તમે જાઓ. કૌરવના સુભટો કૃષ્ણ ઉપર પ્રીતિવાળા હતા, તેથી તેઓ કોમળ વચનથી બોલ્યા—વત્સ ! કહે, તારે શું લેવાની ઇચ્છા છે ? આ હાથી, ઘોડા, રથ, ધન અને ધાન્ય છે; તેમાં જે તને રૂચતું હોય તે ગ્રહણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર. તને તે આપી અમે ચાલ્યા જઇએ. તું કૃષ્ણનો સેવક છું, તેથી તને દુઃખ કેમ અપાય ? અમે તારો કર આપી સુખે વનમાંથી જઇએ. તે સાંભળી મદનરૂપ ભિલ્લ બોલ્યો—કૌરવો ! તમારા સૈન્યમાં ઉત્તમ વસ્તુ શું છે, તે હું જાણતો નથી. માટે જે સર્વોત્તમ વસ્તુ હોય, તે આપી સુખે જાઓ. મને સંતોષ કરવાથી તમારૂં કુશળ થશે. ભિલનાં આવાં વચન સાંભળી કૌરવના સુભટો હસીને બોલ્યા—અરે શઠ ! જો તું અમારા સૈન્યમાંથી ઉત્તમ અને સુખદાયક વસ્તુ ઇચ્છતો હો, તો અમારા સૈન્યમાં તો ગુણવતી અને સુખદાયક વસ્તુ અમારા રાજાની પુત્રી છે, તે શું તને અપાય ? સુભટોનાં આવાં વચન સાંભળી તે વનેચર હાસ્ય કરી બોલ્યો—જો એ કન્યા સૈન્યમાં ઉત્તમ વસ્તુ હોય તો મને આપો. તે કન્યા મને આપી જો આ વનમાંથી તમે જશો તો તમને આ વિષમ વનમાં ભય થશે નહીં. મને સંતોષ આપવાથી કૃષ્ણ પોતે સંતોષ પામશે. પૂર્વે કૃષ્ણે મને એવું વચન આપેલું છે કે, આ વનમાં જનારા લોકોની પાસેથી જે અતિ સારરૂપ વસ્તુ હોય તે તારે ગ્રહણ કરવી. આવી કૃષ્ણની આજ્ઞાથી હું

P.P. Ac. Gunratnasuri M.S.                Jun Gun Aaradhak Trust

અહીં વનમાં રહ્યો છું.

મદને ભિલના વેશથી આ પ્રમાણે કહ્યું, તે સાંભળી સર્વ સુભટો કોપ પામ્યા, અને આ પ્રમાણે બોલ્યા— અરે શઠ! તું શું કૃષ્ણનો પુત્ર છું કે, આવાં વચન બોલે છે. અથવા અમારા રાજા દુર્યોધનની 'ઉદધિ' નામની કન્યાને શું બળાત્કારે લેવા ધારે છે? અરે નિર્લજ્જ પાપી! આવાં પાપ વચન કેમ બોલે છે? તારા જેવા મૂઢને એ કન્યા મનવડે પણ પ્રાપ્ત ન થાય. રાતાં લોચનવાળા, કપિલ કેશ ધરનારા, કાળા દાંતવાળા અને કૃષ્ણ કાંતિવાળા તારા જેવા કુરૂપીને શું તે સુંદર કન્યા યોગ્ય છે? તે રાજકન્યા તો પુણ્યવાનનેજ યોગ્ય છે, તારા જેવા પાપીને યોગ્ય નથી. કઠિન અને પુષ્ટ સ્તનથી વિરાજીત અને સર્વ લક્ષણોથી યુકત એવી એ સુંદરી તારાથી કેમ પ્રાપ્ત થાય? લોકમાં દુર્લભ એવી એ બાળાને પ્રાપ્ત કરવાની જો તારી ઇચ્છા હોય તો, ભૃગુપાત[1] [ ભૈરવજપ ] કરી સત્વર મૃત્યુ પામ, અને પછી વ્રત ધારણ કર, આ નિંદિત જાતિને છોડી દે, એમ કરતાં અગ્ર જન્મમાં

---

૧ પર્વતના શિખર ઉપરથી પડી મરવું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કોઇ વાર એ કન્યા પ્રાપ્ત થશે.

વળી કેટલાએક સુભટો દુઃસહ કોપ કરી બોલ્યા— અરે શઠ ! ઘેલા માણસની જેમ આવો શો બકવાદ કરે છે ? અહિંથી દૂર જા. અમારા રાજા જો કોપ પામશે, તો શું એ કરશે. વળી રાજપુત્રોને એક હલકા ભિલને દાન આપવું તે યોગ્ય નથી. જો દાન લેનાર સામો રાજપુત્ર હોય તો, તે આપવું યોગ્ય છે. આ પ્રમાણે કહી સર્વે યુદ્ધ કરવા ઉત્સુક થઇ ગયા. બળવાન મદને ધનુષ્યના બે અગ્રભાગથી સૈન્યને અટકાવ્યું, અને તેનો રોધ કર્યો. બધા સૈન્યને વીંટી મદન બોલ્યો— અરે કૌરવો ! સાંભળો. કુરૂરાજાની પુત્રી મને કેમ નથી આપતા ? હું કૃષ્ણનો વનવાસી એવો પ્રથમ પુત્ર છું, હું સુંદર વેષધારી નથી, તેથી તમે મૂઢ લોકો મને રાજપુત્રી આપતા નથી, પણ તેવું ધારશો નહીં. એ લોક વિખ્યાત કુમારી જો મને આપશો તો, શ્રીકૃષ્ણને પણ પરમ સંતોષ થશે. જેમ તેના જેવી લોકમાં કોઇ ઉત્તમ કન્યા નથી, તેમ મનુષ્ય લોકમાં મારા જેવો કોઇ ઉત્તમ વર નથી. હે કૌરવો ! જો તમે બળાત્કારે આકાશમાં થઇ જવાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઇચ્છતા હો તો મને કહેજો, હું તેવો યત્ન કરૂં. તેનાં આવાં વચન સાંભળી તેઓ બોલ્યા— તારે જે યત્ન કરવો હોય, તે યથેચ્છાએ કર, અમે તારા જેવા પાપીને માર્યા પછી જઇશું. તે સાંભળી તે કિરાત વેષધારી મદને કુંકુમનાં તિલક કરી સંજ્ઞા કરી ત્યાં ભિલ્લ લોકોનું મોટું સૈન્ય પ્રગટ થયું. દિશાઓના જાલને રૂંધી કૃષ્ણ મૂર્ત્તિવાળું તે સૈન્ય વ્યાપી ગયું. વિવિધ આયુધો, તીક્ષણ બાણો, લાકડીઓ, કાષ્ટ અને પાષાણ વિગેરેથી યુકત એવું તે સૈન્ય ભૂમિ, પર્વત અને વૃક્ષ તથા ગુફાઓમાં પ્રસરી ગયું, તે સમયે કૌરવોના સુભટોએ બધું વિશ્વ કિરાતમય દીઠું. ' પકડો, મારો ' એમ બોલતા કોટી ગમે કિરાતો ચારે તરફથી આવવા લાગ્યા. તેઓએ રાતા પલ્લવોનાં આભૂષણો કર્યાં હતાં, વિવિધ જાતની વૃક્ષ જાતિઓનાં ફળનાં કંઠાભરણ કર્યાં હતાં, કપિલ અને રૂક્ષવર્ણી તેમના કેશ મસ્તકપર પ્રસરી ગયેલા હતા, તેમણે મલિન વસ્ત્રના કટકા ધારણ કર્યા હતા, એવા વનચરોથી સર્વ પ્રદેશ રૂંધાઇ ગયા હતા, તેઓને પોતાની સન્મુખ દોડી આવતા જોઇ કૌરવો ખડ્ગ, બાણ, ભાલાં ગદા



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને શકિત વિગેરે વિવિધ આયુધો લઇ સન્મુખ ઉભા રહ્યા. હાથી, ઘોડા અને રથ ઉપર આરૂઢ થયેલા રાજાઓ વેગથી ભિલોની સન્મુખ ચાલ્યા. રાજાઓ અને કિરાતો પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. ભિલ લોકોએ પાષાણ તથા બાણવડે રાજાઓને મારવા માંડયા, સૈન્યની અંદર કૌરવોના અનેક સુભટો ભૂમિ ઉપર પડવા લાગ્યા, ગજેંદ્રો મદ રહિત થઇ ઉગ્ર શબ્દો કરતા વનેચરોના ભયથી રણભૂમિમાં ભમવા લાગ્યા, મોટા રથો શીર્ણ વિશીર્ણ થઇ ભૂમિ ઉપર પડવા લાગ્યા, ઘઉં, મગ, દાળ અને ભાતના ઢગલાઓ ભુમિ ઉપર વેરાવા લાગ્યા, કૌરવના સુભટો આભૂષણો અને વસ્ત્રો રહિત થઇ તરફડતા હતા, તેમને જોઇ ભિલ લોકો હસતા હતા. મોટા બળવાન બલીવર્દ બંધ તોડાવી નાસતા હતા, જેઓને કૌરવોના લોકો પકડી શકતા નહોતા, યુદ્ધની સામગ્રી વેહેનારા ઉંટ ભયથી શરીર કંપાવતા ઉંચે સ્વરે પોકારતા હતા, આ પ્રમાણે કિરાત લોકોના સમૂહે કૌરવોનું સૈન્ય જીતી લીધું. નારદ મુનિ તે બધું આકાશમાં રહી જોતા હતા, તેવામાં મદન કિરાતને વેશે દુર્યોધનની કન્યા ઉદધિને એ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હાથે લઇ આકાશમાં ઉડયો. ભિલ લોકોના ભયથી
શરીરે ધ્રુજતી તે રાજપુત્રીને મદન વિમાનમાં નારદ-
ની સમીપ લાવ્યો. રાજકન્યાને વિમાન ઉપર બેસા-
રી ભિલના વેષને ધરતો મદન નિંદિત આકૃતિએ
તેની આગળ વક્રમુખ કરી ઉભો રહ્યો. એ ભયંકર
આકૃતિને ધારણ કરનારા મદનને જોઇ કંપતી એવી
રાજકન્યાને નારદે આદર આપી શાંત કરવા માંડી,
એટલે તે રાજકન્યા નારદ પ્રત્યે બોલી— મહારાજ !
મારૂં નઠારૂં કર્મ જુવો, એમ કહી પાછી રૂદન કર-
વા લાગી, અને પોતાને નિંદવા લાગી. ક્ષણવારે
પાછી બોલી— સ્વામી ! પૂર્વે તમે મને રૂક્મિણીના
પુત્રને આપી હતી, પણ મારા પાપયોગે તે કુમારને
શત્રુએ હરણ કરી મારી નાંખ્યો. પછી મારા પિતા-
એ પુનઃ સત્યભામાના પુત્રને આપી, તે પણ ન
બન્યું, અને અત્યારે કુકર્મના યોગે આ ભિલના
હાથમાં સપડાણી. પિતાજી ! તમે સમીપ છતાં આ
વનેચર મને લઇ જાય, તે યોગ્ય ન કહેવાય. સ-
ત્વર મારી રક્ષા કરો. તમારા જેવા દયાળુ પુરૂષ
આ દુષ્ટથી મારી રક્ષા કેમ કરતા નથી ? હે બં-
ધુઓ ! દુઃખને ભજનારી એવી હું ભિલ લોકોથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હરાઇ જાઉં છું, તમે મારી સામું કેમ જોતા નથી? આ પ્રમાણે કહેતી તે રાજબાળા તે ભિલનું રૂપ જોઇ કંપતી હતી, વિલાપ કરતી હતી, શ્વાસ લેતી હતી, શિથિળ થયેલા વસ્ત્રને ધરી રાખતી હતી, મુખ ઉપર હાથ રાખી વારંવાર રૂદન કરતી હતી, તે પછી રાજપુત્રી મનમાં વિસ્મય પામી, નારદ પ્રત્યે બોલી— નારદજી ! મારૂં વચન સાંભળો. આ દુરાત્મા ભિલની આકાશમાં ગતિ કેમ થઇ હશે ? અથવા કોઇ વિકૃતિ રૂપધારી દેવતા તો નહીં હોય ? અથવા દૈત્ય નિશાચર કે વિદ્યાધર હશે ? તમારા જેવા મુનિને આવા પાપી સાથે કેમ સંગ થયો ? તે દુષ્ટ વૈરીએ તમને પકડયા તો નથી ? આ પ્રમાણે કહી તે રાજકન્યાએ મરવાનો નિશ્ચય કર્યો. રાજકુમારી ઉદધિની આવી સ્થિતી જોઇ નારદ હર્ષથી બોલ્યા— અરે રાજકન્યા ! તું હર્ષને ઠેકાણે શોક કેમ કરે છે ? રાજકન્યા બોલી— પિતાજી ! અહીં હર્ષનું સ્થાન શું છે ? તે કહો. નારદજી બોલ્યા— મુગ્ધે ! તારાં માતા પિતાએ જે રૂકિમણીનો પુત્ર તારે માટે પતિ તરીકે કલ્પ્યો હતો, તેજ આ કુમાર છે. તે વિદ્યાધરોના નિવાસમાંથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તારે માટેજ અહીં આવેલ છે. બાલે! શોક છોડી દે, અને હર્ષ પામ.

આ પ્રમાણે તે સુંદરીને આશ્વાસન આપી નારદે મદનને કહ્યું, વત્સ! હવે ચિરકાળ ક્રીડા કરવી તે સારી ન કહેવાય. તેમજ ચિરકાળ હાસ્ય કરવું તે પણ યોગ્ય નથી. તું તારૂં મનોહર રૂપ ગ્રહણ કર. આ મુગ્ધબાળાના ચિરકાળથી ખેદ પામેલા નેત્રને સફળ કર. આવાં નારદનાં વચન સાંભળી મદને સર્વના નેત્રને આનંદ કરનારૂં પોતાનું રૂપ ગ્રહણ કર્યું. તેની મનોહર મૂર્તિ નાના પ્રકારના રત્નોથી વિરાજિત થઇ ગઈ. માળા ચંદન અને કનકનાં કુંડળ પ્રકાશમાન થઈ ગયાં, હાર, બાજુબંધ, કડાં વિગેરે આભૂષણોથી મંડિત થઇ ગયાં, પ્રફુલ્લિત કમળનાં જેવાં નેત્રથી મનોહર મૂર્તિ લાગવા માંડી, તેની ભુજાઓ કનકના પર્વત જેવી, કઠિન ખંભાવાળી, હાથીની સુંઢ જેવી ગોળાકાર અને દીર્ઘ જણાવા લાગી, ભમરાઓની પંક્તિ જેવા અને સ્નિગ્ધ કેશ શોભવા લાગ્યા, સર્વ લક્ષણો પૂર્ણ રીતે જણાવા લાગ્યાં, અને સર્વ આભૂષણો ઓપવા લાગ્યાં. આવું સુંદર રૂપ કે જે તે જોવાથી પ્રાણીઓ નિર્ભય અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શાંત થઇ જાય, તેનું મનોહર રૂપ જોઇ એ વિચક્ષણ મૃગાક્ષી પરમ સુખને પ્રાપ્ત થઇ, અને તેણીનું હૃદય પરમ સંતોષને પામી ગયું. મદનના માત્ર દર્શનથી તેણીને પરમ પ્રીતિ ઉત્પન્ન થઈ. મદન પણ તેના સૌંદર્યથી પરમ આનંદને પ્રાપ્ત થયો. બંનેને પરસ્પર પ્રેમભાવ અને રાગ એવો ઉત્પન્ન થયો કે, જે વચનથી કહી શકાય તેવો ન હતો. પરસ્પર રૂપ જોઇ તેમનામાં અંતરંગ પ્રેમોલ્લાસ ઉત્પન્ન થઈ આવ્યો. તેમને પરસ્પર સમાગમની ઉત્કંઠા થઇ હતી, પણ નારદની લજ્જાને લીધે તેઓએ તે ઉત્કંઠા સમાવી દીધી. માત્ર નેત્રની વક્રદૃષ્ટિથીજ પ્રકાશીત કરી.

પછી મદને તે ઉદધિ અને નારદની સાથે તે પ્રદેશમાંથી વિમાનને આગળ ચલાવ્યું. વેગથી ચાલતું તે વિમાન ક્ષણવારે ઘણે દૂર ગયું. ત્યાં વિવિધ જાતનાં ચિન્હોથી એક સુંદર નગરી જોવામાં આવી. તે જોઈ મદને નારદને પુછયું, સ્વામી ! આ કઇ નગરી છે ? નારદ મનમાં પ્રેમ લાવી બોલ્યા—વત્સ ! આ દ્વારકા નગરી છે. નાગર લોકના નિવાસ માટે આ પ્રખ્યાત નગરી વિધાતાએ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રચેલી છે. જેમનાં પુણ્ય અવશેષ રહેલાં હોય, તેવા પ્રાણીઓને ભોગવવા માટે જાણે સ્વર્ગનો એક ખંડ અહિં લાવવામાં આવ્યો હોય, તેવી તે સુંદર છે. આ સુંદર નગરી કૃષ્ણ રાજાના નિવાસની સ્થાનભૂમિ છે. તેની આસપાસ રમણીય કિલ્લો અને નકશીદાર દરવાજા રહેલા છે. સ્નાન કરતી નગરની સ્ત્રીઓના સ્તનના કુંકમવાળા જળવડે વિચિત્ર રંગના જળવાળી પૂર્ણ ખાઇથી તે વીંટાએલી છે. તેના રાજમાર્ગ મદમત્ત ગજેંદ્રોના મદ જળથી સદા કાદવવાળા રહે છે. ધનાઢય લોકોની ચુનાબંધ હવેલીઓથી ગોખમાં બેઠેલી રમણીઓનાં મુખ ચંદ્રથી શુકલ અને કૃષ્ણ પક્ષ તેમાં સરખા રહે છે, તેથી દ્રષ્ટાને તે નગરી આશ્ચર્ય ઉત્પન્ન કરાવે છે. તેની દોઢીઓ પ્રૌઢ છે, તથાપિ લોકોના પ્રવેશ અને નિર્ગમથી તેના રસ્તાઓ ગીરદીવાળા રહે છે, મુક્તાફળના સમૂહથી, પરવાલાના વૃંદથી અને શંખ રત્ન પ્રમુખ જાતિથી એ ઉત્તમપુરી પરિપૂર્ણ છે, જે નગરીમાં આવેલાં વૃક્ષો પુષ્પોની સમૃદ્ધિને લીધે ઉન્મત્ત ભમરાઓના વૃંદથી શબ્દ કરતા અને સુશોભિત દેખાય છે, તેમાં આવેલાં તળાવોની અંદર ભ્રમરવા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ળી પદ્મિનીઓ અને વિવિધ મણીઓથી બાંધેલી વાપિકાઓ ઘણી રમણીય છે, જે દ્વારકા નગરીની શોભા જોઇને સ્વર્ગવાસી દેવતા પણ તેમાં નિવાસ કરવા સ્વર્ગનો ત્યાગ કરે છે, શ્રી જિનેંદ્રની ભક્તિથી અને નારાયણની શક્તિથી એ નગરીના કરાવનાર ઇંદ્ર અને કરનાર કુબેર હતા. વત્સ ! તે નગરીનું શું વર્ણન કરવું, ટુંકામાં એટલુંજ કે, ત્રણ ભુવનમાં તે નગરીના જેવી બીજી કોઇ નગરી નથી. આ પ્રમાણે કહ્યા પછી નારદે દ્વારકાની ઉપર આકાશમાં રહી મદનને તેના જન્મગ્રહ વિગેરેની પંક્તિ એંધાણી સાથે બતાવી. નારદનાં આ વચન સાંભળી મદનને દ્વારકા જોવાનું કૌતુક ઉત્પન્ન થયું. તે બોલ્યો—નાથ ! મારૂં વચન સાંભળો. તમે જો આજ્ઞા આપો તો, આ દ્વારકા જોવાની મારી ઇચ્છા છે. મદનનું આ વચન સાંભળી નારદ બોલ્યા—વત્સ ! તને ત્યાં જવાની આજ્ઞા કેમ અપાય ? આ દ્વારકાનગરી યાદવોથી ભરપૂર છે. યાદવો બધા ઉન્મત્ત છે, અને તું ચપળ છે. તો જરૂર યાદવો તરફથી કાંઇ પણ ઉપદ્રવ થાય. નારદે આ પ્રમાણે કહ્યું, તથાપિ મદન જવાને ઉત્સુક થયેલો જોઇ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉદધિ કન્યા નારદ પ્રત્યે બોલી—પિતાજી ! તમે તેમને ત્યાં જવા દેશો નહિ. એ ઉન્મત્ત યાદવો આ ચપળ મદનને પીડા કરશે. તે સાંભળી નારદે કહ્યું, વત્સ ! મારા સિવાય હું તને દ્વારકામાં જવા દઇશ નહીં. હું તને લઇ તારી માતાને સોંપું, તે પછી તારે જે ઇષ્ટ હોય તે કરજે. નારદ અને ઉદધિ બંનેનો અભિપ્રાય જાણી મદન બોલ્યો—મહામુનિ ! હું કાંઇ પણ ચપળતા કરીશ નહીં. હું મારા કુટુંબને મળ્યા પછી બધી દ્વારકા શી રીતે જોઇ શકીશ ? તેથી જો ક્ષણવાર આજ્ઞા આપો તો, હું દ્વારકા નગરી જોઇ સત્વર પાછો આવી, આપની સમીપ હાજર થઇશ. મદનનો આગ્રહ જોઇ નારદે આજ્ઞા આપી, એટલે રાજકન્યા ઉદધિ અને નારદ સહિત તે વિમાન આકાશે સ્થિર કરી, મદન દ્વારકાપુરીમાં ઉતર્યો. જ્યાં દ્વારકાની બાહેર આવ્યો, ત્યાં જાણે બીજો ભાનુ હોય, તેવા ભાનુ કુમારને જોયો. તે કુમાર પ્રતાપનું સ્થાન હતો, તેના મસ્તક ઉપર છત્ર હતું, બંને બાજુ ચામર વીંજાતા હતા, વિવિધ જાતની વિભૂતિ પ્રકાશતી હતી, અનેક રાજપુત્રો તેની સેવા કરતા હતા, તે કુમારને જોઇ મદન વિ-



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમય પામી ગયો, તેણે પોતાની વિદ્યાને પુછયું કે, હે વિદ્યા ! આ કોણ છે ? તે મને જણાવો. વિદ્યા બોલી.—ભદ્ર ! આ અશ્વવાહને સહિત અને રાજપુત્રોએ વીંટાએલો કુમાર તમારી અપર માતા સત્યભામાનો ભાનુ નામે પુત્ર છે. તે ઉદયવાન્ રૂપવાન અને લક્ષણવાળો છે. તમારી જે ઇચ્છા હોય, તે કરો. વિદ્યાનાં આવાં વચન સાંભળી મદને તત્કાળ "પ્રજ્ઞપ્તિ" નામની વિદ્યા સ્મરણ કરી. તે વિદ્યાના પ્રભાવથી લાંબા પેટવાળો, મોટી કાયાવાળો, વેગશાળી, ચપળ, સર્વ લક્ષણોએ યુકત અને સર્વ અંગમાં સુંદર એવો એક અશ્વ વિકુર્વ્યો. આવો અશ્વ બનાવી પોતે એક વૃદ્ધ પુરૂષનું રૂપ લીધું. તેના હાથ પગ કંપતા હતા, તે મસ્તક ધુણાવતો હતો, શરીરની ત્વચા ઉપર કરચલી પડી હતી, ભ્રગુટીના વાળ મોટા હતા, નેત્ર રૂંધાઇ ગયાં હતાં. આવું રૂપ કરી, એક જીર્ણ દોરી સાથે સુવર્ણની લગામ અશ્વને બાંધી તે પોતાના હાથમાં લઈ, જ્યાં ભાનુ કુમાર હતો, ત્યાં તે આવ્યો. અશ્વની આકૃતિ ઇંદ્રના ઉચ્ચૈઃશ્રવા જેવી લાગતી હતી, તેવા અશ્વને દોરી લાવતા તે વૃદ્ધને જોઇ અશ્વ ઉપર ચડેલા ભાનુ કુમારને હાસ્ય આવ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે બોલ્યો— અરે વૃદ્ધ ! આ કોનો અશ્વ છે ? તેં શા માટે તેને પકડયો છે ? જે સત્ય હોય તે કહે. વૃદ્ધ બોલ્યો— કૃષ્ણ નંદન ! મારૂં વચન સાંભળો. આ અશ્વ ભારે કીંમતી છે, તે વેચવાનો છે. જે અર્થીજન હોય, તેને લેવા યોગ્ય છે. હું પરદેશથી અહીં આવ્યો છું. સત્યભામાના પુત્રનેજ આ અશ્વ યોગ્ય છે. બીજાઓને આવો અશ્વ દુર્લભ છે. જો ઇચ્છા હોય તો ગ્રહણ કરો. ભાનુકુમાર બોલ્યો— વૃદ્ધ ! જો આ અશ્વ વેચવાનો હોય તો, તેનું શું મૂલ્ય છે ? તે કહે. વૃદ્ધે કહ્યું. કુમાર ! સત્ય કહું કે અસત્ય ? ભાનુકુમાર હસીને બોલ્યો— તમારા જેવા વૃદ્ધ પુરૂષો જે ઉત્તમ અને સભ્ય હોય, તેમનાં મુખથી કદિ પણ અસત્ય નીકળતુંજ નથી. વૃદ્ધ બોલ્યો— કુમાર ! જો આ અશ્વ ખરીદવો હોય તો, મને એક કોટી સુવર્ણ આપો. તે સાંભળી ભાનુએ કહ્યું. શું હાસ્ય કરે છે ? એટલું મૂલ્ય તે હોય ? વૃદ્ધ બોલ્યો— તમે કૃષ્ણના કુમાર છો, તેનું હાસ્ય કેમ થાય ? વત્સ ! હાસ્ય નીચ જનને આશ્રીને રહેલું છે. આ અશ્વ અતિ સોંઘો છે. મારે શા માટે તેમાં હાસ્ય કરવું જોઇએ ? જે વસ્તુ ગ્રાહ્ય હોય,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેને લોકો પરીક્ષા કરી લે છે.

વૃદ્ધનાં આવાં વચન સાંભળી ભાનુએ કહ્યું, જો સત્ય કહેતા હો તો હું તેની પરીક્ષા કરૂં, પછી મૂઢ અને ચપળ એવો ભાનુકુમાર તૈયાર થઇ તે અશ્વ ઉપર ચડી ગયો, તે લક્ષણવંત અશ્વને ફેરવવા લાગ્યો. અશ્વ ઉત્તમ ગતિ વડે લીલા કરતો ફરવા લાગ્યો. સમપાદ, વક્રપાદ વિગેરે ચાલથી અશ્વે ભાનુના મનને રંજન કરી દીધું. ક્ષણવાર પછી અશ્વ વેગથી ફરવા લાગ્યો, તેના ઉગ્ર વેગથી ભાનુકુમારના વસ્ત્રાભરણ ભૂમિ ઉપર પડી ગયાં. ભાનુએ અશ્વને પકડી રાખવા માંડયો, તથાપિ તે ઉભો રહ્યો નહિ. વેગથી ભમાવી ભાનુને પૃથ્વી ઉપર પાડી નાંખ્યો. ભાનુને પાડયા પછી અશ્વ વિનયવાન અને ચાપલ્ય રહિત થઇ તેની સમીપ ઉભો રહ્યો. અનેક રાજપુરૂષો આવી ભાનુની આસપાસ ઉભા રહ્યા, અને તેની સેવા કરવા લાગ્યા. ભાનુને પડેલો જોઇ તે વૃદ્ધ હસવા લાગ્યો, અને હાથે તાલી દઇ બોલ્યો— કુમાર ! સાંભળો, તમારી અશ્વ શિક્ષાની કીર્ત્તિ પૃથ્વીમાં વિખ્યાત છે, તે શું આવી કે ! તમારી અશ્વ વિદ્યાની કીર્ત્તિ સાંભળી હું દૂર દેશમાં-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થી અશ્વ લઇ તમારી પાસે આવ્યો છું. તમને અ-
ત્યારે જોઇ મારા જાણવામાં આવ્યું કે, તમે અશ્વ
ઉપર ચડી જાણતાજ નથી. હે હરિનંદન ! અશ્વ
શિક્ષામાં તમે મૂઢ છો, આવી નિપુણતા હશે તો
રાજ્ય પણ ભોગવી શકશો નહીં. કોઇ અશ્વ શિક્ષા-
માં ચતુર એવા પુરૂષને પાસે રાખી તેની આગળ
તમારે તે કળા શીખી લેવી જોઇએ. પૂર્વે મેં લોકો-
ના મુખથી સાંભળ્યું હતું કે, સત્યભામાનો કુમાર
અશ્વ શિક્ષા જાણતો નથી. રાજપુત્રની પ્રથમ અશ્વ
શિક્ષા જોવામાં આવે છે. અશ્વ શિક્ષા રહિત રાજપુત્રની
નિર્મળ કીર્ત્તિ ક્યાંથી થાય ? અશ્વ વિદ્યા નહીં જા-
ણનારા રાજપુત્રની લોકો મુખ ઢાંકીને હાંસી કરે છે.
તે વૃદ્ધે આ પ્રમાણે કહી પાછું હાસ્ય કર્યું, એટલે
બીજા લોકો પણ મુખ ઢાંકી હસવા લાગ્યા. હાથે
તાલી આપી હાસ્ય કરતાં તે વૃદ્ધને જોઇ કૃષ્ણ
કુમારને ક્રોધ ચડયો, અને ક્રોધાવેશમાં બોલ્યો—
અરે મૂઢ ડોસા ! તું શઠ લાગે છે, વૃથા હાસ્ય
શામાટે કરે છે ? તારૂં ગાત્ર તો જો, તું જરાથી
પીડિત અને સર્વ કર્મથી રહિત છું, જો તારામાં
આ અશ્વને વહન કરાવાની શકિત હોત તો, તારે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હસવું યોગ્ય છે, અન્યથા કેમ હસે છે ? જગતમાં ઘણા લોકો બીજાને દૂષિત કરવા સમર્થ હોય છે, પણ જે દોષ ભોગવવાને સમર્થ એવા પુરૂષો છે, તેવા તો વિરલા છે. ભાનુકુમારનાં આવાં વચન સાંભળી વૃદ્ધ બોલ્યો— સત્યભામાના પુત્ર ! સાંભળ. સાંપ્રતકાળે અશ્વને વહન કરાવાની મારામાં શક્તિ નથી, વૃદ્ધપણામાં જો આવા અશ્વને ખેલાવામાં મારી શક્તિ હોત તો, આ બહુ મૂલ્યવાળો અશ્વ તને કેમ આપત ? જો તમે બધા રાજપુત્રો એકઠા થઇ યત્ન કરી, મને બાહુથી પકડી આ અશ્વ ઉપર ચડાવો તો, હું તમને મારી કુશળતા બતાવું, અને આવા ઉત્તમ અશ્વને સારી રીતે ખેલાવું. અશ્વ શિક્ષાની ચાલાકીથી કૃષ્ણના કુમાર તને પણ જીતી લઉં, વધારે કહેવાથી શું ? પણ તારા પિતા કૃષ્ણને પણ જીતી લઉં. વૃદ્ધનાં આવાં ગર્વ ભરેલાં વચન સાંભળી ભાનુકુમારને હસવું આવ્યું, અને તેણે તત્કાળ સુભટોને આજ્ઞા કરી કે, સુભટો ! આ વૃદ્ધને પકડી અશ્વ ઉપર ચડાવી દ્યો. કુમારની આજ્ઞા થતાંજ સર્વ સુભટો તે વૃદ્ધને વીંટાઇ વળ્યા, સર્વે મળીને વૃદ્ધને અશ્વ ઉપર ચડાવા પૃથ્વી ઉપર-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થી ઉપાડયો. માયાથી તેનાં ગાત્ર શિથિળ લાગતાં હતાં, અને તેનું શરીર કંપતું હતું. ચડાવતાંજ તે વૃદ્ધ તેમના હાથમાંથી લથડી ગયો. પડતાં પડતાંજ તેણે કેટલાક સુભટોને દાબી નાંખ્યા, કેટલાકની કોણીઓ તુટી ગઇ, કોઇના દાંત ભાંગી ગયા, કોઇનાં માથાં ફુટી ગયાં, કોઇ અચેત થઇ પડયા, કોઇ મૂર્છા પામી ગયા અને કેટલાએક મરી ગયા. તેના પડવાના આઘાતથી કોઇનાં શરીર કંપવા લાગ્યાં, કોઇ હાથ ઉપર મુખ રાખતાં ઉભા રહ્યા, તે વખતે તે પડી ગયેલો વૃદ્ધ માયા—કપટથી વિલાપ કરતો બોલ્યો— અરે ! વિનય વગરના આ દુષ્ટોએ મને પાડી નાંખ્યો, મારી કટી ભાંગી નાંખી, તેથી મને ઘણી પીડા થાય છે. અરે ભાનુકુમાર ! આવા દુષ્ટ સુભટોને તું દ્રવ્ય તથા વસ્ત્ર કેમ આપે છે ? તું પણ મૂર્ખ દેખાય છે.

આ પ્રમાણે સુભટોનો કચ્ચરઘાણ વાળી, તે વૃદ્ધ ઉલટો બોલવા લાગ્યો. પુનઃ તેણે ભાનુકુમારને કહ્યું. મારામાં જે અશ્વશિક્ષાનું ચાતુર્ય છે, તે હું શી રીતે બતાવું ? તારા સુભટો તો નિર્માલ્ય અને અશકત છે. જો તેઓ મને આ અશ્વ ઉપર ચડાવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શકયા હોત, તો હું મારી કુશળતા તમને બતાવત. તે સાંભળી ભાનુકુમારે ફરી વાર સુભટોને કહ્યું કે, બધા એકત્ર થઇ આ વૃદ્ધને અશ્વ ઉપર પાછો ચડાવો. એ ગર્વીષ્ટ ડોસાનું અશ્વશિક્ષાનું કૌશલ્ય આપણે જોઇએ. કુમારનાં આવાં વચનથી જે બળવાન્ સુભટો હતા, તે વૃદ્ધની પાસે આવ્યા. તેઓએ પૂર્વની જેમ તે વૃદ્ધને પાછો ઉંચો કર્યો. તત્કાળ તે પાછો પ્રથમની જેમ સુભટોની ઉપર પડયો. પુનઃ તે સુભટો પણ તેના પડવાથી ચકદાઇ ગયા. વૃદ્ધ પોકાર કરી બોલ્યો— કૃષ્ણ પુત્ર ! મને શામાટે દુઃખ આપે છે ? તારા સુભટો સત્વ વિનાના છે, તેઓ મને અશ્વ ઉપર ચડાવી શકશે નહીં. જો તું પોતે સુભટોની સાથે રહી મને અશ્વ ઉપર ચડાવે તો, તને કૌતુક બતાવું. વૃધ્ધનાં આવાં વચનથી ભાનુકુમાર સંતુષ્ટ થયો, અને પોતે વૃધ્ધને ચડાવા રાજપુત્રોની સાથે બેઠો થયો. તે વૃધ્ધને ચડાવા માંડયો ત્યારે તે લઘુ શરીરવાળો થઈ ગયો, જેવામાં અશ્વના પલાણ ઉપર ચડાવ્યો, ત્યાં તે ભારે થઇ ભૂમિ ઉપર પડી ગયો. તેના પડવાથી રાજકુમારો અને વિશેષથી ભાનુકુમાર દબાઇ ગયો. ભારે શરીર કરી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેણે તે સર્વને ચોળી નાંખ્યા, અને પછી વિ-
વિધ વિલાપ કરતો વેગથી બેઠો થઇ ગયો. પછી
ભાનુની છાતી ઉપર પગ દઇ તે અશ્વ ઉપર ચડી
ગયો, અને અશ્વને ખેલાવવા લાગ્યો. રાજપુત્રો
મનમાં હર્ષ પામી જોતા હતા. તે ભાનુની આગળ
મનોહર ચાલથી અશ્વને ફેરવવા લાગ્યો. ક્ષણવારમાં
ભૂમિ ઉપર અશ્વને ફેરવી પોતાની અશ્વશિક્ષા-
ની કુશળતા દર્શાવવા લાગ્યો, પછી તે અશ્વને લઇ
આકાશમાં ઉછળ્યો. આકાશમાં અશ્વ વહનની તેની
કુશળતા ભાનુ વિગેરે રાજકુમારો ઉંચે મુખે જોવા
લાગ્યા. ક્ષણવાર ગગનમાં અશ્વને ખેલાવી, તે વૃદ્ધ
રૂપે બનેલો મદન ત્યાંજ અદશ્ય થઇ ગયો. સત્ય-
ભામાના કુમાર ભાનુ વિગેરેને ચમત્કાર પમાડી,
' આ દૈત્ય હશે કે ખેચર ? ' એમ ચિંતામાં સર્વને
લીન કરી, અને તેઓને વિલખા કરી, બળવાન
મદન કુમાર ત્યાંથી આગળ ચાલ્યો. થોડે દૂર
જતાં સત્યભામાનું સુંદર ઉપવન જોવામાં આવ્યું,
તે જોઇ મદને કર્ણપિશાચિકા વિદ્યાને પુછ્યું, હે
વિદ્યા ! આ રમણીય ઉપવન કોનું છે ? વિદ્યાએ
કાનમાં આવી કહ્યું, સ્વામી ! એ સત્યભામાનું ઉ-


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પવન છે. પછી મદન વિદ્યાના પ્રભાવથી સોળ વર્ષનો તરૂણ થયો. પોતાની સાથે મોટાં ગાત્રવાળા પણ દુર્બળ એવા પાંચ સાત અશ્વ લીધા, પોતે તેમનો વાહક બન્યો. ક્ષણવાર વનની સમીપે રહી, તેણે રક્ષકોને કહ્યું, હું દૂર દેશથી અશ્વ લઇ આ ઉપવનમાં ચરાવા આવ્યો છું, માર્ગના શ્રમથી મારા અશ્વ દુર્બળ થઇ ગયા છે, એક ક્ષણવાર તેઓને આ વનમાં સ્વેચ્છાથી ચરવા દ્યો. જરા પુષ્ટ થાય, તો પછી મારાથી વેચી શકાય. મદનનાં આવાં વચન સાંભળી તે વનપાળક બોલ્યા— અરે ! તું કોણ છે ? તને શું વાયુ થયો છે ? અથવા શું ભુત વળગ્યું છે ? કોઇએ તને લુંટયો છે કે છેતર્યો છે ? તું આવું પ્રાણનાશક અને નિંદિત વચન કેમ બોલે છે ? આ કૃષ્ણનાં રાણી અને ભાનુકુમારનાં માતા સત્યભામાનું વન છે, પુણ્ય વગરના પ્રાણીઓથી આ વન જોવામાં પણ આવતું નથી, આવા રમણીય વનમાં તું અશ્વનાં પગલાં પાડવા ઇચ્છે છે, તે કેવી વાત ? આ વનમાં નાગરવેલનાં વનથી રમણીય લતામંડપ છે, સત્યભામાના ભાનુકુમારનું આ ક્રીડા સ્થાન છે, અહિ બીજાં માણસ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નો પ્રવેશ પણ થઇ શકતો નથી. વનપાળોનાં આ-
વાં વચન સાંભળી મદન બોલ્યો— અરે વનપાળકો!
મારૂં વચન સાંભળો. તમે નિષ્ઠુર અને અવિવેકી
લાગો છો, 'સૌરાષ્ટ્ર દેશના લોકો નિષ્ઠુર અને દુષ્ટ
હૃદયવાળા હોય છે' એ લોકોની કહેવત બરાબર
દેખાય છે. જે મૂઢ પુરૂષો પુરૂષ વિશેષ સ્થાન અને
માન નથી જાણતા, તેઓનું જીવિત પ્રમાણ નથી.
આ મારા અશ્વ ઘાસનેજ ખાનારા છે, તેઓ આ
જળની નીકની પાસે ચરશે, તેમાં તમને શો બાધ
છે? આ બાબત કાંઇ આજ્ઞા લેવાની જરૂર નથી.
તે અશ્વો તમારા વનને નુકશાન કરશે નહીં. જો
તમારા મનમાં પ્રતીતિ ન આવતી હોય તો, આ
મારી મુદ્રિકા તમારી પાસે રાખો, મેં ન્યાય પૂર્વક
આ અશ્વોને શિક્ષિત કરેલા છે. તેઓ વનનાં ફળ
કે પત્ર કદિ પણ ભક્ષણ કરશે નહીં. તેનાં આવાં
વચન સાંભળી વનપાળોએ તેની પાસેથી મુદ્રિકા
લીધી, અને કહ્યું, અરે અશ્વપાળ! આ તારા અશ્વ
આ નીકની આસપાસ ભલે ચરે, જો ફળ કે પત્રનું
તેઓ ભક્ષણ કરશે તો, આ તારી મુદ્રિકા જશે.
મદને તે કબુલ કર્યું, અને અશ્વને છોડી મુક્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સર્વ રક્ષકો જોતાં તે અશ્વ ન્યાયથી ચરવા લાગ્યા, માત્ર તૃણને ભક્ષણ કરતા તે અશ્વને જોઇ વનપાળકો નિશ્ચિંત થઇ, હળવે હળવે તે મુદ્રિકા લઇ ઘેર ચાલ્યા ગયા. તેમના જવા પછી તે અશ્વો ઇચ્છા પ્રમાણે અને વિદ્યાના પ્રભાવે બધું વન ભક્ષણ કરી ગયા. તે માયાવી અશ્વોએ ક્ષણ માત્રમાં તેને સમૂળગું પાયમાલ કરી નાંખ્યું. તે એવું થઇ ગયું કે, લોકો તે વનની વાર્ત્તા પણ જાણે નહીં. નંદનવન જેવા તે વનને મદનના અશ્વોએ સ્થળ જેવું કરી દીધું. સત્યભામાની સુંદર વાપિકાનો વિલય કરી દીધો. તેની પાસે રહેલાં સરોવર અને વાપિકાને શોષી મરુ સ્થળ જેવાં કરી દીધાં.

માતાનું કાર્ય કરવામાં પ્રવીણ એવો બલવાન મદન ત્યાંથી આગળ ચાલ્યો, ત્યાં નગરીનું ઉપવન જોવામાં આવ્યું. તેમાં વિવિધ જાતનાં વૃક્ષો રહેલાં હતાં, વિવિધ જાતનાં પક્ષીઓ ત્યાં વિશ્રાંત થઇ બોલતાં હતાં, ફળ તથા પુષ્પના સમૂહથી તે વિરાજીત હતું, સ્વર્ગનું નંદનવન જાણે પૃથ્વી ઉપર આવ્યું હોય તેવું તે સુંદર હતું, 'વિદ્યાધર લોકમાં આવું કોઇ વન મેં જોયું નથી' એમ વિચારી વિસ્મય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પામી મદને તે વન વિષે વિદ્યાને પૂછયું—વિદ્યા ! આ વન કોનું છે ? તે મારી આગળ સત્ય કહે. વિદ્યા બોલી—મદન ! સાંભળો. આ વન પણ સત્યભામાનું છે. તે પૃથ્વીમાં પ્રખ્યાત છે. એ સત્યભામા હમેશાં તમારી માતાની સાથે રિપુભાવ રાખે છે. તમે પરાક્રમી છો. જેમ ઇચ્છા હોય તેમ કરો. એ સત્યભામા ભાનુ કુમારની માતા અને કૃષ્ણની પ્રાણપ્રિયા છે. વિદ્યાનાં આવાં વચન સાંભળી મદને વિદ્યાના પ્રભાવે એક મર્કટનું રૂપ ઉત્પન્ન કર્યું. તે મર્કટ, રમણીય અને ચપળ હતો. તેનું પુંછડું લાંબુ હતું, મોટી કાયા હતી, મુખ રાતું હતું, બધું અંગ ચપળ હતું, તેનો મધ્ય ભાગ સૂક્ષ્મ હતો, નેત્ર ચપળ હતાં, દાંત શ્વેત હતા, અને તેના કંઠનો અવાજ કુત્સિત હતો. મદન પોતે ચાંડાલનું રૂપ લઈ તે મર્કટને સાથે દોરી, તે સત્યભામાના વનની પાસે આવ્યો. ત્યાં આવી તેણે વનપાળોને કહ્યું, વનપાળો ! મારૂં એક હિતકારી વચન સાંભળશો ? આ મારો મર્કટ ક્ષુધાથી પીડિત છે, તે તમારા વનમાંથી એકજ ફળ ખાવાની ઇચ્છા કરે છે, એથી તે મર્કટને એક ફળ ખાવા દ્યો. ફળ ખાધા પછી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ હોશીયાર થશે. આ મર્કટ ક્ષુધા રહિત થઇ તૈયાર થાય તો પછી નગરમાં જઇ હું લોકોને તેની ક્રીડા બતાવી રંજન કરૂં. એ મારો આજીવિકાનો ઉપાય છે, એથી હું તમોને વિનંતિ કરૂં છું કે, મારા મર્કટને એક ફળ આપો. તે સાંભળી વનપાળ બોલ્યા—અરે મૂઢ ! તું શું બોલે છે! તને કોઇ પિશાચ વળગ્યો લાગે છે. આ વન કોનું છે, તે તું જાણતો નથી. દ્વારકાધીશ કૃષ્ણ રાજાનાં પટરાણી સત્યભામાનું આ વન છે. પુણ્ય રહિત અને અધમ પ્રાણીઓને આ વનનો સ્પર્શ થવો પણ દુર્લભ છે. તો તેનું ફળ મેળવવાની કે ખાવાની શી વાત કરવી ! આ મર્કટને લઇ અહીંથી ચાલ્યો જા. અરે દુરાશય ! જો વૈષ્ણવ લોકો તને જોશે તો અતિશે કષ્ટ આપશે. હવે અમારો દોષ નથી. વનપાળનાં આ વચન સાંભળી મદન બોલ્યો—અરે વનપાળો ! તમે આવા નિર્દય કેમ થાઓ છો ? મારા મર્કટને એક ફળ પણ આપી શકતા નથી. કદી આ ક્ષુધાતુર મર્કટ દોરી તોડાવી મારી પાસેથી વનમાં જાય તો પછી મારો દોષ નથી. એમ કહી તે ચંડાળરૂપ મદને વેગથી મર્કટને છોડી

P.P. Ac. Gunratnasuri M.S.                Jun Gun Aaradhak Trust

મુક્યો. તત્કાળ તે હસતો હસતો બોલ્યો—અરે વન-
પાળો ! જુવો. હવે બીજો ઉપાય નથી. કૃષ્ણ,
સત્યભામા અને હું પણ આ કોપ પામેલા કપિને
વાળી શકીએ તેમ નથી. એમ કહી તે ચંડાળરૂપી
મદન સત્વર ચાલ્યો ગયો, અને બધા વનપાળો એ
કપિને મારવા તૈયાર થયા. દંડ, ખડ્ગ, પલાશ, પા-
ષાણ, બાણ, તોમર અને બીજાં શસ્ત્રોથી કપિને
રૂંધવા માંડયો, પણ તે રહ્યો નહીં. સર્વ વનપાળો
એકઠા થઇ ગયા. હજારો વનરક્ષકો તે મર્કટની પા-
છળ દોડવા લાગ્યા. તે કપિએ કોપથી બધા વનનો
ધ્વંસ કરવા માંડયો. ઉત્તમ વૃક્ષો અને લતાઓવાળું
તે વન છિન્ન ભિન્ન કરી નાખ્યું. ક્ષણવારમાં તો
તે વનમાં એક વૃક્ષ પણ ન રહેવા દીધું. બધી
સુંદર વાટિકા ઉમેળીને સમુદ્રમાં નાખી દીધી. પછી
મદન ચંડાળની આકૃતિ છોડી કાર્ય સિદ્ધ કરી હર્ષ
પામતો દ્વારકા નગરીમાં પેઠો. માર્ગમાં જતાં એક
સુંદર રથ સન્મુખ આવતો તેના જોવામાં આવ્યો.
એ રથ સુવર્ણનો હતો, તેની અંદર વિવિધ જાતનાં
રત્નો જડયાં હતાં, દિવ્ય મંગલ કળશથી તે પરિ-
પૂર્ણ હતો, તેમાં નવરંગિત સ્ત્રીઓ રહેલી હતી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિવિધ જાતના આદર્શથી તેનો પ્રકાશ થઇ રહ્યો હતો, તેની આસપાસ પતાકાઓ આવેલી હતી. આ સુંદર રથને જોઇ મદને વિસ્મય પામી વિદ્યાને પુછયું, આ કોનો રથ છે ? વિદ્યા બોલી—કામદેવ ! ભાનુકુમારના વિવાહના મંગળ કળશથી પરિપૂર્ણ અને જેની આગળ કાહલ, મૃદંગ અને ભેરી વાગી રહ્યાં છે, એવો તે રથ તમારી માતાની સપત્ની સત્યભામાનો છે. જેવી ઇચ્છા હોય તેમ કરો. આ રથ કુંભારના ઘરથી મંગળકુંભ લાવતો હતો. સાથે સ્ત્રીઓનો સમૂહ ગીત ગાતો હતો; તે હર્ષથી સત્યભામાના મેહેલ તરફ આવતો હતો. વિદ્યાના મુખથી જાણી લઈ અને 'તે પોતાની માતાના શત્રુનો રથ છે,' એમ વિચારી મદને પોતાની આકૃતિ વિકૃતિવાળી કરી દીધી. તે હોઠમાંથી કઠોર શબ્દ કરતો તે રથની સામે દોડયો. પોતાની વિદ્યાથી તેણે સર્વ લોકોને ક્ષોભ પમાડયા, નગરના લોકો હાસ્ય કરતાં તેણે રથને ભાંગી નાખ્યો, તેમાંથી કલશના સમૂહ પાડી નાખ્યા, અને તોરણને ખંડિત કરી દીધાં. આમ તેમ શબ્દ કરી દોડતા તે મદને ભાનુકુમારના લોકોને પાડી નાખ્યા. કેટલીએક સ્ત્રીઓના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાન તોડી નાખ્યા, કોઇના દાંત પાડી નાખ્યા, કોઇ-ની કોણીઓ કાપી નાખી, કોઇના પગ તોડી નાખ્યા, કોઇનાં વસ્ત્રો ફાડી નાખ્યાં. આ બનાવથી જે સ્ત્રીઓનાં મુખથી ગીત નીકળતાં હતાં, તે મુખમાંથી વિલાપ તથા રૂદનના શબ્દો નીકળવા લાગ્યા. એવી રીતે કરી પછી મદન દરેક શેરીએ રથમાં બેશી ભમવા નીકળ્યો. ડાંસ અને મશલાને છોડતો, હોઠમાંથી તીક્ષ્ણ સ્વર કરતો અને મદન રથ ઉપર બેશી ઉંચું મુખ કરી બધી નગરીમાં ભમવા લાગ્યો. તેને જોઇ લોકો શંકા કરવા લાગ્યા કે, આ તે પુરૂષ છે ? દેવતા છે ? ખેચર છે ? અથવા નાગ-કુમાર છે ? આ દૈત્ય હશે ? ઇંદ્રજાળ હશે ? આ તે સ્વપ્ન, જાગ્રતિ કે માયા હશે ? કૃષ્ણની રાજધાનીમાં નિઃશંક થઇ આવી ક્રીડા કરનારો આ કોઇ અલ્પ શક્તિવાળો નહીં હોય. લોકો આ પ્રમાણે હાથે તાળી દઇ હસતા હસતા પરસ્પર એમ કહેતા હતા કે, આવું કૌતુક આપણે આજ સુધીમાં જોયું નથી. આ કોઇ મહાનુભાવ નગરીમાં ભમે છે. લોકોની આવી વાણી સાંભળતો મદન બધી નગરીમાં ભમ્યો અને પછી તેણે બીજો વેષ ગ્રહણ કર્યો. ત્યાંથી આ-



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગળ જતાં એક સુંદર વાપિકા જોવામાં આવી. તે સુવર્ણની રચેલી હતી, તેનાં પગથીઆં રત્નમય હતાં, જાતજાતની સ્ત્રીઓ તેની રક્ષા કરતી હતી, અને પવિત્ર જળથી તે ભરેલી હતી. આવી સુંદર વાપિકાને જોઈ મદને વિદ્યાને પૂછ્યું, મહાવિદ્યે ! આ સુંદર વાપિકા કોની છે ? તે કહે. વિદ્યા બોલી—મદન ! સાંભળો. આ ભાનુકુમારની માતા સત્યભામાની વાપિકા છે. તેની રક્ષા સ્ત્રીઓ કરે છે. આ વાપિકા લોકોને દુર્લભ છે. વિદ્યાનાં વચન સાંભળી મદન ખુશી થયો. તત્કાળ વિદ્યાના પ્રભાવથી તેણે એક વિચક્ષણ વિપ્રનું રૂપ લીધું. સાથે યોગપટ્ટ રાખ્યો, હાથમાં છત્ર, દંડ અને કુંડી રાખી, શાસ્ત્રની આમ્નાયવાળા અને વેદ જાણનાર એ બ્રાહ્મણે હાથમાં દર્ભ ધારણ કર્યો હતો, જાનુ સુધી શ્વેત વસ્ત્ર લટકતું પહેર્યું હતું, કૌપીન અને યજ્ઞોપવીત [ જનોઇ ] ધારણ કરી હતી, વૃદ્ધ શરીરને ધ્રૂજાવતો, અને સ્થૂળ દેહવાળો બ્રાહ્મણ થઇ તે ઉંચે સ્વરે વેદ ધ્વનિ ભણવા લાગ્યો. પછી તે વાપિકા ઉપર આવી બોલ્યો—પુત્રીઓ ! તમે આ વાપિકાના મનોહર જળમાં મને સ્નાન કરવા દ્યો. આ કમંડળ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જળથી ભરી મને આપો. તે જળ લઇ હું નગરીમાં જઇશ. કોઇ ગૃહસ્થને શાંતિ માટે આપી કાંઈ પણ યાચના કરીશ. તે બ્રાહ્મણનાં આવાં વિનય સહિત વચન સાંભળી તે સ્ત્રીઓએ કહ્યું, અરે મૂઢમતિ ! સાંભળ. કૃષ્ણ રાજાની પ્રાણપ્રિયા અને ભાનુકુમારની માતા સત્યભામાનું વિખ્યાત નામ તેં શું નથી સાંભળ્યું ? સૌભાગ્યના નીધાનરૂપ તે સત્યભામાની આ મનોહર વાપિકા છે. બીજાઓથી તો જોઇ શકાય તેવી પણ નથી, તો તેને સ્પર્શ કરવાની શી વાત ? આ વાપિકા સ્ત્રીની જેમ ચક્રવાકરૂપ સ્તનવાળી, હંસગામિની, અને પુરૂષોને પ્રિય છે, યાદવોના સમૂહે, નાગકુમારોએ, પૌરવર્ગે, અને સ્વજનવર્ગે જેના ચરણ સેવવા યોગ્ય છે, એવા દ્વારકાપતિ કૃષ્ણ એકજ પોતાની પ્રિયા સાથે અથવા સત્યભામાના કુમાર શ્રી ભાનુકુમાર એકજ તેમાં સ્નાન કરી શકે છે. તે સિવાય બીજો કોઇ આ વાપિકાના સ્નાનને યોગ્ય નથી. તારા જેવા માણસની અહીં શી રીતે ગતિ હોય ? તેથી અરે ભદ્ર ! અહીંથી સત્વર ચાલ્યો જા, નહીં તો વૈષ્ણવ લોકો તને મારશે.

સ્ત્રીઓનાં આવાં વચન સાંભળી તે બ્રાહ્મણના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વેષવાળા મદને કહ્યું, ભદ્રે ! જો કેશવનો પુત્ર આ વાપિકામાં સ્નાન કરતો હોય તો, મને શામાટે સ્નાન કરવા ન આપો ? હું પણ તે કેશવનો પૃથ્વીમાં વિખ્યાત અગ્ર પુત્ર છું, જો તમને શંકા હોય તો, સાંભળો. હસ્તિનાપુરમાં કૌરવ વંશમાં વિખ્યાત 'સુયોધન' નામે જે રાજા છે, તેની રૂપ ગુણવતી 'ઉદધિ' નામની કન્યા ભાનુકુમારને માટે તેણે પોતાના લોકોની સાથે મોકલી હતી, તે સુંદર કન્યાને માર્ગમાં ભીલ લોકોએ હરી લીધી, તેઓએ તે બાળા પોતાના પતિને અર્પણ કરી. તે ભિલ પતિએ તે કન્યાને જોઇ, મનમાં વિચાર્યું કે, આ કન્યા ક્ષત્રિય કુળમાં થયેલી છે, રૂપ અને યૌવનથી વિભૂષિત એવી આ બાળા મારા જેવા ભિલને યોગ્ય નથી, તે રાજકુળનેજ યોગ્ય છે. આવું વિચારી તે ભિલ પતિએ તે પ્રખ્યાત રાજકન્યાને પોતાની પાસે રાખી, તેવામાં દૈવયોગે રૂપ ગુણવાળો અને નવ યૌવનથી વિભૂષિત એવો હું તે માર્ગે આવી ચડયો. સુંદર એવા મને જોઇ તે ભિલ પતિએ વિચાર્યું કે, આ કન્યા આ પુરૂષને આપવી યોગ્ય છે, તેથી તેને સંશય વિના આપી દેવી જોઇએ. આવું વિચારી તે ભિલ પતિએ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભકિતથી મારાં ચરણ ધોઇ તે રૂપ ગુણવાળી કન્યા મને આપી દીધી. એ કન્યાના જેવી કોઇ બીજી યુવતિ જગતમાં થઈ નથી, અને થશે પણ નહીં. તેમજ મારા જેવો કોઇ બીજો વર પૃથ્વીમાં છે નહીં. હે સ્ત્રીઓ ! વિષ્ણુના પુત્ર નિમિત્ત જે કન્યા મોકલવામાં આવેલ, તે કન્યા મને પ્રાપ્ત થઈ, તેથી હું વિષ્ણુનો પુત્ર છું, હવે શામાટે મને આ વાપિકામાં સ્નાન કરવા ન આપો ? તે વૃદ્ધ બ્રાહ્મણનાં આવાં વચન સાંભળી વનિતાઓ હસતી હસતી બોલી— અરે ભદ્ર ! તું જરાવસ્થાવાળો અને રૂપ યૌવનથી વર્જિત છે. નિંદ્યરૂપવાળો તું કયાં ! અને રૂપ ગુણવાળી તે બાળા કયાં ! આવું વૃદ્ધપણું આવ્યું છે, તે છતાં તું યૌવન વયના જેવું હાસ્ય કરે છે, લોકો તારી મશ્કરી કરશે. અરે વિપ્ર ! જે તું કહે છે, તે કેવી રીતે ઘટે ? તું જરા પૂર્ણ કયાં ! અને તે કુરૂરાજાની પુત્રી કયાં ! રાજપુત્રોની સાથે યુકત એવી એ રાજકુમારીનું હરણ ભિલ લોકો શી રીતે કરી શકે ? અરે વૃદ્ધ ! તારાં વચનમાં જરા પણ સત્ય નથી. આ પ્રમાણે હાસ્ય ભરેલાં વચનોથી એ બ્રાહ્મણને સ્ત્રીઓએ વારવા માંડયો, તથાપિ તેમને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ન ગણી મંદ મંદ રીતે તે વાપિકાના જળમાં પેશવા લાગ્યો. તત્કાળ સ્ત્રીઓ કોપ કરી, તે બ્રાહ્મણને મારવા આવી. બધી તેના હાથને વળગી પડી, જેવામાં તેના હાથનો સ્પર્શ થયો, ત્યાં તો તે બધી કુરૂપ થઇ ગઇ. પરસ્પર પોતપોતાનું રૂપ જોઇ, યુવતિઓ સંશયમાં પડી. પછી તેઓ ક્ષણવારમાં પાછી જુવે ત્યાં જે કાન વગરની હતી, તે કાનથી વિભૂષિત થઇ. નેત્રે કાણી હતી, તે દિવ્ય નેત્રવાળી થઇ. મુંગી હતી તે વાચાળ થઇ, જે સુકા સ્તનવાળી હતી, તે ભારે સ્તનવાળી થઇ, કુરૂપા હતી તે સરૂપા થઇ, અતિ કૃષ્ણા હતી, તે ગૌર થઇ. આ પ્રમાણે પોતપોતાનું રૂપ જોઇ, તેઓ વિસ્મય પામતી હતી, તેવામાં તે વિપ્રરૂપી મદન વાપિકામાંથી જળનું કમંડળ ભરી બહાર નીકળી ગયો. તે આશ્ચર્ય પામેલી વનિતાઓ તો પરસ્પર રૂપ, કાંતિ અને ગુણની પ્રશંસા કરવા લાગી. " એક બોલી— અરે બેન ! તારૂં રૂપ તો અતિ સુંદર થઇ ગયું. બીજી બોલી— તારા કાન સારા થયા. ત્રીજી બોલી— તારામાં પુનઃ તારૂણ્ય આવ્યું. કોઇ બોલી— તારાં નેત્ર સારાં થઇ ગયાં. કોઇએ કહ્યું, તારાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્તન પાછાં કઠિન થયાં. બીજી બોલી— તારૂં ઉદર કૃશ થઇ ગયું." આ પ્રમાણે પરસ્પર આલાપ કરતી તે સ્ત્રીઓમાંથી એક સ્ત્રી વાપિકામાં જળ પીવા ગઈ. ત્યાં પડેલી, જળ વગરની સુકા ઘાસથી ભરેલી જાણે જીર્ણ હોય, તેવી વાપિકા તેના જોવામાં આવી. સુંદર વાપિકાની તેવી સ્થિતિ જોઇ, તે તેમાંથી બહાર નીકળી ગઇ. તેણે આવી સર્વ સ્ત્રીઓને જણાવ્યું કે, તે બ્રાહ્મણે આપણને છેતર્યા છે. તે દુરાત્માએ વાપિકાને શીર્ણ કરેલી છે. તે સાંભળી સર્વ સ્ત્રીઓને કોપ ચડયો. રાતાં નેત્ર કરતી તેઓ 'તે પાપી ક્યાં ગયો' એમ કહેતી પછવાડે દોડી, તેવામાં તો તે બ્રાહ્મણ નગરીની મધ્યમાં આવી પહોંચ્યો, ત્યાં બજારની અંદર દુકાનોની શોભા હરવા લાગ્યો. ત્યાં રહેલાં શસ્ત્રો, વસ્ત્રો, ઘી, વિગેરે સુગંધી દ્રવ્ય, મણિ, રત્ન, આભૂષણ, કર્પૂર, લવણ તથા ધાન્ય વિગેરે પદાર્થોનો અદલો બદલો કરી નાંખ્યો. હાથી તથા અશ્વ પ્રમુખ વાહનોમાં પણ ફારફેર કરી દીધો.

આ પ્રમાણે ચેષ્ટા કરતો તે મદન બ્રાહ્મણ ગામમાં ફરતો હતો, તેવામાં પેલી સ્ત્રીઓ રોષ કરતી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને ગાળો આપતી બ્રાહ્મણની પાસે આવી. ચૌટા વચ્ચે ' અરે દુષ્ટ ! તેં વાપિકાનું જળ કેમ લીધું ? એમ કહી તેઓએ તેના હાથમાંથી જળનું કમંડળ લઇ પૃથ્વી ઉપર ભાંગી નાંખ્યું. તેમાંથી બધું જળ ઢોળાઇ ગયું. તે વખતે તે બ્રાહ્મણે કોપ કરી વિદ્યા વડે તે સ્થળે વાપિકાનું બધું જળ આકર્ષી લીધું, તે જળ ત્યાં આવ્યું, અને ચૌટામાં જળનો પ્રવાહ ચાલ્યો. જાણે સમુદ્ર કે, નદીનું પૂર હોય તેવો દેખાવ થઇ રહ્યો, મુક્તાફળ, સુવર્ણ, રત્ન, જરીઆની વસ્ત્ર વિગેરે પદાર્થો દુકાનોમાંથી તે પ્રવાહમાં તણાવા લાગ્યા, ઘર, દુકાન, વાહન, અને બીજા પદાર્થો તે પ્રવાહ માર્ગે નગરની વચ્ચે વેહેવા લાગ્યા. આ દેખાવ જોઇ લોકો કહેવા લાગ્યા કે, શું આ કલ્પાંતકાળ આવ્યો ! અથવા સમુદ્ર ચલાયમાન તો નથી થયો ? પેલી વાપિકાની રક્ષક સ્ત્રીઓ વેગથી નાશી ગઇ. તે વખતે મદન અંતર્ધાન થઇ ગયો. ત્યાંથી મદન આગળ ચાલ્યો. કેટલેક દૂર જઇ નગરની મધ્યમાં તેણે એક યુવાન બ્રાહ્મણનું રૂપ લીધું. સર્વ જાતિનાં પુષ્પો લઇ ચૌટામાં પુષ્પનો હાર ગુંથતો એક માળી તેના જોવામાં આવ્યો. વિવિધ જાતનાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુષ્પનો પુંજ જોઇ, મદન વિસ્મય પામી ગયો. તેણે પોતાની વિદ્યાને પુછયું, એટલે વિદ્યાએ કહ્યું, સત્યભામાના ભાનુકુમારના વિવાહને માટે તે માળી પુષ્પની માળાઓ તૈયાર કરે છે. તે સાંભળી મદન માળીની પાસે ગયો, અને તે બોલ્યો— અરે માળી ! મને આમાંથી સુંદર પુષ્પ આપ. જે પુષ્પ લઇ હું સત્યભામાના મંદિરમાં જાઉં, અને તેને આશીર્વાદ આપી ભોજન માગી લઉં. અદ્યાપિ હું ક્ષુધાથી પીડિત છું. તમે પુષ્પ આપશો તો ઉપકાર થશે, માટે મને સત્વર પુષ્પ આપો. ભાનુકુમારના વિવાહનો આજે પ્રસંગ છે.

તે યુવાન વિપ્રનું વચન સાંભળી તે માળી લોકો બોલ્યા— હે બ્રાહ્મણ ! અમારૂં હિતકારી વચન સાંભળ. આ પુષ્પ સત્યભામાના કુમાર ભાનુના વિવાહને માટે અમે ગુંથીએ છીએ, આ પુષ્પનું એક દલ પણ અમે આપી શકીએ તેમ નથી, તું અહીંથી દૂર જા. માળીઓનાં વચન સાંભળી મદન બોલ્યો— સત્યભામા પણ શઠ છે, અને તમે સર્વ લોકો પણ શઠ છો. આ પ્રમાણે કહી તે પુષ્પોને પોતાના હાથનો સ્પર્શ કર્યો. મદાર, પારિજાત, બો-


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ડસળી, કમળ, ચંબેલી, શતપત્ર, નાગકેશર, જુઇ, અને મોગરો વિગેરે સર્વ પુષ્પો મ્લાન થઇ ગયાં. તે પછી લીલા કરતો તે ત્યાંથી આગળ ચાલ્યો. સુગંધી બજારમાં તથા ધાન્ય બજારમાં એક બીજાને ઠેકાણે બીજી બીજી વસ્તુઓ નાંખી દીધી. તેમ વળી હસ્તીઓને ઠેકાણે ગધેડાં, અશ્વોને ઠેકાણે ખચ્ચર, અને કસ્તૂરીને ઠેકાણે લશણ એમ વ્યત્યાસ કરી દીધો. તેમજ લશણને ઠેકાણે કસ્તૂરી, લવણને સ્થાને કપુર, અને કપુરને ઠેકાણે લવણ, એમ વિપરીત ન્યાસ કરી દીધો. વળી જે હાથીઓના ઉપકરણો હતા, તે ગધેડાના ઉપકરણો થયા. અને ગધેડાના ઉપકરણો હતા, તે હાથીઓના ઉપકરણો થયા. રજ સુવર્ણ થઇ, અને સુવર્ણ રજ થયું, રત્ન પાષાણ થયા, અને પાષાણ રત્ન થયાં, ધાન્ય મોતી થયાં, અને મોતી ધાન્ય થયાં, ઘી તેલ થઇ ગયું, અને તેલ ઘી થઇ ગયું, કાંબળા પટકુળ થયા, અને પટકુળ કાંબળા થઇ ગયા.

મદન ત્યાંથી આગળ ચાલ્યો, ત્યાં મનોહર રાજમાર્ગ જોવામાં આવ્યો. તેમાં મદમત્ત ગજેંદ્રોના મદરૂપ કાદવથી તે માર્ગ વિષમ થઇ ગયો હતો,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે માર્ગે ચાલતાં એક ઉત્તમ મંદિર જોવામાં આવ્યું. તે મંદિર જોઇ વિસ્મય પામેલા મદને વિદ્યાને પુછયું—વિદ્યા ! આ સુંદર મંદિર કોનું છે ? વિદ્યા બોલી—વત્સ ! તમારા પિતા કૃષ્ણ અને તેના પિતા જે વસુદેવ છે, તેનું આ રમણીય મંદિર છે. ફરીથી વિદ્યાને પુછયું કે, એ વસુદેવને શું પ્રિય છે ? વિદ્યાએ કહ્યું, તેને મેષયુદ્ધ [ બકરાની લડાઇ ] કરાવવાનો શોખ છે. તત્કાળ મદને વિદ્યાના પ્રભાવથી એક મેષ [ મેંઢો ] વિકુર્વ્યો. પછી વિસ્મય પામેલો તે વસુદેવના ઘર પ્રત્યે ચાલ્યો. તે મંદિરને સુવર્ણનાં તોરણ બાંધ્યાં હતાં, ધ્વજા અને માળાઓથી તે અલંકૃત હતું, મણિના દર્પણો, કુંભ અને ઝારીઓથી તે યુક્ત હતું, તેના આંગણાંમાં કેશરીસિંહ, અષ્ટાપદ, વાઘ, રીંછ અને મેંઢાઓ બાંધ્યાં હતાં, તે મંદિરમાં મદને પ્રવેશ કર્યો. દોઢીમાં થઇ આગળ ચાલ્યો, ત્યાં કૃષ્ણના પિતા વસુદેવ જોવામાં આવ્યા. તે સભામધ્યે સિંહાસન ઉપર બેઠા હતા. શસ્ત્ર કળામાં કુશળ એવા રાજપુત્રો તેમને વીંટાઇ વળ્યા હતા. પિતામહને જોઇ મદન હર્ષ પામ્યો. સુવર્ણની જેવી તેની કાંતિ હતી, પૂર્ણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચંદ્રની સમાન મુખ હતું, ગજેંદ્રની સુંઢ જેવી ભુજાઓ હતી, શિલાના જેવી વિશાળ છાતી હતી, ઇંદ્રનીલ મણિની કાંતિ જેવા કેશ હતા, તેમનો શંખના જેવો કંઠ, ગંભીર નાભિ, રાતા અધર, હાથ, અને પગ અને ડોલરના પુષ્પ જેવા દાંત જોઇ મદન વિશેષ આનંદ પામ્યો. તે વસુદેવ ગજ તથા અશ્વની વિદ્યામાં અને શસ્ત્ર વિદ્યામાં ચતુર હતા. તેનો સ્વભાવ સૌમ્ય હતો. મદનને મેંઢાની સામે આવતો જોઈ વસુદેવ હર્ષ પામ્યા. તે મેંઢો રૂષ્ટ પુષ્ટ હતો, શૂરવીર દેખાતો હતો, તે ઘણી શોભાથી સુશોભિત હતો, તેના કંઠમાં મંજરી બાંધી હતી, તેનું મુખ અને શીંગડાં સારાં હતાં. આવાં મજબૂત અને સુંદર મેંઢાને જોઇ વસુદેવે આદર પૂર્વક મદનને પુછ્યું—આ મેષ કોનો છે ? અને શામાટે લાવ્યો છું ? મદન બોલ્યો— આ મેંઢો મારો છે, તે અતિ વિષમ અને દુર્જય છે, હું હાસ્ય કરતો નથી. ખરેખરૂં કહું છું કે, આ મેંઢાના જેવો બીજો બળવાન મેંઢો કોઇ નહીં હોય. પૂર્વે મેષ યુદ્ધમાં આ મેંઢાએ ઘણાં મેંઢાને જીતી લીધાં છે. આપ હુડયુદ્ધ કરાવવામાં ચતુર છો, અને તે જોવામાં શો-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખી છો, એવું સાંભળી હું અહીં આવ્યો છું, તો આ મેંઢાનું યુદ્ધ અવલોકન કરશો. તમારા જેવો મેંઢાના યુદ્ધને જોનાર બીજો કોઇ પુરૂષ નથી. તેની પરીક્ષા કરવામાં તમે એકજ નિપુણ છો. મદનનાં આવાં વચન સાંભળી વસુદેવ બોલ્યા—ભદ્ર ! તારા મેંઢાને મારા જાનુ તરફ છોડી દે. જો તે મારા જાનુને મથન કરવા સમર્થ થશે તો હું જાણીશ કે, તારો મેંઢો બલવાન છે, અને તેના જેવો બીજો કોઇ પૃથ્વી ઉપર નથી. મદન બોલ્યો— આ દ્રઢ અને બલવાન મેંઢાને તમારા જાનુ ઉપર છોડાય નહીં. તમે કૃષ્ણના પિતા છો. જો હું મેંઢાને છોડું અને તમને કાંઇ અનિષ્ટ થાય, તો તમારાં માણસો મને મારી નાંખે. જો ઇચ્છા હોય તો આ મારા મેંઢાને લઇ લ્યો. તેવો છળ કરી મને પાડી મેંઢો લેવો તે યોગ્ય નથી. સ્વામી મારો મેંઢો અત્યંત બલવાન છે, તેને તમારી જાનુ ઉપર કેમ છોડાય ? કદિ જો તમને ભૂતળમાં નાખી દે, તો પછી યાદવો મને શું એ કરી નાખે.

મદનનાં આવાં વચન સાંભળી વસુદેવ હસીને બોલ્યા—અરે ભાઇ ! શંકા રાખીશ નહીં, તારા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મેંઢાને છોડી દે. કદિ તેમ થશે તો તારો દોષ નહીં ગણીએ. મદને બીજા લોકોને કહ્યું, સર્વે સાંભળજો, મારો મેંઢો જો આ વસુદેવને પાડી નાખે, તો મારો જરા પણ દોષ નથી. તે સાંભળી તે લોકો બોલ્યા—અરે પામર ! તારો મેંઢો બીચારો કોણ માત્ર છે ? વસુદેવ જેવા બલવાન પુરૂષ તેનાથી કેમ પડે ? આ પ્રમાણે સર્વનાં વચન સાંભળી મદને મેંઢાને વેગથી છોડી મુકયો. છોડતી વખતે મદને કહ્યું, ભદ્ર ! જો તમે સમર્થ હો, વા પ્રધાન પુરૂષ હો, તો આ દુર્જય મેંઢાને સહન કરો. આ પ્રમાણે કહી છોડેલા મેંઢાએ દોડીને વસુદેવના જાનુ ઉપર મસ્તકથી આઘાત કર્યો. તેનો પ્રબળ આઘાત લાગતાંજ વસુદેવ મૂર્છા પામી પૃથ્વી ઉપર પડી ગયા. તરતજ યાદવો દોડી આવ્યા, અને અગરૂ, ચંદન વિગેરેથી શીતોપચાર કરવા લાગ્યા. યાદવો શીતોપચાર કરી જેવામાં વસુદેવને ભાનમાં લાવ્યા, તેવામાં મદન મેંઢાને લઇ પોતાના પિતામહને ગર્વ રહિત કરી હસતો હસતો બાહેર નીકળી ગયો.

ત્યાંથી આગળ જતાં એક મંદિર જોવામાં આવ્યું, તે મહોત્સવથી અતિ મનોહર લાગતું હતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધ્વજા, તોરણ, માળા અને મંડપ વિગેરે વિવાહનાં ચિન્હોથી તે વિભૂષિત હતું. તે મંદિર જોઇ મદને વિદ્યાને પુછયું, વિદ્યા ! આ સુંદર મંદિર કોનું છે ? વિદ્યા બોલી— ભદ્ર ! તમારાં સપત્ન માતા સત્યભામાનું એ મંદિર છે. વિદ્યાનું વચન સાંભળી મદને વિચાર્યું કે, ચાલો સત્યભામાનું મંદિર જોઇએ. એવું વિચારી મદન સર્વ વિદ્યામાં નિપુણ એવો ચૌદ વર્ષનો બ્રાહ્મણ બન્યો. વિશાળ લોચનવાળો, અતિ ચપળ, વાદી, બહુ ભાષી અને ઉંચે સ્વરે વેદ ભણતો તે ભોજનની ઇચ્છા રાખી, સત્યભામાના ઉત્તમ મંદિરમાં પેઠો. ત્યાં સત્યભામાને સિંહાસન ઉપર બેઠેલાં જોઇ, મદન બ્રાહ્મણરૂપે બોલ્યો— દ્વારકાધીશ શ્રીકૃષ્ણ રાજાના મનરૂપ માનસરોવરમાં રાજહંસીરૂપ અને અતિ પુણ્યના ભાજનરૂપ સત્યભામા દેવીનું કલ્યાણ થાઓ. સમગ્ર શાસ્ત્રરૂપ સમુદ્રને પાર પામેલો આ બ્રાહ્મણ ક્ષુધાથી પીડિત છે, અને ભોજનની ઇચ્છા રાખે છે. માતા ! મને ભોજન કરાવો. તેનાં વચન સાંભળી સત્યભામા હસી પડયાં. સત્યભામાને હસતાં જોઇ, બ્રાહ્મણ વેષી મદન બોલ્યો— ભદ્રે ! કેમ હસો છો ? શું ભોજન આ-

P.P. Ac. Gunratnasuri M.S.	Jun Gun Aaradhak Trust

પવાની ઇચ્છા નથી ?

આ દિવસે સત્યભામાએ વિવાહ પ્રસંગે દ્વારકાના સર્વ બ્રાહ્મણોને ભોજન માટે નોતર્યા હતા, તેઓ બધા ત્યાં એકઠા થતા હતા, તેવામાં મદને બ્રાહ્મણ રૂપે આવી, સત્યભામાની આગળ ભોજનની યાચના કરી. તે સાંભળી બ્રાહ્મણો બોલ્યા— અરે અભાગી બ્રાહ્મણ ! સત્યભામા મહારાણીની આગળ ભોજન કેમ માગે છે ? સત્યભામાનું દર્શન ભગવાનનેજ થાય છે. કૃષ્ણ રાણી સંતુષ્ટ થાય તો, કૃતાર્થ કેમ ન કરે ? અરે મૂઢ ! તેમની આગળ તો હાથી, અશ્વ, વિવિધ રત્ન, સુવર્ણ, પટકૂળ, ગોધન, ગામ, નગર, કે દેશ અથવા સ્ત્રીઓનો સમૂહ માગ્યો હોત તો યોગ્ય હતું. માત્ર ભોજનને માટે શું યાચના કરી ? અથવા ભાગ્યને અનુસારે વચન હોય છે. તારા જેવા નિર્ભાગીના મુખમાંથી તો તેવુંજ વચન નીકળે, તેમાં તારો દોષ નથી. મદને પ્રત્યુત્તર આપ્યો. બ્રાહ્મણો ! બીજા પદાર્થો સર્વે ભોજનમાં આવી જાય છે, તેથી કૃષ્ણ પ્રિયા સત્યભામાની પાસે હું ભોજનજ માગું છું. જે સત્યભામા માંગલ્યને માટે મને આપે. હું એક સંતુષ્ટ થયો તો પછી સર્વ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બ્રાહ્મણો અને આખું જગત સંતુષ્ટ થયું એમ સમજવું. માતા ! હું તમને પ્રાર્થના કરૂં છું કે, તમે મને યથેષ્ટ રીતે ભોજન કરાવો. તેનાં આવાં વચન સાંભળી સત્યભામા ખુશી થયા. તેણે પોતાના પરિવારને તરત આજ્ઞા આપી કે, આ બ્રાહ્મણને રસોડામાં લઇ જાઓ, અને ઇચ્છા પ્રમાણે ભોજન કરાવો. આ વિપ્ર સર્વ શાસ્ત્રને જાણનાર અને વિવેકી છે. એને મોટા આદરથી જમાડો. પુનઃ સત્યભામાએ કહ્યું, જાઓ, મહારાજ ! તમને મારા માણસો જમાડશે. સત્યભામાનાં એવાં વચન સાંભળી વિપ્ર વેષધારી મદન બોલ્યો—દેવી ! આ અધમ અને શઠ એવા બ્રાહ્મણોની સાથે હું જમીશ નહીં. હે માતા ! પાખંડી, નઠારા શીળવાળા, સ્ત્રી પુત્રથી વીંટાએલા, સંધ્યાદિ ક્રિયાથી રહિત, વ્રત તથા આચાર વિનાના, વેદ વિદ્યાથી વિમુખ, બ્રહ્મકર્મથી ભ્રષ્ટ, સત્ય રહિત, અને નામનાજ બ્રાહ્મણ એવા એ લોકોની સાથે હું કેમ ભોજન લઉં ? મને તેમનાથી જુદું આસન આપો. આ બધા બ્રાહ્મણો પતિત છે, તેઓ કેવળ ધનની ઇચ્છા રાખનારા અને બ્રાહ્મણના લક્ષણે રહિત છે. માતા ! સર્વ લક્ષણ સંપન્ન,



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સર્વ વિદ્યામાં ચતુર અને ઉભયલોકને સુખ આપ-
નારા આ બ્રાહ્મણને નમસ્કાર કરી ભોજન કરાવો,
હું એક તૃપ્ત થવાથી સર્વ ગાય બ્રાહ્મણ વિગેરે તૃપ્ત
થશે. મને જે આપવામાં આવશે, તે પુણ્યને અર્થે
જ થશે. માતા ! હું સર્વ વેદનો જ્ઞાતા છું, તરવા-
ને અને તારવાને સમર્થ છું, અને ખરેખરો પાત્ર
છું. વેદ શાસ્ત્રથી હીન, વ્રત તથા શીળથી વિમુખ
અને અધમ એવા આ કોટી સંખ્યાવાળા વિપ્રો
શા કામના છે ?

મદનનાં આવાં વચન સાંભળી સત્યભામાએ
મનમાં વિસ્મય પામી, હાસ્ય કરી, પોતાના માણ-
સોને કહ્યું, અરે પરિજન ! આ વેદના પારંગત
બ્રાહ્મણને ઘણાં આદરથી ભોજન કરાવો. વિલંબ
કરો નહીં. પછી સત્યભામાના પરિજને તેને ભોજન
માટે બોલાવ્યો, એટલે તે હાસ્ય કરતો આવ્યો.
જ્યાં બ્રાહ્મણોને માટે ઉત્તમ પાટલાઓ માંડેલા હતા,
તેમાં જે અગ્ર ભાગે પાટલો હતો તે ઉપર પગ
ધોઇને મદન બેશી ગયો. તે બટુકને અગ્ર પાટલા
ઉપર બેઠેલો જોઇ સર્વ વિપ્ર ગુસ્સે થઇ ગયા.
તેઓએ પરસ્પર બોલવા માંડ્યું. આ પાપી વિપ્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જાતિ હીન છે, તે વિવેકને બીલકુલ જાણતો નથી, પુછયા વગર અગ્ર પાટલે આવી બેઠો તે શું સમજે છે ? ત્યારે કોઇ વૃદ્ધ વિપ્રો બોલ્યા—તે અજ્ઞ છે ભલે બેઠો. એવા નિંદ્ય વિપ્રની સાથે કલહ શું કરવો ? બે પગ ધોઇ આગળ આવી અગ્ર પીઠ ઉપર બેસનારો એ વિપ્ર કલહ પ્રિય લાગે છે. વૃદ્ધના કહેવાથી શાંત થયેલા વિપ્રો પગ ધોઇ બેસવા લાગ્યા. ત્યાં તે મદન વિપ્ર આગળ ને આગળ આવવા લાગ્યો. તેને તેમ કરતો જોઇ તે ગર્વિષ્ટ વિપ્રો કોપ કરી બોલ્યા—આ પાપી કલહ પ્રિય વિપ્ર અધમ લાગે છે. એ મૂઢ વિપ્ર જાતિ ગોત્ર, પ્રવર, શાખા, વેદ અને કુળ જાણતો નથી. વચન બોલવામાં પણ શૂદ્ર જેવો છે, તેની સાથે અમે કેમ ભોજન કરીએ ? તે લુચ્ચાની સાથે કલહ પણ કેટલોક કરીએ. એ પાપી અને શઠને એકલો મુકી અમે બીજા ભુવનમાં જઇ ભોજન લઇશું. આ પ્રમાણે કહી બધા વિપ્રો કોપ કરી ઉઠી ગયા. ઉત્તમ અગ્ર પીઠ ઉપર બેઠેલા તે બટુકને વિપ્રો તિરસ્કાર આપવા લાગ્યા. આ બધું સત્યભામાએ નજરે જોયું. તેણીના મનમાં આવ્યું કે, આ વિપ્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કલહ પ્રિય લાગે છે. સત્યભામાના વિપરીત વિચાર જોઇ વિપ્રો પરસ્પર કહેવા લાગ્યા—જાતિહીન દુષ્ટ વિપ્ર છે. કોઇ વિપ્રનો વેષ ધારી, દ્વિજદ્રોહી, અધમ નર છે. વેદ વિધિમાં ચતુર, સ્મૃતિ શાસ્ત્રના પારગામી, કુલીન, સર્વ વિદ્યાના જાણ, ત્રિવેદી, ચતુર્વેદી, યજ્ઞ કરનારા, અને ઉત્તમ એવા અમોને તે અપમાન આપે છે. આ દુષ્ટ પાપી વિપ્રનો દ્વેષી છે. તેને તો મારવો જોઇએ. તેવા અધમ વિપ્રને મારવામાં કાંઇ પણ પાપ નથી. વિપ્રોને આ પ્રમાણે બોલતાં જોઇ મદન બોલ્યો—હે વિપ્રો ! તમે વેદ અને તેના છ અંગને જાણનારા છો, તેમાં શું પ્રમાણ છે ? તમે આચાર હીન હો તેમાં પણ શું પ્રમાણ છે ? બ્રહ્મત્વ એટલે શું ? બ્રહ્મત્વનું લક્ષણ તમે જાણો છો ? બ્રહ્મત્વ તો દયાએ યુક્ત અને દુષ્પ્રાપ્ય છે.

તમે યજ્ઞમાં અશ્વ, મેષ વિગેરેનો હોમ કરો છો, તેમાં શું પ્રમાણ છે ? માતા પિતાને શ્રાદ્ધમાં બોલાવો છો, અને પિંડ આપો છો, તે કેવી રીતે ઘટે છે ? જીવ મારવાથી પુણ્ય થાય, તેમાં શો આધાર છે ? મધુ, માંસ, અને મદ્યનું જેમાં ભોજન હોય, તેને શી રીતે ધર્મ કહેવાય ? જેમાં અગમ્યા સ્ત્રીનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગમન, દાસીનું દાન અને અપેય વસ્તુનું પાન હો-
ય, તે ધર્મ કેમ ગણાય? આવાં વિપરીત વચનો
જેમાં કહેલાં હોય, તેવો વેદ પણ કેમ પ્રમાણ મ-
નાય? મદનના આવા પ્રશ્ન સાંભળતાંજ તે બ્રાહ્મ-
ણો કોપ કરી, તેને મારવાને ચડી આવ્યા. "વેદ
અને સ્મૃતિથી વિમુખ, વિપ્રની નિંદા કરનાર અને
દુષ્ટ એવા આ પાપીને મારી નાખો, તેમાં જરા
પણ દોષ નહીં લાગે." આ પ્રમાણે કહેતા અને
દાઢીઓ કંપાવતા બ્રાહ્મણો મદનને મારવા આવ્યા,
એટલે મદને પોતાની વિદ્યા તેમના ઉપર મુકી.
વિદ્યાના પ્રભાવથી તેઓ પરસ્પર કોપથી એક બી-
જાને મારવા લાગ્યા. પોતાની મુષ્ટિઓના ઘાતથી
મસ્તકોને કુટવા લાગ્યા, પસીનાવાળાં તેમનાં શરીર
પૃથ્વી ઉપર તરફડવાં લાગ્યાં, કોઈ પૃથ્વી ઉપર
પડતાં, કોઇ સ્ખલિત થતાં, કોઇ કોપ કરી ચાલતાં
અને કોઇ પરસ્પર અથડાતાં હતાં. મુષ્ટિનાઘાતથી
તેમનાં શરીર રૂધિરવાળાં થઈ ગયાં, તેઓ પોકાર
કરી રૂદન કરતાં હતા, અને યુદ્ધ કરતા હતા.
તેઓ વિલખા થઇ યુદ્ધ કરી કરી મૂર્છા પામી,
પૃથ્વી ઉપર પડી ગયા. આ કૌતુક જોઇ, સત્યભામાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હસવું આવ્યું. તેઓ બ્રાહ્મણો પ્રત્યે બોલ્યાં— અરે બ્રાહ્મણો ! શામાટે પરસ્પર લડો છો ? તમને બધાને હું ભોજન આપીશ, મારી આગળ યુદ્ધ કરતાં કેમ શરમાતા નથી ? પછી તેણીએ મદન વિપ્રને કહ્યું, અરે બટુક ! તું પણ બ્રાહ્મણોની સાથે કેમ યુદ્ધ કરે છે ? સત્યભામાના કહેવાથી મદને કહ્યું, માતા ! જુવો, આમાં કોનો દોષ છે ? હું એકલો છું, અને આ વિપ્રો અસંખ્ય છે, એ દુષ્ટો એકઠા થઇ મને મારવા તૈયાર થયા, તોપણ તમે તેઓને કેમ વાર્યા નહીં ? એ શઠ લોકો મને મારી નાખત, અને એક વિપ્રની હત્યા થઇ જાત. સત્યભામા બોલ્યાં— વિપ્ર ! એ લોકોની ચેષ્ટા મારા જાણવામાં આવી છે. કોણે કોને માર્યા, તે પણ મેં જાણ્યું છે. હે વિપ્ર નાયક ! હવે તું મારી આગળ જમી લે. પછી મદન હાથ પગ ધોઇ પાટલા ઉપર બેસી ગયો. સત્યભામાનો પરિજન વિવિધ જાતનાં પકવાન લઇ આવ્યો, ફલપ્રમુખ વિવિધ પકવાન તેને પીરસવામાં આવ્યાં. પછી સત્યભામાએ કહ્યું, વિપ્ર ! અમૃત કરો. મદન બોલ્યો— માતા ! મને તૃપ્તિ થાય, ત્યાં સુધી પકવાન પીરસાવજો. સત્યભામા

P.P. Ac. Gunratnasuri M.S.    Jun Gun Aaradhak Trust

બોલ્યાં— દ્વિજોત્તમ ! જમવા માંડો, તમે કંઠ પર્યંત તૃપ્ત થાઓ, ત્યાં સુધી હું તમને પીરસાવીશ. પછી મદન બુભુક્ષિત થએલા હસ્તીની જેમ વેગથી ભોજન કરવા લાગ્યો. પીરસો, આપો એમ કહેતો મદન ક્ષુધાતુર થઇ જમવા લાગ્યો. પાત્રમાં જેટલું પડતું તે બધું જમી જતો હતો, પીરસનારાઓનો સમૂહ તેના પાત્રમાં ક્રમ વગર વિવિધ પકવાન પીરસવા લાગ્યા. ભાનુકુમારના વિવાહ પ્રસંગે નિમં-ત્રણ કરેલી યાદવોની સર્વ સ્ત્રીઓ તે જોઇ, આશ્ચર્ય પામવા લાગી. તેઓ બધી સાથે વિવિધ જાતના પકવાન લઇ, મદનના પાત્રમાં પીરસવા લાગી. મદન વેગથી તે બધા જમી જતો હતો, ઝાંઝરના શબ્દ કરતી, અને પરસ્પર નિંતબને પીડતી સર્વ યાદવ રમણી ઉપરા ઉપર ભોજ્ય પદાર્થો મદનના પાત્રમાં નાખતી હતી. માંડા, મોદક, માલપુવા, વડાં, ઘેબર, સુતરફેણી, દુધપાક, કંસાર, ભાત, મગ, દાળ, વિવિધ જાતનાં શાક, ઘી, તેલ, દુધ, દધિ અને તક્ર વિગેરે જે પદાર્થો સ્ત્રીઓ તેના પાત્રમાં નાંખતી, તે બધું મદન વિપ્ર જમી જતો હતો. સત્યભામાના ઘરમાં જેટલું અન્નાદિ રાંધેલું તથા નહીં રાંધેલું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતું, તે બધું મદન ભક્ષણ કરી ગયો. મગ, ચોખા, પિષ્ટ, ડાંગર, જવ, ગોધમ, અડદ, અને જે કાંઇ સત્યભામાના ઘરમાં હતું, તે બધું મદન ચાવી ગયો. રાણી સત્યભામાના હાથી, ઘોડા, અને ઉંટને માટે જે ખાણનો ખોરાક હતો, તે બધો તે ક્ષુધાતુર મદન ચટ કરી ગયો. આથી સત્યભામાના ઘરમાં મહાન કોલાહલ થઇ ગયો. તેનો પરિવાર કહેવા લાગ્યો કે, આ શો કોપ ? કોઇ મોટો પ્રેત વિપ્રને વેષે આવ્યો હોય, તેમ લાગે છે. રાણી સત્યભામાના ઘરમાં પુત્રના વિવાહ માટે જેટલા ભક્ષ્ય પદાર્થ એકઠા કરેલા હતા, તે બધાને આ પ્રેત ખાઇ ગયો, તે છતાં જીવતો છે.

આ પ્રમાણે કહેતો તે પરિવાર પીરસવાથી કંટાળી ગયો. એટલે મદન બોલ્યો—મને અન્ન આપો. અરે રાજલોકો ! કેમ મારા પાત્રમાં પીરસતા નથી ? તમે દરિદ્રી અને કૃપણ લાગો છો. પછી મદને સત્યભામાને કહ્યું, દેવી ! મારૂં વાક્ય સાંભળો. તમારા પુત્ર ભાનુકુમારનો શુભ પ્રસંગ છે. આ મંગળ કાર્ય દ્વારકાધીશ નારાયણને ઘેર છે. કૃષ્ણ દ્વારકાધીશ મહારાજા છે, અને તમે તેમના માનવંતાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાણી છો. તેને ઘેર શો તુટો હોય ? પરિવારને આજ્ઞા કરો. આવું કૃપણપણું રાખો નહીં. મારા જેવો એક અલ્પ ભોજી બ્રાહ્મણ તમારે ઘેર તૃપ્ત નહિ થાય, તો પછી બીજા સામાન્ય લોકોને ઘેર મારી તૃપ્તિ ક્યાંથી થશે ? એમ કહેતાં તેને ક્રોધ ચડી આવ્યો. તે બોલ્યો—અરે પાપી સત્યભામા ! તારા જેવી કૃપણ સ્ત્રીનું અન્ન મારા પેટમાં રહેશે નહીં, માટે લે. તારૂં બધું અન્ન પાછું ગ્રહણ કર. આ પ્રમાણે કહી મદને વમન કરવા માંડ્યું. વમન કરેલા અન્નાદિ પદાર્થથી સત્યભામાનું આંગણું પુરાઇ ગયું, અને તેમાં તે ડુબી જવા લાગી. વમનના રસનો એવો પ્રવાહ ચાલ્યો કે, તેમાં સર્વ બ્રાહ્મણો, સર્વ સ્ત્રીઓ, ચિત્રશાળા, વસ્ત્ર સુકવાની પેટીઓ, રક્ષાના સમૂહ, પાત્રોના સમૂહ, રૂની ગાદીઓ, અને ખાટલા વિગેરે, તરવા લાગ્યા. વધારે શું કહેવું.? સત્યભામાનું બધું મંદિર તેનાથીજ ભરાઇ ગયું. ક્ષણવાર પછી તે જળને હરી લઇ મદન તે મંદિરની બાહેર નીકળી ગયો. પાછો તે હૃદયમાં ચિંતવવા લાગ્યો. હવે અહીંથી ક્યાં જાઉં ? એમ કહી તેજ માર્ગે ચાલ્યો. ત્યાં એક સુંદર મંદિર


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જોવામાં આવ્યું. તે હાથી, ઘોડા, અને મનુષ્યોના વૃંદથી પરિપૂર્ણ હતું. તેની અંદર મહોત્સવ થઇ રહ્યા હતા. તે જોઇ મદને વિદ્યાને પુછયું, વિદ્યા ! આ કોનું મંદિર છે ? વિદ્યા બોલી—સ્વામી ! તમારાં માતુશ્રી રૂક્મિણીનું આ મંદિર છે. તેની અંદર ઉત્સવ થઇ રહ્યા છે. વિદ્યાનાં તે વચન સાંભળી મદન ખુશી થયો. તત્કાળ તેણે એક ક્ષુલ્લકયતિનો વેષ લીધો. તેનું અંગ ક્ષીણ થઇ ગયું હતું, તેથી તે વિરૂપ દેખાતો હતો. મુખમાંથી દુર્ગંધ નીકળતી હતી, દાંત કાળા થઇ ગયા હતા, પરાક્રમ બીલકુલ ન હતું, તેના દાંત ઉંચા હતા, નેત્ર વિરૂપ હતાં, ગાત્ર સુકાઇ ગયાં હતાં, નઠારાં લક્ષણો દેખાતાં હતાં, ચરણ લાંબા હતા, હાથ ટુંકા હતા, શરીર ઠીંગણું હતું, વર્ણ શ્યામ હતો, નાસિકા ચીપટી હતી, જંઘા સુકી હતી, માંસ હતું નહિ, ઉરૂ તથા કટી ભાંગેલાં હતાં, પૃષ્ટ ભાગ કોઢીઓ હતો, પેટ વિશાળ હતું, હાથમાં દંડ રાખ્યો હતો, એક વસ્ત્રના ખંડથી અંગ ઢાંકયું હતું, હાથમાં ભિક્ષાપાત્ર રાખ્યું હતું, હાથ પગનાં આંગળાં ચીરાઇ ગયાં હતાં,—આ પ્રમાણે ક્ષુલ્લકયતિ થઇ તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાની માતાના મંદિરમાં પેઠો. રૂકિમણીનું મંદિર તે વખતે મહોત્સવથી પરિપૂર્ણ હતું. ચારે તરફ મણિથી વિરાજમાન હતું, ભેરી, દુંદુભિ, શંખ, મૃદંગ, ઢોલ, વીણા, વાંસલી, તાલ, ઝાલર અને નોબતના નાદથી તે ગાજી રહ્યું હતું, શ્રીખંડ, કાલાગરૂ વિગેરેના ધૂપથી ધૂપિત હતું. આવા સુંદર મંદિરમાં તે ક્ષુલ્લકયતિ દાખલ થયો. ત્યાં ઉત્તમ આસન ઉપર બેઠેલાં રૂકિમણીદેવી તેના જોવામાં આવ્યાં. તેની આગળ ઘણો વ્યાપાર કરતી વનિતાઓ ઉભી હતી. પોતે જીનેંદ્રના ગૃહચૈત્યની આગળ રહેલાં હતાં. તેમણે નીલકમળના ખંડ જેવી કાંતિવાળાં વસ્ત્ર પેહેર્યાં હતાં. પૂર્ણ ચંદ્રના જેવું તેમનું મુખબિંબ શોભતું હતું, પાકેલા બિંબ ફળ જેવા તેના અધર હતા, ડોલરના પુષ્પ જેવા દાંત હતા, હાથ પગ કમળ જેવા હતા, સુવર્ણ તથા રત્નનાં આભૂષણો તેમણે પેહેર્યાં હતાં, સર્વ લક્ષણોએ યુક્ત હોવાથી તે મનોહર લાગતાં હતાં, તેમના સર્વ અવયવ સુંદર હતા. આવાં રૂકિમણીને જોઇ મદન હૃદયમાં ચિંતવવા લાગ્યો—અહા ! કેવું સૌંદર્ય ? આ બ્રહ્માની કીર્તિ તો નહીં હોય ? આ સૂર્યની કામિની હશે ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અથવા શંકરની સ્ત્રી પાર્વતી, કે શેષનાગની સ્ત્રી તો નહીં હોય ? આ સુંદરીએ પોતાના સૌંદર્યથી સત્યભામાને અને બધી દેવીઓને જીતી લીધી છે. અથવા વિધાતાએ કૃષ્ણની પ્રીતિ સંપાદન કરવાને વિશ્વની વિલાસી વનિતાઓનું રૂપ લઇ આ રમણીને નિર્માણ કરી હશે.

આ પ્રમાણે જીનેશ્વરના ભવનની આગળ મંડપ નીચે રહેલી માતાને જોઇ, મદનના મનને સંતોષ થયો. તેણે માતાને વિનયથી નમન કર્યું. " ઉત્તમ વંશમાં ઉત્પન્ન થયેલો કયો પુરૂષ પૂજ્ય જન ઉપર પ્રીતિ ન કરે ? " પૂજ્યને માન આપવું, એ કુલીનનું લક્ષણ છે. યતિનો વેષ લઇ આવતા મદનને જોઇ, જિન ધર્મની પ્રભાવિકા રૂક્મિણી બેઠાં થયાં. તેની સન્મુખ જઇ, તેના ચરણ કમળમાં પૃથ્વીપર મસ્તક અડાડી તેણીએ નમસ્કાર કર્યો. યતિએ તેનો મહાન્ વિનય જોઇ કહ્યું, માતા ! તમારે ભવોભવ દર્શન—સમકિતની શુદ્ધિ રહેજો. રત્નનાં કિરણોના સમૂહથી ભુવનના આંગણાને પ્રકાશ કરતું એક સિંહાસન રૂક્મિણીએ આસન માટે આપ્યું, તે ઉપર ક્ષુલ્લક મુનિ બેઠા. સ્તનના અને નિતંબના ભારથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પીડિત એવાં રૂકિમણી તે મુનિની આગળ ઉભાં રહ્યાં. માતાને દુઃખિત જોઇ, મદન બોલ્યો— માતા ! મારી આગળ બેસો. મુનિના કહેવાથી ધર્મ સ્નેહથી પરિપૂર્ણ એવાં રૂકિમણી તેમની આગળ બેઠાં, અને તે યતિની સાથે સમકિતની વાર્ત્તા કરવા લાગ્યાં. પરસ્પર પ્રીતિવાળાં, જિન શાસનથી ભાવિત થએલાં અને વિચક્ષણ એવાં તે બંને પ્રિય આલાપથી ધર્મ વાર્ત્તા કરવા લાગ્યાં. ક્ષણ વાર કપટ રહિત વાર્તાલાપ કરી, યતિ વેષધારી મદન મનમા પ્રસન્ન થઇ બોલ્યો— હે ભાગ્યવતિ દેવી ! સાંભળો. તમે દ્વારકાના રાજા કૃષ્ણની રાણી છો, તમને જે યોગ્ય લાગે તે મારે કહેવું જોઇએ. હે શુભે ! હું ઘણાં તીર્થ કરી, અનેક દેશ ફરી અહીં આવ્યો છું. સમ્યકત્વમાં તમારી પ્રસિદ્ધિ સાંભળી, મને અહીં આવવાની ઇચ્છા થઇ છે. જેવાં તમે બહાર સંભળાઓ છો, તેવાં મને અત્યારે લાગતાં નથી. હું માર્ગના શ્રમથી થાકી પ્રચંડતાપથી પીડિત થઇ અહીં આવ્યો છું, તે છતાં તમે મારાં ચરણ ધોવાને ઉષ્ણ જળ આપતાં નથી, તેમજ આહારપાણીની વાત ઉચ્ચારતાં નથી. માત્ર એકલી ધર્મ વાર્ત્તા કરો છો, એથી તમે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિવેક રહિત છો, એમ મારે કહેવું જોઇએ. તેનાં વચન સાંભળી રૂકિમણી બોલ્યાં— સ્વામી ! સત્ય કહો છો. હું વિવેક વિનાની છું. પછી રૂકિમણીએ સેવક જનને કહ્યું, જરા ઉષ્ણ જળ લાવો, હું મુનિને ચરણ ધોવાને આપું. સેવક લોક ઉષ્ણ જળ લેવાને ગયા, ત્યાં મદને વિદ્યાથી અગ્નિને સ્તંભિત કરી દીધો. જળ શીતળ થઇ ગયું, અગ્નિ પ્રજ્વલિત થયો નહીં. પછી મદન બોલ્યો— મને ક્ષુધા લાગી છે, ભોજન આપો. એક ક્ષણ વાર પણ હું રહી શકતો નથી. હવે હું શું કરૂં ? મારા પ્રાણ ચાલ્યા જાય છે. માતા ! મને સત્વર ભોજન આપો. તે સાંભળી રૂકિમણી વેગથી પોતે બેઠાં થયાં, અને જાતે અગ્નિને પ્રગટ કરવા લાગ્યાં. મદને સ્તંભિત કરેલો અગ્નિ પ્રગટ થતો નથી. રૂકિમણી ધુમાડાથી આકુળ વ્યાકુળ થઇ ગયાં, તેણીના કેશ શિથિળ થઇ ગયા, તથાપિ જિન ધર્મથી વાસિત હોવાને લીધે તેઓ કંટાળ્યાં નહીં, ચિત્તને મલિન કર્યું નહીં. તેને આકુળ વ્યાકુળ જોઇ મદન બોલ્યો— માતા ! ઉષ્ણ જળ લાવો, પછી મને તમારા ઘરમાં હોય, તે પ્રાસુક પકવાન આપો, હું ભુખે મરી ગયા પછી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમારૂં ભોજન શા કામનું છે ? એમ મદન ક્ષુધાથી પોકાર કરવા લાગ્યો, પછી રૂકિમણી ઘરમાં ભોજનની તપાસ કરવા ગયાં. બધાં પાત્રો જોયાં, પણ કયાંઇ ભોજન જોવામાં આવ્યું નહીં. મદને વિદ્યાના પ્રભાવથી બધું હરી લીધું હતું. તપાસ કરતાં એક પાત્રની અંદર કૃષ્ણને ભોજન કરવા રાખેલા દશ લાડુ જોવામાં આવ્યા. તે લાડુમાંથી કૃષ્ણ માંડ માંડ એક લાડુ ખાઇ શકતા હતા. તે જોઇ રૂકિમણીએ ચિંતવ્યું કે, આ સાધુનું શરીર ક્ષીણ થઇ ગયું છે, તેને જો આવા ભારે લાડુ આપીશ, અને તેથી જો પંચત્વને પામશે, તો મને હત્યા લાગશે. વળી ઘરમાં બીજું કાંઇ અન્ન જોવામાં આવતું નથી, અને આ મુનિ ક્ષુધાથી પીડિત છે. જો કાંઈ નહીં આપું, તો તે કોપથી મને ગાળ આપશે. પછી રૂકિમણીએ ભય પામી, યતિને આસન આપી આગળ પાત્ર ધર્યું, અને હાથ પગ ધોવાને જળ આપ્યું. યતિ બોલ્યા— માતા ! સત્વર અન્ન આપો, હું રહી શકતો નથી. મારે ચાલવાની શક્તિ નથી, તેથી અહીંજ બેસીને આહાર કરીશ. રૂકિમણીએ વિચાર્યું કે, જો હું અર્ધો મોદક મુકીશ તો ક્રોધ કરશે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ દેવી વિચારમાં પડી, ત્યાં તો યતિ ક્રોધથી લાલ નેત્ર કરી બોલ્યા — માતા ! તું કૃપણ લાગે છે, કેમ કાંઇ અન્ન મુકતી નથી ? પછી રૂક્મિણીએ હળવે રહીને એક લાડુ મુકયો, ક્ષુધાતુર યતિ તે ખાઇ ગયો. પછી બીજો લાડુ મુકયો, તે પણ ખાઇ ગયો. યતિએ પાછો પોકાર કર્યો, એટલે ત્રીજો મુકયો, યતિ તે પણ જમી ગયો. એવી રીતે બધા લાડુ મુકયા, અને તે પણ બધા ખાઇ ગયો. પુનઃ કહ્યું, માતા ! હજુ વધારે મુક. રૂક્મિણીએ જોયું, પણ કાંઇ અન્ન જોવામાં આવ્યું નહીં. રૂક્મિણી આકુલ વ્યાકુલ થઇ ગયાં. તે જોઇ યતિએ કહ્યું, હવે બસ થયું. માતાનો ધર્મ રાગ પરીક્ષા કરી જોઈ યતિને સંતોષ થયો. પછી યતિ ઉઠીને ઘરની બાહેર આવ્યો. દેવીએ આસન આપ્યું, તે ઉપર બેઠા. રૂક્મિણી ભકિતભાવથી તે ક્ષુલ્લકમુનિની આગળ બેઠાં. યતિની સાથે સમ્યકત્વની વાર્ત્તા કરવા લાગ્યાં. યતિએ કેટલોએક ધર્મનો બોધ આપ્યો.

શ્રીમંધર ભગવંતે રૂક્મિણીને પૂર્વે કહ્યું હતું કે તારો મદન કુમાર આવશે, ત્યારે અમુક પ્રકારના ભાવ—દેખાવો થઇ જશે—તે કામદેવના આગમનને

P.P. Ac. Gunratnasuri M.S.    Jun Gun Aaradhak Trust

સૂચવનારા બધા બનાવો આ વખતે પ્રગટ થવા લાગ્યા, રૂક્મિણીના મંદિર પાસે અશોક વૃક્ષ શુષ્ક થઇ ગયેલ તે નવપલ્લવિત થઇ ગયું, તે પુષ્પ, ફળ, અને ગુચ્છવાળું થઇ ગયું, જે મુંગા હતા, તે બોલતા થઇ ગયા, વિરૂપી જન સુરૂપી થઇ ગયા, કુબડા સરળ થયા અને આંધળા દેખતા થઇ ગયા, સુકાએલી વાપિકા જળથી પરિપૂર્ણ થઇ, ઉદ્યાનમાં કોકિલાના નાદ અને મયૂરના નૃત્ય થવા લાગ્યાં, સમય વિના વસંતઋતુ પ્રગટ થયો, ભ્રમરાઓનો ગુંજારવ થઇ રહ્યો, વૃક્ષો પુષ્પ તથા ફળથી વ્યાપ્ત થઇ ગયા. સર્વ દેખાવ માતાના મનને પ્રીતિકારક થઇ પડયો.

આ દેખાવ જોઇ રૂક્મિણીને હર્ષ થઇ આવ્યો. મનમાં ચિંતવ્યું કે, શ્રીમંધર પ્રભુના કહેવા પ્રમાણે આ સર્વ બનાવો મારા પુત્રના આગમનને સૂચવનારા જણાય છે, પણ પુત્ર જોવામાં આવતો નથી. મારૂં શરીર રોમાંચિત થઇ જાય છે, અંતરમાં અતિ હર્ષ આવે છે, સ્તનમાંથી દુધની ધારા વહે છે, અને દિશાઓમાં નિર્મળતા દેખાય છે. તથાપિ પ્રિય પુત્ર જોવામાં આવતો નથી. આ ક્ષુલ્લકયતિ તો



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રખે મારો પુત્ર નહીં હોય ? કદિ તે પુત્ર હોય તો આવો નિંદવા યોગ્ય કુરૂપી ન હોય. જો આવો કુરૂપી પુત્ર હોય તો, હું સત્યભામાને કેવી રીતે મુખ બતાવું ? એ સાહંકારી અને દુરાશયા સત્યભામા મારૂં હાસ્યજ કરે. હું પુણ્ય વગરની અને માન વગરની છું. રૂકિમણીએ વળી ચિંતવ્યું કે, કૃષ્ણના વીર્યથી આવો પુત્ર કેમ થાય ? અથવા બીજ સારૂં હોય પણ ક્ષેત્રના યોગથી તે શુભાશુભ થાય છે. મારે વિષે ઉત્પન્ન થયેલ પુત્ર બલવાન સ્વરૂપવાન, વિદ્વાન, ગુણી, શ્રેષ્ટ, યશસ્વી, અને પ્રખ્યાત કેમ ન થાય ? અથવા વીર્ય કે ક્ષેત્રનું કાંઇ પ્રમાણ રહેતું નથી. પ્રાણીઓને રૂપ કે કુરૂપ તે પુણ્યથીજ થાય છે. જો ક્ષેત્ર પ્રમાણ હોય તો હરિણ, ઉંટ, સિંહ અને હાથીઓમાં તેમ કેમ ન થાય ? અથવા મેં પૂર્વે નારદનું વચન સાંભળેલું છે કે, તારો પુત્ર મેઘકૂટમાં વિદ્યાધરને ઘેર વૃદ્ધિ પામે છે. બધી વિદ્યાઓ, સ્વરો અને કળાઓને તે સંપાદન કરશે, તેમાં કાંઇ પણ સંશય નથી. કદી તે વિદ્યાના પ્રભાવથી આવી માયા કરી મારા મનની પરીક્ષા કરવાને તો નહીં આવ્યો હોય ? સોળ પ્રકારના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાભ મેળવી, એ વિદ્યાથી વિભૂષિત અને શત્રુ
વર્ગનો વિજય કરનારો એ પુત્ર આવો ક્ષુલ્લક મુનિ
કેમ થાય ? આવું વિચારી રાણી રૂકિમણી વિનયથી
એ શીળરૂપ આભૂષણવાળા ક્ષુલ્લકમુનિ પ્રત્યે બો-
લ્યાં—સ્વામી ! આપને આદરથી કાંઇક પુછવા ધારૂં
છું. કૃપા કરી તમારા પૂર્વના માત પિતા અને બંધુ
જનની કથા કહી મારા કર્ણને સુખી કરો. રૂકિમણી-
નાં આવાં વચન સાંભળી તે ક્ષુલ્લક મુનિ બોલ્યા—
હે ઉત્તમ શ્રાવિકા ! મારૂં વચન સાંભળો. જેમણે
પોતાનું ઘર છોડી દીધું, અને મુનિઓનું વ્રત
ગ્રહણ કર્યું, તેઓ પોતાની જાતિ, કુળ અને બંધુઓ-
ની કથા કેમ કરે ? માતા ! શીળધારી અને સંયમી
એવા મુનિઓને તેમનાં જાતિ, કુળ વિગેરેની કથા
તમે સમકિતધારી થઇ કેમ પુછો છો ? માતા !
જીન માર્ગમાં કોઇ જાતિ કે કુલહીન હોય, એવું તમે
શું સાંભળ્યું છે ? કે જેથી તમે મને પુછો છો.
કદી ઉન્નત કે હીન પુરૂષ હોય તોપણ તમારે શું ?
ઉપકાર કરનારે હીન કે ઉત્તમ કાંઇ જોવાનું નથી.
હે જનની ! તમે ચતુર થઇ કેમ પુછો છો ?
અમારા સાધુઓના તમે માતા, અને કૃષ્ણ પિતા છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યતિઓના માતા પિતા શ્રાવકોજ કહેલા છે. તમે સાધુઓની સંસારી કથા શા માટે પુછો છો ? યતિનાં આવાં વચન સાંભળી રૂક્મિણી તે વિષે બોલ્યા નહિ. પછી તેઓ પાછી ધર્મ કથા કરવા લાગ્યા. આ વખતે એવું બન્યું કે, સત્યભામાની દાસીઓ કેશની વલ્લી લેવાને ગાતી ગાતી હાથમાં મણિમય પાત્ર લઇ રૂક્મિણીના મંદિરની દોઢીએ આવી. રૂક્મિણી અને સત્યભામા કોઇ કોઇની દાસીઓ કોઇ કોઇનાં મંદિરમાં મોકલતી નહીં. તથાપિ સત્યભામાએ ઇર્ષ્યાથી પોતાના પુત્રના વિવાહનો ગર્વ બતાવા દાસીઓને કેશવલ્લી લેવાને આજે મોકલી હતી. જેવામાં સત્યભામાની દાસીઓ દોઢીએ આવેલી જોઇ કે તરત રૂક્મિણીને દુઃખથી અશ્રુપાત થઇ ગયો. રૂક્મિણીને અશ્રુપાત કરતી જોઇ ક્ષુલ્લક-મુનિએ પુછ્યું, માતા ! તમને અકસ્માત્ શોક કેમ થઇ આવ્યો ? તેનું કારણ મને સત્વર જણાવો. રૂક્મીણીએ ગદ્ગદ્ કંઠથી કહ્યું, મુનિરાજ ! હું તેનું કારણ કહું, તે આપ એક મને સાંભળો.

તમારા જેવા યતિઓને દુઃખનું કારણ કહ્યું હોય, તો વખતે દયા ધર્મના પ્રભાવથી તે લય પા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મી જાય. મુનિવર્ય ! મારા પતિ કૃષ્ણને ' સત્ય-
ભામા ' નામે એક પ્રથમની સ્ત્રી છે, તે વિદ્યાધરી
છે. કળા અને ગુણનું સ્થાન છે. હું ભીષ્મરાજાની
પુત્રી માનવ જાતિની સ્ત્રી છું. પૂર્વ પુણ્યના યોગે
પતિના મનને પ્રસન્ન કરનારી થઇ છું. પૂર્વે અમા-
રા બંનેની વચ્ચે સર્વની સાક્ષીએ એવા ઠરાવ થયો
હતો કે, જેને પુણ્ય યોગે પ્રથમ પુત્ર થાય, તેના
પુત્રના વિવાહ પ્રથમ કરવામાં આવશે. વિવાહ વખ-
તે જે પુત્ર વગરની હોય, તેણીએ પોતાના કેશની
વલ્લીથી તે પુત્રવાળીનાં ચરણનું પૂજન કરવું.
ગર્વને વશ થઇ, અમો બંનેની વચ્ચે એવા ઠરાવ
કરવામાં આવ્યો છે. કર્મ યોગે જ્યારે મારે સર્વ
લક્ષણવાળો પુત્ર આવ્યો, ત્યારે તેજ દિવસે સત્ય-
ભામાને પણ ' ભાનુ ' નામે કમળ જેવા લોચન-
વાળો વિચક્ષણ પુત્ર આવ્યો. પુણ્યથી હીન એવી,
મારા બાલ પુત્રને કોઇ પાપી અને દુષ્ટ દૈત્ય હરી
ગયો, અને તેને મારી નાંખ્યો. સત્યભામાનો પુત્ર
ભાનુ તેના પુણ્ય યોગે અનુક્રમે મોટો થયો. ' પુ-
ણ્યથી સર્વ જાતનાં સુખ થાય છે. ' મુનિરાજ ! તે
ભાનુકુમાર વિવાહને યોગ્ય થયો. હસ્તિનાગપુરના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા દુર્યોધનની ‘ ઉદધિ ’ નામે ગુણવાન પુત્રી ભાનુના વિવાહ માટે પરણવા આવી છે. પૂર્વના ઠરાવ પ્રમાણે સત્યભામાની દાસીઓ એક નાપિતને લઇ મારી કેશવલ્લરી લેવા અત્યારે આવી છે. મારા સૌભાગ્યનું ચિન્હ તે લઇ જશે, એથી મને શોક થાય છે. પૂર્વે હું મરવાને તૈયાર થએલ, ત્યારે નારદે આવી મારા પુત્રના આગમનની વાર્ત્તા કહી મને સંતુષ્ટ કરી હતી. વળી સીમંધર જિનેંદ્રે નારદજીને મારા પુત્રના આગમનને સૂચવનારા જે જે બનાવો કહ્યા હતા, તે બધા મારા મંદિરમાં અત્યારે દેખાય છે, તથાપિ હજુ મારો પુત્ર આવ્યો નહીં. હવે હું અભાગિણી શું કરૂં ? નારદ આવ્યા નહીં, તેમ પુત્ર પણ આવ્યો નહીં, હું ઉભય ભ્રષ્ટ થઈ, હવે મારે શું કરવું ?

આ પ્રમાણે દુઃખનું કારણ નિવેદન કરી, રૂક્મિણી અશ્રુપાત કરવા લાગી. તે જોઇ મદન રૂપ યતિ બોલ્યો— માતા ! વૃથા દુઃખ કરો નહીં. મારૂં વચન સાંભળો— તમારો પુત્ર જે તમારૂં કાર્ય કરે, તે હું કેમ ન કરૂં ? આ પ્રમાણે કહી, સત્યભામાએ મોકલેલા લોકોની આગળ મદને વિદ્યાથી બીજી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રૂકિમણી વિકુર્વી. તે દિવ્ય અને સર્વ આભૂષણથી વિભૂષિત થઇ, સિંહાસન ઉપર બેઠી. સત્ય રૂકિમણી-ને અદૃશ્ય કરી, મદન પોતે કંચુકીનું રૂપ લઇ, તે કૃત્રિમ રૂકિમણીની આગળ ઉભો રહ્યો, તેવામાં સ-ત્યભામાએ મોકલેલા લોકો નાપિત લઇને ત્યાં આ-વ્યા. તેઓ ભય પામતા નમ્ર થઈ બોલ્યા— માતા ! અમારો કાંઇ દોષ નથી, અમે તો નીચ સેવક છીએ, અમા-રાં સ્વામિનીએ અમને મોકલ્યા છે. અમે આજ્ઞાને વશ થઇ, અહી આવ્યા છીએ, આમાં દોષ તો સત્યભામાનો છે કે, જેમણે અમને મોકલ્યાં છે. તે માયાવી રૂકિમણી બોલ્યાં— તમે આવ્યા તે બહુ ઠીક થયું. તમે કેમ આવ્યા છો ? તેનું કારણ કહો. તેઓ બોલ્યા— માતા ! તમે અને સત્યભામાએ પૂર્વે બલદેવ પ્રમુ-ખને સાક્ષી રાખી, એવું પણ કરેલ છે કે, જેના પુત્રનો પ્રથમ વિવાહ થાય, તે પુત્રની માતા બીજીની કેશવલ્લરીને વિવાહમાં મંગાવે, અને તે વડે ચ-રણનું પૂજન કરાવે, તેથી અમે તમારી કેશવલ્લરી લેવાને આવ્યા છીએ. તમે આપો કે ન આપો, તેમાં અમારો દોષ નથી. તેનાં આવાં વચન સાંભળી માયાવી રૂકિમણી બોલ્યાં—તમે સારૂં કર્યું. આ મારી કેશ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વલ્લરી ગ્રહણ કરો. અરે નાપિત! અહિં આવ. વૃથા ભય કરીશ નહીં. આ મારી કેશ વેણી કાપી લે. પછી સ્ત્રીઓએ દહીં, દૂર્વા અને અક્ષતે યુક્ત એવું પાત્ર રૂક્મિણીની આગળ લાવી મુકયું. પછી નાપિત તીક્ષ્ણ અસ્ત્રા લઇ, રૂક્મિણીની સામે કેશ ઉતારવા બેઠો. માયાવી રૂક્મિણીએ પોતાનું મસ્તક આગળ ધર્યું, અને કહ્યું, નાપિત! નિર્ભય થઇ વપન કર. નાપિતે નિર્ભય થઇ, તેના સર્વ કેશ ઉતારવા માંડયા, તેના મસ્તક ઉપર વેગથી અસ્ત્રા ફેરવ્યો, સત્યભામાની સ્ત્રીઓએ ગીત ગાવા માંડયાં. નાપિતે અસ્ત્રા ફેરવતાં તે બધી સ્ત્રીઓની નાસિકાને છેદી નાંખી, અને તે સ્ત્રીઓના કાન તથા આંગળાનો છેદ કર્યો, પણ તેઓના જાણવામાં આવ્યો નહીં. તે મૂઢ સ્ત્રીઓ અને તે નાપિત મદનની માયાને જાણતા નથી. તેઓ તો રૂક્મિણીની પ્રશંસા કરવા લાગ્યા— અહા! રૂક્મિણીની સુજનતા કેવી છે? તેનો વચનમાં વિનય કેવો ઉત્તમ છે, તેના ગુણનું શું વર્ણન કરવું? રૂક્મિણીના જેવી કોઇ સ્ત્રી થઇ નથી, અને થશે પણ નહીં. તે સર્વ સ્ત્રીઓ એમ પ્રશંસા કરતી ચોટામાં ચાલતી હતી. લોકો તેમનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિરૂપ જોઇ હસતા હતા. તેઓ પોતે રૂપવતી છે, એમ જાણતી હતી. નૃત્ય કરતી અને ગીત ગાતી તે સ્ત્રીઓ હર્ષ પામતી નાપિતની સાથે સત્યભામાને ઘેર આવી. ત્યાં આવી રૂક્મિણીના ગુણની પ્રશંસા કરવા લાગી. તે સાંભળી સત્યભામા બોલ્યાં—અરે દાસીઓ ! તમને આટલો બધો હર્ષ કેમ થાય છે ? રૂક્મિણીના ગુણની સ્તુતિ કરવાનું શું કારણ છે ? ત્યાં પેલો નાપિત બોલ્યો—દેવી ! એ ગુણવતી રૂક્મિણીની જે પ્રશંસા કરીએ છીએ તે સત્ય છે. એ કૃષ્ણવલ્લભા હમેશાં પ્રિય ભાષિણી છે. તેમણે વિનય અને હર્ષથી અમને કેશ આપ્યા હતા. સત્ય-ભામાએ કહ્યું—અરે યુવતિઓ ! તમારી આવી સ્થીતિ કોણે કરી ? કયા દુષ્ટે તમારી નાસિકા, કાન, કેશ અને આંગળીઓ છેદી નાખી ? તે પાપીનું નામ લ્યો. સત્યભામાનું વચન સાંભળી, તેઓએ સ્પર્શ કરી કેશ, નાસિકા, કાન અને આંગળીઓ જોઇ, ત્યાં તેમના જાણવામાં આવ્યું. તત્કાળ તે અંગને ઢાંકવા લાગી અને લજ્જા પામી ગઇ. અત્યારે તેમને વેદના થવા લાગી અને રૂધિરનો સ્રાવ ચાલ્યો. દુઃખથી પીડિત થઇ તેઓ વિલાપ



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ફરવા લાગી, તે જોઇ સત્યભામાએ ક્રોધથી રાતાં નેત્ર કરી કહ્યું કે, આવું કામ કયા પાપીએ કર્યું! તે દાસીઓ બોલી—દેવી! અમને કાંઇ ખબર પડી નથી. અમે તો એટલું જાણીએ છીએ કે, રૂકિમણીએ સંતોષથી અમને પોતાની કેશવેણી આપી હતી. તે કેશવલ્લરી જોઇ, અમે આનંદ પામ્યાં હતાં. અમારો દેખાવ તમારા કહેવાથી જાણવામાં આવ્યો. દાસીઓનાં આવાં વચન સાંભળી સત્યભામાને વિશેષ કોપ ચડયો. સેવકનો પરાભવ તે સ્વામીનો પરાભવ છે. સત્યભામા બોલ્યાં—આમાં રૂકિમણીનો દોષ નથી. આ કામ તે અવિવેકી કૃષ્ણગોપાળનુંજ છે. રૂકિમણીના કહેવાથી આ કામ કરાવ્યું છે. યમરાજાની ઇચ્છા વગર બાળકથી મરાય નહીં. કદિ તે રૂકિમણીને પોતાની કેશવલ્લરી આપવી ન હતી તો ભલે, પણ તેણીએ મારા માણસોની આવી વિડંબના કેમ કરાવી? હું જાણું છું કે, રૂકિમણી કૃષ્ણની વલ્લભા છે, પણ તેણે આવું કામ કેમ કર્યું? પછી સત્યભામાએ પોતાના મંત્રીઓને કહ્યું કે, તમે કૃષ્ણની સભામાં બલદેવની આગળ જાઓ, અને આ મારા પરિજનને ત્યાં લઇ જાઓ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાં જઇ બળદેવની આગળ રૂક્મિણીનું આ ચરિત્ર
કહો. સત્યભામાના કહેવાથી મંત્રીઓ તે પરિજનને
યાદવોની સભામાં લઇ ગયા. તેમને જોઇ કૃષ્ણને
અત્યંત હસવું આવ્યું. કૃષ્ણને હાસ્ય કરતાં જોઇ
મંત્રીઓએ ચિંતવ્યું કે, કૃષ્ણે રૂક્મિણીને અવશ્ય
શીખડાવ્યું હશે, તેથી તેની આગળ આ વૃત્તાંત
કહેવો વૃથા છે. આ વૃત્તાંત તો બળદેવનેજ જણા-
વવો જોઇએ. પછી જ્યાં બલદેવ હતા, ત્યાં પરિજનને
તેઓ લઇ ગયા, અને રૂક્મિણીની બધી વાર્ત્તા તેને
નિવેદન કરી. તે સર્વ પ્રત્યક્ષ જોઇ બલદેવે પૂર્વે
કરેલી તેમની પ્રતિજ્ઞા સ્મરણમાં આવી, અને તે
વાત કૃષ્ણને જણાવી. કૃષ્ણ બલદેવનાં વચન સાંભ-
ળી હસ્યા અને બોલ્યા કે, તે રૂક્મિણીએ નાસિકા
કાન અને કેશનું છેદન કેવી રીતે કર્યું હશે ? ઘણાં
પરિજનની આવી વિડંબના કેવી રીતે કરી શકે ?
કૃષ્ણનાં આવાં હાસ્યયુકત વચન સાંભળી બલદેવ
કોપ કરી બોલ્યા—સર્વ યાદવોની અને મારી સાક્ષી-
એ જે પ્રતિજ્ઞા કરેલી છે, તે ભુલી જઇ કોઇની
શકિતની મદદથી રૂક્મિણીએ આવું કાર્ય કરેલું છે,
તો હું તેના ગર્વને ક્ષણમાં દૂર કરી દઇશ. પછી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સત્યભામાના મંત્રીઓને કહ્યું, તમે નિશ્ચિંત થઇ તમારે ઘેર જાઓ. હું એ પાપણીને અન્યાયનું ફળ બતાવીશ. બલભદ્રના કહેવાથી તે મંત્રીઓ પરિવાર સાથે પોતાને સ્થાને ચાલ્યા ગયા. પછી બલભદ્રે કોપ કરી રૂકિમણીનું ઘર લુંટવાને કેટલાએક માણસોને મોકલ્યા. આ અરસામાં રૂકિમણી અને મદનની વચ્ચે જે વૃત્તાંત બન્યું, તે આદરથી સાંભળો. સત્યભામાનો પરિજન તેવી ખરાબ સ્થીતિમાં ગયા પછી, તે મદન પાછો ક્ષુલ્લકમુનિનો વેષ ધરી ઉભો રહ્યો. તેને યતિરૂપે જોઇ રૂકિમણીએ કહ્યું, મુનિરાજ ! તમે ખરેખરા મુનિ નથી. વિદ્યાધરને ઘેર ઉછરી વૃદ્ધિ પામનારો તુંજ મારો પુત્ર છું. તું પ્રાપ્ત થયો એ નારદનું વચન સત્યજ છે, તેમાં કાંઈ પણ સંદેહ નથી. વિદ્યાધર સિવાય બીજાની આવી ગતિ હોય નહીં. વત્સ ! પ્રગટ થા. માતાની સાથે આમ હાસ્ય કરવું યુકત નથી. તારી પૂર્વની માયા છોડી દે. મેં સાંભળ્યું હતું, તે પ્રમાણેજ થયું છે. તેં બાલવયમાં સર્વે ખેચર રાજાઓને વશ કર્યા હતા, સોળ પ્રકારના લાભનો ભોકતા અને સર્વ વિદ્યાઓનો તું અધિપતિ થયો છું. મેં દેવ, ખેચર અને કિનરોનાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નામ સાંભળ્યાં હતાં. તારી શોધને માટે મેં નારદ-
મુનિને મોકલ્યા છે.

માતાનાં વચન સાંભળી બળવાન મદન બો-
લ્યો— માતા ! કહિ નારદના કહેવા પ્રમાણે હું ત-
મારો પુત્ર આવ્યો છું, તો પણ શા કામનો ? કુરૂપી
અને સર્વ લક્ષણ રહિત એવા મારા જેવા પુત્રનું
તમારે શું કામ છે ? કુપુત્રથી માતા પિતાને લજ્જા
આવે છે, તેથી મને જ્યાં ત્યાં જવા દ્યો. યતિનાં
આવાં વચન સાંભળી રૂકિમણી બોલ્યાં— વત્સ !
તું ગમે તેવો છું, પણ મારે ઘેર રહે. તે સાંભળ-
તાંજ મદને સુવર્ણના જેવું તેજસ્વી પોતાનું રૂપ
પ્રગટ કર્યું. વિકાશ પામેલાં કમળ જેવાં લોચન
થયાં, પૂર્ણ ચંદ્રના જેવું મુખ દેખાવા લાગ્યું, સર્વ
આભૂષણ અને લક્ષણો જણાવા લાગ્યાં, નવ યૌવન-
થી સંપન્ન એવા તેના શરીરમાં શંખના જેવો કંઠ,
અને વૃક્ષ સ્થળ સુંદર થયાં. એ સુંદર રૂપ નર
તથા નારીઓના ચિત્તને ચોરનારૂં હતું. આવું
સુંદર રૂપ કરી, મદન વિનયથી જનનીના ચરણ
કમળમાં નમી પડયો. આવા સુંદર પુત્રને જોઇ,
માતાએ હર્ષથી આલિંગન કર્યું. મોહથી ચિરકાળ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આલિંગન કરી, મસ્તકઉપર ચુંબન લઈ, રૂક્મિણીનાં નેત્રમાંથી હર્ષનાં અશ્રુની ધારા ચાલી. માતા અને પુત્ર હર્ષથી વારંવાર આલિંગન કરવા લાગ્યાં, અને પરસ્પર સુખ દુઃખની વાર્ત્તા કહેવા લાગ્યાં. પુત્રે પોતાની સર્વ વાર્તા કહી, તે સાંભળી માતા બોલ્યાં— વત્સ ! આવું તારૂં બાલ્યવય મેં અભાગણીએ જોયું નહીં ? વિદ્યાધરની પત્નિ કનકમાળાને ધન્ય છે કે, જેણીએ તારી બાલ્યાવસ્થા જોઇ, તારા જેવા સુંદર કુમારને લાલન કરી ઉછેર્યો. પુત્ર ! મેં તને નવ માસ સુધી કષ્ટથી ઉદરમાં રાખ્યો, અને પ્રસવ વેદના સહન કરી જન્મ આપ્યો, પણ પુણ્યને અભાવે તારા લાલનનું સુખ મને મળ્યું નહીં, અથવા એમાં કોનો દોષ ? મારા કર્મનો દોષ છે. ‘ સર્વ ઠેકાણે ભાગ્યજ ફળે છે, વિદ્યા કે પુરૂષાર્થ ફળતાં નથી. ’ માતાનાં આવાં વચન સાંભળી મદન વિનયથી બોલ્યો— માતા ! મારૂં બાલ્યવય જોવાનું જો તમારે કૌતુક હોય, તો હું તે વય તમને અત્યારેજ બતાવું. મારે તે કરવું મુશ્કેલ નથી. માતા ! જે બીજાઓને દુર્લભ છે, એવું મારૂં બાલ્યવય જુવો. આ પ્રમાણે કહી મદન ત્યાં બાલ રૂપે થઇ ગયો. ઉત્તમ અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુંદર અંગની બાલ આકૃતિ જોવામાં આવી. તેમાં સર્વ શુભ લક્ષણો દેખાવા લાગ્યાં, ઉત્તાનશાયી એવા તે કુમારનું મુખ પુલેલા કમળના જેવું મુગ્ધ દેખાતું હતું, હાથ પગ ચપળ હતા, હાથની મુષ્ટિ બાંધી હતી, લીલાથી વારંવાર તે મૃદુ હાસ્ય કરતો હતો. આવા બાલ પુત્રને જોઇ, માતા રૂક્મિણી હર્ષ પામ્યાં. સ્તનમાંથી છુટતી દુધની ધારા વડે તેને ધવરાવવા લાગ્યાં. બાળક વિવિધ વિલાસમાં દક્ષ થઇ, માતુશ્રીની આગળ કુદવા લાગ્યો. ક્ષણ વારે જાનુ વડે ટીંગાતો ચાલવા લાગ્યો, બેઠો થઇ પાછો માતાની આગળ પડવા લાગ્યો, કરનો ટેકો લઇ, ઉભો થઈ પાછો પૃથ્વી ઉપર પડતો હતો, માતાના કર સાથે વળગી કુદતો કુદતો ચાલતો હતો, બાળકને ઘટે તેવાં આભૂષણોથી વિભૂષિત થયેલો તે બાળક કાલું કાલું અસ્પષ્ટ બોલતો માતાના મનને હરી લેતો હતો, ચિરકાળ રમી રજથી મલિન થયેલો તે શિશુ જ્યારે માતા બોલાવતાં, ત્યારે તેમની તરફ દોડી આવતો હતો, રજ ભરેલો તે બાળક રજની મુઠ ભરી માતાને કંઠે વેગથી વળગી પડતો હતો. આ પ્રમાણે બાલ ક્રીડા કરી, યાદવોની લક્ષ્મીથી વિભૂષિત એ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વો બાલ મદન માતાને આનંદ આપતો હતો. કોઇ વાર અતિ રૂદન કરી, માતા પાસે કાંઇક સુખડી પ્રમુખ માગતો, અને માતા અલ્પ આપે, તો કજીયો કરી વિશેષ લેતો હતો. એક વાર પુત્રે અતિ રૂદન કરવા માંડયું, એટલે રૂક્મિણી બોલ્યાં— વત્સ ! રૂદન કર નહીં. તારૂં રૂદન મારાથી સહન થઇ શકતું નથી. માતાનું વચન સાંભળી મદન હસતો હસતો બોલ્યો— માતા ! કેમ કંટાળી જાઓ છો ? મારા રૂદનને પેલી વિદ્યાધરી સહન કરતી હતી, એમ કહી તે ચંદ્રમુખ મદન યૌવનથી વિભૂષિત થઇ, માતાના ચરણ કમળમાં નમી પડયો.

આ પ્રમાણે પુત્રને વિદ્યાથી વિભૂષિત જોઇ, માતા સુખ પામી, અને અંતરના ઉમળકાથી પુત્રને આલિંગન સહિત ચુંબન કરવા લાગી. પુત્રનાં અંગ સ્પર્શથી કોને સુખ ન થાય ? પછી મદને જે જોયું, સાંભળ્યું અને અનુભવ્યું હતું, તે બધું માતાને કહી આપ્યું. પછી તેઓ પરસ્પર વાર્ત્તાલાપ કરતાં હતાં, તેવામાં હાથમાં હથીઆરો લઇને સેવકોનો સમૂહ આવી પહોંચ્યો. દોઢી ઉપર તે આવતાં મદને વંદના કરી પુછયું, માતા ! આ વેગથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સેવક ગણ શસ્ત્ર લઇ કેમ આવે છે ? તે કોનો
સેવક ગણ છે ? આમાં કાંઇ વિપરીત લાગે છે.
રૂક્મિણી બોલ્યાં—વત્સ ! મને લાગે છે કે, તારા
કાકા બલદેવે ક્રોધ કરી મારી ઉપર આ સેવકગણને
મોકલ્યો છે. સત્યભામાના માણસોને તેં જે વિડંબ-
ના આપી તે કર્મનું આ ફળ છે. રૂક્મિણીનું વચન
સાંભળી મદન બોલ્યો—માતા ! હવે મારૂં કામ છે.
ચિંતા કરશો નહીં. રૂક્મિણીએ કહ્યું—વત્સ !
આ સેવકગણ બલદેવનો છે, તે અતિ બલવાન
છે. તારા એકથી જીતી શકાશે નહીં. મદન બો-
લ્યો—ગુણવતી માતા ! મૌન ધરી ક્ષણવાર રહો.
હું તેનો ઉપાય કરીશ. આ પ્રમાણે કહી મદને
પોતાની વિદ્યાને મોકલી. તે વિદ્યાએ બ્રાહ્મણનો
વેષ ધારણ કર્યો. શ્રમથી તેનું અંગ પીડિત હતું,
અને તેનું ઉદર મોટું હતું. સત્યભામાને ઘેરથી
અતિ ભોજન કરી અહીં આવીને પડયો હોય તેવો
તે બ્રાહ્મણનો દેખાવ હતો. જ્યાં તે બ્રાહ્મણ પડયો
હતો, ત્યાં બલદેવે મોકલેલો સેવકોનો ગણ આવ્યો.
તે બ્રાહ્મણ રૂક્મિણીના દ્વારને રૂંધીને પડયો હતો,
તેણે તેઓને પણ અટકાવ્યા. તે સેવકસમૂહે એક



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માણુસને આ વૃત્તાંત જણાવા બલદેવની પાસે મોકલ્યો. તે સાંભળી બલદેવને રૂકિમણી ઉપર વિશેષ કોપ ચડયો. બલદેવે ચિંતવ્યું કે, રૂકિમણી સામાન્ય લાગતી નથી. તેણીએ કૃષ્ણને મંત્રથી વશ કર્યા છે, અને મંત્રથી લોકોને અટકાવ્યા છે. ચાલ, હું પોતે જાતે જઇ તેના મંત્રનું માહાત્મ્ય જોઇ લઉં. આવું ચિંતવી બલદેવ કોપ કરી વેગથી રૂકિમણીના મંદિર પ્રત્યે ચાલ્યા. જ્યાં રૂકિમણીના મંદિરની દોઢી આગળ આવે, ત્યાં દ્વાર આગળ મોટા ઉદર સહિત પડેલો તે બ્રાહ્મણ જોવામાં આવ્યો. પ્રવેશનો બધો માર્ગ રૂંધીને તે પડયો હતો. તેને બલભદ્રે કહ્યું, વિપ્ર ! બેઠો થા. મારે અંદર કાર્ય પ્રસંગે જવું છે. તારા ઉપર થઇને જવું, તે યોગ્ય ન કહેવાય. બલભદ્રનાં વચન સાંભળી બ્રાહ્મણ બોલ્યો—ક્ષત્રિયનાયક ! સાંભળો. સત્યભામાને ઘેર જમીને હું હમણાંજ અહીં આવ્યો છું. મેં વારંવાર પણ કરીને અત્યંત ભોજન કરેલું છે. અહીંથી એક પગલું આગળ ચાલવાને હું સમર્થ નથી. માટે પછવાડેથી જઇ શકાય તો જાઓ. મારાથી તો ઉઠી પણ શકાશે નહીં. બલભદ્રે કહ્યું—અરે અધમ બ્રાહ્મણ ! સાંભળ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારે મોટું કાર્ય છે, તેથી જવાનું છે. તું પારકે ઘેર જમી માર્ગ રોકીને કેમ પડયો છું ? અન્ન પારકું હતું, પણ પેટ તો તારૂં પોતાનું હતું. જમવામાં જરા પણ વિચાર કેમ કર્યો નહીં ? બ્રાહ્મણ જાતિ ભોજનમાં લોલુપ હોય છે. આ પ્રમાણે બલદેવનાં વચન સાંભળી તે બ્રાહ્મણ વેષી મદન બોલ્યો—બલદેવ ! જ્યારે તું જાણે છે કે, બ્રાહ્મણ જાતિ ભોજનમાં લોલુપ હોય છે, ત્યારે વૃથા બક-વાદ કેમ કરે છે ? તે સાંભળી બલદેવ કોપ કરી બોલ્યા—અરે અધમ પાપી ! ઉઠ, મને માર્ગ આપ. વૃથા શા માટે બબડે છે ? બ્રાહ્મણ બોલ્યો અરે અધર્મી ક્ષત્રિય ! મને વૃથા ગાળો શા માટે આપે છે ? મારી ઉપર થઇને ચાલ્યો જા.

બ્રાહ્મણનાં આવાં વચન સાંભળી બલદેવ કોપ કરી, તેની ઉપર પગ મુકી રૂકિમણીની પાસે આવ્યા, અને બોલ્યા— અરે રંડા ! તારી જે વિદ્યા હોય, તે મારી ઉપર ચલાવ, જે ડાકણ કે શાકણ હોય, તેને મારી પાસે મોકલ. એમ બોલતા બલદેવ રૂકિમ-ણી પાસે આવ્યા, ત્યાં મદને પોતાનું રૂપ પ્રગટ કર્યું, અને માતાની પાસે આવીને કહ્યું, માતા ! આ કોપ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાળો શૂરવીર પુરૂષ કોણ છે ? તે અહિં શામાટે આવ્યો છે ? તેની ભ્રગુટી ઉપરથી જણાય છે કે, તે યુદ્ધની કામના રાખે છે. રૂક્મિણીએ કહ્યું, વત્સ ! તે તારા શૂરવીર કાકા બલદેવ છે. તે મહા પરાક્રમી અને તારા પિતાને પ્રાણ જેવા પ્રિય છે, શત્રુઓના સમૂહને નાશ કરનારા તે દ્વારકામાં યાદવોની અંદર અગ્રેસર છે. તેના જેવો કોઇ બીજો યાદવોને પૂજ્ય નથી. તે યુદ્ધમાં વિશ્વની અંદર વિખ્યાત છે. મદને માતાને કહ્યું, માતા ! કહો, તેને યુદ્ધ કેવું વાહાલું છે ? અને તે કોની સાથે યુદ્ધ કરવા ઇચ્છે છે ? રૂક્મિણી બોલ્યાં— વત્સ ! કેશરીસિંહની સાથે યુદ્ધ કરવું બલદેવને વધારે ગમે છે, અને બાહુ યુદ્ધ કરવાનો તેને વિશેષ શોખ છે. મદન બોલ્યો— માતા ! રણમાં એક ક્ષણ વાર બલદેવનું બળ જોવાની મારી ઇચ્છા છે, મને જોવા દ્યો. માતા બોલ્યાં ! પુત્ર ! તેમ કરવું યોગ્ય નથી. તારા કાકા બલદેવ અતિ બળવાન છે, તે કોઇથી જીતી શકાય તેવા નથી. વત્સ ! જો તારે જીવવાની ઇચ્છા હોય તો, તું સત્વર જઇ તેમના ચરણમાં નમી પડ. માતાનાં વચન સાંભળી મદન બોલ્યો— માતા !

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ક્ષણ વાર મૌન રહો. તમે મારૂં પણ પરા-
ક્રમ જુવો. પછી જોવામાં બલદેવ કોપાગ્નિથી પ્રજ્વ-
લિત થઇ, યુદ્ધ કરવાને દોઢીના દ્વાર પાસે આવ્યા,
ત્યાં મદને માયાથી પોતાનો વેષ બદલી સિંહનું
રૂપ લીધું. તે સિંહની વિકરાળ ચંદ્રાકાર દાઢો હ-
તી, કુંકુમના જેવી ચપળ કેશવાલ હતી. તે ગર્જના
કરતો હતો, પુંછડું માથે ઉંચું લઇ શોભતો હતો,
દિશાઓના સમૂહમાં પોતાની ક્રૂર દૃષ્ટિ ફેરવતો હતો,
નાદ કરતો તે સિંહ ઘરની અંદર આવતો જોઇ,
બલદેવ વિસ્મય પામી ગયા. બલદેવે ચિંતવ્યું કે,
રાજમંદિરમાં સિંહ ક્યાંથી ? આ માયા રૂકિમણીએ
કે કૃષ્ણે કરી હશે ? આવું ચિંતવી બલદેવ સિંહની
સામે આવ્યા. ક્રોધથી પોતાના વામહસ્તને દિવ્ય
ઉત્તરીય હસ્તથી વીંટાલી સિંહના મુખમાં નાંખી
યુદ્ધ કરવા લાગ્યા. સિંહ અને બલદેવ વચ્ચે યુદ્ધ
ચાલ્યું. પરસ્પર આઘાત, પ્રતિઘાત, તાડન, તર્જન,
અને ઉલ્લંઘન વિગેરે બંને કરવા લાગ્યા. ઉગ્ર
કોપવાળા તેઓ ચિરકાળ યુદ્ધ કરતા હતા. કોઇ
કોઇનો પરાજય કરી શકતું નથી. પછી સિંહરૂપી
મદને બલદેવને વેગથી આસ્ફાલન કરી, એવી લ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પડાક મારી કે, જેથી બલદેવ ઉડીને રાજાના સ્થાનમાં આવી પડયા, તે જોઇ રૂકિમણી વિસ્મય પામી ગયાં. પોતાના પુત્રને આવો મહા પરાક્રમી જોઇ, તેને સંતોષ થયો. તે સમયે બલદેવનો વિજય કરી, મદન પોતાના રૂપે આવી, માતાના ચરણમાં નમી પડયો. રૂકિમણીએ સાનંદાશ્ચર્ય થઇ કહ્યું, વત્સ ! નારદ મુનિ કયાં છે ? તે મારા બંધુ નારદ કયાં ગયા હશે ? તે મને સત્વર નિવેદન કર. મદન બોલ્યો— માતા ! સાંભળો. તમારા પરમ બંધુ નારદ વિદ્યાધરના નગરથી મારી સાથે આવ્યા છે, તેની સાથે તમારી પુત્ર વધૂ પણ છે. તે બધાં દ્વારકાનગરીની બહાર રહેલાં છે. રૂકિમણી પોતાના ગુણ ભૂષિત પુત્ર પ્રત્યે બોલી— પુત્ર ! તને વધૂ કયાંથી પ્રાપ્ત થઇ ? તે કહે. મદન બોલ્યો— માતા ! સંક્ષેપથી કહું તે સાંભળો. દુર્યોધન રાજાએ ‘ ઉદધિ ’ નામની પોતાની કન્યા કૃષ્ણની પ્રીતિ માટે ભાનુકુમારના વિવાહને અર્થે મોકલી હતી, તે મને માર્ગમાં મળી, મેં ભિલનો વેષ લઈ, તેને હરી લીધી. તે સુંદરી નારદની સાથે દ્વારકાની બહાર આકાશ માર્ગે રહેલી છે. મેં આ નગરીમાં આવીને ભાનુકુ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારની વાટિકાનો નાશ કર્યો, વનને ઉજડ કર્યું, રથ ભાંગી નાંખ્યો, સત્યભામાની વાપિકાને શોષી લીધી, પુષ્પની માળાનો વ્યત્યય કરી દીધો, વસુદેવનો પરાભવ કર્યો, અને સત્યભામાની વિડંબના કરી. પોતાના પુત્રને ઇચ્છિત વધૂની પ્રાપ્તિ થઇ, અને શત્રુનો પરાભવ થયો, એ સર્વ વૃત્તાંત જાણી, રૂકિમણી અતિ હર્ષને પ્રાપ્ત થયાં. માતાએ પુત્રને પુનઃ જણાવ્યું, વત્સ ! નારદ મુનિને જોવાની મારી ઇચ્છા છે, માટે તે મારો અકારણ બંધુ મને સત્વર બતાવ. મદન બોલ્યો—માતા ! જ્યાં સુધી હું મારા કુટુંબને મળ્યો નથી, ત્યાં સુધી નારદજીને અહીં કેમ લવાય ? રૂકિમણી બોલ્યાં— પુત્ર ! સભામાં રહેલા તારા પિતાને જઇને મળ. મદન બોલ્યો—માતા ! ચિરકાળે આવેલો પરાક્રમી, ગુણી, અને કુલીન પુત્ર પોતાની શકિત બતાવ્યા વગર શી રીતે પ્રસિદ્ધ થઇને મળે ? ‘ પિતા, હું તમારો પુત્ર છું. ’ એમ જઇ પિતાને કેમ કહે ? માતા, તેથી પ્રથમ પિતાની સાથે યુદ્ધ કરી વિવિધ વાકયોથી બંધુઓનું તર્જન કરી હું મારૂં પરાક્રમ દર્શાવીશ, અને પછી મારૂં નામ જાહેર કરીશ. એટલે તે બધા મને ઓળખી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લેશે. તે સિવાય મારે જઇને મળવું તે કેમ યોગ્ય કહેવાય ? હું ઘેર ઘેર જઇ મારા નામની ઓળખાણ આપું, તે યોગ્ય નથી. તમારા પુત્રને તેમ કરવું ઘટે નહીં. મદનનાં આવાં વચન સાંભળી રૂકિમણી બોલ્યાં—વત્સ ! તેવું સાહસ કરવું મને યોગ્ય લાગતું નથી. બલવાન યાદવો તારાથી શી રીતે જીતાશે ? પુત્ર ! યુદ્ધવીર યાદવો અને પ્રચંડ તેજવાળા પાંડવો કે જેઓએ સંગ્રામમાં વિજય મેળવ્યો છે, તેઓ તારા એકથી કેમ જીતી શકાશે ? મદને કહ્યું—માતા ! વધારે શું કહું. એક નેમિનાથ સિવાય બધા હું જીતી શકું તેવા છે. હમણાંજ તમને બતાવીશ. આ પ્રમાણે કહી ક્ષણવાર પછી મદને માતાને કહ્યું—માતા ! તમારી પાસેથી મારે એક માગવાનું છે, તે તમે કૃપા કરીને આપશો ? પુત્રનું વચન સાંભળી માતા બોલ્યાં—વત્સ ! જે માગવાનું હોય તે માગી લે. હું ખુશીથી આપીશ. મદન બોલ્યો—મારે એટલુંજ માગવાનું છે કે, જ્યાં નારદમુનિ તમારી પુત્ર વધૂ સાથે રહેલા છે, તે સુંદર વિમાનમાં મારી સાથે ચાલો. મારી ઉપર અનુગ્રહ કરીને ત્યાં તમે રહો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમને ત્યાં રાખી પછી હું ઇચ્છા પ્રમાણે કરીશ. રૂક્મિણીએ વિચાર્યું કે, પતિને પુછ્યા વગર જો હું પુત્રની સાથે જાઉં, તો પછી હું શી રીતે પતિવ્રતા કહેવાઉં ? જો પુત્રની સાથે ન જાઉં, તો પુત્રને રીસ ચડશે, અને તે રોષથી પાછો વિદ્યાધરના ખંડમાં ચાલ્યો જશે. અથવા મારા સ્વામી કૃષ્ણ પુત્રની સાથે જવાથી રોષ કરશે નહીં. કદિ થવાનું હોય તે થાય, પણ પછવાડે સારાં વાનાં થશે, આવું વિચારી રૂક્મિણીએ મદનને કહ્યું—પુત્ર ! ચાલ હું તારી સાથે આવીશ. માતાનાં વચન સાંભળી મદન તત્કાળ બેઠો થયો, અને આભૂષણોના તેજથી દિશાઓને પીળી કરતા એવા રૂક્મિણીને હાથમાં લઇ આકાશમાં ઉડયો. બે હાથમાં રૂક્મિણીને લઇ કૃષ્ણ જેમાં અગ્રેસર છે, એવી યાદવોની સભા પાસે ઉંચે ઉભો રહ્યો. સર્વ સભા સાંભળે તેમ મદન આ પ્રમાણે બોલ્યો—હે ભોજકુલના લોકો ! હે યાદવો ! હે પાંડુના પુત્રો ! અને બીજા જે કૃષ્ણની સભામાં રહેલા સુભટો ! સાંભળો. જો તમે ઉત્તમ કુળમાં થયા હો, અને જો તમે રણમાં વિજય મેળવનારા હો, તો મારૂં વચન સાવધાન થઇ સાંભળો.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભીષ્મરાજાની પુત્રી, કૃષ્ણની વલ્લભા, રૂકિમણી એવા નામથી પૃથ્વીમાં વિખ્યાત છે. બીચારા ગરીબ દમઘોષના પુત્ર શીશુપાલને મારી કૃષ્ણ અને બલદેવની લાવેલી અને નીલકમલના જેવા લોચનવાળી એ સાધ્વી રૂકિમણીને આ વીર વિદ્યાધર તમારી આગળ હરી જાય છે. જ્યારે હું એક વીર, આ રૂકિમણીને હરી જાઉં, તો પછી તમારે જીવવાનું શું પ્રયોજન છે ? જો તમારામાં અદભુત શકિત હોય તો, આ રૂકિમણીને મારા હાથમાંથી છોડાવશો. હે સુભટો ! તમે બધા મળીને યત્ન કરો. હું યુદ્ધ આપ્યા વિના જઇશ નહીં. એ નિશ્ચય જાણજો. પ્રથમ તમારી સાથે યુદ્ધ કરી પછી આ કૃષ્ણની સ્રીને શ્રેષ્ટપણે લઇ જઇશ. હું ચોર નથી, સ્વેચ્છાચારી નથી, નટ કે જાર પુરૂષ નથી, માત્ર મારી શકિત બતાવા લઈ જાઉં છું. મદનનાં આવાં વચન સાંભળી શૂરવીર પુરૂષોથી ભરપૂર એવી યાદવ સભા ક્ષોભ પામી જઇ, કોપથી પવને ક્ષોભ પમાડેલા સમુદ્રના કલ્લોલની લીલાને ધારણ કરવા લાગી, બલદેવ મૂર્છા પામીને પૃથ્વીપર પડી ગયા, સર્વ યાદવો તેની આસપાસ વીંટાઇ વળ્યા, તેના વચનની અસરથી સર્વને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મૂર્છા આવી ગઇ, બલદેવનો ગૌર વર્ણ કોપથી રકત થઇ ગયો, લલાટ ઉપર ભ્રગુટી ચડાવી દીધી, શરીર કંપવા લાગ્યું, તે જોઇ ભીમ વિગેરે પાંડુ પુત્રોને પણ કોપ ચડયો. તેઓ પોતાના આસનથી બેઠા થયા, ત્યારે યુધિષ્ટિરે સંજ્ઞા કરી વાર્યા અને સમજાવ્યું કે, તમે યુદ્ધમાં સ્થિર છો એવું અમે જાણીએ છીએ, પણ અધુના વૃથા કોપ કરશો નહીં. ધીરજ રાખો. કોઇ સુભટો હાથ વડે વક્ષ સ્થળને સ્પર્શવા લાગ્યા, કોઇ કોપથી કઠોર વચન કહેવા લાગ્યા, કોઇ બાજુબંધના મણિથી પ્રકાશ કરતા બાહુને આસ્ફાલન કરવા લાગ્યા, કોઇ રાજપુત્ર રોષથી યુદ્ધની ઇચ્છા વડે ગર્વ સહિત હાસ્ય કરવા લાગ્યા, કોઈ ક્રોધથી રાતાં નેત્ર કરી અંધની જેમ ભમવા લાગ્યા, કોઇ ક્રોધથી શિલાયમ સ્તંભને ભાંગવા લાગ્યા, કોઇ મ્યાનમાંથી ખડ્ગ કાઢી બેઠા થયા, કોઈ કહેવા લાગ્યા કે, શું જુવો છો ? આ એકલો પણ તમારાથી જીતાય તેમ શું નથી ? શું તમારામાં ક્ષુદ્ર શકિત છે ? તૈયાર થાઓ. સર્વ સુભટોને જાણ થવા ભેરીનો નાદ કરો.

પછી ભેરીનો નાદ કરવામાં આવ્યો. ભેરીનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નાદ સાંભળી સર્વ સુભટો તૈયાર થઇ ગયા, વેગથી ત્યાં એકઠા થવા લાગ્યા, અકસ્માત ભય પામેલી પોતાની કાંતાઓને આશ્વાસન આપી, બલિષ્ટ સુભટો હાજર થયા. કોઇ સુભટો પોતાના અંગપર કવચ ધરવા લાગ્યા, કોઇ ગર્વવાળા અને શૌર્યના અભિમાની એવા સુભટોને યુદ્ધનો એવો ઉત્સાહ આવ્યો કે, યુદ્ધના હર્ષથી પુષ્ટ થએલાં શરીર ઉપરથી બખ્તરો તુટી જવા લાગ્યાં. હાથી, અશ્વ, અને રથ ઉપર આરૂઢ થઇ, શંખ તથા ભેરીના નાદથી દિશાઓને પૂરતા કેટલાક સુભટો રાજાના આંગણામાં આવી ઉભા રહ્યા. કોઇ છત્રથી, કોઇ ચામરથી અને શસ્ત્રોથી વિભૂષિત હતા. ઝુલથી સુશોભિત, ભયંકર, સાઠ વર્ષની વયવાળા મદના જળથી પૃથ્વીના ભાગમાં કાદવ કરતા, એવા ગજેંદ્રો જાણે પ્રલયકાળના પવને પ્રેરેલા પર્વતો ચાલતા હોય, તેવા દેખાતા બહાર નીકળ્યા. તીક્ષ્ણ ખરીઓથી પૃથ્વીને ખોદતા, સુશોભિત, જીનવાળા, પોતાના હેષારવથી શત્રુના અશ્વોને જાણે બોલાવતા હોય તેવા, અને વેગથી સુશોભિત એવા અશ્વોના સમૂહ તૈયાર થયા. દિવ્ય અસ્ત્રો અને શસ્ત્રોથી જેમના મધ્ય ભાગ પૂર્ણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે, ચીત્કાર શબ્દોથી જગતને બેરૂં કરનારા, પવન-
થી ચલિત એવી ધ્વજાઓરૂપ હાથ વડે શત્રુઓને
બોલાવતા હોય, તેવા રથના સમૂહ બધી ભૂમિને
વ્યાપી ચાલવા લાગ્યા. ઢાલ તરવાર લઇ તૈયાર
થએલા, શરીર ઉપર બખ્તર ધારણ કરનારા, વીર્ય-
વાળા પાળાઓ બહાર નીકળવા લાગ્યા. શત્રુના
પરાજયને નહીં સૂચવનારા પણ શુકન જોઇ, સર્વ
સુભટો ચાલવા લાગ્યા. યાદવો, ભોજગ, અને પાં-
ડવો શૌર્યથી ક્રોધ કરતા તૈયાર થયા.

મદન પોતાની માતા રૂક્મિણીને ઉદધિ કન્યા-
થી સુશોભિત એવા વિમાનમાં મુકવા ગયો. રૂક્મિ-
ણીએ હર્ષથી વિનય પૂર્વક નારદને પ્રણામ કર્યો.
વધૂએ વિનયથી સાસુને નમન કર્યું. નારદ અને
વધૂની સાથે ગુણવતી માતાને વિમાનમાં મુકી, પોતે
પૃથ્વી ઉપર આવ્યો. વિશાળ ભૂમિકા ઉપર તેણે
વિદ્યાથી હાથી, ઘોડા, પેદલ અને રથથી યુક્ત એ-
વી મોટી ચતુરંગ સેના ઉભી કરી. જે કેશવ વિગે-
રે પુરૂષો અને રાજાઓ કૃષ્ણનાં સાધન હતાં, તેઓ
સર્વ મદનનાં સાધન થઇ ગયાં. તેમનાં સર્વ ચિન્હો,
વેષ, રૂપ, વાજિંત્રો, બંદિજનના કોલાહલો, ગજેંદ્રો,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અશ્વો, રથો અને પેદલ જેવા અને જે નામના હ-
તા તેવાજ, અને તે નામના મદનની સેનામાં થઇ
ગયા. આવી બે સેના અને તેમનો હર્ષ ભરેલો યુદ્ધ-
નો ઉત્સાહ જોઇ, દ્વારકાના લોકો આશ્ચર્ય પામી ગ-
યા. નગરીની હવેલીઓ ઉપર પૂર્ણ ચંદ્રના જેવા
મુખવાળી રમણીઓ તે જોવાને આવી. તેઓ પર-
સ્પર આ પ્રમાણે વાર્ત્તાલાપ કરવા લાગી— કોઇ સ્ત્રી
બોલી— બેન ! મને તો કૃષ્ણ રાજા ઘેલો લાગે છે.
જે એક સ્ત્રીને માટે આટલા શૂરવીર, કુલીન અને
રાજ વંશના સુભટોને મારવા તૈયાર થયો છે. કોઇ
બોલી— સખી ! જો, ભાલા સહિત ચામરવાળો જે
ઉંચા વાહન ઉપર બેઠો છે, તે મારો પતિ છે. બી-
જી બોલી— બેન ! જો, પેલો મારો પ્રાણવલ્લભ
મસ્તક ઉપર મુગટ ધરી વેગથી ચાલે છે. કોઇ
બોલી— જેની ઉપર ચામર વીંજાય છે, અને બંદિ-
જન જેની સ્તુતિ કરે છે, તે મારો વીર પ્રાણવલ્લભ
છે. આ પ્રમાણે સ્ત્રીઓનાં વચનો સાંભળતા સુભટો
વેગથી રાજ્ય દ્વારની દોઢી આગળ આવ્યા. કોઇ શ-
ત્રુના સૈન્યમાં દોડતા આવી પુગ્યા, પણ તે શત્રુનું
સૈન્ય જાણી પાછા વળતા હતા. રાજા કૃષ્ણના દ્વાર-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાળો કેટલાએક પ્રચંડ પરાક્રમી વીરોને શત્રુના સૈન્યમાં જતાં વારતા હતા. બંને સૈન્યના ગજેંદ્રોની મનોહર ઘટાઓ અને કાહલ નામનાં વાજિંત્રો મોટો કોલાહલ કરી રહ્યાં હતાં. ભેરી, દુંદુભિ અને બીજાં વાજિંત્રોના નાદ સર્વ દિશાઓમાં વ્યાપી રહ્યા હતા. તે વખતે બંને સૈન્યની એવી રજ ઉડી કે, તે સર્વ ભુવનમાં વ્યાપી ગઇ. કાંઇ પણ દેખાતું નહતું. 'આ તમારો શત્રુ નથી, વૃથા યુદ્ધ શામાટે કરો છો ?' એમ તેમને વારતી હોય, તેમ રજ બધે પ્રસરી ગઇ. તે સમયે ગજેંદ્રોના મદનાં જળ એવાં ઉછળ્યાં કે, તે બધી રજને દબાવી દીધી. તે પછી કૃષ્ણ અને મદનના સૈનિકો પરસ્પર એક બીજાની સામે આવી ખડા થયા, તે વખતે દેવતાઓ ગગનના આંગણામાં ભયભીત થઇ ગયા. તેઓ વિચારમાં પડયા કે, આ યુદ્ધનો દેખાવ અદભુત છે. આમાં કોણ વિજય પામશે ? તે કાંઈ જાણવામાં આવતું નથી. મદન કુમારની આ પ્રબલ માયા છે. એ કુમારને વિષે ધાર્મિકબળ અધિક છે. જીનધર્મની ઉપાસનાથી તેણે અનેક વિદ્યાઓ પ્રાપ્ત કરી છે. એ મદને સત્યભામાના પુત્ર ભાનુકુમારની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છાતી ઉપર પગ મુકી તેને મર્દિત કર્યો હતો. સત્યભામાની વન વાટિકાને છિન્ન ભિન્ન કરી નાખી હતી. તે સિવાય બીજા સુંદર પ્રદેશનો ધ્વંસ કર્યો હતો, અને પોતાની માતાનું કાર્ય સિદ્ધ કર્યું, એ બધું તેણે જીન ધર્મના પસાયથી કરેલુ છે. તેથી પ્રાણીઓએ સર્વદા ધર્મનું સેવન કરવું. ધર્મથી સર્વ મંગલની શ્રેણી પ્રાપ્ત થાય છે, ધર્મથી સ્વજન–બંધુનો સમાગમ થાય છે, અને ધર્મથી સર્વ નિર્મળ તથા મનોહર ચંદ્રના જેવી સૌમ્યતા પ્રાપ્ત થાય છે. તેથી હે ભવિપ્રાણીઓ ! સર્વદા ધર્મજ કરો.

धर्मतः सकलमंगलावली
धर्मतः स्वजन बंधु संगमः।
सोमसौम्यममलं मनोहरं
धर्म एव तदहो विधीयताम् ॥ १०५४ ॥

इति श्री प्रद्युम्न चरिते आचार्य श्री सोमकीर्त्ति विरचिते
श्री प्रद्युम्न मातुर्मिलन सैन्यारोपण वर्णनो नाम
दशमः सर्गः ।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# સર્ગ ૧૧ મો.

## પ્રદ્યુમ્નને થયેલો યુદ્ધ પૂર્વક સ્વજન સમાગમ અને વિવાહ મહોત્સવ.

કૃષ્ણ અને મદનના સૈન્યની વચ્ચે જે બન્યું, તે હવે કહેવામાં આવે છે. કલ્પાંત કાળના સમુદ્રની જેમ બંને સૈન્યનો મોટો સંઘટ થયો, ધૈર્ય અને વીર્યવાળા સુભટો સામસામા આવી, દેવ અને દૈત્યોને ભય થાય, તેવું યુદ્ધ કરવા લાગ્યા. હાથી હાથીની સાથે, અશ્વ અશ્વની સાથે, યોદ્ધાઓ યોદ્ધાની સાથે, અને રથ રથની સાથે એમ ચતુરંગ સેના સામસામે યુદ્ધ કરવા લાગી. કાંઇ પણ કારણ વિના આ મહા યુદ્ધે મોટું રૂપ પકડ્યું. બાણોથી જેમનાં ગાત્ર ભેદાતાં તેઓ તરત પૃથ્વી ઉપર પડતા હતા. ગજેંદ્રોએ ભેદેલા ગજેંદ્રો, અશ્વોએ ભેદેલા અશ્વો, અને રથ વડે ભેદાએલા રથો પૃથ્વી ઉપર પડવા લાગ્યા. એવી રીતે રણમાં ભયંકર યુદ્ધ ચાલ્યું. કેટલાએક ઢાલ તથા ખડ્ગને ધરનારા યોદ્ધાઓ તેવા



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યોદ્ધાઓની સાથે, અને વૃક્ષના આયુધવાળા વૃક્ષાયુદ્ધની સાથે ઘાયલ થઇ પડવા લાગ્યા. કેશા કેશી, કુંતા કુંતી, મુષ્ટિ મુષ્ટિ, અને અસ્ત્રા અસ્ત્રી યુદ્ધ થવા લાગ્યાં. કોઇ ગજેંદ્રની ઝુલને બાણથી છેદી નાંખે, એટલે તેનો ધણી બીજી ઝુલ લાવતો હતો, તેવામાં કોઇ સુભટ વેગથી તે ગજેંદ્રના કુંભસ્થળ ઉપર બાણ મારતો એટલે તે ગજેંદ્ર હઠી જતો હતો. ગજેંદ્રો કોપથી પૃથ્વીને કંપાવતા પોતાના દંતોહલ સામસામા અડાડી યુદ્ધ કરતા હતા, કોઇ સુંઢે સુંઢ અડાડી પગને સંકોચી લીલાથી પરસ્પર યુદ્ધ કરતા હતા, કેટલાએક હાથીઓ સુભટોના શસ્ત્રોથી ઘાયલ થતા રૂધિરની ધારાને વર્ષાવતા હતા, તેથી ધાતુ તથા ઝરણાની શોભાવાળા પર્વતોની જેમ તેઓ દેખાતા હતા, સુભટો દેહમાં મમત્વ છોડી, સ્વામિના કાર્યમાં પરાયણ થઇ, શત્રુઓની સામે યુદ્ધ કરવા લાગ્યા. આ પ્રમાણે બંને સૈન્યની વચ્ચે તુમુલ યુદ્ધ થવા લાગ્યું. છેવટે મદનના સૈન્યે જબરો મારો ચલાવ્યો. ક્ષણ વારમાં તો વિષ્ણુનું ઉગ્ર સૈન્ય પલાયન થવા માંડયું. કૃષ્ણે પોતાનું સૈન્ય નાસતું જોઇ, બલદેવ સહિત પાંડવોને સહાય કરવા મોકલ્યા. તેમની સહા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યથી યાદવ સૈન્ય આગળ ધસી આવ્યું, અને મદ-
નના સૈન્યમાં ભંગાણ પડ્યું. કૃષ્ણે પ્રેરેલા બલભદ્ર
તથા પાંડવ વિગેરે મહા સુભટોએ તુમુલ યુદ્ધ કરવા
માંડ્યું. મદનના સુભટોની સાથે યાદવો યુધ્ધ
કરવા મંડયા, પોતપોતાનાં નામ અને ચિન્હોથી
સુભટો ઓળખાતા હતા. હાથીઓના નાદથી, અ-
શ્વોના હેષારવથી, વાજિંત્રોના શબ્દોથી, ધનુષના
ટંકારવથી, સુભટોના સિંહ નાદથી, અને શસ્ત્રોના
આઘાતથી રણભૂમિ ગાજી ઉઠી. અર્ધ ચંદ્રાકાર
બાણ વડે છત્રના દંડ છેદવાથી તે છત્રો આકાશમાં
ભમતાં હતાં. જાણે યુધ્ધનો આરંભ જોવાને ચંદ્ર
બિંબ આવ્યા હોય, તેવા તે દેખાતા હતા. એક
સુભટે બીજા સુભટને કહ્યું કે, બંધુ ! વૃથા શંકા
કર નહીં. ગાઢપણે પ્રહાર કરજે, ભય રાખીશ નહીં.
કોઇ વીર કહે, ભાઇ ! જરા વાર રોકા. હું મારા
કેશ બાંધી, વસ્ત્રનો કટિબંધ કરી, પછી યુધ્ધ કરી-
શ. કોઇ સુભટ કહે, વીર ! મારૂં વચન સાંભળ.
મેં અન્ય શાસ્ત્રમાં સાંભળ્યું છે કે, યુધ્ધમાં મરના-
રને સ્વર્ગ મળે છે. મોક્ષ તો કદિ પણ મળતો નથી.
કોઇ સુભટે બીજાને કહ્યું, ભાઇ ! કીર્ત્તિ શા કામની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે ? ચંદ્રના જેવા મુખવાળી સ્ત્રીને મુકી વૃથા મરવાને કેમ આવ્યો છું ?

આ પ્રમાણે પરસ્પર આલાપ કરતા સુભટો ઉત્કટ યુદ્ધ કરવા લાગ્યા. રણપંડિત શૂરાઓ માન ધરીને શત્રુઓને મારતા હતા, પર્વત જેવા ગજેંદ્રો ઘાયલ થઇ પૃથ્વી ઉપર પડતા તેથી રણ ભૂમિમાં સંચાર કરવો મુશ્કેલ થઇ પડતો હતો, મસ્તક વગરના કબંડ નૃત્ય કરતા હતા, ભૂત, વેતાલ, આંતરડાના આભૂષણ કરી ફરતા હતા, અને રૂધિરનો કર્દમ થતો હતો. તેથી રણભૂમિ ભયંકર દેખાતી હતી. ક્ષણવારમાં મદને મોટો મારો ચલાવી પાંડવો અને બલદેવ પ્રમુખને માયાથી હણી નાખ્યા. પોતાના મોટા યોદ્ધાઓને નાશ પામેલા જોઇ કૃષ્ણ પોતે રોષ કરી રણ ભૂમિમાં આવ્યા. મદન બાણોથી વિશ્વને આચ્છાદાન કરી કૃષ્ણની સામે થયો. મદને ચલાવેલા પ્રચંડ મારાથી કૃષ્ણ વિલખા થઇ ગયા. પોતાના પિતાને વિલખા થયેલા જોઇ મદન વિનયથી મંદ મંદ રથને હાંકતો આગળ આવ્યો. તે વખતે કૃષ્ણનું જમણું નેત્ર તથા દક્ષિણ બાહુ ફરકવા લાગ્યાં. કૃષ્ણને ઇષ્ટનું સૂચન થયું. કૃષ્ણે તે વખતે સારથિને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહ્યું—સારથિ ! મારો બન્ધુ વર્ગ ક્ષય પામી ગયો, સુભટો મોટી સંખ્યામાં નાશ પામી ગયા છે, તે છતાં મારૂં દક્ષિણ નેત્ર કેમ ફરકે છે ? હવે શું શુભ થવાનું હશે ? સારથિ બોલ્યા—સ્વામી ! તમારૂં નેત્ર ફરકે છે, તો તમને શુભ ફળ મળવાનું. જરૂર તમે શત્રુનો વિજય કરી કીર્તિ સાથે દેવી રૂક્મિણીને પ્રાપ્ત કરશો. હવે ખેદ કરો નહીં. આ પ્રમાણે મનમાં પ્રસન્ન થઇ કૃષ્ણ અને સારથિ વાત કરતા હતા, ત્યાં મદન પાસે આવ્યો. શત્રુને આડંબરવાળો જોઇ કૃષ્ણ સ્નેહ ભરિત થઇ મનોહર વચન બોલ્યા—અરે શત્રુ ! મારૂં એક વચન સાંભળ. તું મારી સ્ત્રીનો હરનાર અને મારા બન્ધુઓનો ઘાતક છું. તથાપિ તારી ઉપર મને અંતરંગ પ્રેમ આવે છે, તેનું શું કારણ હશે ? માટે તું મારી ગુણવતી સ્ત્રીને અર્પણ કર, અને ક્ષેમ કુશળતાથી પાછો જા. કૃષ્ણનાં આવાં વચન સાંભળી મદન બોલ્યો—હે સુભટોત્તમ ! આ સ્નેહ કરવાનો અવસર નથી. હું તમારા બંધુઓનો હંતા છું, અને તમારી સ્ત્રીનો હર્તા છું. મારી ઉપર તમારો સ્નેહ કેમ થાય ? ભદ્ર ! જો તમારામાં યુદ્ધ કરવાની શકિત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ન હોય તો કહો કે, ' હે ધીરવીર ! મને સ્ત્રીરૂપી ભિક્ષા આપો. ' મદનનાં આવાં વચન સાંભળી કેશવને કોપ ચડ્યો. કૃષ્ણે શારંગ ધનુષ્ય ચડાવ્યું. બાણના સમૂહથી આકાશ, ભૂમિ અને દિક્ચક્રને આચ્છાદિત કરી દીધું. કૃષ્ણને આ પ્રમાણે કોપ પામેલા જોઇ મદને અર્ધચંદ્ર બાણ મુકી કૃષ્ણના ધનુષ્યને છેદી નાખ્યું. હરિએ બીજું ધનુષ્ય લીધું. કોપ કરી જેવામાં બાણ નાખવા જાય, ત્યાં તે ધનુષ્ય પણ મદને છેદી નાખ્યું. પછી મદન બો- લ્યો—કૃષ્ણ ! તમે ધનુષ્યમાં આવી કુશળતા ક્યાંથી મેળવી ? પૃથ્વી ઉપર યાદવો, ભોજકુલ અને પાંડ- વો પ્રખ્યાત છે, તેઓના પણ તમે સ્વામી છો, શસ્ત્ર તથા અસ્ત્ર વિદ્યામાં કુશળ છો, તે છતાં તમે તમારૂં ધનુષ્ય યુદ્ધમાં કેમ રાખી શકતા નથી ? મને લાગે છે કે, તમે યુદ્ધ કરી જાણતાજ નથી. રાજાનો વેષ લઇ સ્વેચ્છાચારી બન્યા છો. જો એમ હોય તો શી રીતે જીવી શકશો ? અથવા તમારે સ્ત્રીનું શું કામ છે ? મારી આગળથી જીવતા રહી તમારે ઘેર સુખ ભોગવો. આ પ્રમાણે ઉપહાસ્યના વચનથી કૃષ્ણને મદને મેણાં મારવા માંડ્યાં. તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાંભળી કૃષ્ણે કોપ કરી બીજું ધનુષ્ય લીધું, અને
મર્મને ભેદે તેવા બાણનો સમૂહ છોડવા માંડયો.
ક્ષણવારમાં કામદેવના માયાવી સૈન્યને ભેદી નાખ્યું.
પછી મદનના છત્રને, ધ્વજાને, સારથીને અને
અશ્વોને પાડી નાખ્યા. પછી મદન બીજા રથમાં
બેઠો અને માયાથી સર્વ સંપાદન કરી લીધું. માયા
વડે શું સાધ્ય નથી? યાદવોમાં ઉત્તમ એવા કૃષ્ણે
દિવ્ય રથમાં બેસી, વિદ્યાને બોલાવી અગ્નિ બાણ
મુકયું. પ્રલય કાળના અગ્નિ જેવું તે બાણ છુટયું,
અને તેણે ચારે તરફ મદનની સેનાને બાળવા માં-
ડી. જવાળાઓ અને તણખાઓની વૃષ્ટિ થવા લાગી,
દિશાઓ તેઓથી રૂંધાઇ ગઈ, મન્મથે સુવર્ણના
જેવી કાંતિવાળા ઉગ્ર અગ્નિને જોયો, મદને વારૂણા-
સ્ત્ર [ જલાસ્ત્ર ] નું સ્મરણ કર્યું, તે હાજર થયું,
એટલે શત્રુની ઉપર સામું મુકયું. તે બાણમાંથી વ-
ર્ષાદની મુશળ ધારાઓ છુટવા માંડી. વિધુતનો પ્રકા-
શ અને ગર્જના થવા લાગી, ક્ષણ વારમાં તે વડે
અગ્નિની જવાળાઓ શમી ગઇ. કૃષ્ણે પોતાનું અ-
ગ્નિ બાણ શમેલું જોઇ, મહા વેગી વાયુ શસ્ત્રને
છોડયું, તેના પ્રચંડ વેગથી ગજેંદ્ર, અશ્વ, અને ધ્વ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જકેતુ સહિત રથો પત્રના સમૂહની જેમ ઉડવા લાગ્યા. પછી મદને તામસ બાણ મુકયું, ભમરાના જેવું નીલ અંધકાર સર્વત્ર વ્યાપી ગયું. તામસ પદાર્થોનો સ્વભાવ મોહને ઉત્પાદક હોવાથી સર્વ સ્થળે મોહની પ્રવૃત્તિ થઇ રહી.

આ પ્રમાણે વિવિધ જાતનાં દિવ્ય અસ્ત્રોથી તેઓ પરસ્પર એકબીજાને પ્રહાર કરવા લાગ્યા. જે જોઇ ખેચરોને વિસ્મય થતો હતો. કૃષ્ણ જે કાંઇ યુદ્ધમાં કરતા તે અમોઘ હોય તોપણ છેવટે નિષ્ફળ થતું હતું. તેમાં શું આશ્ચર્ય ! જે દિવ્ય અંશવાળા હોય, અથવા તેવા કુળમાં ઉત્પન્ન થાય તેઓ સર્વ રીતે સમર્થ હોય છે. કૃષ્ણનાં બાણ જ્યારે નિષ્ફળ થયાં ત્યારે પોતે વિલખા થઇ ગયા. પોતાના સૈન્યનો વિનાશ થતો જોઇ કૃષ્ણે હૃદયમાં ચિંતવ્યું કે, આ શત્રુ બીજી રીતે જીતી શકાય તેવો નથી. આની સાથે તો મલ્લયુદ્ધ કરવું જોઇએ, માટે હું મલ્લયુદ્ધ કરૂં—આવું ચિંતવી દ્રઢ રીતે પરિકર બાંધી કૃષ્ણ બાહુ યુદ્ધ કરવાને તૈયાર થયા. તત્કાલ રથમાંથી ભૂમિ ઉપર ઉતર્યા. પૃથ્વી ઉપર ચરણનો આઘાત કર્યો. તેમના ચરણના આઘાતથી પૃથ્વીમાં મોટાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છિદ્ર પડી ગયાં, અને પર્વતોના સાંધા તુટી ગયા. પ્રફુલિત કમળના જેવું દિવ્ય રૂપ ધારણ કરતા, અને ઉગ્ર કોપથી પરિપૂર્ણ થતા એવા કૃષ્ણ, રાતી દ્રષ્ટિ કરી, મદનની ઉપર આવ્યા. મદન પણ પિતાને બદ્ધ પરિકર થયેલા જોઇ, રથમાંથી ઉતરી વેગ વડે તેની સન્મુખ આવ્યો. દિશાઓના ગજેંદ્રના જેવી જેમની આકૃતિ છે, એવા તે બંનેને યુદ્ધની ઇચ્છાવાળા વિમાનમાંથી જોઇ, મદનની માતા અને સ્ત્રીએ નારદજીને કહ્યું, નારદજી ! તમે સત્વર જઈ આ બંનેને યુદ્ધ કરતાં નિવારો, આ બંનેના યુદ્ધથી અમારે મોટી હાનિ થાય છે. તેમનાં વચનથી નારદજી વેગથી ત્યાં ગયા. જ્યાં તે બંને યુદ્ધ કરતા હતા, ત્યાં જઇ તેમની વચ્ચે ઉભા રહ્યા. નારદજી બોલ્યા— અરે માધવ ! તમે આ પુત્રને વિષે શું આરંભ્યું છે ? કાલસંવરને ઘેર વૃદ્ધિ પામી, સોળ લાભ મેળવી, સોળ વર્ષે આવેલો આ તમારો પુત્ર પ્રદ્યુમ્ન છે, તે તમને મળવાને આવ્યો છે. પુત્રની સાથે યુદ્ધ કરવું, તે યુક્ત નથી. પછી નારદજીએ મદનને કહ્યું, અરે મદન ! પિતાની સાથે યુદ્ધ કેમ કરે છે ? જગત્‌ને પૂજવા યોગ્ય અને સ્નેહના મંદિરરૂપ એવા તારા


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પિતાની સાથે આવી ચેષ્ટા કરવી છોડી દે. નારદજીનાં વચન સાંભળી કૃષ્ણ અતિ પ્રસન્ન થઇ ગયા. મલ્લ યુદ્ધની ચેષ્ટા મુકી, સ્નેહથી મદનની સામે આવ્યા. પુત્રના આગમનના હર્ષથી અને બલદેવના નાશથી શીઘ્ર અને મંદ ગતિએ ચાલતા કૃષ્ણ મદનની સન્મુખ આવ્યા. કૃષ્ણે આનંદથી જણાવ્યું કે, વત્સ ! અહીં આવ, અને ગાઢ આલિંગન આપી મને સુખ આપ. પિતાનાં આવાં વચન મદનના કર્ણમાં સુધા સિંચનરૂપ થયાં, તેથી તે ઘણો હર્ષ પામ્યો. મનને પ્રસન્ન કરી, સત્વર પોતાને વેષ દૂર કર્યો. વિનયથી આવી કૃષ્ણના ચરણ કમળમાં મસ્તક નમાવ્યું. કૃષ્ણે સ્નેહથી બે બાહુ વડે પુત્રને બેઠો કર્યો. અતિ હર્ષથી આલિંગન કરી, ક્ષણ વાર કૃષ્ણ નેત્ર મીંચીને સ્થિર રહ્યા. બંનેના શરીરમાં પુલકાવળી વળી ગઇ. હૃદયની અંદર હર્ષ વ્યાપ્ત થઇ ગયો. જાણે સંમિલિત થયા હોય, તેમ નિશ્ચળ થઇ ગયા. તેમને એવી સ્થિતિમાં ચિરકાળ રહેલા જોઇ, નારદજી પ્રસન્ન ચિત્તે બોલ્યા— હે વીરો ! કેમ અદ્યાપિ ઉભા છો ? દ્વારકામાં પ્રવેશ કેમ કરતા નથી ? લોકો તમને જોવાને ઉત્સુક થઇ રહ્યાં છે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નર નારીઓના ગણ મહોત્સવ કરવા તૈયાર છે, હવે નગરમાં પધારો.

નારદનાં આવાં વચન સાંભળી કૃષ્ણ નિશ્વાસ મુકી ગદ્ગદ્ વાણીએ બોલ્યા—નારદજી ! સાંભળો. મને પુત્ર મળ્યો—એ સારૂં થયું, પણ હું બન્ધુ રહિત થઇ ગયો. તેમજ મારૂં સૈન્ય નાશ પામી ગયું. અમે પિતા પુત્ર બંને બન્ધુ અને સૈન્યથી રહિત થઇ ગયા. તે વિના અમને શોભા ક્યાંથી મળશે ? હું કોના ઉપર છત્ર ધારણ કરીશ ? આવાં માધવનાં દીન વચન સાંભળી નારદજી હસતા હસતા બોલ્યા—કૃષ્ણ ! શોક કરો નહિ. તમારા પુત્ર મદને કોઇને માર્યા નથી. ગજ, અશ્વ, અને પેદલમાં કોઇને પીડા કરી નથી. તમારો પુત્ર મદન શત્રુઓને પણ મારે નહીં, તો પછી તે પોતાના પિતાના બન્ધુ-ને અને સૈન્યને કેમ મારે ? વિષ્ણુ ! તમે વૃથા દુઃખ કરશો નહીં. તમારા બંધુ અને સૈન્યનો નાશ થયો નથી. પછી નારદે મદનને કહ્યું—મદન ! હવે આવી બાલચેષ્ટા કર નહીં. પિતાની આગળ ચિરકાળ હાસ્ય કરવું, તે શોભે નહિ. ઉત્તમ પુરૂષોને ક્ષણ-વારજ હાસ્ય કરવું યોગ્ય છે, તેથી હાસ્ય છોડી દે, અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મનોહર ચેષ્ટા કર. સર્વ સૈન્ય અને બન્ધુઓને બેઠા કરી તારા પિતાને હર્ષ પમાડ. નારદનાં આવાં વચન સાંભળી મદને માયા ખેંચી લીધી. તત્કાળ હાથી, ઘોડા અને પેદલનું સૈન્ય બેઠું થયું. જાણે સુઇને ઉઠયું હોય, તેમ દેખાવા લાગ્યું. પૃથ્વી ઉપર પડેલા યાદવો બેઠા થયા, અને ' શત્રુને મારો, પકડો ' એમ મુખે કહેવા લાગ્યા. સર્વને યુદ્ધ કરવાની ઇચ્છાવાળા જોઇ કૃષ્ણ હસતા હસતા બોલ્યા—બસ થયું, તમારૂં શૌર્ય રણભૂમિમાં જાણવામાં આવ્યું છે. મારા એકલા પુત્ર મદને તમને બેશુદ્ધ કરી પાડી નાખ્યા હતા. કૃષ્ણનાં આવાં વચન સાંભળી પાંડવો વિસ્મય પામી ગયા. કૃષ્ણે ફરીથી કહ્યું—પાંડવો ! આ વિદ્યાધરનો આધિપતિ, સર્વ વિદ્યાનો નિધાનરૂપ અને માયાથી સર્વ વિશ્વને જીતનારો કામદેવ છે. તે મારો પુત્ર છે. મને મળવાને આવ્યો છે. કૃષ્ણનાં આવાં વચન સાંભળી, અર્જુન ભીમ વિગેરે પાંડવો કે જે ગજેંદ્ર, અશ્વ અને રથ વિગેરે વાહનો ઉપર ચડેલા, તે સત્વર નીચે ઉતર્યા. સ્નેહથી પૂર્ણ થઇ મદનને મળ્યા. મદને યોગ્યતા પ્રમાણે તેમને પ્રણામ કર્યો. તે પછી સમુદ્રવિજય તથા બલભદ્ર પ્રમુખ યાદવો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મદન પાસે મળવા આવ્યા. મદને તે સર્વને પ્રણામ કર્યાં. બીજા રાજાઓએ આવી મદનને પ્રણામ કર્યાં, અને અતિ હર્ષથી આલિંગન કરી કુશળ પ્રશ્ન પુછ્યો. મદનને જોઇ સર્વ સંબંધીઓ પરમ હર્ષને પ્રાપ્ત થયા. યોગ્ય એવા સ્વજનનાં દર્શનથી કોને સંતોષ ન થાય ?

આ વખતે ભાનુકુમાર સૈન્યમાંથી નીકળી પોતાની માતા સત્યભામા પાસે આવ્યો. સત્યભામાને આ સર્વ વૃત્તાંત નિવેદન કર્યો. તેમાં વાટિકા, વન, વાપિકા, રથ, પુષ્પનો સમૂહ અને કન્યાના હરણની સર્વ વાર્ત્તા જણાવી. તે સાંભળી સત્યભામાને ઘણોજ ખેદ થયો. તેણીના મનમાં જે દુઃખ થયું, તે કેવલી વિના કોઇ કહી શકે તેવું ન હતું. પછી કૃષ્ણે મદનને પ્રેમથી કહ્યું—વત્સ ! તારી માતાને સત્વર લઇ આવ. મદન તેને લેવાને ગયો, ત્યારે નારદે હાસ્ય કરી કહ્યું, પૃથ્વીમાં પોતાની સ્ત્રી સર્વને વલ્લભા હોય છે. કૃષ્ણે એમ કહ્યું કે—વત્સ ! તારી માતાને લઇ આવ. પણ એમ કેમ ન કહ્યું કે, તારી માતાને અને તારી સ્ત્રીને લઇ આવ ? નારદનાં આવાં વચન સાંભળી કૃષ્ણ બોલ્યા—નારદજી !

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ શું કહો છો ? પુત્રને વધૂ કયાંથી પ્રાપ્ત થઇ ? નારદજી બોલ્યા—દુર્યોધને પોતાની પુત્રી ઉદધિને ભાનુકુમારના વિવાહ માટે જે મોકલી હતી, તેનું મદને હરણ કરેલું છે. ભિલનો વેષ લઇ કૌરવોને જીતી લઇ તે કન્યા રૂકિમણીની પાસે રાખેલી છે. નારદનાં આ વચન સાંભળી કૃષ્ણને વિશેષ સંતોષ થયો. પુનઃ મદનને કહ્યું—વત્સ ! તારી સ્ત્રીને અને માતાને સત્વર અહીં લાવ. કૃષ્ણના કહેવાથી મદને વિમાનને આકાશમાંથી વેગ વડે પૃથ્વી ઉપર ઉતાર્યું. તે અપૂર્વ વિમાન જોઇ સર્વ યાદવો આશ્ચર્ય સાથે હર્ષ પામી ગયા. રૂકિમણી પુત્ર વધૂ સાથે આવી વિનય અને ભકિતથી વિષ્ણુના ચરણમાં નમી પડયાં. રૂકિમણીને પુત્ર વધૂ સહિત જોઇ કૃષ્ણે અમાત્યને કહ્યું કે, મંત્રી ! દ્વારકામાં ઉત્સવ કરાવો.

કૃષ્ણનાં વચનથી સંતુષ્ટ થઇ, મંત્રીએ દ્વારકામાં રાજકુમાર મદનનો આગમનોત્સવ કરાવા માટે નગરી શણગારવા હુકમ કર્યો. મંત્રીની આજ્ઞાથી લોકોએ દ્વારામતીને શણગારવા માંડી, શેરીઓમાં ચંદનનાં સુગંધી જળના છંટકાવ થયા, જાનુ પ્રમાણ પુષ્પો પુરાવા માંડયાં, ધ્વજા, પતાકા અને તો-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રણોથી બજારને શણગારવામાં આવી, ઘેર ઘેર મંગલ કળશ અને તરીઆ તોરણની રચના કરવામાં આવી. પછી મંત્રીઓએ વિનયથી મસ્તક નમાવી, કૃષ્ણને નિવેદન કર્યું કે, આપની આજ્ઞાથી નગરી સુશોભિત કરવામાં આવી છે. પછી કૃષ્ણ ચડી સ્વારીએ મદનને લઇ મોટા ઉત્સવ સાથે પુરીમાં પ્રવેશ કરવાને ફરવા નીકળ્યા. ઢોલ, તાંસાં, નોબત અને સરણાઇના નાદ થતા હતા, મધુર સ્વરનાં વાજિંત્રો વાગતાં હતાં, સંગીત સાથે વારાંગનાઓ નૃત્ય કરતી હતી. સાથે સમુદ્રવિજય વિગેરે ઘણા રાજાઓ ચાલતા હતા. મદનને લઇ કૃષ્ણ રાજા આવે છે, એવું જાણી દ્વારકાની નારીઓ સંભ્રમથી વેષમાં વિપરીતતા કરી, તેને જોવા આવી. કોઇ મુખે કજ્જળ, નેત્રમાં કુંકુમ, કાનમાં નૂપુર, અને ચરણમાં કર્ણ ભૂષણ—એમ વિપરીત રીતે ધારણ કરીને દોડી આવી. કોઇ ગૃહનું અર્ધું કાર્ય છોડીને, અને કોઇ ભોજન છોડીને આવી. મદનની મનોહર મૂર્ત્તિ જોઇ, કામિનીઓ આ પ્રમાણે કહેવા લાગી— જો પુરૂષ મળે તો આ કામદેવ જેવોજ મળજો. બીજા કોઇ જેવા પુરૂષોનું શું પ્રયો-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જન છે ? કોઇ સગર્ભા સ્ત્રી બોલી— જો મારે પુત્ર થાય, તો તે આ મદનના જેવોજ થજો. કોઇ કહે— રૂક્મિણીને ધન્ય છે કે, જેણીએ આવા પુત્રને ઉદરમાં રાખ્યો. કૃષ્ણને પણ ધન્ય છે કે, જેના ઘરમાં આવો પુત્ર મણિ પ્રગટ થયો. કોઇ બોલી— તે કનકમાળાને ધન્ય છે કે, જેણે સ્તન પાન કરાવી, આ સુંદર કુમારને બાલ્યવયથી ઉછેર્યો. જગતમાં યાદવોનું પુણ્ય પ્રખ્યાત થયું કે, જેમના કુળમાં મદનનો અવતાર થયો. દ્વારકાનાં મોટાં ભાગ્ય કે, જેમાં આવા સુંદર કુમાર વિચરશે. સર્વથી ઉદધિ કન્યાનું પુણ્ય વિશેષ પ્રશંસનીય છે કે, આ સુંદર વરની સાથે ઉત્સંગમાં બેસી રમણ કરશે. કોઇ પ્રૌઢ સ્ત્રી બોલી— સખી ! આ મદનની બીજી વાત જાણવા જેવી છે. એ કૃષ્ણવાસુદેવના પુત્રને જન્મ વખતેજ કોઇ શત્રુ હરી ગયો હતો, તેને 'ખદિરા' નામની અટવીમાં આવેલા તક્ષક ગિરિ ઉપર એક શિલા નીચે દાબ્યો હતો. કોઇ વિદ્યાધરના નાયકે તેને ત્યાંથી લઇ પોતાને ઘેર ઉછેર્યો છે. આ ચતુર કુમાર પુણ્ય યોગે વિદ્યા અને જાત જાતના લાભ મેળવી, અહિં પિતાને ઘેર આવેલો છે. રૂક્મિણીના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુણ્યથી તેને તેના શત્રુઓ મિત્ર થયા છે. વિવિધ જાતના લાભ, આકાશ ગતિ, પુષ્પના ધનુષ્યની પ્રાપ્તિ અને જગતમાં કીર્ત્તિ સર્વ યાદવોમાં આ કુમાર એકલેજ મેળવી છે. દ્વારકામાં ઘણા યાદવો રહે છે, પણ કોઇ તેમનું નામ પણ જાણતું નથી. રાણીએ તે સ્ત્રીને કહ્યું, બેન ! તું મને મૂઢ જેવી લાગે છે. વારંવાર શું બડબડે છે, તેમાં કાંઇ આશ્ચર્ય નથી. એ બધું પુણ્યથીજ પ્રાપ્ત થાય છે. આ મહાવીરે પૂર્વે દુષ્કર તપ કરેલો હશે, તેણે ભાવ પૂર્વક સત્પાત્રોને દાન આપ્યાં હશે. એ મહાનુભાવે શ્રી જિન પૂજા કરેલી, અને નિર્મળ ચારિત્ર પાળેલું હશે, તે શિવાય આવી ઉન્નતિ કયાંથી મળે ? તેણે શુદ્ધ ભાવથી ગુરૂ ભકિત કરેલી હશે. તે શિવાય આવી વિદ્યા, સૌંદર્ય અને સંપત્તિ કેમ પ્રાપ્ત થાય ? આ પ્રમાણે લોકોના મુખથી વિવિધ વાર્ત્તા સાંભળતો મદન દ્વારકાના ચૌટામાં જતો હતો. ગજેંદ્ર ઉપર ચડેલા મદનને માથે છત્ર ધરવામાં આવ્યું હતું, તેની બંને બાજુ ચામર વીંજાતા હતા, રમણીઓનાં નેત્રરૂપી પોયણામાં ચંદ્ર સમાન મદન ઉત્સવ સહિત પોતાના પિતાની સાથે માતાના મંદિરમાં આ-



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વી પહોંચ્યો. સર્વ લક્ષણ સંપન્ન એવા પુત્રને માતાએ અર્ધ્ય પાદ્યાદિ માંગલ્ય કર્યું. મદનના આગમનથી દ્વારકામાં સર્વ જનને ઉત્સવ થયો. માત્ર સત્યભામા અને ભાનુકુમારને થયો નહતો. કૃષ્ણ, બલદેવ અને બીજા રાજાઓ કેટલાક દિવસ સુધી રૂકિમણીના મેહેલમાં રહ્યા, પછી કૃષ્ણે મંત્રીઓને આજ્ઞા કરી કે, પ્રદ્યુમ્ન કુમારના વિવાહના ઉત્સવને સમારંભ કરાવો. તે સાંભળી પ્રદ્યુમ્ને વિનયથી કૃષ્ણને જણાવ્યું કે, મારા પાળક માતા પિતા કાલસંવર અને કનકમાળાની સાંનિધ્યે વિવાહ ઉત્સવ થવો જોઇએ. તે શિવાય નહીં. પુત્રના વચનથી કૃષ્ણે કાલસંવર વિદ્યાધરની ઉપર એક દૂત મોકલ્યો. દૂતે જઇ પ્રદ્યુમ્નના વિચાર વિદ્યાધર પતિને જણાવ્યા. રાજા કાલસંવરે કનકમાળાની સાથે વિચાર કરી, દ્વારકામાં જવાની ઇચ્છા કરી, પણ મનમાં લજ્જા થવા લાગી. છેવટે નિશ્ચય કરી મોટું સૈન્ય એકઠું કરી, કન્યાઓના સમૂહ સાથે રતિને તેના પિતા સહિત લઇ, કાલસંવર દ્વારકામાં આવ્યો. તે આવતો સાંભળી મદન પોતાના પિતા કૃષ્ણને સાથે લઇ મોટા ઠાઠમાઠથી સન્મુખ આવ્યો. કાલસંવર અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કનકમાળાના ચરણમાં મદન નમી પડયો. કૃષ્ણ કાલસંવરને અને રૂકિમણી કનકમાળાને અતિ સ્નેહથી મળ્યાં. કૃષ્ણે મોટા ઉત્સવ સાથે કાલસંવરને નગર પ્રવેશનો ઉત્સવ કરાવ્યો. ભક્તિ પૂર્વક તેની ઉત્તમ પ્રકારની બરદાસ કરવામાં આવી. પછી દ્વારકા નગરીમાં મદનના વિવાહ મહોત્સવોનો સમારંભ કરવામાં આવ્યો. કોઇ ઠેકાણે મનોહર વાજિંત્રો વાગતાં હતાં, કોઇ ઠેકાણે વારાંગનાઓનાં ગીત સાથે નૃત્ય થતા હતા, કોઇ સ્થળે પતાકાઓ અને કોઇ સ્થળે તોરણોની રચના કરવામાં આવી હતી. ગજેંદ્રો, અશ્વો, અને રથોની ઠઠ જામી હતી, છત્ર અને ચામર શોભી રહ્યાં હતાં. લગ્નનો દિવસ આવ્યો, એટલે મદને અષ્ટ પ્રકારી પૂજાથી શ્રી જિનેંદ્ર ભગવંતની પૂજા કરી. પછી તે મંડપમાં આવ્યો. વરઘોડા માટે ઉત્તમ રીતે શણગારેલો અશ્વ હાજર થયો, એટલે સર્વ રાજાઓની સમક્ષ મદને કહ્યું કે, મારી અપર માતા સત્યભામાના કેશની વેણી અહિં લાવો તો, તે ઉપર પગ મુકી હું વરઘોડે ચડીશ. કારણ કે બલદેવ કાકાની સમક્ષ મેં એવી પ્રતિજ્ઞા કરી છે. લોકોના મુખથી મદનના આ શબ્દો સાંભળી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉત્તમ સ્વભાવનાં રૂક્મિણીએ આવી મદનને કહ્યું કે, પુત્ર ! આ પ્રમાણે કહેવું યુક્ત નથી. તું અહિં આવ્યો ત્યારેજ સત્યભામાનું મસ્તક મુંડાઇ ગયું છે, અને તેને ગધેડા ઉપર ચડાવ્યા જેવું કર્યું છે, હવે વધારે કરવાની જરૂર નથી.

રૂક્મિણીનાં વચનથી મદન શાંત થઇ ગયો. તે ઉત્તમ અશ્વ ઉપર ચડયો, અને યાચકોના વાંછિત-ને પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ જેવો થઇ ચાલવા લાગ્યો. રાજા કાલસંવર અને કૃષ્ણવાસુદેવ વિવિધ ઉત્સવ કરતા તેની સાથે ચાલતા હતા. મદન રમણીય વનમાં આવ્યો, ત્યાં રતિની સાથે તેનો વિવાહ કરવામાં આવ્યો. જેમાં સ્વજનોને સુખકારી આનંદ થયો હતો. કામ અને રતિનો વિવાહ થઈ રહ્યા પછી મદન ઉદધિકન્યા વિગેરે પાંચસો ને આઠ રાજ કન્યાઓ-ની સાથે પરણ્યો હતો. સર્વને પરણ્યા પછી મદને મોટા ઠાઠમાઠથી નગરીમાં પ્રવેશ કર્યો. કૃષ્ણવાસુદેવના કહેવાથી વિદ્યાધરોએ તે પ્રસંગે મોટો મહોત્સવ કર્યો હતો. વિવાહ પ્રસંગે આવેલા સ્વજન, પરજન અને વિદ્યાધરોને કેટલાક દિવસ રોકી કૃષ્ણે યોગ્યતા પ્રમાણે પૂજા સત્કાર કર્યો. એક વખતે કાલસંવર વિદ્યાધરે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિનયથી બે હાથ જોડી કૃષ્ણને કહ્યું—વાસુદેવ ! હવે કૃપા કરી મને રજા આપો તો, હું સર્વ પરિવારને લઇ મારા નગરમાં જાઉં. તેના અતિ આગ્રહથી કૃષ્ણે રજા આપી અને યાદવોની સભા ભરી તેમને સારો પોશાક ભેટ કર્યો. કૃષ્ણે સર્વની સમક્ષ કહ્યું કે, મિત્ર કાલસંવર ! હું તમારો આભારી છું. મારા પુત્રને તમે પુત્રવત્ પાળી ઉછેર્યો છે, તેથી આ મદનકુમાર તમારો પેહેલો પુત્ર છે, એમ જાણજો. રાણી કનકમાલાનો પણ રૂક્મિણીએ ઉત્તમ પોશાક આપી સત્કાર કર્યો. મહા મલ્યવાળાં વસ્ત્રાભરણ આપી તે વિદ્યાધરીને પૂર્ણ સંતોષ પમાડી. પછી તે વિદ્યાધરો સર્વ પરિવાર સાથે પોતાના દેશ તરફ વિદાય થયા. કૃષ્ણવાસુદેવ તથા રૂક્મિણી તેમને ઘણે દૂર વલોટાવા ગયાં. મદનકુમાર પણ તે પાલક માતા પિતાની સાથે ઘણે દૂર વલોટાવા આવ્યો, અને છેવટે તેમના ચરણકમળમાં નમી વિનય કરી પાછો વળ્યો. મદન દ્વારકામાં આવ્યો. વિવાહ ઉત્સવ સમાપ્ત થઇ રહ્યો. મદનના મેળાપથી કૃષ્ણ અને રૂક્મિણીને અતિ આનંદ થયો. યાદવો, ભોજગો અને પાંડવો પ્રદ્યુમ્નના વિવાહથી ખુશી થયા. નારદ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મુનિને સર્વ કાર્ય સિદ્ધ થવાથી સંતોષ થયો. પછી નારદમુનિ સર્વની રજા લઇ ત્યાંથી ચાલી નીકળ્યા. મદન સુંદર સ્ત્રીઓના મુખરૂપ કમળમાં ભ્રમર સમાન થઇ રાજ વૈભવ ભોગવવા લાગ્યો.

ઇર્ષ્યાથી દગ્ધ થયેલ સત્યભામા મદનનું આગમન અને તેનો વિવાહ જોઇ અતિ દુઃખી થઇ હતી. તેના હૃદયમાં અતિષે ખેદ થતો હતો. તેણીએ પણ સર્વ લક્ષણવાળી રાજકન્યાની માગણી કરી ભાનુકુમારનો વિવાહ કર્યો હતો. ભાનુકુમાર પણ વૈભવ સુખ ભોગવવા લાગ્યો. કૃષ્ણનું રાજકુટુંબ સ્વસ્થ થઇ વર્ત્તવા લાગ્યું. સર્વ પૃથ્વી ઉપર પ્રદ્યુમ્નની કથા પ્રવર્તી. દ્વારકામાં શેરીએ શેરીએ અને ઘેર ઘેર પ્રદ્યુમ્નનીજ ચર્ચા થવા લાગી. બલવાન પ્રદ્યુમ્ને પોતાના ધાર્મિક પુણ્યના પ્રભાવથી સર્વ વાંછિત પ્રાપ્ત કર્યા. મનુષ્યો સ્વજનનો સમાગમ, વાંછિત અર્થ અને દેવતાને ભોગવવા યોગ્ય એવાં સુખ જે મેળવે છે, તે પુણ્યરૂપ કલ્પવૃક્ષનાં ફળ છે. ધર્મથી અનેક પ્રકારની શુદ્ધતા થાય છે, જગતમાં નિર્મળ યશ વધે છે, સૌજન્ય સંપાદન થાય છે, શત્રુઓનો ક્ષય થાય છે, અને વિવેકાદિ ગુણ પ્રાપ્ત થાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેથી ભવિપ્રાણીઓએ શ્રીજીનેંદ્ર ભાષિત ધર્મનું સેવન કરવું. જે ધર્મ સંસારનાં દુઃખનું હરણ કરવા સમર્થ થાય છે.

इति श्री प्रद्युम्न चरिते आचार्य श्री सोमकीर्त्ति विरचिते प्रद्युम्न युद्ध स्वजन संग विवाहोत्सव वर्णनो नाम एकादशः सर्गः ।

## सर्ग १२ मो.

### પ્રદ્યુમ્ન કુમારના પુણ્યનું ફળ.

પ્રદ્યુમ્નકુમાર દ્વારકામાં સુખ સાગરમાં મગ્ન થઇ રહ્યા છે. હવે તેના પૂર્વ ભવનો અનુજબંધુ કૈટભ કે જે દેવલોકે ગયેલો છે, તેનું દિવ્ય ચરિત્ર કહેવામાં આવે છે. કૈટભ દેવલોકમાં રહેલો છે. દેવતાઓ તેની સેવા કરે છે. એક વખતે તેને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રીજિન ભગવંતને વંદના કરવાની ઇચ્છા થઇ. વિદેહ ક્ષેત્રમાં પૂર્વ દિશા તરફ ' પુંડરિકીણી ' નામે વિશ્વ વિખ્યાત નગરી છે. તેમાં ' પદ્મનાભિ ' રાજા રાજ્ય કરે છે. તે નગરીમાં જઇ તેણે તીર્થંકર પ્રભુના ચરણમાં વંદના કરી, પછી પ્રભુના મુખમાંથી ધર્મનો બોધ શ્રવણ કર્યો. પ્રભુની દેશના પૂર્ણ થઇ એટલે કૈટભદેવે પોતાના પૂર્વ ભવ વિષે પ્રશ્ન કર્યો—હે જગત્પાલ ! હે વિશ્વવલ્લભ ! હે વિશ્વપતિ ! મને મારા પૂર્વભવની કથા કહો. પ્રભુ બોલ્યા—દેવતા ! સાવધાન થઇ સાંભળ. પછી જ્ઞાનીપ્રભુએ બ્રાહ્મણના ભવથી માંડીને દેવતાના ભવ સુધીનો સર્વ વૃત્તાંત એંધાણી સાથે તેને કહી સંભળાવ્યો. પોતાના બધા ભવ સાંભળી દેવતાએ વિનયથી પુછ્યું, ભગવંત ! મારો ભાઇ મધુ હમણાં કયાં છે ? પ્રભુ બોલ્યા— ભદ્ર ! દ્વારકા નગરીમાં કૃષ્ણ તથા રૂકિમણીથી ' મદન ' નામે તે ઉત્પન્ન થયો છે. દેવતા બોલ્યો— એ અગ્ર બંધુની સાથે મારો સંયોગ થશે કે નહીં ? પ્રભુએ કહ્યું, તમારા બંને ભાઇઓનો સમાગમ અવશ્ય થશે. તું પણ કૃષ્ણવાસુદેવનો પુત્ર થઇશ. આવાં પ્રભુનાં વચન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાંભળી તે દેવતા હર્ષ પામ્યો. પછી તે પ્રભુને ભક્તિથી વંદના કરી, ત્યાંથી નીકળી દ્વારકામાં આવ્યો. કૃષ્ણવાસુદેવની સભામાં આવી કૃષ્ણને પ્રણામ કરી તે દેવતા બોલ્યો—વાસુદેવ ! સાવધાન થઇ મારૂં વાક્ય સાંભળો. અલ્પ સમયમાં હું તમારો પુત્ર થવાનો છું. હું પણ મદનના જેવો સર્વને વલ્લભ અને સ્ત્રીઓના હૃદયને ચોરનારો થઇશ. અમુક દિવસે તમારે સ્ત્રીની સાથે રહેવું. એમ કહી તેણે મણિથી પ્રકાશિત અને તેજથી પ્રદીપ્યમાન કોટી સૂર્યના જેવો એક હાર આપ્યો અને કહ્યું, કૃષ્ણવાસુદેવ ! આ સુંદર હાર તમારે મારી માતાને શુભ મુહુર્તે આપવો. આ હાર બીજા જનને દુર્લભ છે. આ પ્રમાણે કહી તે દેવતા પોતાના વિમાન પ્રત્યે ચાલ્યો ગયો. તેના જવા પછી કૃષ્ણે હર્ષથી ચિંતવ્યું કે, આ દેવતા મદનનો અનુજબંધુ થશે, પણ તેને કઇ સ્ત્રીમાં હું અવતાર આપું ? એમ વિચારતા કૃષ્ણને સ્ફુર્યું કે, મદનની સાથે સત્યભામાને દ્વેષ છે, તેથી આ દેવતાને સત્યભામાના ઉદરમાં ઉતારૂં, કે જેથી તેમને અત્યંત પ્રીતિ થાય. આવું ચિંતવી કૃષ્ણે તે વાતનો નિશ્ચય કર્યો. આ વિચાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગુપ્ત રાખ્યો. કોઇને જણાવ્યો નહિ. દૈવયોગે ચતુર મદનકુમારે એ વૃત્તાંત કોઇ દ્વારા જાણી લીધો. પોતાના બન્ધુનો ભવ અને તેણે કરેલ હારનું અર્પણ ઇત્યાદિ સર્વ વૃત્તાંત જાણી મદનને આશ્ચર્ય થયું. પછી તે પોતાની માતા પાસે આવ્યો. એકાંતે આવી વિનયથી આ પ્રમાણે કહ્યું, માતા ! મારૂં એક હિતકારી વચન સાંભળો. મારો પૂર્વનો 'કૈટભ' નામે અનુજબન્ધુ સાત ભવ સુધી મારી સાથે ભમ્યો હતો. તે હાલ સ્વર્ગલોકમાં દેવતા થઇ રહેલો છે. તે થોડા સમયમાં કૃષ્ણવાસુદેવનો પુત્ર થઇ અવતરવાનો છે. તે કૃષ્ણની કોઇ પણ સ્ત્રીમાં અવતરશે. આવા જિન ભગવંતનાં વચન મારા સાંભળવામાં આવ્યાં છે. જિન વચન મૃષા થતાં નથી. વળી મેં સાંભળ્યું છે કે, તે પુત્ર સત્યભામાને આપવા કૃષ્ણની ઇચ્છા છે. માતુશ્રી ! જો તે સર્વ ગુણ સંપન્ન પુત્રની તમારે ઇચ્છા હોય તો, હું તે દેવતાને તમારા ઉદરમાં પુત્રરૂપે ઉતારૂં. તેમાં કોઇ જાતનો સંશય રાખશો નહીં. મદનનાં વચન સાંભળી રૂકિમણી બોલ્યાં—વત્સ ! એ કાર્ય તારાથી કેમ થઇ શકશે ? આ કામ કદિ પણ તારે આધીન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નથી. મદન બોલ્યો—માતા ! શંકા રાખો નહીં. હું તમને સત્યભામાને રૂપે બનાવી દઉં, અને કૃષ્ણને તમારી પાસે મોકલું. તે સાંભળી રૂકિમણીને ખાત્રી થઇ. તેણે હાસ્ય કરી કહ્યું—પુત્ર ! તારા વિચારથી હું સંતુષ્ટ થઇ છું. મારે તો તારા જેવો પુત્ર છે એટલે બસ છે. બીજા પુત્રની ઇચ્છા નથી. સૂર્યની આગળ બીજા પ્રકાશી પદાર્થની શી જરૂર છે ? વત્સ ! જો તું મારો આજ્ઞાંકિત પુત્ર હો તો, મારા કહેવા પ્રમાણે કર. મારે જાંબુવતી નામે એક બીજી સપત્ની છે, તે મને ઘણી પ્રિય છે. તેના ઉદરમાં એ પુત્રનો અવતાર થાય તેમ કર. તે સ્ત્રીની સાથે કૃષ્ણને વિરોધ છે, એથી તે સ્ત્રી દુઃખી છે. ઉત્તમ પુરૂષોની વિભૂતિ પરોપકાર માટે હોય છે. જો કોઇ ઉપાયે બને તો, તેનું દુઃખ નિવારણ કર. મદને માતાનું વચન માન્ય કર્યું. પછી તરતજ રૂકિમણીને નમી જાંબૂવતીને ઘેર ગયો. ત્યાં તેણે એકાંતે જાંબૂવતીને આ વૃત્તાંત જણાવ્યો. તે સાંભળી જાંબૂવતીએ કહ્યું—વત્સ ! કૃષ્ણની સાથે મારે વિરોધ છે, તો કૃષ્ણથી મારે પુત્રનો સંભવ કેવી રીતે થાય ? પછી મદને પોતાની વિદ્યા શક્તિનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સામર્થ્યે જાંબુવતી આગળ ખુલ્લું કર્યું. તે સાંભળી સંતુષ્ટ થઇ જાબુવતી બોલી—વત્સ ! તું પરોપકારી છું. જેમ રૂચે તેમ કર. પછી મદન ત્યાંથી પોતાને સ્થાને ગયો, અને સમયની રાહ જોઈ એક ચિત્તે તત્પર રહ્યો.

આ અરસામાં લોક પ્રિય વસંત ઋતુ પ્રાપ્ત થઇ, આમ્ર વૃક્ષોને મંજરી આવી, કોયલ પક્ષી ટૌકા કરવા લાગ્યાં, કેશુડાંનાં વૃક્ષો વિયોગીના હૃદયની જેમ પુષ્પિત થયાં, ભમરાઓના ગુંજારવ માનવતી સ્ત્રીઓના માનને ભાંગનારા થઈ પડયા. આ સમયે કૃષ્ણવાસુદેવ ચૈત્ર માસની શુકલ દશમીએ સત્યભામાને આવવાનું કહી, વનમાં ક્રીડા કરવા લાગ્યા. ત્યાં રૈવત [ ગિરનાર ] ગિરિ ઉપર કૃષ્ણે ક્રીડા માટે એક પુષ્પ ગૃહ બનાવ્યું, અને ત્રણ દિવસ સુધી પુત્રની ઇચ્છાથી તે સત્યભામાની રાહ જોઇ રહ્યા. સત્યભામા કૃષ્ણના કહેવરાવવાથી અતિ હર્ષ પામી, ત્રણ દિવસ પછી વનમાં જવાને તૈયાર થવાનાં હતાં, આ અરસામાં ચતુર મદન જાંબુવતીને ઘેર ગયો, અને રૂપને ફેરવી આપે તેવી એક મુદ્રિકા તેને આપી. મુદ્રિકાના પ્રભાવથી પોતાનું રૂપ બદલાવી સત્યભા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માનું રૂપ કર્યું. પછી તે સુંદર રૂપ દર્પણમાં જોઇ, જાં-
બુવતી આશ્ચર્ય સાથે પરમ આનંદને પ્રાપ્ત થઇ.
મદને સૂચના આપી કે, માતા ! જ્યારે કાર્ય સિદ્ધિ
થાય, એટલે તમારે પાછું તમારૂં મૂળ રૂપ ધારણ
કરવું. મદનની આવી સૂચના ધ્યાનમાં લઇ, જાં-
બુવતી તાવદાનમાં બેશી અલ્પ પરિજન સાથે રૈવ-
તાચળ ઉપર આવી. ત્યાં જઇ કૃષ્ણને મળી, અને
તેના ચરણ કમળમાં પ્રણામ કર્યા. કૃષ્ણ તેને જોઇ
ખુશી થયા. તેને સત્યભામા જાણી કૃષ્ણ બોલ્યા—
દેવી ! તમે અહિં આવ્યાં તે સારૂં કર્યું. થોડા સ-
મયમાં તમારા ઉદરમાં કામદેવનો અનુજ બંધુ અ-
વતરશે. આ વૃત્તાંત મદનના જાણવામાં આવ્યું
નથી, એવો મને નિશ્ચય છે. આ પ્રમાણે કહી કૃષ્ણે
તેની સાથે ક્રીડા કરી. સત્યભામારૂપે જાંબુવતી હાવ-
ભાવ તથા વિલાસથી કૃષ્ણની સાથે રમી. રતિ ક્રીડા
થઇ રહ્યા પછી પેલો કૈટભદેવ દેવલોકમાંથી ચવી તે
જાંબુવતીના ગર્ભમાં અવતર્યો. 'પુણ્યથી શું પ્રાપ્ત
નથી થતું ?' પછી કૃષ્ણે દેવતાએ આપેલો
દિવ્ય હાર જાંબુવતીના કંઠમાં પહેરાવ્યો. હાર પહે-
ર્યા પછી જાંબુવતીએ પેલી મુદ્રિકા આંગળીમાંથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉતારી પોતાનું અસલ સ્વરૂપ ધારણ કર્યું. જાંબુવતીનું રૂપ જોઇ કૃષ્ણ આશ્ચર્ય પામી ગયા, અને વારંવાર તેનું ચિંતવન કરવા લાગ્યા. કૃષ્ણે વિચાર કરી પુછયું, જાંબુવતી ! તમને શું મદન મળ્યો હતો ? તેણે પોતાની વિદ્યાના પ્રભાવથી આ શરીર નિર્માણ કરેલું હશે. જાંબુવતી કૃષ્ણના ચરણ કમળમાં નમીને બોલી— નાથ ! કૃપાધાર, હવે મારી ઉપર કૃપા કરો. પૂર્વનો કોપ છોડી દ્યો. કૃષ્ણ બોલ્યા— દેવી ! હવેથી તારી સાથે કોપ છોડી દઉં છું. આજથી તું મારે પ્રાણથી પણ પ્રિય છું. મેં સત્યભામાને પુત્ર આપવાને ચિંતવ્યું હતું, પણ દૈવે તે અન્યથા કર્યું. પોતાના કર્મથી પ્રેરાએલો માણસ શું કરી શકે ? સર્વદા છળને શોધનાર દૈવ પોતાનું કામ સફળ કર્યા વગર રહેતો નથી. પ્રિયા ! તારા પુણ્યથી ' શાંબ ' નામે વિખ્યાત એક દિવ્ય કુમાર તને થશે, જે જગતને વંદનીય થઇ પડશે. આ પ્રમાણે જાંબુવતીને કહી સંતોષ પમાડી, કૃષ્ણે સ્વસ્થાન પ્રત્યે મોકલી. હવે અહીં સત્યભામા કૃષ્ણના બોલાવવાથી ગર્વ અને હર્ષ ધારણ કરતી સ્નાન કરી, તૈયાર થઇ. અંગે ઉત્તમ પ્રકારનાં આભૂષણો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધારણ કરી શિબિકા ઉપર બેસી, ઘણા પરિવાર
સાથે રૈવતગિરિ પ્રત્યે જવા નીકળી. જેવામાં પોતે
તે માર્ગે જતી હતી, ત્યાં જાંબુવતી પરિવાર સાથે
તેને સામી મળી. જાંબુવતીનો તાવદાન આવતો
જોઇ, સત્યભામાએ પોતાના પરિજનને પુછયું, આ
શિબિકામાં બેસી મારી સામે કોણ આવે છે? પરિ-
વારે તપાસ કરી કહ્યું, દેવી! એ જાંબુવતી આવે
છે. સત્યભામા બોલ્યાં— એ નનામી ક્યાં ગઇ હશે?
ત્યાં જાંબુવતીનો મેનો પાસે આવ્યો, એટલે સત્ય-
ભામા બોલી— પાપિણી! ડાબી તરફ ચાલજે.
જાંબુવતી બોલી— અરે ગર્વિણી! હે શઠા! સાંભ-
ળ. જે પૂર્ણ હોય, તેને જો રિકત—ખાલી સામું
મળે તો ખાલી હોય, તે ખસી માગ દે, અને પૂર્ણ
હોય તે સીધું સ્થાને જાય છે. જાંબુવતીનાં વચન
સાંભળી પોતાને કાળક્ષેપ થશે એવું ધારી, સત્ય-
ભામા ઉત્તર આપ્યા વગર ચાલી, અને કૃષ્નની પા-
સે આવી. કૃષ્ને રતિ સ્થાનમાં રહી માર્ગ સામું
જોયું, ત્યાં ઘણા પરિવાર સાથે આવતી સત્યભામાને
જોઇ, કૃષ્ને તેને પણ શય્યા ઉપર બેસાર્યા, પછી
મધુર ભાષણથી રંજિત કરતા કૃષ્ન તેની સાથે પણ પ્રેમ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પૂર્વક રમ્યા. શીતળ પવનથી રતિશ્રમ શાંત થતો હતો, મણિમય આભૂષણોના શબ્દ સાથે રતિ કુજિત થતા હતા, કામવિકારને લઇ દંપતિના લલાટ ઉપરથી સ્વેદ બિંદુ ટપકતાં હતાં. રમણીને રમણના શ્રમથી શ્વાસ વિશેષ થતો હતો. સુરતક્રિયાને અંતે કોઇ દેવ સ્વર્ગમાંથી ચવીને પુણ્ય યોગે સત્યભામાના ઉદરમાં ગર્ભરૂપે આવ્યો. કૃષ્ણે સત્યભામાને ખુશી કરવા કોઇ બીજો હાર અર્પણ કર્યો. તે હાર પેહેરી સત્યભામા હર્ષ પામી. પ્રાણી માત્ર ભાગ્યને અનુસારે સર્વ પ્રાપ્ત કરે છે.

કૃષ્ણવાસુદેવ તે પછી સત્યભામાની સાંથે મહોત્સવ પૂર્વક દ્વારકામાં આવ્યા. બંને સ્ત્રીઓના ગર્ભ અનુક્રમે વધવા લાગ્યા. સર્વ યાદવોના મનમાં આનંદ થયો. સત્યભામા અને જાંબૂવતીના ગર્ભ વધવાથી મદનને અને ભાનુકુમારને પણ આનંદ થવા લાગ્યો. તે ગર્ભના પ્રભાવથી સમૃદ્ધિ વૃદ્ધિ પામી. સુખ, હર્ષ, ધન અને ધાન્યની સંપત્તિ વધવા લાગી. જાંબુવતીના ગર્ભની વાત સાંભળી સત્યભામાને ચિંતા થઇ કે, તેના ગર્ભમાં પણ કોઇ દેવ હશે. ભલે ગમે તે હોય, પણ મારા ઉદરમાં તો,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કોઇ દેવલોકમાંથી ચવેલો દેવ છે. તેના ઉદરમાં તો કોઇ સામાન્ય હશે, તેનું મારે શું કામ છે? વળી તેણીએ ચિંતવ્યું કે, જો મારા ઉદરમાં મદનનો પૂર્વ અનુજબન્ધુ હોય તો, તે મારી ભક્તિવાળો કેમ નહીં થાય? આમ પ્રતિદિન ચિંતવતી સત્યભામાને ગર્ભના નવ માસ પુરા થયા. શુભ દિવસે, શુભ મુહુર્તે અને શુભ લગ્ને જાંબૂવતીએ એક સુંદર અને મનોહર પુત્રને જન્મ આપ્યો. એ કુમારની આકૃતિ ઘણી સુંદર હતી, મણિમય તેજ તેની આસપાસ સ્ફુરી રહ્યું હતું, તેના શરીરનો વર્ણ નીલ હતો, તે સર્વ લક્ષણોથી સંપૂર્ણ અને સર્વ અવયવમાં સુંદર હતો. જાંબૂવતીને આ પુત્રનો જન્મ થયો, તે સમયે કૃષ્ણ રાજાના સારથિ પદ્મનાભને ઘેર 'દ[illegible]' નામે એક પુત્ર જન્મ્યો. કૃષ્ણના 'વીર' નામના મંત્રીને ઘેર 'બુદ્ધિસેનક' નામે પુત્ર થયો, અને તેના 'ગરુડકેતુ' નામના સેનાપતિને ઘેર 'જયસેન' નામે પુત્ર થયો. આ ત્રણ કુમારો એક દિવસે જન્મ્યા. તેઓની સાથે મદનના અનુજબન્ધુનો જન્મ હોવાથી મોટા ઉત્સવો કરવામાં આવ્યા, દાન આપવામાં આવ્યાં,


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને જિન મંદિરમાં પૂજા ભણાવામાં આવી. આ ઉત્તમ પ્રસંગે કારાગૃહમાંથી બંદીવાનને છોડી મુકવામાં આવ્યા. કૃષ્ણ પિતાએ સ્વજનોની સાથે મળી તેનું 'શાંબ' એવું નામ પાડયું. તે પછી સત્યભામાએ ઉત્તમ લક્ષણવાળા અને કાંતિથી ભાનુને જીતનારા એક પુત્રને જન્મ આપ્યો. તેનું નામ 'સુભાનુ' પાડયું. બંને ભાઇઓ સર્વ લોકને પ્રિય, રમણીય વેષને ધરનારા, પૂર્ણ ચંદ્રના જેવા મુખવાળા અને કમળ જેવા નેત્રવાળા અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યા. સર્વ યાદવોની સ્ત્રીઓના કર કમળમાં લાલન થતા એ કુમારો ભ્રમરાની જેમ યદુ સ્ત્રીઓના નયન કમળમાં રમતા હતા. લક્ષણવાળા તેઓ એક કરમાંથી બીજા કરમાં સંચાર કરતા હતા. વિવિધ જાતનાં આભૂષણો તેઓ ધરતા હતા. અનુક્રમે નુપુરમાં ઘુઘરીઓના ધ્વનિ સાથે તેઓ મંદમંદ ચાલવા લાગ્યા. મદન અને ભાનુકુમાર જેઓ મોટા હતા, તેઓમાંથી મદન શાંબ કુમારને અને ભાનુ સુભાનુને પ્રતિદિન ભણાવતા હતા. સદ્વિદ્યાની સાથે તેઓને પોતપોતાનું કલા કૌશલ્ય દર્શાવતા હતા. અલ્પ સમયમાં તો તેઓ બંને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિદ્યા કળામાં પ્રવીણ થઇ ગયા. બાલ્યવય પૂર્ણ કરી હવે યૌવન વયના આરંભમાં તેઓએ પ્રવેશ કર્યો.

એક વખતે મિત્રોથી વીંટાએલા શાંબ તથા સુભાનુ બંને કૃષ્ણની સભામાં આવ્યા. વિચિત્ર પુષ્પોની માળા ધારણ કરતા બલદેવ તથા પાંડવોના પુત્રોથી વિરાજિત એવા તે બંને એ કૃષ્ણના ચરણમાં અને બીજા જે પૂજ્ય જન સભામાં બેઠા હતા, તેમને પ્રણામ કર્યા. તેમાંથી શાંબકુમાર મદનની પાસે અને સુભાનુકુમાર ભાનુકુમારની પાસે બેઠો. એ સર્વ સભાજનોએ જોયું, તે વખતે બલદેવ પાંડવોની સાથે દ્યૂત ક્રીડા કરતા હતા, અને કૃષ્ણ તટસ્થ રહી જોતા હતા. તે સમયે પાંડવો અને બલદેવ આ સુંદર વેષવાળા બંને કુમારોને જોઇ બોલ્યા— કુમારો ! આવો, તમે પણ ક્રીડા કરો. કુમારો નમન કરી બોલ્યા— પૂજ્ય ! તમે વડીલ ક્રીડા કરતા હો, ત્યાં અમારી યોગ્યતા નથી. જ્યારે તેમણે અતિ આગ્રહ કર્યો, એટલે શાંબ અને સુભાનુ મદન તથા ભાનુના મુખની સામે જોવા લાગ્યા. તેમણે ઇચ્છા બતાવી, એટલે તેઓ બંને યાદવો અને કૃષ્ણની સન્મુખ દ્યૂત રમવા લાગ્યા. તેમણે પ્રથમ એક કોટી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુવર્ણનો દાવ માંડયો. તેમાં શાંબકુમારે ભાનુકુમારના અનુજ સુભાનુને જીતી લીધો. મદન બોલ્યો—હવે લાભ થયો છે, ફરીથી રમશો નહીં. જુગારનો એ માર્ગ છે કે, લાભ મળ્યા પછી વિશેષ રમાય છે. પછી ભાનુએ સત્યભામા પાસેથી એક કોટી ધન લાવીને સુભાનુને આપ્યું. સત્યભામા પોતાની પાસેથી કોટી સુવર્ણ ધન ગયું, એમ જાણી તેણીએ પોતાના એક કુકડાને વાદ યુદ્ધ કરવાને સભામાં મોકલ્યો. તે સાથે કહેવરાવ્યું કે, જો શાંબકુમારનો કુકડો મારા આ કુકડાને જીતી લે તો, હું અવશ્ય બે કોટી સુવર્ણ આપીશ. તે સાંભળી શાંબે મદનના મુખ સામે જોયું. પછી મદને એક માયાવી કુકડો બનાવ્યો, અને તે ત્યાં હાજર કર્યો. સત્યભામાનો કુકડો પોતાની સ્ત્રી કુકડીના વિરહથી આકુળ હતો. પછી સર્વ સભાજન સમક્ષ તેમનું યુદ્ધ ચાલ્યું. શાંબકુમારના કુકડાએ સત્યભામાના કુકડાને જીતી લીધો. સભા વચ્ચે શાંબ બે કોટી સુવર્ણ જીતી ગયો. તે બે કોટી ધન લઇ શાંબે મદનની આજ્ઞાથી યાચકોને આપી દીધું. સત્યભામા વિલખી થઇ ગઇ. પછી તેણીએ એક રૂપવાળું, સુગંધી અને બીજાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દુર્લભ એવું ફળ મોકલ્યું. જો શાંબ આ ફળને જીતવાને સમર્થ થાય, તો હું ચાર કોટી સુવર્ણ આપીશ. કામદેવના બળથી શાંબ કુમાર તેને પણ જીતી ગયો, અને ચાર કોટી સુવર્ણ દ્રવ્ય સત્યભામા પાસેથી લીધું, અને તે પણ યાચકોને વહેંચી આપ્યું પછી વિલખી થએલ સત્યભામાએ બે વસ્ત્ર મોકલ્યાં, અને કહ્યું કે, જો શાંગ આ વસ્ત્રને જીતે તો, હું આઠ કોટી સુવર્ણ હારૂં. શાંબકુમારે મદનના મુખ કમળ તરફ જોયું. પછી મદને માયાવી બે વસ્ત્ર સામાં રાખ્યાં. સુવર્ણ તંતુનાં રચેલાં તે વસ્ત્ર અગ્નિના કુંડમાં પણ બળ્યાં નહીં, તેથી તેણે સત્યભામાનાં બે વસ્ત્રને હરાવી દીધાં. નિસ્તેજ થએલ સત્યભામાએ આઠ કોટી સુવર્ણ શાંબને આપ્યું, અને શાંબે તે અર્પણ કરી દીધું. પછી સત્યભામાએ એક હારનો દાવ કર્યો, અને તેમાં સોળ કોટી સુવર્ણ આપવાનું પણ કર્યું. મદનના પ્રભાવથી શાંબે તે હારને પણ જીતી લીધો. પછી સત્યભામાએ બત્રીશ કોટી સુવર્ણના પણની સાથે બે કુંડલ સભામાં મોકલાવ્યાં. કામના પ્રસાદથી શાંબકુમારે તે બંને કુંડલ પણ જીતી લીધાં, અને બધું દ્રવ્ય લઇ યાચકોને વહેંચી

દીધું. પછી ક્ષોભ પામી સત્યભામાએ ચોસઠ કોટી સુવર્ણની સાથે કૌસ્તુભમણિ સભામાં મોકલાવ્યો. કામની સહાયથી મદને તેને પણ હરાવ્યો. તે ધન લઈ કીર્ત્તિને માટે લોકોને આપી દીધું, આથી શાંબકુમાર સર્વ લોકોને પ્રિય થઇ પડ્યો.

આ લોકમાં દાતાર કોને પ્રિય ન થાય? પછી સત્યભામાએ પ્રથમના દ્રવ્યથી બમણું દ્રવ્ય સાથે રાખી એક સુંદર અશ્વ મોકલ્યો. મદને સર્વની સાક્ષીએ શાંબને એક સર્વ લક્ષણવાળો ઉત્તમ અશ્વ મગાવી આપ્યો. મદનના માયાવી અશ્વે તે અશ્વને જીતી લીધો. સત્યભામાને સર્વ ધન શાંબ કુમારને આપવું પડ્યું. તે પછી સત્યભામાએ કોપ કરી એક સૈનિકને મોકલ્યો. તેણે આવી સભા વચ્ચે કહ્યું કે, 'શાંબકુમાર મને જીતે.' તે સાંભળી શાંબકુમારના મુખ ઉપર ગ્લાનિ આવી ગઇ. શાંબના મુખ ઉપર ગ્લાનિ જોઇ મદને શાંબને બળ આપવાને એક વિદ્યા મોકલી. પછી શાંબ અને સુભાનુ નગરની બાહેર ગયા. સર્વ લોકો એકઠા થયા. સુભાનુનું સૈન્ય જોઇ શાંબે માયાવી સૈન્ય ઉભું કર્યું. તેમાં ગજેંદ્ર, અશ્વ, રથ, સુભટ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને વિમાનની સંખ્યા થઇ શકે તેમ ન હતું. સુભાનુનું સૈન્ય શાંબના સૈન્ય સાથે મગ્ન થઇ ગયું. બંનેની વચ્ચે પ્રાણીને ક્ષય કરનારૂં માયાયુદ્ધ પ્રવર્ત્યું. ગજે ગજ, અશ્વે અશ્વ, રથે રથ, અને પેદલે પેદલ, એમ સામસામા મોટું યુદ્ધ ચાલ્યું. તત્કાલ શાંબના બલવાન સૈન્યે સુભાનુના સૈન્યને જીતી લીધું, તે સર્વ લોકોએ પ્રત્યક્ષ જોયું. તત્કાળ સત્યભામાએ પ્રથમથી દ્વિગુણ સુવર્ણ દ્રવ્ય શાંબને આપ્યું, અને શાંબે તે લોકોને વહેંચી આપ્યું. સત્યભામા બધું ધન હારી બેઠી. નગર, અરણ્ય અને સર્વ સ્થળે શાંબની વાત પ્રશંસા સાથે ચાલી. આ પૃથ્વી ઉપર દાતાર સર્વ લોકને પ્રિય હોય છે. પછી શાંબે સત્યભામાને કહ્યું—માતા ! હવે કાંઇ તમારી પાસે ધન છે ? સત્યભામાએ કાંઇ પણ ઉત્તર આપ્યો નહીં. શાંબકુમાર મદનની કૃપાને લઇ વિશેષ શોભવા લાગ્યો. તે સમયે બલભદ્ર, યુધિષ્ઠિર, ભીમ વિગેરે રાજાઓએ મળી કૃષ્ણને કહ્યું—રાજેંદ્ર ! તમારા પુત્ર શાંબે અલૌકિક અને અમાનુષ કામ કરેલું છે, તેથી કૃપા કરીને હવે તેને પ્રૌઢ કરો. શાંબને સાબાશી સાથે તેવીજ સૂખડી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આપવી જોઇએ. તે સર્વના આગ્રહથી કૃષ્ણે વિચાર્યું કે, આ કુમારને શું આપું ? તે સર્વ કર્મને યોગ્ય છે. છેવટે નિશ્ચય કરી કૃષ્ણે એક માસ સુધી શાંબ-ને પોતાનું રાજ્ય આપ્યું. શાંબે પિતાની આજ્ઞા માન્ય કરી. બીજે દિવસે સર્વ રાજાઓની સમક્ષ શાંબકુમાર સિંહાસન ઉપર આવીને બેઠો. બલદેવ, મદન, ભાનુ, સુભાનુ, પાંડવો, અને બીજા રાજાઓએ આવી શાંબને પ્રણામ કર્યો. શાંબ દ્વારકાનો અધિપતિ થયો. એક સાથે ઉછરેલા મિત્રોની સાથે શાંબ ઇંદ્રિયોના દુર્લભ એવાં સુખને ભોગવવા લાગ્યો, શાંબકુમારની મનોવૃત્તિ વિષય વિકારમાં વૃદ્ધિ પામી, બળાત્કારે કુલીન સ્ત્રીઓના શીલનું ખંડન કરવા પ્રવર્ત્યો, વ્યભિચારી શઠ મિત્રોનું મંડળ તેની આસપાસ ભેગું થયું, રાત્રે પોતાના બાતમીદારોને મોકલી સ્વરૂપવતી સુંદરીઓના ઘરમાં પેસવા લાગ્યો, તેથી દ્વારકાના લોકો અત્યંત દુઃખી થવા લાગ્યાં. આથી બીજું શું દુઃખ હોય ? શાંબનો જુલમ જોઇ, બધા લોકો એકઠા થઇ, કૃષ્ણવાસુદેવની પાસે ફરીયાદ કરવાને આવ્યા. તેઓ બોલ્યા— નાથ ! તમારો શાંબકુમાર જુલમ કરે છે. તે બળાત્કારે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કુલીન સ્ત્રીઓના શીળનો નાશ કરે છે, અમારી મા દીકરીની લજ્જા લુંટાય છે. અમે આ નગરી છોડીને ચાલ્યા જઇશું. જ્યારે તમે શાંબ ઉપર આવશો, ત્યારે અમે પાછા આવીશું. કૃષ્ણ બોલ્યા— લોકો ! સાંભળો. તમે અલ્પ કાલ સુધી ઘરમાં બેસી રહો. મેં તેને વચન આપેલું છે, તેટલો કાળ તમારે યતનાથી રહેવું. પછી હું રાજ્ય ઉપર બેસીશ. કૃષ્ણના વચનથી લોકો આશ્વાસન પ્રાપ્ત કરી ચાલ્યા ગયા.

હવે એક માસ પૂરો થયો એટલે કૃષ્ણ રાજ્યના સિંહાસન ઉપર આવ્યા. સભા વચ્ચે શાંબ પાસેથી અધિકાર લઈ કૃષ્ણે શાંબને કહ્યું—પાપી ! તારે મારા રાજ્યમાં રહેવું નહિ. તારૂં નામ મારા સાંભળવામાં ન આવે, તેવા સ્થાનમાં તું ચાલ્યો જા. આ પ્રમાણે કહી કૃષ્ણે સત્પત્રની ત્રણ બીડી આપી. શાંબ તે બીડી લઇ સભામાંથી બાહેર નીકળ્યો. તે વખતે મદન બોલ્યો—સ્વામી ! સાંભળો. શાંબને મોટી શિક્ષા કરી પણ મારે પુછવાનું કે, એ શાંબ કોઇ વાર પાછો અહીં આવશે કે નહિ ? કૃષ્ણ બોલ્યા—મદન ! સાંભળ. સત્યભામા



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જો ગજેંદ્ર ઉપર ચડી સન્મુખ જઇ ભક્તિ સાથે મોટા ઉત્સવથી શાંબને લાવે તો, તે શાંબ મારી પાસે આવે. તે સિવાય આવે નહીં. પછી શાંબ પોતાની માતા જાંબૂવતીને પ્રણામ કરી મદનની આજ્ઞા પ્રમાણે વનમાં ગયો. આ ખબર સાંભળી સત્યભામા ખુશી થઇ. ત્યાં જઇ શાંબે એક યૌવનવતી સુંદરીનું રૂપ ગ્રહણ કર્યું. એ સુંદરી સર્વ લક્ષણે યુક્ત હતી. રૂપ સૌભાગ્યથી ભરપૂર, નવ યૌવનથી વિભૂષિત અને સર્વ અવયવે સંપૂર્ણ હતી. આ પ્રમાણે શાંબ સ્ત્રીનું રૂપ લઇ વનમાં રહ્યો.

એક વખતે સત્યભામા તે વનમાં આવી ચડી. ત્યાં શાંબસુંદરી તેના જોવામાં આવી. તે સુંદરીને જોઇ સત્યભામા અતિ વિસ્મય પામી. તેની પાસે આવી સત્યભામાએ કહ્યું—પુત્રી ! આવા નિર્જન વનમાં એકલી કેમ રહે છે ? કન્યે ! તું દેવકન્યા જેવી લાગે છે. તે સ્ત્રી બોલી—માતા ! હું રાજપુત્રી છું. બાલ્યવયથી મારા મામાને ઘેર રહી છું. ત્યાંજ મને યૌવન વય પ્રાપ્ત થયું છે. પછી મારા પિતા વિવાહને માટે મને તેડવા આવ્યા. આ ગઇ રાત્રે મોટા સૈન્ય સાથે મારા પિતા મને પાલખીમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બેસારી અહીં રહ્યા હતા. રાતે સર્વ લોક નિદ્રામાં સુઇ ગયા હતા, તે વખતે મને મારૂં મોશાળ સાંભરી આવ્યું. તે વિચારમાં મને નિદ્રા ચાલી ગઇ. જ્યારે રાત્રિનો છેલ્લો પોહોર થયો, એટલે નિદ્રા લેવાને હું પાલખી-માંથી ઉતરી નીચે સુઇ ગઇ, ત્યાં મને નિદ્રા આવી ગઇ. તે પછી મારા પિતા ઉઠી, સર્વ સૈન્યને લઇ અજ્ઞાનતાથી ખાલી પાલખી ઉપડાવી, મને આ નિર્જન વનમાં સુતી મુકીને ચાલ્યા ગયા. માતા ! હવે હું કયાં જાઉં ? કયે માર્ગે ચાલું ? એમ ચિં-તવતી અહીં ભમું છું. વળી હજુ સુધી હું કુમારી છું. આ બાળાને સુંદર રૂપવાળી જોઇ સત્યભામા તેની સમીપ આવી બેઠાં, અને મધુર સ્વરે બોલ્યાં— નિર્દોષ બાળા ! તું જો મારા કુમાર સુભાનુની સાથે પરણે, તો હું તને મારા મંદિરમાં તેડી જાઉં. અને તારી બહુ ભકિત કરૂં. કન્યા શરમાઇને બોલી—માતાજી ! મારો પિતા મને બીજે ઠેકાણે તો આપશેજ. માટે તમારૂં ઘર યોગ્ય છે. તમે દ્વારકા-ધીશનાં પટરાણી છો. તમારા પુત્રની સાથે વિવાહ કરવામાં શો દોષ છે ? રાજકન્યાનાં આવાં વચન સાંભળી સત્યભામા તેને પોતાને મંદિર લઇ ગઇ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રતિદિન તેની પરમ શુશ્રૂષા કરવા લાગી. આસન, શયન, ભોજન અને વિલેપન વિગેરે વૈભવ સુખમાં તેને એવી મગ્ન રાખી કે, તે ગત કાળને પણ જાણતી ન હતી.

કેટલાક દિવસો વીત્યા પછી કામીઓને કામ વધારનારો વસંત ઋતુનો સમય આવ્યો. વસંતના ઉત્સવમાં મદનનું ઉદ્દીપન થવા લાગ્યું, આમ્ર વૃક્ષ અને કિંશુક વૃક્ષ નવપલ્લવિત અને પુષ્પિત થયાં, ભ્રમરાના ઝંકાર શરૂ થયા, કોકિલ મધુર શબ્દો ઉચ્ચરવા લાગ્યા, આથી વિરહી જનને નિરંકુશ દુઃખ થયું. તેમના તાવની શાંતિ માટે મલય પવન વાતો હતો, કામદેવરૂપ અગ્નિ પ્રગટ થતાં લોકો નિર્લજ્જ થતા હતા. આવી કામોદ્દીપક વસંતઋતુ ખીલતાં ભાનુકુમારનો સહોદર બંધુ સુભાનુ મિત્રોના વૃંદ સાથે લઇ, વાહનમાં બેસી વનમાં રમવાને ગયો, વસંતની વન લીલાને નીરખતો રાજકુમાર વનમાં ફરતો હતો, બંદીજન તેની સ્તુતિ કરતા હતા. આ વખતે સ્ત્રીઓ હીંડોળા ઉપર બેસી કામોદ્દીપન ગીત ગાતી હતી, કંઠના માધુર્યથી મનોહર એવાં એ ગીત વિવિધ વિકારને ઉત્પન્ન કરતાં હતાં, તેને શ્રવણ કરી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માનવતી સ્ત્રીઓના માનનું ખંડન થતું હતું.
આ મધુર ગીત સાંભળી સુભાનુનું હૃદય કામદેવના
બાણથી વીંધાઇ ગયું, સુભાનુ મોહથી મૂર્છા પામી
ગયો, તેના હૃદયમાં વિરહાનલ પ્રગટ થયો. આ ખ-
બર તેના મિત્રોએ સત્યભામાને જણાવી. પુત્રને થ-
યેલ આ મોહમૂર્છાનું કારણ પણ તેના જાણવામાં
આવી ગયું. ચિત્તમાં ચિરકાળ વિચાર કરી, સત્ય-
ભામાએ પોતાના મંત્રીઓને કહ્યું કે, તમે કપટ કરી,
કન્યાનું માગું કરવા બહાર જાઓ, અને કોઇ ન
જાણે તેમ સત્વર પાછા આવો. પછી મંત્રીઓ બ-
હાર જઇ, પાછા ગુપ્ત રીતે આવ્યા. લોકોમાં જાણ
થઇ કે, સત્યભામાના પુત્ર સુભાનુનો વિવાહ થાય
છે. સત્યભામા ગુપ્ત રીતે તે કન્યાને નગરની બ-
હાર મુકી આવી. પછી પોતે ગજેંદ્ર ઉપર ચડી
મહોત્સવ સાથે નગરના ચૌટામાં ફેરવી, કન્યાને પો-
તાને ઘેર લાવી. તેને ઘરની અંદર મંડપમાં બેસા-
રી, લગ્નનો સમય થયો, એટલે સુભાનુકુમાર તોરણે
આવ્યો. પરિજનોએ તેની મંગલ ક્રિયા કરી. જ્યારે
પાણિગ્રહણનો સમય થયો, એટલે તે શાંબકુમારે ક-
ન્યાનું રૂપ છોડીને એક વાઘનું રૂપ વિકુર્વ્યું. તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભયંકર વાઘે પોતાનો પંજો મારી સુભાનુકુમારને પૃથ્વી ઉપર પાડી નાંખ્યો. સર્વ પરિજન ત્રાસ પામી ભૂમિ ઉપર પડી ગયા, અને ત્યાં નાશાનાશ થઇ પડી. આ સમયે શાંબકુમાર પોતાનું રૂપ લઇ, હસતો હસતો કૃષ્ણની સભામાં આવ્યો. 'મદનકુમારનું આ કામ છે,' એમ જાણી કૃષ્ણ વિસ્મય પામી ગયા. હર્ષથી આશ્વાસન આપી, શાંબને પોતાની પાસે બેસાર્યો. આ વૃત્તાંત સાંભળી શાંબની માતા જાંબુવતી હર્ષ પામી, અને સત્યભામાના મુખ ઉપર લજ્જા અને ગ્લાનિ આવી ગઇ. પછી સત્યભામાએ પોતાના પિતા વિદ્યાધર પતિને આ બનેલા સર્વ સમાચાર મોકલાવ્યા, અને મદનકુમારની પોતા પ્રત્યે જે વર્તણુક હતી, તે પણ જણાવી. ખેચરપતિએ તત્કાળ સો સુંદર કન્યાઓ પોતાના ભાણેજને માટે મોકલાવી દીધી. તે સર્વ કન્યાઓને સુભાનુ મોટા ઉત્સવથી પરણ્યો. કુમાર સુભાનુ સો કન્યાનું પતિપદ પ્રાપ્ત કરી, ગર્વ સાથે રાત દિવસ ક્રીડા કરવા લાગ્યો.

મદનકુમારે લોકના મુખથી સાંભળ્યું કે, પોતાના મામાને ઘેર દિવ્ય કન્યા છે. આથી તેણે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાના બંધુ શાંબને માટે તે કન્યાની માગણી કરી,
પણ મામાએ તે કન્યા આપી નહીં. પછી મદન
પોતાના મામા રૂકમી ઉપર ક્રોધે ભરાયો. મદન
અને શાંબકુમાર માતંગનો વેષ લઇ, તેની પાસે
ગયા. વેગથી કુંડનપુરમાં આવી, મનોહર વેષ પહે-
રી રૂકમી રાજાની સભામાં ગયા. ત્યાં વાદ્ય સાથે
ગાયન કરી, તેમણે રાજા સહિત સર્વ લોકોને રંજન
કર્યા. રાજા રૂકમીનો 'રૂપ' નામે કુમાર અત્યંત
રાગી થઇ ગયો. સર્વ લોક તન્મય થઈ ગયા. તે
સમયે મદને પોતાની વિદ્યાને રાજમંદિરમાં મોકલી
વિદ્યાના પ્રભાવથી ક્ષણ વારમાં રાજકન્યાનું હરણ
કરી લીધું. રાજકન્યાને આકાશમાં લઇ જઇ, મદ-
ન અને શાંબ સભામાંથી નીકળી આકાશે રહી, આ
પ્રમાણે બોલ્યા— હે ભીષ્મરાજ પુત્ર ! સાંભળ. આ
તારી પુત્રીને અમે કૃષ્ણના પુત્રો હરીને લઇ જઇએ
છીએ. તેં અમને યાચના કરવાથી ન આપી તો,
હવે યુદ્ધમાં સર્વ સૈન્ય સાથે આવી, તમારે તેને
છોડાવવી, તે શિવાય બીજો ઉપાય નથી. આ પ્ર-
માણે તેમનાં વચન સાંભળી ભીષ્મકુમાર ક્રોધે ભરા-
યો, અને સર્વ સૈન્ય સાથે લઇ, યુદ્ધ કરવા તૈયાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થયો. વૃદ્ધ મંત્રીઓએ તેને સમજાવી યુદ્ધ કરતાં અટકાવ્યો, અને નગરમાં પાછો વાળ્યો. શાંબ અને પ્રદ્યુમ્ન તે કન્યાનું હરણ કરી દ્વારકામાં આવ્યા. મદને તે માતુલ કન્યાની સાથે બીજી બસો રાજકન્યાઓનો શાંબની સાથે મોટા ઉત્સવથી વિવાહ કર્યો. એવી રીતે પોતાના બંધુ શાંબનો મહોત્સવ પૂર્વક વિવાહ કરી પ્રદ્યુમ્ન કુમાર સુખી થયો. કાર્ય સિદ્ધ થવાથી સર્વને સુખ થાય છે. પ્રદ્યુમ્ન કુમાર સર્વ યાદવોને અને દ્વારકાના લોકોનાં મન આકર્ષતો હતો. તેના મનોહર દર્શનથી વનિતાઓ વિશેષ સંતોષ પામતી હતી. મનોહર મકરધ્વજ સર્વને પ્રાણવલ્લભ થઇ પડયો. કેટલોક સમય ગયા પછી પ્રદ્યુમ્ન કુમારની ‘ રતિ ’ નામની સ્રીથી ‘ અનિરૂદ્ધ ’ નામે એક રૂપવાન કુમાર થયો. તે કુમાર યૌવનવયથી વિભૂષિત થતાં સર્વ વિદ્યા સંપન્ન થયો. શાંબ કુમારને સો પુત્રો થયા. તેના અને પોતાના પુત્રોના પરિવાર સાથે પ્રદ્યુમ્ન સ્વેચ્છાએ આનંદ કરતો હતો. વિદ્યાધરો, રાજાઓ અને દેવતાઓએ સેવેલો પ્રદ્યુમ્ન કુમાર નદી, નદ, તળાવ, વિવિધ જાતનાં વન, કૈલાશગિરિ, નિષિધ, નીલ,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગિરિ, દેવતાઓથી પરિવૃત એવા સૌમનસવન, પાંડુવન, નંદનવન અને કવલીવનમાં સુંદરીઓની સાથે રહી વાંછિત સુખ ભોગવતો હતો, જુદી જુદી છ ઋતુઓમાં મદન પરિજન સાથે તે ઋતુને યોગ્ય એવા વૈભવ સંપાદન કરતો હતો, હિમંતઋતુમાં પવન વગરના ઉષ્ણ સ્થાનમાં કૃષ્ણાગરૂનો સુગંધી ધુપ કરી કામિનિઓની સાથે ઉત્તમ સુખ ભોગવતો હતો, અને બીજાઓને પુણ્યનું ફળ દર્શાવતો હતો. ગરમ વસ્ત્રો, ઉષ્ણ ભોજન, સુગંધી વસ્તુઓ, અને સગડીઓના સેવનથી તે ઋતુમાં ઉત્તમ સુખ મેળવતો હતો. રૂપ યૌવનથી મદોન્મત્ત એવી રમણીઓ રાત દિવસ તેની સેવા કરતી હતી, પ્રાણીઓને પુણ્યનો પ્રભાવ બતાવતો પ્રદ્યુમ્ન કુમાર શિશિરઋતુમાં નવયૌવનનું સુખ અનુભવતો હતો, માનવતીના માનનો ભંગ કરનારી વસંતઋતુ આવતી ત્યારે, જાણે મદનની સેવા કરવાને વસંત નવપુષ્પરૂપ ભેટ લઇ આવી હોય તેમ તેની સેવા કરતી હતી, તે ઋતુમાં મદન બોડસલી, કમળ, ચંબેલી, આસોપાલવ, કેશુડાં અને બીજાં વિવિધ વૃક્ષોથી વિભૂષિત એવા વનમાં રમણીઓને સાથે લઇ જતો, અને ત્યાં



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુગંધી વાપિકાના જલમાં જલક્રીડા કરી વનલીલા ભોગવતો હતો, ગ્રીષ્મઋતુમાં ચંદન, કેશર, મનોહર બારીક વસ્ત્ર, શીતળ જળપાન, સુગંધી તેલ અને ચંદન જળના છંટકાવથી રમણી વિલાસ કરતો હતો, વર્ષામાં ઘણી ભૂમિકાવાળા સુંદર મેહેલ ઉપર સુંદરીઓની સાથે હીંડોળામાં ઝુલતો અને વિવિધ રાગના સંગિત સુખ અનુભવતો હતો, શરદઋતુમાં ઇક્ષુરસ, શાલિ, મગ અને સુગંધી જળનો તે ઉપભોગ કરતો હતો, પ્રદોષકાળે શરદઋતુના પૂર્ણચંદ્રની જ્યોત્સ્નાને યુવતીઓની સાથે સેવતો હતો, પુણ્યના પ્રભાવને વિસ્તારતો મદન કામિનીઓ સાથે વનમાં ઇક્ષુ અને શાલિના ક્ષેત્રમાં વિચરતો હતો. આ પ્રમાણે છ ઋતુઓના સુખને પ્રદ્યુમ્ન કુમાર ઇચ્છા પ્રમાણે ભોગવતો હતો. તેના મસ્તક પર શ્વેત છત્ર અને બંને પડખે ચામર વીંજાતા હતા. વિદ્વાનો, દેવતાઓ, વિદ્યાધરો અને રાજાઓ સ્નેહના ભારથી વશ થઇ તેની ઉપાસના કરતા હતા. મદનની આગળ ચારણભાટો જયનાદ સાથે સ્તુતી વચન ઉચરતા હતા, અને દાન મેળવી તેની પુનઃ અતિ પ્રશંસા કરતા હતા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પ્રમાણે પ્રદ્યુમ્ન કુમારના પુણ્યનો પ્રભાવ જોઇ, ભવિ પ્રાણીઓએ પાપનો ત્યાગ કરી, ધર્મનો સંગ્રહ કરવો. ધર્મના યોગે પ્રદ્યુમ્ન કુમાર મોટી સમૃદ્ધિને પ્રાપ્ત થયો. ત્રણલોકમાં દુર્લભ અને દેવતાઓએ સ્પૃહા કરવા યોગ્ય એવું આ વૈભવ સુખ મદનને પુણ્યના યોગથી સંપાદન થયું હતું. પુણ્યનું ફળ ઉત્તમ છે, અને પાપનું ફળ અધમ છે. પાપના યોગથી પ્રાણી પ્રતિદિન ચિંતાતુર, પોતાનું પેટ ભરવામાં પણ અસમર્થ, પૃથ્વી ઉપર અથડાતો, વસ્ત્ર ભોજન વગરનો, પારકે ઘેર સેવા કરનારો, રૂપ લાવણ્યથી વર્જિત, દીન, બંધુ રહિત અને દુઃખી થાય છે. ધર્મ રહિત મનુષ્ય, પવન, તડકો તથા ટાઢને સહન કરતો, અને બંધુઓએ નિંદેલો થઇ સ્થાને સ્થાને પરાભવ પામે છે. પ્રદ્યુમ્ન કુમાર પૂર્વનાં પુણ્યથી વિવિધ જાતનું સુખ અનુભવતો હતો. તેણે જે સુખ અનુભવ્યું, અને ભોગવ્યું, તેનું વર્ણન કરી કહેવાને બૃહસ્પતિ પણ સમર્થ નથી. તો બીજો કોણ સમર્થ થાય ? " પુણ્યથી પ્રાણીને સર્વદા નિર્દોષ સુખ, સુજનતા, અને સૌમ્યતા પ્રાપ્ત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થાય છે." એમ માની ભવિજનોએ સતત ધર્મને આચરવો.

" पुण्येन सौख्यमनर्घ्यं सौजन्यं सौम्यता सदाजंतोः।"
" इति मत्वा जिनधर्मं कुर्वंतु संततं भव्यजनाः॥"

इति श्री प्रद्युम्न चरिते श्री सोमकीर्त्याचार्य विरचिते श्री प्रद्युम्न पुण्यफलवर्णनो नाम द्वादशः सर्गः।

# सर्ग १३ मो.

શ્રી નેમિનાથના વિવાહ, વૈરાગ્ય, દીક્ષા, કેવળજ્ઞાન, સમવસરણ, દેશના અને વિહાર.

દેવ અને મનુષ્યોને સેવવા યોગ્ય એવા કૃષ્ણ રાજાએ જરાસંધને યુદ્ધમાં પરાભવ કર્યો, પાંડવોની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાથે ભારત યુદ્ધ થયું, કૌરવોનો નાશ થયો, અને સુદર્શન ચક્રની પ્રાપ્તિ થઇ. પછી કૃષ્ણે ત્રણ ખંડનું નિષ્કંટક રાજ્ય કર્યું—ઇત્યાદિ સર્વ સંબંધ હવે કહેવામાં આવશે.

એક વખતે કૃષ્ણ સભા ભરી બેઠા હતા, તેમાં બલદેવ તથા પ્રદ્યુમ્ન કુમાર વિગેરે હાજર હતા. તે વખતે સમાન વયના મિત્રોની સાથે શ્રી નેમીનાથ સભામાં આવ્યા. જિન ભકિતવાળા સર્વ સુભટોએ બેઠા થઇ તેમને માન આપ્યું. નેમિનાથપ્રભુ કૃષ્ણની સામે એક ઉત્તમ સિંહાસન ઉપર બેઠા. બીજા રાજાઓ અનુક્રમે પોતપોતાના આસન ઉપર બેઠા હતા, તે વખતે સુભટોની અંદર બળ વિષે વાર્ત્તા ચાલી. કેટલાક સુભટોએ વાસુદેવને શકિતમાન કહ્યા, કોઇએ પાંડવોના બળનું વર્ણન કર્યું, કોઇએ પ્રદ્યુમ્ન કુમારનું સામર્થ્ય વખાણ્યું, કોઇએ શાંબને બળવાન કહ્યો, કોઇએ ભાનુના બળની પ્રશંસા કરી. આ વખતે એક પુરૂષ ગર્જનાથી બોલી ઉઠયો કે, બીજા ગમે તેનું બળ વખાણો, પણ કૃષ્ણવાસુદેવના જેવો કોઇ બળવાન નથી. પૃથ્વી ઉપર તેવો બળવાન કોઇ થયો નથી, અને થશે પણ નહીં. તે સાંભળી

બીજાઓએ સભામાં બલદેવની પ્રશંસા કરવા માંડી. જેના મનમાં જે શૂરવીર દેખાયો, તેણે તેની પ્રશંસા કરી. આ વખતે બલદેવ પોતાનું મસ્તક ધુણાવી બોલી ઉઠયા. અરે મૂઢ સુભટો ! તમે બીજાની વૃથા પ્રશંસા કેમ કરો છો ? જ્યાં સભાની અંદર શ્રી નેમિનાથ બેઠા હોય, ત્યાં બીજાની પ્રશંસા કરવી યુક્ત નથી. મેરૂ પર્વત અને સર્ષવના દાણાની વચ્ચે જેટલું અંતર છે, તેટલું નેમિનાથ અને સુભટોની વચ્ચે અંતર છે. આ ભૂમિ ઉપર શ્રી નેમિનાથ સમાન કોઇ ઉત્તમ વીર નથી. તેની આગળ કૃષ્ણ અને બીજા કોણ માત્ર છે ? બલદેવનાં આવાં વચન સાંભળી કૃષ્ણને ગર્વ ચડયો. કૃશ્ન બોલ્યા— બંધુ ! ચાલો આપણે સભા સમક્ષ યુદ્ધ કરીએ. એમ કહી દૃઢ કેડ બાંધી કૃશ્ન બેઠા થયા, તે વખતે નેમિકુમાર બોલ્યા— કૃશ્ન ! આ પ્રમાણે કરવું સજ્જન માણસને યોગ્ય નથી. મારા ચરણને આ પાદપીઠ ઉપરથી ખેંચવાને જો તમે સમર્થ થાઓ તો, તમે મને સર્વ યુદ્ધની અંદર જીતી લીધો, એમ હું સમજીશ. નેમિનાથનાં આવાં વચન સાંભળી કૃષ્ણ બદ્ધપરિકર થઇ તેમ કરવા તૈયાર થયા. કૃષ્ણે પીઠ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપરથી પ્રભુના ચરણને ખેંચવા માંડયો, પણ તે
જરા પણ હાલ્યો નહીં. કૃષ્ણ અત્યંત આકુળ
વ્યાકુળ થઇ ગયા. પોતાના બંધુને ખેદ પામેલા
જોઇ નેમિનાથ બોલ્યા—ભ્રાતા ! વૃથા મેહેનત કરો
નહિ. મારા ડાબા હાથની કનિષ્ટિકા [ ટચલી ]
આંગળીને માત્ર છોડાવો. જિનેશ્વરના વચનથી કૃષ્ણ
ક્રોધ કરી ત્યાં વળગ્યા, અને બંને હાથવડે શકિત-
થી મેહેનત કરવા લાગ્યા. તે વખતે શ્રીનેમિનાથે
પોતાનો હાથ ઉંચો કરી કૃષ્ણને સભા વચ્ચે
હીંચોળ્યા, અને સર્વને વિનોદ કરાવ્યો. તેથી કૃષ્ણે
અંદર ક્રોધથી અને ઉપરથી મધુર વચને કહ્યું—
સભ્ય જનો ! મારા બંધુનું કેવું ઉગ્ર બળ છે ?
તે જુઓ. પછી કૃષ્ણ કપટથી હસતા હસતા પોતાને
સ્થાને ગયા, અને શ્રીનેમિનાથ પણ પોતાના મંદિર
તરફ ચાલ્યા. સર્વ સભા વિસર્જન થઇ. હૃદયમાં
ખેદ પામેલા કૃષ્ણ અને બલદેવ મનમાં ચિંતવવા
લાગ્યા કે, આ નેમિનાથ બલવાન છે, તેથી આપણું
રાજ્ય લઇ લેશે. આવું ચિંતવી તેમણે એક નિમિ-
ત્તિઆને એકાંતે બોલાવી, નેમિનાથનું સર્વ વૃત્તાંત
જણાવી પુછ્યું કે, બલવાન નેમિકુમાર અમારૂં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજ્ય લેશે કે નહિ ? નિમિત્તિએ વિચારીને કહ્યું કે, કૃષ્ણ ભય રાખશો નહિ. તમારા બંધુ નેમિનાથ સંયમનું રાજ્ય કરશે. જીવ હિંસામય આ રાજ્ય તથા પરિવારનો ત્યાગ કરી, એ મહાત્મા રૈવતગિરિ ઉપર જઈ નિર્વાણ પામશે. નૈમિત્તિકનાં આવાં વચન સાંભળી કૃષ્ણ તથા બલદેવ જરા નિશ્ચિંત થયા.

એ અરસામાં વસંતઋતુ આવી, આમ્રવૃક્ષને અભિનવ મંજરી પ્રાપ્ત થઇ, કોકિલા મધુર આલાપ કરવા લાગી. આ વખતે નેમિકુમાર વૈરાગ્ય પામી શાંત થઇ, પોતાના મંદિરમાં બેઠા હતા. કૃષ્ણ વસંતમાં ગોપિકાઓની સાથે વનમાં જવા ઉત્સુક થયા. તેણે પોતાની સ્ત્રીઓને સંકેતથી સુચવ્યું કે, તમે જઇ નેમિકુમારને વનમાં તેડી લાવો. હું વનમાં જાઉં છું. પછી કૃષ્ણ ગજેંદ્ર ઉપર ચડી વનમાં ક્રીડા કરવાને ગયા. રૂક્મિણી, સત્યભામા અને જાંબૂવતી વિગેરે કૃષ્ણની રાણીઓ શૃંગાર ધરી નેમિકુમારની પાસે આવી, અને આ પ્રમાણે બોલી— જિનાધીશ ! બેઠા થાઓ. આપણે વસંત રમવાને વનમાં જઇએ. તમારા બંધુ અગાઉથી ગયા છે. નેમિકુમાર બોલ્યા— ભ્રાતૃ પત્ની ! તમે જાઓ. મારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રમવાની ઇચ્છા નથી. પછી તે સ્ત્રીઓએ નેમિકુમારને
બલાત્કારે લીધા. નેમિકુમાર વનમાં આવ્યા. ગોપિકા-
ઓ કૌતુકથી ચિરકાળ સુધી કૃષ્ણની સાથે રમી.
પછી તેમને નેમિકુમારને રમાડવાની સૂચના આપી.
કૃષ્ણ ત્યાંથી બીજા વનમાં ચાલ્યા ગયા. પછી
ગોપિકાઓએ નેમિકુમાર સાથે ક્રીડા કરવા માંડી.
કેશર ચંદનથી સુગંધી જળયંત્રો છુટવા લાગ્યાં.
સુંદર યુવતિઓ વૃક્ષ ઉપરથી પુષ્પ ગ્રહણ કરવાનો
મિષ કરી નેમિકુમારને સ્તન સ્પર્શ કરાવતી હતી.
કૃષ્ણની રમણીઓ પોતાના દીયરને મોહ પમાડવા
હાસ્ય કરી હાવભાવ કરતી હતી, અને તેમની સાથે
અનેક ક્રીડા કરતી હતી. ક્ષણવાર પછી વાપિકામાંથી
નીકળી નેમિકુમારે જાંબૂવતીને કહ્યું—ભ્રાતૃપત્નિ !
આ મારૂં આર્દ્ર વસ્ત્ર લ્યો, અને તેને નીચોવી
જલ રહિત કરી દ્યો. આ વચન સાંભળી જાંબુવતીને
રીસ ચડી. તે બોલી—મૂઢ ! તમે આ શું બોલો
છો ? તમારૂં આર્દ્ર વસ્ત્ર નીચોવવાનું કામ મારૂં
નથી. મને કહેતાં પણ તમને કેમ લજ્જા ન આવી ?
હું દ્વારકાપતિ કૃષ્ણની માયા રહિત રાણી છું. જો
આવું કામ કરવાની તમારી ઇચ્છા હોય તો, યાચ-



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ના કરીને કોઇ ઉત્તમ કન્યા સાથે વિવાહ કરો. હું કોણ છું ? તે વિચારો. જે વિશ્વના નાયક છે, તે ' સુદર્શન ' નામના ચક્રને જે પોતાના હાથ વડે ભમાવી શકે છે, શારંગ નામના ધનુષ્યને જે મંડલાકાર કરી શકે છે, જે નાગશય્યા ઉપર સુવાને સમર્થ છે, જેના હાથમાં ' પાંચજન્ય ' નામનો શંખ છે. એવા મારા પતિ કૃષ્ણ પણ મને આવા કામમાં પ્રેરતા નથી તો તમે કોણ માત્ર ? જાંબુવતીનાં આવાં વચન સાંભળી નેમિકુમારને જરા રોષ થયો. પછી રૂકિમણીએ કહ્યું—જાંબુવતી એવાં વચન બોલો નહીં. આ સ્થાવર જંગમ ત્રણ લોકમાં નેમિકુમાર બલવાન છે, અને આપણે માન્ય છે. એમ કહી તેણીએ નેમિકુમારનું વસ્ત્ર નીચોવ્યું. રોષે ભરાએલા નેમિનાથ તત્કાળ શસ્ત્રશાળામાં ગયા. તેનું દ્વાર કોપ કરી ઉઘાડયું. અંદર જઇ સુદર્શન ચક્ર તથા શારંગ ધનુષ્ય હાથમાં લીધાં. પછી નાગ શય્યા ઉપર સુઇ પાંચજન્ય શંખ ગ્રહણ કર્યો. ધનુષ્યને ચડાવી, નાગશય્યાના સર્પોનું મર્દન કરી ચક્ર ભમાવી શંખને નાસિકા વડે પૂર્યો. શંખનો શબ્દ સાંભળી કૃષ્ણ શસ્ત્રશાળામાં દોડી આવ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાં શ્રીનેમિનાથને તેમ કરતાં જોયા. કૃષ્ણ બોલ્યા— જીનેશ્વર ! એક સ્ત્રીના વચનથી તમે આ શું કરવા માંડયું ? બેઠા થાઓ, અને કોપ છોડી દ્યો. એમ કહી પ્રભુને શાંત કર્યા.

પછી કૃષ્ણ નેમિકુમારની માતા શિવાદેવીને મંદિર આવ્યા. કૃષ્ણે વિનયથી નમસ્કાર કરી કહ્યું, માતા ! નેમિકુમાર યૌવનવાળા થયા, તે છતાં તમે તેમનો વિવાહ કેમ કરતાં નથી ? તેનું શું કારણ છે ? શિવાદેવી બોલ્યાં— કૃષ્ણ ! તમે આપણા કુળના પ્રધાન પુરૂષ છો. તેમાં અમને શું પુછો છો ? તે તો તમારૂંજ કર્ત્તવ્ય છે. પછી કૃષ્ણ પોતાને ઘેર આવ્યા. બલદેવની સાથે વિચાર કરી, કૃષ્ણે ઉગ્રસેનની પાસે કન્યાનું માગું કર્યું. પછી નેમિકુમારને કૃષ્ણ પોતાના મંદિરમાં તેડી ગયા. તેમને આદરથી જમાડી સંતુષ્ટ કર્યા. એવું કપટ કરી, કૃષ્ણે નેમિકુમારનો વિવાહોત્સવ કરવા માંડયો. કૃષ્ણના બોલાવવાથી સર્વ યાદવો અને ભોજગો પોતાની સ્ત્રીઓને લઇ દ્વારકામાં કૃષ્ણના દરબારમાં આવ્યા. યાદવોની સ્ત્રીઓ સ્થાને સ્થાને નૃત્ય કરવા લાગી, અને વાજિંત્રોના સમૂહ વાગવા માંડયા. ઘેર ઘેર વિચિત્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તોરણો અને મંડપો ઉભા કરવામાં આવ્યા. જ્યાં ઉત્સવ ન હોય, તેવું એકે ઘર જોવામાં આવતું નહતું. સ્ત્રીઓએ મર્દન, સ્નાન તથા પીઠી ચોળી પ્રભુને મંગળ શૃંગાર ધારણ કરાવા માંડયો. એક તરફ ઉગ્રસેનને ઘેર પણ વિવાહોત્સવની તૈયારી થવા લાગી. તેણે અનેક દેશમાંથી સ્વજનોને વિવાહ ઉપર બોલાવ્યા, જેમાં નેમિકુમાર જેવા વર અને રાજિમતી જેવી કન્યા હોય, તે ઉત્સવની શી વાત કરવી ? સમુદ્રવિજયને ઘેર યાદવ સંબંધીઓ ઉત્સવમાં ભાગ લેવાને આવ્યા, યાદવોની સ્ત્રીઓ ગીત ગાતી ગાતી એકઠી થઈ, નેમિકુમારની જાન તૈયાર થઇ, શિવા, દેવકી, રોહિણી, સત્યભામા, અને રૂક્મિણી વિગેરે રાણીઓ મંગલ કરવા આવી, માંગલ્ય વેષ ધારણ કરી, શિવાદેવી રમણ દીપક લઇ ઉત્સવ સાથે આગળ ચાલ્યાં, નેમિકુમાર વર વેષ ધારણ કરી રથ ઉપર બેઠા, આગળ સ્વજન વર્ગ, અને પાછળ રમણી વર્ગ શ્રેણિબંધ માંગલ્ય સાથે ચાલવા લાગ્યો, વાજિંત્રોના ઘોષથી, બંદિજનના જય ધ્વનિથી, અને સુવાસિનીના ગીતથી સર્વ સ્થળે મહાન કોલાહલ થઇ રહ્યો, રાજા સમુદ્રવિજય,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસુદેવ, બલરામ, ભોજગ રાજાઓ, પ્રદ્યુમ્ન અને ભાનુકુમાર જેમાં અગ્રેસર છે, એવા ઘણા રાજાઓ નેમિકુમારની જાન સાથે ચાલ્યા. યાચકોને અગણિત દાન આપતા જીનરાજ તોરણે આવ્યા. રાજકુમારી રાજીમતી સખીઓની સાથે મેહેલના ગોખ ઉપર બેસી જીનવરને નીરખતી હતી. જેની ઉપર છત્ર, અને બંને બાજુ ચામર વીંજાય છે, એવા સુંદર વરને આવતા જોઇ, રાજીમતી હર્ષ પામતી હતી. પ્રભુ આવતા હતા, તે માર્ગે વામ તરફ પશુઓનો દીનસ્વર લોકોના સમૂહની સાથે સાંભળવામાં આવ્યો, તે વખતે ઉગ્રસેનના મંદિરમાંથી મંગલ કુંભ લઇ, કેટલીએક રમણીઓ ગીત ગાતી સામી આવતી હતી. પશુઓ વિગેરે જીવના શબ્દ સાંભળી દયાળુ પ્રભુએ આમતેમ જોઇ, સારથિને પુછયું, સારથિ ! રાજાએ આટલા બધા જીવનો સમૂહ શામાટે એકઠો કર્યો છે, તે તપાસ કરી મને નિવેદન કર. સારથિએ કહ્યું, સ્વામી ! તમારે માટે અને વિવાહને અર્થે આ જીવરાશિ એકઠો કરેલો છે. આજ રાત્રે કૃષ્ણ પ્રમુખ યાદવોના સત્કાર માટે એ પશુઓનો ઉપયોગ થશે. સારથિનાં વચન સાંભળી નેમિનાથે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હૃદયમાં વિચાર્યું કે, ગ્રહસ્થાવાસ એ પાપનું કારણ છે. અહા ! જે દુષ્ટ હૃદયવાળા લોકો જીવના ઘાતક છે, તેઓ જીવહિંસાના પાપથી ઘોર નરકમાં પડે છે. વનમાં ઘાસ ખાઈ કાલક્ષેપ કરનારા નિરપરાધી જીવને મારવા એ કેવું મહા પાપ ? કાંટા વાગવાના ભયથી સુભટ લોકો ચરણમાં ઉપાન પહેરે છે, તેઓ પાપ બુદ્ધિએ બિચારા નિરપરાધી પશુને બાણથી વીંધી મારી નાંખે એ કેવી ક્રૂરતા ? આ વિવાહોત્સવનું ફળ આવું ભયંકર હોય તો, તે વિવાહ શા કામનો ? એ વિવાહથી થયેલા પાપના આરંભરૂપ સંસારને ધિક્કાર છે.

આવું ચિંતવી એ મહાશય નેમિનાથે પોતાનો રથ પાછો વાળ્યો. પેલા એકઠા થયેલા જીવને તેઓના વાડામાંથી છોડાવ્યા. શ્રીનેમિનાથ પાછા ફરી ચાલી નીકળ્યા. લોકાંતિક દેવતાઓ તેમની સાથે હતા. તેમને પાછા વળતા જોઇ કૃષ્ણ રથ પાસે આવ્યા, અને બોલ્યા—બન્ધુ ! ઉભા રહો. આ શું કરો છો ? વિવાહ કરો, અને મારૂં કલંક દૂર કરો. માતા પિતા વિગેરે બધાં વારવા લાગ્યાં—તથાપિ તેઓ પાછા ફર્યા નહિ, અને એક આસન ઉપર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બેશી ગયા. આસન કંપવાથી આ વૃત્તાંત જાણી
ઇંદ્રોએ ત્યાં આવી ભક્તિ વડે મહોત્સવ કર્યો.
શ્રીખંડ ચંદનના વિલેપનથી અને કલ્પ વૃક્ષના
પુષ્પોથી પ્રભુની પૂજા કરવામાં આવતી હતી. દિવ્ય
આભૂષણ ધારણ કરાવી ઇંદ્રોએ પ્રભુની સ્તુતી કરી.
તે પછી એક સુંદર શિબિકા ઉપર પ્રભુને પધરા-
વ્યા. સાત પગલાં સુધી તે શિબિકાને રાજાઓએ
વહન કરી, પછી દેવતાઓએ વહન કરવા માંડી.
પ્રભુને શિબિકા વડે રૈવતગિરિ ઉપર લઈ જવામાં
આવ્યા. દ્વારકાના લોકો પ્રભુની પાછળ દોડતા હતા.
આ વૃત્તાંત સાંભળી રાજકુમારી રાજીમતી વિવિધ
આક્રંદ કરતી પ્રભુની પાછળ દોડતી આવી.

શ્રી જિનભગવંત રૈવતાચળમાં આવી બધે
સ્થળે જોઇ સહસ્રાવનમાં આવ્યા. ત્યાં સાહસ કરી
નેમિપ્રભુએ " નમઃ સિદ્ધેભ્યઃ " એમ કહી આભૂષણાદિ
છોડી પંચમુષ્ટિ લોચ કર્યો. જિનેંદ્ર હતા તે મુનિંદ્ર
થયા. સુર અસુરો સ્તુતિ કરવા લાગ્યા, હજારો
રાજાઓની સાથે ધ્યાન ધરી યોગી થયા, ઇંદ્રે
પ્રભુના નખ તથા કેશ લઇ ક્ષીરસાગરમાં નાખ્યા,
ત્રીજું કલ્યાણક કરી ઇંદ્રો પોતાના સ્થાન પ્રત્યે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચાલ્યા ગયા. શ્રીનેમિપ્રભુ ત્રીજે દિવસે દ્વારકામાં આવ્યા, અને બ્રહ્મદત્તને ઘેર પારણું કર્યું. શ્રેષ્ટ અન્ન વડે પ્રભુનું પારણું થતાં દેવતાઓએ ત્યાં પાંચ આશ્ચર્ય કર્યાં. પછી પ્રભુ પાછા રૈવતગિરિ ઉપર આવ્યા. ત્યાં ધ્યાન ધરી પોતાના કર્મનો ક્ષય કરવા લાગ્યા.

રાજકુમારી રાજીમતી દુઃખી થઈ પાછી ઘેર આવી. મન વડે નેમિપ્રભુનું ધ્યાન કરતી તે બાળાએ સંયમ લેવાનો નિશ્ચય કર્યો, તે સાંભળી પિતાએ રાજીમતીને કહ્યું, પુત્રી ! તું આવું ઉત્કટ દુઃખ શામાટે ગ્રહણ કરે છે? હું તને બીજા રાજાને આપીશ. રાજીમતી બોલ્યાં— પિતાજી ! આ શું બોલો છો ? નેમિકુમાર વિના બીજા પુરૂષો મારે તમારા જેવા છે. પુત્રીનાં આવાં વચન સાંભળી પિતાને દુઃખ લાગ્યું, ત્યારથી રાજીમતી સર્વદા શ્રી નેમિનાથનું ધ્યાન કરતી ઘેર રહેવા લાગી.

રૈવતગિરિ ઉપર શ્રી નેમિયોગી ધ્યાન ધરી રહેતા હતા. પરમાત્માના શુદ્ધ ધ્યાનથી અને ઉગ્ર તપસ્યાથી તેઓ ઘાતી કર્મનો ક્ષય કરી, ક્ષપક શ્રેણી ઉપર આરૂઢ થયા. જિન ધ્યાનના પ્રભાવથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છપન દિવસે લોકાલોકને પ્રકાશ કરનારૂં કેવળજ્ઞાન તેમને ઉત્પન્ન થયું. તે વખતે ઇંદ્રોનાં આસન કંપાયમાન થયાં. આસનના કંપાવથી ઇંદ્રોને જાણ થઇ કે, શ્રી નેમિ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. સુંદર વિમાન ઉપર ચડી, દુંદુભિના નાદથી દિશાઓને પુરતા, દેવીઓને નૃત્ય કરાવતા અને પુષ્પ વૃષ્ટિ કરતા ઇંદ્રો રૈવત ગિરિ ઉપર આવ્યા. ઇંદ્રની આજ્ઞાથી દેવતાઓએ મનોહર સમવસરણ રચ્યું. તેમાં પૃથ્વીથી પાંચ હજાર દંડ પ્રમાણ વજ્રમય ભૂમિકા સાથે વિસ્તારવાળી પ્રથમ પિઠીકા બાંધી. વીશ હજાર સોપાનની શ્રેણીથી પૃથ્વી શોભવા લાગી. તેને રત્ન, સુવર્ણ અને રૂપાના ત્રણ કીલ્લા કરવામાં આવ્યા, આસપાસ પુષ્પ વાટિકા, અંદર સ્થંભની રચના, નાટય શાળા, તથા વેદિકા ભવનથી શોભાયમાન કરવામાં આવ્યું, નિર્મળ અને સ્વચ્છ જળવાળા સરોવરથી તે વિરાજમાન હતું, ત્રણ પીઠવાળું ઉત્તમ આસન મધ્યભાગે ગોઠ-વ્યું હતું, આઠ પ્રાતિહાર્ય અને બાર કોઠાથી તે યુક્ત હતું, રત્નથી પ્રતિબદ્ધ એવી પૃથ્વી ઉપર ત્રણ સ્તૂપ કરવામાં આવ્યા હતા, મધ્ય ભાગે પ્રભુને



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બેસવાનું ઉત્તમ આસન ગોઠવ્યું હતું, આવા સમવસરણમાં જિનેંદ્ર ભગવંત મધ્ય આસને બીરાજમાન થયા. ચોસઠ પ્રમાણ ચામરોથી તે વીંજાતા હતા, માથે ત્રણ છત્ર ધરવામાં આવ્યાં હતાં, સુર અસુરો તેમને વંદના કરતા હતા. તે સમવસરણમાં પ્રભુએ દેશના આપી. બ્રહ્મદત્ત વિગેરે અગીયાર તેમના ગણધરો થયા. પ્રભુને કેવળજ્ઞાન થવાના ખબર સાંભળી દ્વારકાના સર્વ લોકો ત્યાં આવ્યા. કૃષ્ણ તથા સમુદ્રવિજય વિગેરે યાદવો, શિવાદેવી, દેવકી, રૂકિમણી અને સત્યભામા વિગેરે સ્ત્રીઓ અને ઉગ્રસેન વિગેરે બીજાઓ ત્યાં આવ્યા. પ્રભુનું સમવસરણ જોઇ તેઓ વિસ્મય પામી ગયા. શ્રી જિનભગવંતને ત્રણ પ્રદક્ષિણા કરી, નમસ્કાર તથા સ્તુતિ કરી, તેઓ પોતપોતાને યોગ્ય સ્થાનકે બેઠા. તે પછી પાંચ હજાર સ્ત્રીઓની સાથે રાજીમતી ત્યાં આવ્યાં. પ્રભુને વંદના કરી તેણીએ તેમની પાસે દીક્ષા લીધી, અને તે સર્વ સાધ્વીઓમાં મુખ્ય થયાં.

લોકોને ધર્મ સાંભળવાની ઇચ્છાવાળા જોઈ 'વરદત્ત' નામના મુખ્ય ગણધરે પ્રભુને કહ્યું—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રભુ ! ધર્મ પ્રકાશો. ચિરકાળ થયા મિથ્યાત્વરૂપ
તૃષ્ણાથી પીડિત એવા ભવ્યજનરૂપ ચાતક પક્ષીઓ-
ને તમે મેઘરૂપ થાઓ. પછી પ્રભુએ મેઘના જેવી
ગંભીર વાણી વડે સપ્તભંગીએ યુકત, ચાર નિયોગ-
રૂપ સારવાળી, દ્વાદશાંગીમય, ત્રણ રત્ને અલંકૃત
અને તત્વના પ્રમાણવાળી દેશના આપી. તેમાં
સંસારને નાશ કરનાર યતિ ધર્મ અને ગૃહસ્થના
ધર્મનો વિવિધ પ્રકારનો બોધ આપ્યો. તેર પ્રકારનું
ચારિત્ર, પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ,
અઠાવીશ મૂલગુણ, બીજા અનેક ઉત્તર ગુણ અને
છ આવશ્યક વિગેરેની પ્રભુએ વિવેચન સાથે વ્યાખ્યા
કરી બતાવી. વિશેષમાં જણાવ્યું કે, ચારિત્રધારી
મુનિ જો શ્રી જીનોકત નિર્મળ ચારિત્રને પાળે છે તો,
તે શાશ્વત એવા મોક્ષ સુખને પ્રાપ્ત થાય છે. પાંચ
અણુવ્રત, ત્રણ ગુણવ્રત, અને ચાર શિક્ષાવ્રત—એ
શ્રાવકોનાં વ્રત કહેવાય છે. સમ્યકત્વ અને શ્રાવકના
આચાર ભવિપ્રાણીઓએ સર્વદા પાલન કરવા.
ગૃહસ્થના આઠ મૂળગુણ છે તે અવશ્ય ધારણ કરવા.
અજાણ્યા પાત્રમાં ભોજન કરવું નહિ. અજાણ્યાં
વન ફૂળ ભક્ષણ કરવાં નહિ. માખણ, કંદમૂળ,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દ્વિદલ, અનંતકાય ધાન્યનો ત્યાગ કરવો. બોળ અથાણાં અને છાશ તે બે દિવસનાં છોડી દેવાં. ચર્મના પાત્રમાં રહેલ ઘી, તેલ અને જળ માંસની બરાબર છે. તેને વિવેકી શ્રાવકોએ ગ્રહણ કરવું નહીં. દરેક પ્રવાહી પદાર્થ ગળીને લેવા. જાણેલા ફળાદિ તથા જે પ્રાસુક હોય તે ગ્રહણ કરવા. મિથ્યાત્વનો સર્વથા ત્યાગ કરવો. સાત વ્યસન તથા રાત્રિભોજનને છોડી દેવાં. કુદેવ, કુશાસ્ત્ર, કુગુરૂ અને કુધર્મ તે મનવડે પણ ચિંતવવા નહિ. તેઓ સંસારને વધારનારા છે. દેવપૂજા વિગેરે ષટ્ આવશ્યક કર્મ પ્રતિદીન કરવાં. તે ત્રણ લોકમાં દુર્લભ છે.

આં પ્રમાણે શ્રી જીનભગવંતે કહેલા ધર્મને સાંભળી સર્વને પરમ સંતોષ થયો. પછી પ્રભુને નમી, વાજિંત્રોના નાદ સાથે તેઓએ જય ધ્વનિ કર્યાં. કેટલાએક દીક્ષાને પ્રાપ્ત થયા, કોઇએ જિન પૂજાનો નિયમ ગ્રહણ કર્યો, કોઇ મૌન વ્રતને પ્રાપ્ત થયા, કોઈ સમ્યકત્વ, કોઈ અણુવ્રત અને શ્રાવક વ્રતને પ્રાપ્ત થયા. ભવિજનોએ પોતાના ભાવ પ્રમાણે અનેક નિયમ ગ્રહણ કર્યા, પછી પરમ બોધને પ્રાપ્ત કરી, કોટી ગમે સુર, અસુર અને મનુષ્યો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રભુને નમી, પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. સર્વ યાદવો શ્રી નેમિપ્રભુને વંદના કરી, જૈન ધર્મમાં તત્પર થઇ દ્વારકા નગરીમાં આવ્યા. પ્રભુ વિહાર કરવાને રૈવતગિરિ ઉપરથી ઉતર્યા. જ્યાં જ્યાં પ્રભુ વિચરે, ત્યાં માર્ગે જિન ભક્તિમાં તત્પર એવા વાયુકુમાર દેવતાઓ ઘાસ તથા કીડાને દૂર કરતા હતા, તે ઉપર મેઘકુમાર દેવતાઓ સુગંધી જલની વૃષ્ટિ કરતા હતા, પ્રભુ જ્યાં જ્યાં પગલાં મુકતા ત્યાં ત્યાં દેવતાઓ સુવર્ણનાં કમળ વિકુર્વીને ધરતા, હતા, જ્યાં પ્રભુ વિચરતા હોય, ત્યાં ચારસો કોશ સુધી દુકાળ પડતો નથી, હિંસા થતી નહીં, અને ટાહાઢ તથા તાપની પીડા રહેતી નહતી. જ્યાં પ્રભુ વિહાર કરે ત્યાં ક્ષુદ્ર ઉપદ્રવ થતા નથી. દેવતાઓ આગળ ચાલી જય ધ્વની કરતા હતા, તે ભૂમિ શાલિ વિગેરે ધાન્યના સમૂહવડે શોભાયમાન થતી, દિશાઓ નિર્મળ થઇ જતી, અને સુગંધી પવન વાતો હતો, દેવતાઓ ઇંદ્રની આજ્ઞાથી પ્રભુને વંદના કરવાને ભવિજનોને બોલાવતા હતા, પાપનો ક્ષય કરનારૂં, મિથ્યાત્વને ઉન્મૂલન કરવામાં દક્ષ, અને જિન ધર્મનું પ્રભાવક એવું ધર્મચક્ર પ્રભુની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આગળ ચાલતું હતું. આ પ્રમાણે પ્રભુ સમગ્ર પૃથ્વી ઉપર વિહાર કરે છે. મારવાડ, તૈલંગ, કર્ણાટક, દ્રાવિડ, અંગદેશ, બંગાલા, કલિંગ, મગધદેશ, કનોજ, કોકણ, સૌરાષ્ટ્ર, માલવ, ગુજરાત અને પંચાલદેશમાં વિચરી ભવિજનને બોધ આપી ‘ ભદ્દિલ ’ નામના નગરમાં આવ્યા. ત્યાં અલકાના ગૃહમાં વસુદેવના શરીરથી ઉત્પન્ન થયેલાં ત્રણ જોડલાં દેવતાઓએ મુકેલાં હતાં. તેઓ રાજાને ઘેર આવી, એક એક બત્રીશ સ્ત્રીઓને પરણ્યા હતા. ત્યાં આવેલા પ્રભુના મુખથી બોધ સાંભળી તે છ ભ્રાતાઓએ પરમ વૈરાગ્યને પ્રાપ્ત કરી, દીક્ષા ગ્રહણ કરી. તે બંધુઓ પઠન, પાઠન, ધ્યાન, યોગ તેમજ પોષધાદિવ્રત સાથે આચરતા હતા, અને પારણું પણ સાથેજ કરતા હતા. એમને બોધ આપી, પ્રભુ પાછા રૈવતગિરિ ઉપર આવ્યા, ત્યાં દેવતાઓએ સમવસરણ રચ્યું. પ્રભુને આવેલા સાંભળી કૃષ્ણ પ્રમુખ દ્વારકાના લોકો તથા સત્યભામા વિગેરે સ્ત્રીઓ ત્યાં વાંદવાને આવ્યાં. ભક્તિથી પ્રભુને પ્રણામ કરી, તેઓ યોગ્ય આસને બેઠા. પ્રભુએ પ્રીતિથી તેમને ધર્મદેશના આપી, તે સાંભળી તેઓ પરમ તૃપ્તિને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રાપ્ત થયા. અવસર જોઇ કૃષ્ણની માતા દેવકી વિનયથી બોલ્યાં— ભગવન્ ! આજે મારે ઘેર બે મુનિઓનું જોડું આહાર લેવાને આવ્યું હતું તેવી રીતે તેનું તે જોડું ત્રણ વાર આવ્યું, અને મેં તેમને આહાર વોહોરાવ્યો. તે મુનિઓને જોઇ, મને તેમની ઉપર પુત્રના જેવો મોહ થયો હતો, તેનું શું કારણ ? વળી જિન શાસનના મુનિઓ દિવસમાં વારંવાર ભોજન કરે તે કેમ સંભવે ? દેવકીનાં આવાં વચન સાંભળી પ્રભુ બોલ્યા— ભદ્રા ! સાંભળ. તે ત્રણ વાર જે મુનિઓ આવ્યા, તે છ ભાઇઓ હતા. તેઓ સરખી આકૃતિના તારા પૂર્વના પુત્રો હતા. જન્મ વખતે શત્રુ અસુરોએ જેઓને હરી લીધા હતા, તેઓ મુનિરૂપે થયેલા છે. પ્રભુનાં વચન સાંભળી દેવકી સંતુષ્ટ થયાં. કુટુંબ સહિત બેઠાં થઇ તેણીએ મુનિઓને પ્રણામ કર્યાં. મુનિઓનો સંદેહ પણ તુટી ગયો. કૃષ્ણ પ્રમુખ સર્વ યાદવો ઘણા ખુશી થયા. તેમના સમાગમથી સર્વ સ્થળે ઉત્સવ થઇ રહ્યો. પછી સત્યભામા વિગેરે આઠ કૃષ્ણ પટરાણીઓએ પ્રભુની સ્તુતિ કરી. સર્વે સંતુષ્ટ થઇ, પોતપોતાના સ્થાનમાં ચાલ્યા ગયા. પ્રભુએ ત્યાંથી વિ-

P.P. Ac. Gunratnasuri M.S.                Jun Gun Aaradhak Trust

હાર કર્યો. ભવિપ્રાણીઓને જૈન દીક્ષા આપતા શ્રી નેમિભગવંત સર્વ દેશોમાં વિહાર કરતા, સર્વને પ્રતિબોધ આપતા હતા.

જે જે ભવિજન આ શ્રી નેમિપ્રભુના વિવાહ પ્રમુખ ચરિત્રને આદરથી સાંભળે, અને તેમની દીક્ષા, ધ્યાન અને દેશનાનું મનન કરે, તેઓ ઉત્તમ ધર્મ બોધ પ્રાપ્ત કરી, શિવપદને પ્રાપ્ત થાય છે.

इति श्री प्रद्युम्न चरिते श्री सोमकीर्त्याचार्य विरचिते श्री नेमिनाथ विवाह वैराग्य दीक्षा ज्ञान समवसरण देशना विहारादि वर्णनो नाम त्रयोदशः सर्गः

# सर्ग १४ मो.

## બલભદ્રે કરેલા પ્રશ્નોનું ભગવંતે કરેલ નિરૂપણ.

શ્રી નેમિપ્રભુ 'પલ્લવ' નામના દેશમાં વિહાર કરી ફરીવાર રૈવતગિરિ ઉપર આવ્યા. સુર અસુરો તેમને નમસ્કાર કરતા હતા, ઇંદ્રની આજ્ઞાથી કુબેરે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાં સમવસરણ રચ્યું. સર્વજ્ઞ પ્રભુના ખબર સાંભળી
કૃષ્ણ બંધુ પ્રેમથી આઘોષણા કરાવી, સર્વને લઇ
પ્રભુને વાંદવા આવ્યા. કામ, શાંબ, ભાનુકુમાર,
વિગેરે યાદવો અને સત્યભામા વિગેરે યાદવની સ્ત્રી-
ઓ પોતપોતાના વાહનની સાથે ત્યાં જવા ચાલ્યાં.
તેમના પ્રયાણ વખતે ગજેંદ્રોના મદથી ભૂમિ કાદવ-
વાળી થઇ ગઇ હતી, અને અશ્વોની ખરીઓમાંથી
ઉડેલી રજ દિશાઓમાં પ્રસરતી હતી. જાણે તડકા-
નું પાન કરતું હોય, તેમ છત્રોથી સર્વ વિશ્વ છવાઇ
રહ્યું હતું, ચામરોથી દશ દિશાઓ વ્યાપ્ત થઇ હતી,
બંદિઓના સમૂહથી અને પેદલના યૂથથી પૃથ્વી
ભરપૂર થઇ રહી હતી, ત્રિખંડના અધિપતિ કૃષ્ણ
લક્ષ્મીથી ત્રણ જગતને તૃણવત્ ગણતા રૈવતગિરિની
પાસે આવ્યા, એ પર્વત દૂરથી જોવામાં આવ્યો.
ઉન્મત્ત એવા કોકિલ પક્ષીઓના શબ્દોથી જાણે
આલાપ કરતો હોય, અને ફલથી નમ્ર એવાં વૃક્ષોથી
જાણે નમતો હોય, તેવો તે દેખાતો હતો. તેની ઉ-
પર આવેલાં વાદલોમાં સૂર્યના ઘોડા વિશ્રાંત થતા
હતા, તેના શિખરોમાંથી ઝરણાના પ્રવાહ મધુર ધ્વ-
નિ સાથે પડતા હતા, તે વંશથી ઉન્નત, સૌમ્ય,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બહુ સત્વવાળો અને અનેક પત્રથી યુક્ત હતો. આવા રૈવતગિરિની ઉપર કૃષ્ણ આવી પહોંચ્યા. છત્ર ચામર વિગેરે રાજ ચિન્હો દૂર મુકી કેટલાએક સંબંધી તથા સામંત રાજાઓને સાથે લઇ કૃષ્ણ વિનીત થઇ, સમવસરણમાં આવ્યા. સર્વ દિવ્ય સામગ્રીથી સુશોભિત અને વિવિધ પરિષદોથી પૂર્ણ એવા સમવસરણમાં ત્રણ છત્રથી યુક્ત અને ઉજ્વલ ચામરોથી વીંજાતા એવા શ્રી નેમિપ્રભુ સિંહાસન ઉપર બેઠેલા જોવામાં આવ્યા. પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરી, કૃષ્ણવાસુદેવ આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા— હે પ્રભુ ! તમે ત્રણ જગતના અધિપતિ છો, તૃષ્ણાથી રહિત, અને ક્ષમા, લક્ષ્મી, ધૃતિ તથા કીર્ત્તિથી વિભૂષિત છો. ખેચર અને ભુચર પ્રાણીઓ ભક્તિથી ચરણ કમલમાં નમન કરી, તમારી સર્વદા સ્તુતિ કરે છે. હે નાથ ! શક્તિ વગરના અમે તમારી સ્તુતિ કેવી રીતે કરી શકીએ ? તથાપિ સ્વાર્થ સિદ્ધિ માટે તમારી સ્તુતિ કરતાં અમને લજ્જા આવતી નથી. હે ભગવંત ! તમે સંસારનું બંધન છોડી, નિર્મળ જ્ઞાનને પ્રાપ્ત થયા છો. રાજીમતી જેવી સુંદર સ્ત્રી અને રાજ્ય તમે દૂરથી છોડી દીધાં છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હે વિભુ ! મોહ, માયા, કામ, ક્રોધ અને લોભ વિ-
ગેરે શત્રુઓ તમે તમારા ધ્યાન યોગથી જીતી લીધાં
છે, તમે આ લોકાલોકના પ્રકાશક સૂર્ય છો, નિર્દોષ,
અજડ, અને નિષ્કલંક ચંદ્રરૂપ છો. હે સ્વામી !
તમે આત્મ તત્વને જાણ્યું છે, અને સપ્તભંગી વડે
પરમ તત્વને ગાયું છે. હે પ્રભુ ! અજ્ઞાનરૂપ અંધ-
કારથી અંધ થયેલા એવા લોકોને જ્ઞાનરૂપ અંજન
શલાકા વડે નેત્રને ઉઘાડનારા, અને ભવ્ય જનના
ભવને તારનારા તમે છો. આ પ્રમાણે સ્તુતિ કરી,
કૃષ્ણે શ્રી નેમિપ્રભુને વારંવાર પ્રણામ કર્યો. પછી
અંજલિ જોડી, ધર્મ વિષે પ્રશ્ન કર્યો. પ્રભુએ સંસા-
રને નાશ કરનાર ધર્મનો ઉપદેશ આપ્યો, યતિ
ધર્મ અને ગૃહસ્થ ધર્મ જુદી જુદી રીતે સમજાવ્યો,
જિન શાસનમાં પ્રસિદ્ધ 'જીવ' 'અજીવ' વિગેરે
નવ તત્વોનું વિવેચન કર્યું, તે પ્રસંગે ષટ્ દ્રવ્ય, કર્મ
પ્રકૃતિ તથા શરીરની નશ્વરતા વિષે પ્રતિબોધ આ-
પ્યો. કર્મરૂપ પાશથી પ્રતિબંધ થએલો જીવ વાદળા-
માં વીંટાએલા સૂર્ય ચંદ્રની જેમ તત્વાતત્વ જાણતો
નથી. જિનભગવંતે સૂત્રદ્વારા કહેલી શુભ, પીત,
પદ્મા, શુક્લાદિ લેશ્યાઓ જણાવી, તે લેશ્યાઓ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભવ્ય પ્રાણીઓની કહેવાય છે, અને કૃષ્ણ નીલ અને કાપોત લેશ્યાઓ અભવ્ય પ્રાણીઓની કહેવાય છે. તે ભાગ્ય વિશેષના પ્રમાણમાં થાય છે. તેમજ પ્રભુએ ચાર પ્રકારનાં ધ્યાન જણાવ્યાં, તેમાં આર્ત્ત અને રૌદ્ર ધ્યાન ત્યાગ કરવા યોગ્ય છે, તથા ધર્મ્ય અને શુકલ ધ્યાન ગ્રહણ કરવા યોગ્ય છે. તે પછી પ્રભુએ ચૌદ ગુણ સ્થાન અને ચૌદ માર્ગણા બતાવી. દશ પ્રકારનો લાક્ષણિક ધર્મ તથા છ આંતર અને છ બાહ્ય—એમ બાર પ્રકારનું તપ આગમ પ્રમાણથી પ્રકાશિત કર્યું.

તે સાંભળી કૃષ્ણ વિગેરે યાદવો પરમ સંતોષને પ્રાપ્ત થયા. પછી કૃષ્ણના પુછવાથી પ્રભુએ જે તીર્થંકરનાં તીર્થમાં જે જે બને, તે બધું વિસ્તારથી કહી સંભળાવ્યું. તેમનાં પાંચ કલ્યાણક, નગર, માતા પિતા, શરીરનું પ્રમાણ, વર્ણ, વંશ, રાજ્ય, તપ, જ્ઞાન અને નિર્વાણ વિગેરે છત્રીશ ભેદનું વર્ણન કર્યું. આ સર્વ સાંભળી બધી પર્ષદા વૈરાગ્યથી વિભૂષિત થઇ ગઇ. તે વખતે કૃષ્ણના ભાઇ “ ગજકુમાર ” ને તીવ્ર વૈરાગ્ય પ્રાપ્ત થયો. તેણે તત્કાળ ઉઠી લોચ કરી, પ્રભુની પાસે દીક્ષા ગ્રહણ કરી, અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે ધ્યાન ધરી બેઠો. આ વૃત્તાંત તેના સાસરા સોમશર્મા બ્રાહ્મણના સાંભળવામાં આવ્યો. તત્કાળ સોમશર્મા ગજકુમાર જ્યાં ધ્યાન કરતા હતા, ત્યાં આવ્યા. તેણે ઘણાં વચનોથી ગજકુમાર મુનિને સમજાવવા માંડયા, તથાપિ તેણે ધ્યાન છોડયું નહીં, ત્યારે સોમશર્માને ક્રોધ ચડયો. તે બોલ્યો—અરે પાપી, દુરાચાર ! તેં આ શું આરંભ્યું છે ? અરે દુષ્ટ બુદ્ધિવાળા ! તું ઢોંગી છું. ધ્યાન કેમ છોડતો નથી ? આમ કહી તે તેની ઉપર દંડ તથા મુષ્ટિના પ્રહાર કરવા લાગ્યો.

જ્યારે તેને કંઠ પ્રાણ થયા, તેવામાં કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. ત્યાં તેની પાસે રહેલા દેવતાઓએ જયધ્વનિ કર્યો. આ વખતે કૃષ્ણે પ્રભુને પુછયું કે, આ દેવતાઓ કયાં જયધ્વનિ કરે છે ? પ્રભુ બોલ્યા, કૃષ્ણ ! ગજકુમારને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયેલું છે, તેમાં દેવતાઓ આવી, જયધ્વનિ કરે છે. પછી કૃષ્ણે આમતેમ જોયું, ત્યાં ગજકુમાર મુનિ જોવામાં આવ્યા. આ પ્રભુએ તે સંબંધી બધો વૃત્તાંત નિવેદન કર્યો. આ વૃત્તાંત સાંભળી, કેટલાએક વૈરાગ્ય પામી, દીક્ષા ગ્રહણ કરી. કોઇએ અણુવ્રત અંગિકાર કર્યાં, કોઇ શીલવ્રતી થયા, કોઇએ ષટ્ આવશ્યક કર્મ સ્વીકાર્યાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી જિન વચનથી સંતુષ્ટ થયેલા સર્વ દેવતાઓ અને મનુષ્યો સમ્યકત્વને પ્રાપ્ત થયા. કૃષ્ણ વાસુદેવે સાર-રૂપ જ્ઞાન ગ્રહણ કર્યું. કૃષ્ણ કર્ણરૂપ અંજલિવડે પ્રભુનાં વચનામૃતને સાંભળી અત્યંત હર્ષ પામ્યા.

તે સમયે બલભદ્રે ભગવંતને વિનયથી પુછ્યું કે, પ્રભુ ! જે જન્મે તેનું અવશ્ય મૃત્યુ થવાનું છે, તો આ દ્વારકા નગરીનો અને કૃષ્ણ વાસુદેવનો નાશ ક્યારે થશે ? પ્રભુ બોલ્યા— આજથી બાર વર્ષે દ્વૈપાયનના કોપથી દ્વારકાનો નાશ થશે, અને મૃગયાના વ્યસની એવા જરાકુમારથી કૃષ્ણનો ઘાત થશે. પ્રભુનાં આ વચન સાંભળી સર્વે ભયાતુર થઈ ગયા, કેટલાએક ભય પામી, દ્વારકા છોડી બીજે સ્થળે ચાલ્યા ગયા, અને કેટલાએક વૈરાગ્ય પામી સર્વજ્ઞ પ્રભુની શરણે આવ્યા.

દ્વૈપાયને આ ખબર સાંભળ્યા, એટલે તે સર્વજ્ઞનું વચન મિથ્યા કરવાને વૈરાગ્ય પામી, સત્વર વિદેશમાં ચાલ્યો ગયો. જરાકુમારે પણ એ વૃત્તાંત જાણી વિચાર્યું કે, જેના ચરણ કમળમાં અનેક સામંત રાજાઓ આવી નમે છે, એવા કૃષ્ણ વાસુદેવનું મૃત્યુ મારાથી થાય, તે કેવો જુલમ ? આવું વિચારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિષયને છોડી, તેના બંધુઓએ વાર્યા છતાં તે નિર્જન વનમાં ચાલ્યો ગયો. અહીં દ્વારકામાં કૃષ્ણે ભયથી એવી આઘોષણા કરાવી કે, સર્વ જનોએ ધર્મ ધ્યાન કરવું, અને તપસ્યા આચરવી.

એક વખતે સાયંકાલનો સમય થયો, ભવિષ્યના ભયથી આકુલ વ્યાકુલ એવી દ્વારકા નગરીને જોઇ, જાણે સૂર્ય રક્ત અને પરાંગમુખ થઇ ગયો હોય, તેમ દેખાવા લાગ્યો. કૃષ્ણને દુઃખ થવાનું છે, એમ વિચારી સૂર્ય અસ્તાચલ ઉપરથી સમુદ્રમાં પડી ગયો. આ વૃત્તાંત સાંભળી જાણે દુઃખી થઇ હોય, તેમ કમલિની કમળરૂપ મુખને ગ્લાનિ પમાડી, ભમરાના મધુર સ્વરે રૂદન કરવા લાગી, સંધ્યારૂપ કસુંબી સાડી ઓઢી જાણે દ્વારકાના દાહને સૂચવતી હોય, તેમ રાત્રિ પ્રગટ થઇ. સૂર્ય પરલોકે જતાં જાણે પક્ષીઓના શબ્દથી શોક કરતી હોય, તેવી સંધ્યા રક્ત વસ્ત્ર પહેરી તેની પાછળ વિનાશ પામી ગઇ. અંધકારનાં પરમાણુઓ જાણે ભવિષ્યના અગ્નિના ધુમાડાના અંશ હોય, તેમ દશે દિશાઓમાં પ્રસરવા લાગ્યા, વિવેક અને ઉત્સાહ વગરનાં મનની જેમ મિથ્યા આભાસ કરનારૂં અંધકાર મોહજાળની જેમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેખાવા લાગ્યું. અંધકારમાં તારાગણ વિશેષપણે સ્પષ્ટ દેખાવા લાગ્યો. પ્રાયે કરી અલ્પ મતિ માણસ તમ (અજ્ઞાન) ની અંદર વિશેષ પ્રકાશે છે. અંધકારના જાળને ઉન્મુલન કરતો, કુમુદને વધારતો અને પ્રોષિત ભર્તૃકા સ્ત્રીઓને ભયંકર લાગતો ચંદ્ર ઉદય પામ્યો. પતિ અને પત્ની વચ્ચે કામદેવના શાસન ચાલવા લાગ્યા. કેટલાએક રતિવિલાસ થઈ ગયા પછી કામ ભોગમાં વિરક્ત થઇ, આ પ્રમાણે ચિંતવવા લાગ્યા— " ઇંદ્રિની આજ્ઞાથી પૂર્વે રચેલી આવી દ્વારકા નગરી જ્યારે અનિત્ય થાય, તો પછી આ જગતમાં શું નિત્ય છે? કંસાદિ અસુરરૂપ ઉન્મત ગજેંદ્રમાં કેશરી સમાન એવા કૃષ્ણને પણ કોઇક હણી નાખશે, એ કેવું આશ્ચર્ય? આ સર્વ વસ્તુ સ્વપ્ન અને ઇંદ્રિજાલ જેવી છે. "

સર્વ પ્રાણીઓની સંપત્તિ અને જીવિત ઝાંઝવાના જલ જેવા છે, કાયા રોગનું સ્થાન છે, ભોગ સર્પના ભોગ જેવા છે, સ્ત્રીઓનું સૌંદર્ય દોષથી ભરપૂર છે, અને અર્થ અનર્થને કરનાર છે. આ ભૂમિ ઉપર કોઇની મૈત્રી શાશ્વત નથી, અને બધું સંયોગ વિયોગ સહિત છે. આ પ્રમાણે ચિંતવી તપો-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વનનું સેવન કરવું, અને ધર્મ આચરણ કરવું, તેજ ઉત્તમ છે. આ પ્રમાણે ચિંતવન કરતાંજ તેમની રાત્રિ નિર્ગમન થઇ ગઇ, પ્રાતઃકાળનો સમય થયો, પ્રભાતને સૂચવનારા કુકડાના શબ્દ સાથે ઢોલ તથા નોબતના ધ્વનિ થવા લાગ્યા. તે શબ્દોથી લોકો જાગ્રત થયા, વાજિંત્રોના શબ્દોથી, ગંધર્વોનાં ગીતથી અને બંદીજનના જય ધ્વનિથી સર્વ સ્થળ ગાજી રહ્યાં, અંધકારને દૂર કરનાર ભાનુ ઉદયાચળનાં શિખર ઉપર આરૂઢ થયો, સુવર્ણવર્ણો સૂર્ય જાણે દાહથી ભય પામતો હોય, તેમ દેખાવા લાગ્યો.

इति श्री प्रद्युम्न चरिते श्री सोमकीर्त्याचार्य विरचिते
श्री बलभद्र प्रश्न जिनेंद्र निरूपण वर्णनो नाम
चतुर्दशः सर्गः ।



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# સર્ગ ૧૫ મો.

## શ્રી પ્રદ્યુમ્ન કુમાર અને આઠ પટરાણીઓએ ગ્રહણ કરેલી દિક્ષા.

એક વખતે કૃષ્ણ ઇંદ્રની જેમ સભામાં બેઠા હતા, લોકો તેની સેવા કરતા હતા, યાદવોની મોટી ઠઠ જામી હતી, કૃષ્ણ સિંહાસન ઉપર બેઠા બેઠા મનમાં કાંઇક શંકા કરતા હતા, આસપાસ બેઠેલા સામંતો, મંત્રીઓ, વિદ્યાધરો, અને બલભદ્ર પ્રમુખ રાજાઓની વચ્ચે કૃષ્ણ સૂર્યની જેમ પ્રકાશતા હતા. સોળ આભૂષણો તથા કૌસ્તુક મણિથી વિભૂષિત એવા દ્વારકાપતિ ગંગાના તરંગ જેવા ચામરોથી વીંજાતા હતા, માથે છત્ર વિરાજિત હતું, વિવિધ કળાઓમાં ચતુર એવા લોકો કૃષ્ણને વિનોદ કરાવતા હતા, તેથી કૃષ્ણનું મુખકમળ પ્રફુલ્લિત થતું હતું.

આ વખતે રાજપુત્રોની સાથે પ્રદ્યુમ્ન કુમાર સભામાં આવ્યો. તે શાંત, ગુણથી અલંકૃત અને સર્વ વિદ્યામાં પ્રવિણ હતો, તેનો આત્મા વિષયથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિરક્ત થઇ ગયો હતો. કૃષ્ણને નમસ્કાર કરી, મદન
ઉત્તમ આસન ઉપર બેઠો. ક્ષણવાર બેસી, કથા પ્ર-
સંગે મદન લલાટ ઉપર અંજલિ જોડી, અભયની
યાચના કરી, વિનયથી બોલ્યો—સ્વામી ! તમારા
પ્રસાદથી જાતિ, રૂપ અને કુળ વિગેરે તથા ભોગ
ઉપભોગનાં સુખ મને પ્રાપ્ત થયાં, સર્વનું અવલોકન
કર્યું, પણ કોઇ પદાર્થ સ્થિર જોવામાં આવતા નથી,
સંસારની સર્વ સ્થિતિ અનિત્ય લાગે છે. સ્વામી !
હવે કૃપા કરી આજ્ઞા આપો તો, હું મોક્ષ સુખને
માટે પ્રયત્ન કરૂં, સંસારને નાશ કરનારી જૈન દિક્ષા
હું ગ્રહણ કરૂં. આ સર્વ સંસાર અસાર અને દુઃખ-
રૂપ છે. પ્રદ્યુમ્ન કુમારનાં આવાં વચન સાંભળી
વસુદેવ તથા કૃષ્ણ વિગેરે સર્વ યાદવો શોકથી વ્યાપ્ત
થઇ ગયા, મદન કુમારના સંબંધી અને સ્નેહી રા-
જાઓ મૂર્છા પામી, કાષ્ટવત્ થઇ રહ્યા. તેઓ મૃત્યુ
પામી જાત, પણ તેમનું મરણ મૂર્છાએ અટકાવી
રાખ્યું હતું. મૂર્છા શાંત થયા પછી, સર્વે સ્નેહથી
આર્દ્ર થઈ મદન પ્રત્યે બોલ્યા—વત્સ ! આજે આવો
કઠિન કેમ થયો છું ? બંધુ વર્ગને તાપ કરે, તેવાં
વચન કેમ બોલે છે ? વત્સ ! તારા મુખમાંથી આવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કઠિન શબ્દ કેમ નીકળે છે ? ગુણી વીર ! આ તારો સંયમ લેવાનો વખત નથી, તું સ્વરૂપવાન્, યુવાન અને ભોગને લાયક છે, પ્રભુએ જે કહ્યું, તે નિશ્ચયથી કોણ જાણે છે ? તે પ્રમાણ થાય કે ન થાય, તેમાં તું શા માટે ભય રાખે છે ? તું વીર અને ધીર છું, તું યોદ્ધાઓમાં યોદ્ધો, મંત્રીઓમાં મંત્રી, ભોગીઓમાં ભોગી, સર્વ જીવમાં દયાળુ અને બંધુઓમાં મોહવાન છું, તું વિદગ્ધ અને યોગ્યાયોગ્યને જાણનાર છું, દિક્ષા ગ્રહણ કરવાનાં જે વચન તેં કહ્યાં, તે યુક્ત નથી.

મોહને વશ થએલા અને જેમનાં મુખ કમળ ગ્લાનિ પામેલાં છે, એવા બંધુઓને જોઇ મદન આ પ્રમાણે બોલ્યો— બંધુઓ ! કેવળી પ્રભુનાં વચન અન્યથા થતાં નથી, તેમાં જરાપણ શંકા કે ભ્રાંતિ રાખવી નહીં. આ પૃથ્વી ઉપર મારે કોઇનો ભય નથી, પૂર્વનાં કર્મ શિવાય પ્રાણીઓને કાંઇ પણ થઇ શકતું નથી, મારે કોઇ સ્વજન કે બંધુ નથી, તેમજ કોઇ દુર્જન કે શત્રુ નથી, કોઇ મને આપવાને કે લઇ લેવાને સમર્થ નથી, આ જીવ અનાદિ અને અંત રહિત છે, આ સંસારમાં કાંઇ પણ સાર નથી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્નેહ દુઃખનું મૂળ છે. આ પ્રમાણે જાણી ભવિજ-
નોએ સ્નેહનો ત્યાગ કરવો. આવાં મદનનાં વચન
સાંભળી કૃષ્ણને દુઃખ થઇ આવ્યું. પુત્રનો વિયોગ
થશે, એમ ધારી તે ગદ્ગદ્ કંઠે થઈ ગયા. પિતાને
મોહમગ્ન થઇ શોક કરતા જોઇ, મદનકુમાર બો-
લ્યો— પિતાજી ! મારૂં વચન સાંભળો. પૂજ્ય !
વૃથા શોક શામાટે કરો છો ? તમે સુજ્ઞ છો. તમને
ઉપદેશ કરવો તે સૂર્યની આગળ દીપક ધરવા જેવું
છે. પ્રાણીઓને આયુષ્યનો ક્ષય થતાં મૃત્યુ અવશ્ય
આવે છે. બાળક, કુમાર, ચતુર, સ્વરૂપવાન્, બુદ્ધિ-
માન્, સુશીલ કે દુઃશીલ, ગુણી કે અગુણી, કાયર
ને શૂરવીર, યુવાન કે વૃદ્ધ કોઇને પણ મૃત્યુ ગણતું
નથી. સુલોચના પતિ, ઇંદ્રજિત શ્રીમાન અને
ચક્રવર્ત્તીના પુત્ર જેવો હતો, તે પણ ક્યાં ચાલ્યો
ગયો. આદિનાથપ્રભુનો પુત્ર ભરત ચક્રવર્ત્તી અને
ઉજ્વળ યશવાળો સૂર્યયશા રાજા તે પણ ક્યાંઇ
ચાલ્યા ગયા. વૃષભ ભગવંતનો પુત્ર બાહુબલી અને
નમિ વિનમી ખેચર પણ મૃત્યુના પાશમાં આવી
ગયા છે. આ પ્રમાણે કેટલાંએક વચનો કહી કૃષ્ણને
સમજાવી, અને શાંબને પોતાના પદ ઉપર રાખી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રદ્યુમ્નકુમાર માતાને મંદિર આવ્યો. માતાના ચરણ કમળમાં પ્રણામ કરી, પ્રદ્યુમ્નકુમાર આ પ્રમાણે બોલ્યો— માતા ! બાલ્ય વયથી આરંભી તમે મારાં હિતકારી છો, તથાપિ મેં તમને દુઃખ આપ્યું છે, તે ક્ષમા કરશો. હું તમારો બાળક છું. પૂજ્ય જને પ્રસાદ કરી, ક્ષમા કરવી જોઇએ. હવે હું સંસારમાંથી મુક્ત થવા ઇચ્છું છું. સર્વ કર્મરૂપ ઘાસને બાળવામાં દાવાનળ સમાન, શીલરૂપ રત્નના સમુદ્રરૂપ અને પૂર્વ પુરૂષોએ આશ્રિત કરેલા મુનિવ્રતનો હું આશ્રય કરૂં છું, તેમાં મને સહાય આપો, કાંઇ પણ કહેશો નહીં.

પ્રદ્યુમ્નકુમારનાં આવાં વચન સાંભળી માતાને અતિ દુઃખ થઇ આવ્યું. તત્કાળ મૂર્છા પામી, તે પૃથ્વી ઉપર પડી ગયાં. છેદાએલી લતાના જેવી તેમની સ્થિતિ થઇ ગઇ. કાંતિ રહિત એવાં તે માતા ક્ષણવારે સાવધાન થઇ આ પ્રમાણે બોલ્યાં— પુત્ર ! આ શું બોલે છે ? આવો વિચાર કરવો યુક્ત નથી. માતાને દુઃખી કરી ચાલ્યા જવું, એ તારા જેવા માતૃ ભક્ત પુત્રને ઘટે નહીં. વત્સ ! તું ધર્મી થઇ તારી માતાને કેમ દુઃખી કરે છે ? માતાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શોકાતુર જોઇ, પ્રદ્યુમ્નકુમાર વિનયથી બોલ્યો—
માતા ! તમે આ સંસારના સ્વરૂપને જાણો છો.
પ્રાણી જન્મે છે, અને મૃત્યુ પામે છે, તે એકાકી
કર્મ બાંધે છે, અને પાછાં તેનાં ફળ ભોગવે છે,
એથી તમારાં જેવાં વિવેકીએ તેનો શોક કરવો ન
જોઇએ. પ્રાણીઓને ભવેભવ દુઃખદાયક મોહ થયા
કરે છે, જેટલો મોહ થાય, તેથી અધિક દુઃખ થાય
છે. માતા ! જન્મ મૃત્યુથી આક્રાંત છે, યૌવન જ-
રાવસ્થાથી આક્રાંત છે, સ્નેહ દુઃખના ભારથી આ-
ક્રાંત છે, અને વિષય વિષના જેવા છે. આવા મોહને
જે મૂઢ પુરૂષ જાણતો નથી, તે પોતાના આત્માનો-
જ શત્રુ છે, એ નિઃસંશય જાણવું. હે જનની !
આવું વિચારી શોક છોડી દ્યો. મારી ઉપર પ્રસાદ
કરો. દીક્ષા લેવાની આજ્ઞા આપો. હું તમારો આ-
જ્ઞાકારી છું.

પુત્રનાં આવાં વચન સાંભળી રૂકિમણીએ મોહ
છોડી દીધો. વિષય પ્રત્યે તેને પ્રતિબોધ થયો. તત્કા-
ળ બોલી— પુત્ર ! હું મોહમાં મગ્ન હતી, તેને
તેં પ્રતિબોધ પમાડી છે. તું મારો ગુરૂ થયો છે,
જેમ પવને પ્રેરાએલો તૃણનો સમૂહ તેની સાથે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દોરાય છે, તેમ સ્વજનનો સમાગમ વિધિથી પ્રેરાએલો તેની સાથે દોરાય છે. જેમ મેઘનો સમૂહ પવનથી આકાશમાં ભમી નાશ પામે છે, તેમ સંપત્તિ તથા પુત્રાદિ પરિવાર કર્મ યોગે મળે છે, અને પાછો નાશ પામી જાય છે.

આ દશ્યમાન સર્વ વિશ્વના પદાર્થો નાશવંત છે, સુખ દુઃખથી આક્રાંત છે, અને વિષયો વિષના જેવા છે, સંસારમાં જો કોઇ પણ સાર હોય તો, શ્રી ઋષભ વિગેરે મહા પુરૂષો વિષયનો ત્યાગ કેમ કરે? જો સ્વજનની સંગતિ નિત્ય રહેવાની હોય તો, ભરતચક્રી વિગેરે તપસ્યા કરવામાં તત્પર કેમ થાય? આ સંસારનું અસાર વૃત્તાંત જાણી શાશ્વત સુખને વિષે યત્ન કરવો, તે ઉત્તમ છે, સંયમના માર્ગે ચાલવાને તત્પર થયેલા અને કૃત્રિમ સુખમાં વિરક્ત થયેલા એવા તને હું વારવા ઇચ્છતી નથી. વત્સ! હું પણ હવે સ્નેહ છોડીને વ્રતની અંદર પ્રવેશ કરીશ. જે વ્રતનું આચરણ આ સંસારરૂપ સમુદ્રને તારવાને નાવ સમાન છે. આટલા વખત સુધી હું ગૃહ સુખમાં પડી રહી, તેનું કારણ તારો મોહજ હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માતાનાં આવાં વચન સાંભળી, પ્રદ્યુમ્ન કુમાર
ખુશી થયો. પછી વૈરાગ્ય પામી અંતઃપુરમાં આવ્યો.
પોતાની સ્ત્રીઓની પાસે જઇ વિરક્ત મદન આ પ્ર-
માણે બોલ્યો—સુંદરીઓ ! મારૂં હિતકારી વચન
સાંભળો. દુઃખથી ભરેલા આ સંસારમાં ભમતો એવો
પ્રાણી દૈવ યોગે માંડમાંડ માનુષ્ય જન્મ મેળવે છે,
તેમાં પણ કોટી ભવે દુષ્પ્રાપ્ય એવા ઉત્તમ કુળમાં
જન્મ મળે છે, તેમાં રાજ્ય તથા ધનની પ્રાપ્તિ દુર્લભ
છે. આ સંસારમાં એવી સર્વ દુર્લભ સામગ્રી મને
પ્રાપ્ત થઇ છે. હવે હું મારા કર્તવ્યમાં તત્પર થયો
છું, મોક્ષ સુખને આપનારી જૈન દીક્ષા મારે ગ્રહણ
કરવી છે, તેમાં તમારે મને વારવો નહીં. પ્રાણી
સ્ત્રીઓના ભોગ માટે શું શું કર્મ નથી કરતો ?
વિષયની વિહ્‌વળતા અતિ વિષમ છે. છેવટે તે મૃ-
ત્યુના મુખમાં પડે છે. ગજેંદ્ર, અશ્વ અને રથવડે
યુક્ત તથા રૂધિરની નદીવાળા રણસંગ્રામમાં પણ
અર્થલુબ્ધ પ્રાણીઓ ઝંપલાય છે, ભયંકર વાઘ તથા
સિંહથી આકુલ વ્યાકુળ એવા રૌદ્ર વનમાં અને
પર્વતના ગહનમાં કેટલાએક ધનના લોભને. માટે પ્ર-
વેશ કરે છે, મત્સ્ય અને કચ્છથી ભયંકર તથા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અગાધ એવા સાગરમાં સ્ત્રીઓના ભોગને માટે કોણ પ્રવેશ કરતું નથી ? વધારે શું કહેવું ? ટુંકામાં એટલુંજ કે, સ્ત્રીઓને માટે ગમે તેવું દુષ્કર્મ પણ કરવામાં આવે છે. હે સ્ત્રીઓ ! મેં તમારી સાથે અનેક ભોગ ભોગવ્યા, તથાપિ મારા મનને તૃપ્તિ થઇ નથી, તો હવે ઘરમાં શા માટે રહેવું ? હું દીક્ષા લેવા ઇચ્છું છું. તમારે ક્ષમા કરવી. પ્રદ્યુમ્ન કુમારનાં આવાં વિરાગી વચન સાંભળી, રતિ વિગેરે સર્વ સ્ત્રીઓ વૈરાગ્યયુક્ત તથા દુઃખાતુર થઇ બોલી— સ્વામી ! અમારૂં વચન સાંભળો. તમે અમારા સર્વના શરણરૂપ છો, અમારા મિત્ર, બંધુ અને આશ્રયરૂપ તમેજ છો, અમે તમારી સાથે સુખ દુઃખ ભોગવનારી છીએ. પ્રાણેશ ! અમે તમારી સાથે અનંત ભોગ ભોગવ્યા છે, હવે તમારી સાથે વ્રત લઇ, અમે પણ જન્મને સાર્થક કરીશું. જે વ્રતના પ્રભાવથી અમે સ્વર્ગ લોકનું સુખ ભોગવશું. હે સ્વામી ! આપ સુખેથી દીક્ષા લ્યો, અમે પણ તમારી સાથેજ દીક્ષા લઇશું. હે રાજા ! જો ભોગમાં લુબ્ધ થઇ, તમે ઘરમાં રહેશો તો, અમે પણ ઘરમાં રહી, ભોગ સુખ ભોગવીશું, અને તમારા પ્રસાદથી ગૃહ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્થાવાસમાં રહી, શ્રી નેમિ પ્રભુને વંદના કરીશું.
તથાપિ હે વિભુ ! તે કરતાં આ દુઃખદાયી સંસારને
છોડી દેવો તે ઉત્તમ છે. અમે મત્સર ભાવ છોડી,
દુર્જય એવા રાગ તથા કામરૂપ શત્રુને હણી, અને
મનને સ્વસ્થ કરી, રાજીમતિની સાથે તેમની આર્યા
થઇ, તપસ્યા આચરિશું.

પોતાની સ્ત્રીઓનાં આવાં વચન સાંભળી પ્રદ્યુ-
મ્ન કુમાર સંતુષ્ટ થયો, અને આ સંસારરૂપ પાંજ-
રામાંથી પોતાના આત્માને નીકળેલો માનવા લાગ્યો.
જે રાજપુત્રોની સાથે પોતે બાલ્ય વયથી ઉછરેલો
હતો, અને જે વંશજો પોતાની સાથે રમેલા હતા,
તે સર્વની સાથે પ્રદ્યુમ્ન કુમાર ગજેંદ્ર ઉપર ચડીને
ગૃહ વાસમાંથી બાહેર નીકળ્યો. નગરના લોકોએ
તેને પ્રેમથી અવલોકયો. તેને જોઈ લોકો તેની આ
પ્રમાણે પ્રશંસા કરવા લાગ્યા. અહા ! આ કુમારના
પિતા શત્રુ મર્દન કૃષ્ણ વાસુદેવને ધન્ય છે. પોતાના
સ્વરૂપથી ત્રણ લોકની સુંદરીઓને જીતનારા પ્રખ્યાત
એવાં રૂકિમણી માતાને ધન્ય છે. ઇંદ્રના જેવું સૌરાષ્ટ્ર
દેશનું રાજ્ય, દેવતાને દુર્લભ એવું અનુપમ રૂપ, અને
રૂપ લાવણ્યવાળી, સર્વ લક્ષણવતી તથા કળા પ્રવીણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અનેક સ્ત્રીઓ, એવી જાતનું સર્વ સુખ છતાં પ્રદ્યુમ્ન કુમાર મુનિવ્રતનું તપ કરવા તત્પર થયો, એ કેવી વાત ? હવે તેની શી ઇચ્છા હશે ? તેવામાં કોઈ પુરૂષ બોલ્યો—સર્વ લોકને અતિક્રમણ કરનારૂં અને જન્મ જરાથી વર્જિત એવા મોક્ષ પ્રત્યે જવાની તેની ઈચ્છા છે, તેથી તે મહાવ્રત ગ્રહણ કરવા તત્પર થ-યેલ છે. સંસારનાં કૃત્રિમ સુખને ત્યાગ કરવા તે ઇચ્છે છે, વૈરાગ્યથી વિભૂષિત અને શાસ્ત્રનો પાર-ગામી મદન હવે શાશ્વત સુખની ઇચ્છા રાખે છે.

આ પ્રમાણે વાર્ત્તાલાપ કરતા લોકો પ્રેમના ભારથી મંદ થઈ એકી સાથે બોલી ઉઠયા—" વ-ત્સ પ્રદ્યુમ્નકુમાર ! તું ચિરકાળ જય પામ, પરમ આનંદ સંપાદન કર, આત્મ કાર્ય સાધી લે, અને નિત્યે અનિત્યતાનું સ્મરણ કર. " આ પ્રમાણે લો-કોનાં વચનને સાંભળતો પ્રદ્યુમ્નકુમાર ઉત્સવ સહિ-ત નગરીની બહાર નીકળી રૈવતગિરિ ઉપર આવ્યો. ક્ષમાવાન્ મદનકુમારે ત્યાં પ્રભુનું સમવસરણ અ-વલોકયું. તેના આંગણામાં આવી વાહન, છત્ર, ચા-મર વિગેરે રાજ્ય વૈભવનાં આભૂષણ છોડી દઈ, પૂર્વે પ્રાપ્ત કરેલા સોળ લાભ તથા વિદ્યાનો ત્યાગ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરી, અને પોતાના સર્વ પરિવારને વારંવાર ખમાવી, પ્રદ્યુમ્નકુમારે શ્રી નેમિનાથના સમવસરણમાં પ્રવેશ કર્યો. તે સમવસરણ જતાં આવતાં સુર અસુરોના વિમાન વડે પરિપૂર્ણ હતું, તેમાં જઇ, પ્રદ્યુમ્નકુમાર અંજલી જોડી આ પ્રમાણે બોલ્યો— જગત્પતિ પ્રભુ ! તમે ભવ્યજનને સંસાર સાગરના તારક છો. ભક્તની પીડાને નિવારનારા હે પ્રભુ ! મારી ઉપર કૃપા કરી મને સંસાર નાશિની દીક્ષા આપો. આ પ્રમાણે કહી સર્વ પરિગ્રહ છોડી પ્રદ્યુમ્નકુમારે પંચ મુષ્ટિ લોચ કર્યો. પછી સાવદ્યયોગ છોડી દઇ ઘણા રાજાઓની સાથે પ્રભુની પાસે દીક્ષા ગ્રહણ કરી. પછી ભાનુકુમાર પણ વૈરાગ્ય રંગથી રંગિત થઇ ગયો. પોતાનાં માતાપિતા, સર્વ બંધુજન અને સ્ત્રી પુત્ર સાથે રાજ્ય સમૃદ્ધિને છોડી દઇ તેણે દીક્ષા ગ્રહણ કરી. ભાનુકુમારે ચારિત્ર સ્વીકારતાં કૃષ્ણ વિગેરે સંબંધીઓ દુઃખી થયા. પછી સત્યભામા, રૂકિમણી અને જાંબુવત્તી વિગેરે દેવીઓએ પ્રભુની પાસે રાજીમતીની સમીપ દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા ગ્રહણ કરી તે સર્વ સાધ્વીઓ પરમ વૈરાગ્ય સાથે ઉત્તમ તપસ્યા કરવા લાગી. પ્રદ્યુમ્ન મુનિ પણ ચા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રિત્રથી અલંકૃત થઇ તપસ્યા આચરી જગતના હિતને અર્થે વિચરવા લાગ્યા.

इति श्री प्रद्युम्न चरिते श्री सोमकीर्त्याचार्य विरचिते श्री प्रद्युम्नाष्टपट्टराज्ञी दीक्षाग्रहणो नाम पंचदशः सर्गः ॥

# सर्ग १६ मो.

## શ્રી પ્રદ્યુમ્ન, શાંબ, અને અનિરૂદ્ધ કુમારનું નિર્વાણ ગમન.

પ્રદ્યુમ્ન મુનિ વૈરાગ્યથી વિભૂષિત થઇ ઉગ્ર તપસ્યા કરતા હતા. આ વૃત્તાંત સાંભળી કૃષ્ણ, બલદેવ વિગેરે મોહને વશ થઇ શોક કરતા હતા. પ્રદ્યુમ્ન મુનિ પોતાના ગુરૂ વર્ગની સાથે વિનયથી વર્ત્તતા હતા. દેવ, ગુરૂ અને શાસ્ત્રની ત્રિકરણ શુદ્ધિ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થી ભકિત આચરતા હતા. એ પ્રભાવિક મદન મુનિ એકાંતરે પારણું કરતા તેમજ કોઈ કોઇ વાર બે દિવસ, ત્રણ દિવસ, ચાર દિવસ અને આઠ દિવસને આંતરે પણ પારણું કરતા હતા. અનુક્રમે પક્ષે તથા માસે પણ પારણું કરતા હતા. એમ ઘણા ઉપવાસો આચરતા હતા. રાગ દ્વેષથી રહિત, ગુણ સંપત્તિએ યુકત, કામક્રોધાદિકથી રહિત, અને વિષયમાં નિઃસ્પૃહ એવા તે પ્રદ્યુમ્ન મુનિ જિન શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા ઉનોદરી, અરસ, સંઘકીડન, હારબંધ, વજ્રમધ્ય, અને ધર્મચક્ર, વિગેરે કાયાને કલેશ કરનાર તપ કરવા લાગ્યા. પ્રદ્યુમ્નકુમારે એવું તપ આચર્યું કે, જે વચનથી કહી શકાય તેવું નથી. એ મહાન્ તપસ્વીએ ગોળ, ઘી, તેલ, દહીં, સાકર, અને લવણ વિગેરે રસયુકત પદાર્થોને ત્યજી દીધા હતા. સર્વ પ્રાસુક પદાર્થનોજ ઉપયોગ કરતા હતા, વિહાર કરતાં જંતુ રહિત ઉત્તમ એકાંત સ્થાને વિશ્રામ અને સંથારો કરતા હતા, સર્વ સાવદ્ય દોષથી રહિત એવી પ્રત્યેક ક્રિયા આચરતા હતા, વર્ષાકાળમાં એક સ્થાને રહી ત્રણ પ્રકારે યોગ વહન કરતા હતા, શીત કાળમાં શીતના દુસ્સહ પરીષહને સહન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરતા હતા, ગ્રીષ્મકાળે રૈવતગિરિ ઉપર રહેલી તપેલી શિલાપર બેશી તાપ સહન કરી તપસ્યા કરતા હતા, મન, વચન અને કાયાની શુદ્ધિ કરી અતીચાર રહિત થઇ પ્રવર્ત્તતા હતા, પ્રમાદ રહિત થઇ એ મહા મુનિ જિન સિદ્ધાંતના પાઠક અને સાધુઓની ભક્તિ કરતા હતા, વિનયથી વિભૂષિત એવા એ મહા યોગી ભકિતથી દશ પ્રકારે ગુરૂ વર્ગની વૈયાવચ્ચ કરતા હતા, શ્રી જિનેંદ્રના વદનથી નીકળેલું, ઉજ્વળ પદાક્ષરવાળું, દ્વાદશાંગ શ્રુત તેઓ પ્રમાદ રહિત અને ગુરૂ ભકિત સહિત થઇ ભણ્યા હતા, દયા અને ક્ષમાવડે યુક્ત હતા, બાહ્ય અને આભ્યંતર યોગવડે તેઓ સર્વ સંગથી રહિત હતા, પોતાના શરીરના સંસ્કાર કરવામાં પણ આદર રહિત હતા, આર્ત્ત, રૌદ્ર વિગેરે અશુભ ધ્યાનનો ત્યાગ કરતા, અને ધર્મ્ય તથા શુકલાદિ શુભ ધ્યાનને ધ્યાતા હતા, રાત્રે કાયોત્સર્ગ કરી, મનને વશ કરતા, અને ઘણી વાર અખંડ મૌનવ્રત રાખતા હતા, એ મહા મુનિ પ્રદ્યુમ્ન મુનિ તર્જન, તાડન, અનાદર, કુત્સિત ભાષણ અને અશ્લીલ વચન વિગેરે કુચેષ્ટાથી સર્વથા દુર રહેતા હતા, અને મેરૂ પર્વતની જેમ નિશ્ચલ હતા,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિહાર, શયન, સ્થાન, ભોજન, વિલોકન, વિચાર, પઠન, પાઠન અને ઇષ્ટ સાધનમાં તેમની ચેષ્ટાઓ શુભ હતી, તેમના હૃદયમાં ઉત્તમ પ્રકારની કોમળતા હતી, પ્રતિ દિવસ મન, વચન અને શરીરની સ્થિતિના વિચાર કરતા હતા, તપસ્યા, આચાર અને સત્યનુંજ સર્વદા અવલંબન કરતા હતા, શરીર ઉપર નિર્લોભતા અને બ્રહ્મચર્યના સર્વોત્તમ પ્રભાવથી તે પ્રકાશિત હતા, ક્ષુધા, તૃષા વિગેરેના પરીષહ સહન કરી ઇંદ્રિયોનું દમન કરતા હતા, મદનના મહા વિકારોને તે મદન મુનિએ વશ કરેલા હતા, સંસારનો ક્ષય કરવા માટે તેઓ મુનિના પવિત્ર ધર્મને પૂર્ણ રીતે આચરતા હતા, પૂર્વે રાજાઓએ સેવન કરેલા જે મુનિ અત્યારે સર્વ રાજ્ય લક્ષ્મીને છોડી તપો લક્ષ્મીનો આશ્રય કરતા હતા, મૌની, ધ્યાની, ગુણી અને ઇંદ્રોએ નમન કરેલા મદન મુનિ પૃથ્વી ઉપર વિહાર કરતા હતા, વિદ્યાધર અને રાજાઓના શરીરમાંથી ઉત્પન્ન થયેલી સ્ત્રીઓના ભોગનો તેઓએ તૃણની જેમ ત્યાગ કર્યો હતો, મુનિ વેષના ધારી એવા તે મુનિના કાંતિ, કીર્ત્તિ, ક્ષમા, બુદ્ધિ અને દયા વિગેરે ગુણો ઉલ્લાસ પામતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતા, જે મદન મુનિ પૂર્વે શોળ શ્રૃંગાર સાથે રાજ લક્ષ્મીથી વિભૂષિત હતા, તેઓ અત્યારે રાગ રહિત થઇ દ્વાદશાંગ વડે વિભૂષિત થયા હતા, જે પૂર્વે સ્ત્રીઓનાં ગીત તથા નૃત્યથી દિવસ નિર્ગમન કરતા, તે અત્યારે ભયંકર ગહન વનમાં કાયોત્સર્ગ કરી, ધર્મ ધ્યાનમાં દિવસ નિર્ગમન કરતા હતા, જે પૂર્વે ગજેંદ્ર, અશ્વ અને ચંદ્રરથ જેવા રથ વડે લીલાથી વિચરતા, તે અત્યારે યુગ માત્ર દૃષ્ટિ રાખી ત્રણ ગુપ્તિ વડે યુક્ત થઇ, પૃથ્વી ઉપર વિહાર કરતા હતા, સર્વ પ્રાણી ઉપર અનુકંપા રાખનારા જે મુનિ પૂર્વે ચતુર સ્ત્રીઓની સાથે ગાથા, દુહા, સમસ્યા અને પાદપૂર્ત્તિથી વિનોદ કરતા હતા, તે મુનિ અ-ત્યારે શાસ્ત્રને અનુસારે સર્વ જનને હિતકારી એવાં પ્રબોધક સૂત્રોના મિત વચન વડે આત્મ વિનોદ કરતા હતા, પૂર્વે સુવર્ણ, રત્ન, તથા મણિમય પા-ત્રોમાં જે ભોજન કરતા, તે અત્યારે મુનિજનને ઉ-ચિત એવા પાત્રમાં તથા કરપાત્રમાં પણ આહાર લેતા હતા, જેઓ પૂર્વે સર્વ ગુણવાળા ચપળ અને મનોહર પુત્રોની સાથે ગૃહવાસમાં આનંદ કરતા, તેઓ અત્યારે એકાકી, નિઃસ્પૃહ, શાંત અને પરમ વૈરાગ્ય-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ને વહન કરતા, અને વનમાં પશુ પક્ષીઓના સહ-
વાસમાં વસતા હતા, પૂર્વે મદમત્ત એવા શત્રુઓના
ગર્વને તોડવાને જેઓ આગળ પડતા, તે અત્યારે
દયાળુ અને ષટ્કાય જીવના રક્ષક થઇ, આ જગતને
આત્મ સમાન જોતા હતા, જેઓ પૂર્વે રાજકીય
કાર્યને લઇ લોકોને ભય લાગે તેવાં ઘાતક વચન
બોલતા, તે અત્યારે ચાર પ્રકારનું સત્યથી પવિત્ર
અને હિતકારી વચન બોલતા હતા, પૂર્વે જે બળ-
વાન મદન રાજ્ય ઉપર રહી બીજાના દ્રવ્યને બળા-
ત્કારે હરી લેતા, તે અત્યારે પરદ્રવ્યને તૃણની જેમ
ગણી મન, વચન અને કાયાથી ગ્રહણ કરતા નહતા,
ગૃહવાસમાં રહી પૂર્વે જે સ્ત્રીઓની સાથે પાંચ ઇંદ્રિ-
યોને સુખદાયક મનોહર ભોગ ભોગવતા, તે અત્યા-
રે ભોગ રાગથી રહિત થઈ તે સુખને શીલ ગુણથી
રહિત ચિંતવતા હતા, ધન, ધાન્ય, રત્ન, ગજ,
અશ્વ અને સુવર્ણ વિગેરેથી અતૃપ્ત એવા જે પૂર્વે
તેમાં તલ્લીન રહેતા, તેઓ અત્યારે સર્વ પ્રકારના
બંધથી અને સંગથી રહિત થઇ અંતરંગ રસવાળા
અને પોતાના દેહમાં પણ નિરાદર રહેતા હતા, ત્રણ
ગુપ્તિ, અને પાંચ સુમતિમાં રક્ત એવા તે યોગીશ્વર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધીર અને ગંભીર હતા, યશના નિધિરૂપ એવા તે મદન મુનિ દુસ્સહ તપ આચરી ચારિત્રને પાળતા હતા.

એક વખતે તે પ્રદ્યુમ્ન મહા મુનિ શ્રી નેમિપ્રભુના ચરણથી પવિત્ર એવા રૈવતગિરિ ઉપર વિહાર કરતા આવ્યા. શુદ્ધ બુદ્ધિવાળા, પાપથી મુક્ત અને કર્મનો ઘાત કરવામાં નિપુણ એવા તે મુનિ પોતાના દર્શનના સામર્થ્યથી પ્રકાશમાન હતા. ત્યાં એક આમ્રવૃક્ષની નીચે નિર્મળ અને જંતુ રહિત એવા શિલાતલ ઉપર તેઓ પર્યંકાસન કરી બેઠા. મનનો અવરોધ કરી મેરૂની જેમ અચળ થઇ ધ્યાન કરવા લાગ્યા. ધર્મ્ય ધ્યાનના બળથી મનને વશ કરી અને નાસિકાના અગ્ર ભાગ ઉપર દ્રષ્ટિ રાખી તેઓ રહ્યા હતા. અનુક્રમે તે યોગીંદ્ર ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થવાના પ્રથમ માર્ગે પ્રવૃત્ત થયા. સર્વ ઇંદ્રિયોનો રોધ કરી કર્મનો ક્ષય કરવા લાગ્યા. તે મહા મુનિએ અનુક્રમે અપૂર્વ તથા નિવૃત્તિ નામના ચક્રને ભેદી ત્રણ પ્રકારની નિદ્રા, નરક અને તિર્યંચ ગતિ બે નીચ વેદ [ સ્ત્રી વેદ તથા નપુંસક વેદ ] અને ક્રોધાદિ કષાયનો ક્ષય કરવા માંડયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમ્યકત્વને નાશ કરનારા છ હાસ્યાદિ, સંજ્વલન અને સૂક્ષ્મ સંપરાય વિગેરેનો ત્યાગ કર્યો. છેવટે તે મુનિએ સમગ્ર ઘાતિ કર્મનો ક્ષય કરી લોકાલોકને પ્રકાશ કરનારૂં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તત્કાળ દિવ્ય છત્ર, બે ચામર અને દિવ્ય સિંહાસન દેવતાએ નિર્માણ કરેલાં પ્રગટ થયાં. તેમના કેવળજ્ઞાનનો મહોત્સવ કરવાને દેવતાના પતિ ઈંદ્રો ત્યાં આવ્યા. બીજા પણ ખેચરપતિ, જ્યોતિષ્ક દેવતાના ઈંદ્રો અને યાદવોના અગ્રેસરો કૃષ્ણ બલદેવ વિગેરે પણ ત્યાં હાજર થયા. શાંબ પ્રમુખ કુમારો ભક્તિ સાથે વેગથી ગિરનાર પર્વત ઉપર આવ્યા. તેઓએ મદન મુનિને ઉત્તમ ભાવના વડે વંદના કરી. પંચાંગ પ્રણામ કરી તેઓ તેમની આગળ વિનયથી બેઠા. પ્રદ્યુમ્ન કેવળીના મુખની દેશના વાણી સાંભળવા લાગ્યા. ધર્મ દેશના સાંભળ્યા પછી સર્વ યાદવો પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. શ્રી મદનમુનિ વિદ્વાન મુનિઓના સમૂહ સાથે વિહાર કરતા 'પલ્લવક' નામના દેશમાં ગયા. સાધ્વી રૂક્મિણી શીલ ગુણથી સુશોભિત એવી પુત્ર વધૂ સહિત ગુરૂણીજી રાજીમતીની સાથે પલ્લવ નામના દેશમાં આવ્યા. શ્રી નેમિનાથ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રભુ પોતાના મુનિઓના સંઘાડાને લઈ વિશ્વમાં વિહાર કરવા લાગ્યા. આ અરસામાં નીચે પ્રમાણે એક બનાવ બન્યો.

દ્વીપાયન નામે યોગી બાર વર્ષની અવધિ ગઇ એટલે તેને દ્વારકા જોવાની ઇચ્છા થઇ. યાદવોને પોતાના તરફથી ભય નથી એમ કહેવાને તે દ્વારકા તરફ આવ્યો. તે વખતે ગ્રીષ્મ ઋતુનો સમય હતો. તેણે નગરીની બાહેર એક શિલા ઉપર પડાવ નાખ્યો. યાદવોને પોતાનું તપ જણાવા તે ત્યાં તપ કરવા લાગ્યો. તે સમયે યાદવ પતિના શાંબ વિગેરે કુમારો પ્રાતઃકાળે રૈવતાચળ ઉપર રમવાને ગયા હતા. બરાબર મધ્યાન્હ કાળે પાછા વળતાં તેઓ ગ્રીષ્મના તાપથી અતિશે તૃષાતુર થયા. જલ શોધવાને તેઓ દશે દિશાઓમાં વનની અંદર ભમવા લાગ્યા. પૂર્વે રાજા કૃષ્ણની આજ્ઞાથી તે ગિરિના પ્રદેશમાં મદ્યનાં પાત્રો છોડી દેવામાં આવ્યાં હતાં, તે વર્ષાકાળે મેઘના જળથી પવન યોગે તણાઇને વિશેષ મદ્ય એકઠું થયું હતું, ઉન્માદનું કારણરૂપ તે મદ્યને જલ ધારી તૃષાતુર એવા યાદવ કુમારોએ તેનું પાન કર્યું. ક્ષણવારમાં તેઓ રાતાં નેત્ર વાળા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉન્મત્ત થઈ ગયા, વિવિધ ગીત ગાતા યદ્વા તદ્વા બોલવા લાગ્યા, પૃથ્વી ઉપર પડતા મુકી આમ તેમ આલોટવા લાગ્યા, પરસ્પર ગાંડી ગાંડી વાતો કરતા એક બીજાને ગાળો આપવા લાગ્યા. આવી આવી કુચેષ્ટાઓ કરતા તેઓ દ્વારકા તરફ ચાલ્યા. નગરીની નજિક આવતા પેલો દ્વૈપાયન શિલા ઉપર તપ કરતો જોવામાં આવ્યો. દૈવ યોગે તે મુનિશ્વરને ઓળખી તેઓ પૂર્વના જૈન વાક્યને સ્મરણ કરી કોપ પામ્યા. તેઓ બોલ્યા કે, શ્રીનેમિનાથ પ્રભુએ દ્વારકા નગરીનો નાશ કરનાર જે પુરૂષ કહ્યો હતો, તે આ દ્વૈપાયન છે. આ દુરાચારી આપણી નગરીને હાનિ કરે નહિ, ત્યાં સુધીમાં આપણે તેને મારી નાખીએ. આવું વિચારી તેઓ રોષ કરી પાષાણ તથા ઢેખાલાના ઘા કરવા લાગ્યા. ક્ષણ વારમાં તેને ભૂમિ ઉપર પાડી નાખ્યો. તથાપિ તે મુનિએ જરા પણ ક્રોધ કર્યો નહિ. પછી નીચે પાડી તે ઉન્મત્ત યાદવોએ તે તાપસના શરીર ઉપર લઘુ શંકા કરી. તે અશુચિ કરવાથી તે તાપસને ભયંકર રોષ ઉત્પન્ન થયો. તેના પ્રાણ કંઠે આવ્યા અને સર્વ કુમારો દ્વારકામાં પેશી ગયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ વૃત્તાંત સાંભળી! બલદેવ વેગથી જ્યાં તે દ્વૈપાયન તાપસ પડયો હતો ત્યાં આવ્યા. તેણે શુદ્ધિ કરી મુનિના ચરણમાં વંદના કરી, અને કહ્યું કે, મહારાજ ! અમોએ જે કર્યું, તે ક્ષમા કરો. તમે યોગીંદ્ર, ક્ષમાશીલ, કૃપાળુ અને ધીર છો. મૂઢ હૃદયના બાળકોએ જે કર્યું, તે ક્ષમા કરો. મરણના અંત ઉપર આવેલા તે તાપસે આંગલીની ચેષ્ટાથી જણાવ્યું કે, બધી દ્વારકાનગરીમાં કૃષ્ણ અને બલદેવ બન્નેને છોડી બધાનો નાશ કરવો છે. ક્રોધ વડે રાતાં નેત્રવાળાએ તાપસના હૃદયની દુષ્ટતા જાણી, કૃષ્ણ તથા બલદેવ ભય પામી નગરીમાં આવ્યા. સર્વ લોકોને જાહેર કર્યું કે, જેને જીવવું હોય, તેણે જ્યાં જીવાય ત્યાં ચાલ્યા જવું, અહિં રહેવાથી સર્વનો નાશ થશે. આ વૃત્તાંત સાંભળી શાંબ, સુભાનુ અને પ્રદ્યુમ્નકુમાર અનિરૂદ્ધ તેઓ પિતાના ચરણ કમળમાં નમી રૈવતગિરિ ઉપર આવ્યા. ત્યાં નેમીપ્રભુનાં વચનથી વસ્ત્રાદિ પરીગ્રહ છોડી દઈ લોચ કરી, વૈરાગ્ય વડે તેઓએ ઉજ્વલ ચારીત્ર ગ્રહણ કર્યું. પછી થયેલ દ્વારકાનો નાશ, કૃષ્ણનું મરણ, અને બીજું જે ચરીત્ર તે બીજા પુસ્તકોમાંથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જાણી લેવું. તે અશુભ હોવાથી આ પ્રસંગે અહીં કહેવામાં આવ્યું નથી. હવે શાંબ વિગેરે મુનિઓ ચારિત્ર પાળી તપસ્યા કરવા તત્પર થયા હતા. શ્રી જીનેંદ્રપ્રભુએ કહેલા ક્ષુધા પિપાસાદિ અનેક પરીસહોને તેઓ સહન કરતા હતા, આર્ત્ત તથા રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી, ધર્મ અને શુકલ ધ્યાનને ધરતા તેઓ વિવિધ તપસ્યા કરતા શ્રી નેમિનાથપ્રભુની પાસે આવ્યા. ત્યાં તેમણે નેમિપ્રભુને હાથે ફરીથી દીક્ષા ગ્રહણ કરી. ગુણના સ્થાનરૂપ અને શીયળવંત એવા તે મુનિઓ બાહ્ય અને આભ્યંતર એમ છ છ પ્રકારનું તપ આચરતા હતા. ઋતુ ઋતુના વિવિધ પરીસહને સહન કરતા હતા, ગુણના મંદિરરૂપ અને ધ્યાન યોગમાં તત્પર એવા તે મુનિઓ પોતાના જ્ઞાનરૂપ પ્રકાશ વડે બીજાના અજ્ઞાન અંધકારને દૂર કરતા હતા, ચૌદ વર્ષે પર્યંકાસને ધ્યાન ધરતા તે મુનિઓએ પોતાના ધ્યાનના બળથી ઘાતિ કર્મનો ક્ષય કર્યો. પછી ક્ષપણશ્રેણીમાં આરૂઢ થઇ લોકાલોકને પ્રકાશ કરનારા કેવળજ્ઞાનને તેઓ પ્રાપ્ત થયા. શ્રી નેમિનાથપ્રભુ ભવ્યજનને પ્રતિબોધ કરતાં તેમની સાથે પૃથ્વીમાં વિહાર કરતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતા, સર્વ સુર અસુરો, નરેંદ્રો અને ખેચરેંદ્રો તેમના ચરણમાં વંદના કરતા હતા, લોકોના હૃદયમાં રહેલા મોહરૂપ અંધકારને દૂર કરી સ્વર્ગ તથા મોક્ષને આપનારા ધર્મનો તે પ્રતિબોધ કરતા હતા.

એક વખતે શ્રી નેમિપ્રભુ રૈવતગિરિપર આવી સિદ્ધશિલા ઉપર પર્યંકાસને રહી સર્વ કર્મ ખપાવી જરામરણથી વર્જિત એવા સિદ્ધિ પદને પ્રાપ્ત થયા. રૈવતગિરિનાં ત્રણ શિખર તેમનાથી પવિત્ર થયાં છે. તેઓમાં પહેલું શિખર અનિરૂદ્ધ કુમારથી પવિત્ર થયેલું છે. બીજું શાંબમુનિથી અને ત્રીજું પ્રદ્યુમ્ન-મુનિથી પવિત્ર થયેલું છે. એવી રીતે એ ત્રણ શિખરો તેમના નામથી અંકિત થયેલાં છે, ત્યારથી એ રૈવતગિરિ સુર અસુરોને નમસ્કાર કરવા યોગ્ય સિદ્ધિક્ષેત્ર થયેલ છે. જેમાં જ્ઞાનથી વિભૂષિત એવા શ્રી નેમિનાથપ્રભુ તથા પ્રદ્યુમ્ન કુમાર વિગેરે મુનિઓ મુક્તિને પ્રાપ્ત થયા છે. ઈંદ્રોએ આવી ચંદનના કાષ્ટ વડે તેમનાં શરીરને દહન કર્યાં અને શ્રદ્ધાથી તે ત્રણે શિખરો ઉપર ઉત્સવ કર્યા. પછી પરમ વિભૂતિ સાથે ગીત નૃત્ય કરતા તેઓ પોતાને સ્થાને ચાલ્યા ગયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# માંગલ્ય પૂર્વક પ્રશસ્તિ.

જે વિજ્ઞાનથી વિભૂષિત, દેવતાઓએ નમેલા, સિદ્ધિને પામેલા, નિર્મળ અને ક્ષુધા, તૃષ્ણા, રાગ તથા દ્વેષથી રહિત છે, જેમનું મન નિશ્ચયવાળું છે, જન્મ, જરા, વિયોગ, મરણ અને ત્રાસ વિગેરેથી જે રહિત છે, અને જેઓ પાપને નાશ કરનારા છે, તે અર્હંત પ્રતિદિવસ મારૂં માંગલ્ય કરો. જ્યાં આશાનો પાશ નથી, જ્યાં ગ્રહ ગણની પીડા નથી, જ્યાં મૃત્યુ, જન્મ, શત્રુ, બંધુ અને સ્વજન પરજન નથી. જ્યાં સુખ, દુઃખ, રૂપ, વર્ણ, ગુરૂતા, લઘુતા, સ્થૂલ અને સૂક્ષ્મ નથી, તેવા સ્થાનમાં રહેલા તે મુનિ ગણમાં શ્રેષ્ઠ પુરૂષો [ અર્હંત ભગવંતો ] અમને સુખ આપો. જેમનો અવતાર ઉદ્ધાર માટે છે, જે સંસાર જલના તારક છે, યાદવોના વંશમાં જે ગુણરૂપ રત્નના હારરૂપ છે, અને જે કૃષ્ણ વર્ણી છતાં અંધકારને નાશ કરનારા છે, તે શ્રી નેમિપ્રભુ શાંતિ કરો. જન્મથી શત્રુએ હરણ કરી જેને વિષમ સ્થાનમાં નાખ્યો હતો, ત્યાંથી વિદ્યાધરપતિ જેને પોતાના મંદિરમાં લઇ ગયો, ત્યાં પુણ્યયોગે સોળ લાભ તથા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિદ્યા પ્રાપ્ત કરી, જે મુક્તિને પ્રાપ્ત થયો—એવો પ્રદ્યુમ્નકુમાર કામદેવ પણ મને સુખ આપો. કૃષ્ણ રાજાના પુત્ર અને પ્રદ્યુમ્નકુમારના અનુજ બંધુ શાંબકુમાર કે જે જ્ઞાન ગુણે યુક્ત થઇ રૈવતગિરિના શિખર ઉપર મુક્તિને પ્રાપ્ત થયા, તે મારાં પાપને દુર કરો. બહુ સ્વરૂપવાન, ગુણથી પ્રખ્યાત અને પરાક્રમી એવા પ્રદ્યુમ્નકુમારના પુત્ર અનિરૂદ્ધ મુનિ કે જેમણે રૈવતગિરિના શિખરને પ્રખ્યાત કરેલું છે, તે મને સુખ આપો.

આ પ્રદ્યુમ્નકુમારનું આનંદકારી ચરિત્ર જે બુદ્ધિમાન ભવિજન આદરથી સાંભળે, કહે અને ભણે, તે સૌભાગ્ય, રાજ્ય, લક્ષ્મી, દેવતા તથા મનુષ્યની ઉત્તમ ગતિ પ્રાપ્ત કરે છે, અને આલોકનાં સુખ ભોગવી મુનિકુળમાં પૂજ્ય થઇ કેવળજ્ઞાન પામી નિર્વાણ પામે છે. મેં શસ્ત્ર શાસ્ત્ર જાણ્યું નથી, કાવ્ય, અલંકાર છંદ કે તર્કશાસ્ત્ર હું જાણતો નથી, કીર્ત્તિ, માન કે, વિદ્વતા દર્શાવાની ખાતર મેં આ ચરિત્ર રચ્યું નથી, પણ પાપને દૂર કરવાને યથામતિ રચેલું છે. શુદ્ધ બુદ્ધિવાળા, શાસ્ત્રના પારને પામેલા, પરોપકાર કરવામાં કુશલ, પાપથી રહિત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને આસ્તિક એવા જે ભવિજન હોય, તેઓએ મેં મંદ બુદ્ધિથી રચેલા આ ગુણનિધિ પ્રદ્યુમ્નકુમારનું ચરિત્ર શોધીને પૃથ્વીમાં ફેલાવવું, એ મારી તેમની પ્રત્યે પ્રાર્થના છે.

ઉત્તમ અને નિર્મળ એવા ગચ્છમાં ' શ્રીરામસેન ' નામે ગુણના સમુદ્ર પુરૂષ થઇ ગયા. તેમણે ચારિત્ર લીધા પછી તેમની પાટે ' શ્રી રત્નકીર્તિ ' નામે તપસ્વી થયા. તે પછી શ્રી લક્ષકીર્તિ થયા, જેમને ગુરૂ ' લક્ષસેન ' એવા બીજા નામથી બોલાવતા હતા. તે પછી શ્રી ભીમકીર્તિ થયા અને તેમની પછી શ્રી સોમકીર્તિ નામે વિદ્યા ભક્ત થયા, તેમણે આ પવિત્ર અને પુણ્ય વધારનારૂં ચરિત્ર રચેલું છે. તેને શોધી સર્વ અભ્યાસીઓએ સર્વદા તેનું પઠન કરવું. સંવત એકત્રીશના વર્ષમાં સત્તિથી નામના સંવત્સરના પોશ શુક્લ ત્રયોદશી અને બુધવારે આ ચરિત્ર ગ્રંથ સંપૂર્ણ કર્યો છે.

यावन्मेरुगीरिर्भुविप्रविदितो यावद्रवेर्मंडलम्
यावद्भूवलयः परं ग्रहगणा यावत्सतां चेष्टितम् ।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

तावन्नंदतु शास्त्रमेतदमलं श्री शांतिचैत्यालये
भक्त्या येन विनिर्मितं सुखकरं तत्स्यान्मुदे सर्वदा ॥ १ ॥

જ્યાં સુધી પૃથ્વીમાં વિખ્યાત મેરૂપર્વત છે, જ્યાં સુધી સૂર્યનું મંડળ છે, જ્યાં સુધી ભૂમંડળ છે, જ્યાં સુધી ગ્રહ ગણ છે, અને જ્યાં સુધી સત્પુરૂષોની ચેષ્ટાઓ ( ચરિત્રો ) છે, ત્યાં સુધી શ્રી શાંતિપ્રભુના ચૈત્યમાં ભક્તિથી રચેલું આ સુખકારી અને નિર્મળ શાસ્ત્ર આબાદ રહો અને સદા હર્ષને માટે થાઓ. ૧

यावन्मेरुर्मही धर्मो यावच्चंद्रार्कतारकाः ।
तावन्नंदत्विदं नूनं चरित्रं पापनाशनम् ॥ २ ॥

જ્યાં સુધી મેરૂપર્વત, પૃથ્વી, ધર્મ, ચંદ્ર, સૂર્ય, અને તારાઓ છે, ત્યાં સુધી આ પાપને નાશ કરનારૂં ચરિત્ર સમૃદ્ધિ સાથે રહો. ૨

चतुःसहस्रसंख्यातः सार्द्धकाष्टशतैर्युतः ।
ग्रंथोऽयं सततं जीयाच्छ्रीसर्वज्ञ प्रसादतः ॥ ३ ॥

ચાર હજાર અષ્ટ સો ને પચાશ શ્લોકની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંખ્યા વાળો આ ગ્રંથ શ્રી સર્વજ્ઞના પ્રસાદથી સર્વદા જય પામો. ૩

इति श्री प्रद्युम्न चरिते श्री सोमकीर्त्याचार्य विरचिते
श्री प्रद्युम्नशांवानिरुद्धादि निर्वाणगमनो नाम
षोडशः सर्गः

समाप्तोऽयं ग्रंथः ।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust